

# આગમ મનીષી
# શ્રી તિલોકચંદ જૈન દ્વારા
# સંપાદિત
# જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર
# ભાગ – ૨

# સ્થાનાંગ સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : સ્થાનાંગ સૂત્રની રચના કોણે કરી છે ?**

**ઉત્તર–** જિનશાસનના શ્રુતજ્ઞાન રૂપ દ્વાદશાંગીનું આ ત્રીજું અંગશાસ્ત્ર છે. અર્થાત્ પહેલું અંગશાસ્ત્ર આચારાંગ સૂત્ર છે, બીજું અંગશાસ્ત્ર સૂયગડાંગ સૂત્ર છે અને ત્રીજું અંગશાસ્ત્ર આ સ્થાનાંગ સૂત્ર છે. બધાં અંગશાસ્ત્ર ગણધર રચિત હોવાથી આ સ્થાનાંગ સૂત્ર પણ ગણધર રચિત છે. ભગવાન મહાવીર સ્વામીના ૧૧ ગણધરોમાંથી ૯ ગણધરો ભગવાનની ઉપસ્થિતિમાં જ મોક્ષે પધારી ગયા હતા તથા ગૌતમસ્વામી ગણધર પ્રભુને ભગવાનનું નિર્વાણ થયું એ જ રાત્રિએ કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. તીર્થંકરની પ્રથમ પાટે છદ્મસ્થ ગણધર બિરાજમાન થાય છે. તેઓ ભગવાનના નામથી સર્વ તત્ત્વોનું નિરૂપણ કરી શકે છે. કેવલી ગણધર તો સ્વયં સર્વજ્ઞ સર્વદર્શી હોવાથી પ્રત્યેક તત્ત્વનું નિરૂપણ ભગવાનના નામથી કરી ન શકે. તેથી ભગવાનના નિર્વાણ પછી ગૌતમ સ્વામી કેવળી પર્યાયમાં વિચરણ કરતા હતા તેમજ સુધર્મા સ્વામીને ભગવાન મહાવીરના પ્રથમ પટ્ટધર આચાર્ય બનાવવામાં આવેલ અર્થાત્ જિન-શાસનનું સંપૂર્ણ સંચાલન સુધર્માસ્વામીને સોંપવામાં આવેલ હતું. એ જ કારણસર દ્વાદશાંગી સુધર્મા સ્વામીના નામથી કહેવામાં આવે છે. પરંતુ મૌલિક રૂપે સંપૂર્ણ દ્વાદશાંગીના બાર અંગસૂત્રોના રચયિતા સમુચ્ચય ગણધર પ્રભુ જ કહેવાય છે. કારણ કે તીર્થંકર ચતુર્વિધ સંઘની સ્થાપના કરે ત્યાર બાદ પ્રભુ આજ્ઞાએ બધા ગણધર સાથે મળીને એક દ્વાદશાંગીની સમગ્ર શાસનને માટે રચના-સંપાદન કરે છે. તે જ એક દ્વાદશાંગી જિનશાસનના સમસ્ત સાધુ-સાધ્વીજીઓને શીખડાવવામાં આવે છે. આ રીતે ઉપલબ્ધ આ ત્રીજું અંગ શાસ્ત્ર સ્થાનાંગ સૂત્ર પણ મૌલિક રૂપે ગણધર રચિત છે.

**પ્રશ્ન–૨ : આ સૂત્રના વ્યાખ્યાકાર-વિવેચનકાર કોણ છે ?**

**ઉત્તર–** આ સૂત્ર પર પ્રાચીન વ્યાખ્યા આચાર્ય અભયદેવ સૂરિની મળે છે, જે સંસ્કૃત ભાષામાં છે. ત્યાર પછી અનેક બહુશ્રુત શ્રમણોએ આ સૂત્ર ઉપર સંસ્કૃત, હિન્દી, ગુજરાતી વગેરે ભાષાઓમાં સંક્ષિપ્ત-વિસ્તૃત અર્થ, વિવેચન આદિ લખેલ છે. જે વિવિધ રૂપે મુદ્રિત થયેલા ઉપલબ્ધ છે. જેમાં સ્થાનકવાસી પરંપરામાં આચાર્ય શ્રી અમોલખ ઋષિજીનું, આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા.નું, યુવાચાર્ય શ્રી મધુકર મુનિજી મ.સા.નું, આચાર્ય શ્રી આત્મારામજી





મ.સા.નું, ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મ.સા.નું, પંજાબથી શ્રી અમર મુનિજીનું, ગુજરાતથી શ્રી ગુઢપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટનું તથા રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ વગેરેનું મુખ્ય રૂપે પ્રસિદ્ધિ પ્રાપ્ત છે.

**પ્રશ્ન–૩ : આ સૂત્રમાં કયા પ્રકારનું વિષય વર્ણન છે ?**

**ઉત્તર–** આ સૂત્રમાં વિષય વર્ણન ૧ થી ૧૦ સુધીની સંખ્યાના આધારે કરવામાં આવેલ છે. તેથી તે સંખ્યામાં સમાવિષ્ટ થતાં તત્ત્વ, ઉપદેશ, કથા, ગણિત, આચાર વગેરે અનેક વિષયોનો સમાવેશ આ શાસ્ત્રમાં કરેલ છે. તેથી આ શાસ્ત્રનો કોઈ એક મુખ્ય વિષય કહી શકાશે નહીં.

**પ્રશ્ન–૪ : આ સૂત્રના કેટલા વિભાગ-પ્રતિવિભાગ છે ?**

**ઉત્તર–** આ શાસ્ત્રમાં ૧ થી ૧૦ સંખ્યાના આધારે ૧૦ અધ્યાય-અધ્યયન છે. જેને 'સ્થાન' સંજ્ઞા આપેલ છે અર્થાત્ મુખ્ય વિભાગ 'દસ સ્થાન' છે. તે મુખ્ય વિભાગમાં કોઈમાં પ્રતિવિભાગ છે અને કોઈમાં નથી. તે પ્રતિવિભાગોને 'ઉદ્દેશક' કહેલ છે. આ રીતે આ શાસ્ત્રમાં ૧૦ સ્થાન છે અને કોઈ કોઈમાં ઉદ્દેશક પણ છે. પ્રથમ સ્થાનમાં ઉદ્દેશક નથી. બીજા, ત્રીજા, ચોથા સ્થાનમાં ચાર-ચાર ઉદ્દેશક છે. પાંચમા સ્થાનમાં ત્રણ ઉદ્દેશક છે. ત્યાર પછી કોઈપણ સ્થાનમાં ઉદ્દેશક રૂપ વિભાગ નથી.

## સ્થાન–૧

**પ્રશ્ન–૧ : આ પ્રથમ સ્થાનમાં વિષય વર્ણન શું છે ?**

**ઉત્તર–** આ સ્થાનમાં એક સંખ્યાવાળા અનેક તત્ત્વોનો સંગ્રહનયથી કે જાતિ-વાચક કથનની અપેક્ષાએ વર્ણન છે. ક્યાંક અનેક તત્ત્વોનું વિભાજન લક્ષે એક-એકના રૂપમાં કથન કરેલ છે. કેટલાક વાસ્તવિક એક સંખ્યાવાળા તત્ત્વોનું નિરૂપણ કરેલ છે. કેટલાક તત્ત્વ શાસ્ત્રમાં ભેદ-પ્રભેદ વગરના છે. તેમ છતાં અપેક્ષાએ તેના અનેક પ્રકાર થઈ શકે છે. અહીં તેને એકની સંખ્યાએ કહેલ છે. કેટલાક તત્ત્વોને વર્ગણાની ભિન્નતાએ એક-એક રૂપે કહેલ છે.

**પ્રશ્ન–૨ : અનેકને સંગ્રહનયે જાતિવાચક કથનની અપેક્ષાએ એક સંખ્યાથી કેવી રીતે નિરૂપણ કરવામાં આવેલ છે ?**

**ઉત્તર–** (૧) લોકમાં આત્માઓ અનંત છે તેને સંગ્રહનયની અપેક્ષા તથા મૂળ ભૂત શુદ્ધ આત્મતત્ત્વ બધાના એક સરખા અરૂપી અસંખ્ય પ્રદેશમય હોવાથી

પ્રથમ સૂત્રમાં **એગે આયા** એમ કહેલ છે. (૨) ઉત્તરાધ્યયન આદિ સૂત્રોમાં મનદંડ, વચનદંડ, કાયદંડ રૂપે ત્રણ દંડ કહેલ છે. તોપણ અહીં સંગ્રહ નયે **એગે દંડે** એમ કહેલ છે. (૩) આ રીતે આ સ્થાનમાં અનેક તત્ત્વ સંગ્રહ નયે એક કહેલ છે. જેમ કે– ક્રિયા, બંધ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા. જ્યારે શાસ્ત્રમાં ક્રિયાના બે, પાંચ, પચીસ પ્રકાર પણ કહેલ છે. બંધના ૪ પ્રકાર, પુણ્યના ૯ પ્રકાર, પાપના ૧૮ પ્રકાર તથા આશ્રવ-સંવરના પાંચ તથા ૨૦ પ્રકાર કહેલ છે. વેદના, નિર્જરા આઠ કર્મોની આઠ તેમજ અનેક પ્રકારની હોય છે. (૪) તર્ક, સંજ્ઞા, મતિ-બુદ્ધિ, વિજ્ઞાતા, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમય, પ્રદેશ, પરમાણુ, સિદ્ધ, પરિનિવૃત્ત–આ બધા અનેક તેમજ અનંત છે. તેમ છતાં અહીં **એગે નાણે, એગે સિદ્ધે, એગે પરમાણુ** આદિ કથન સામાન્ય રૂપે અર્થાત્ સંગ્રહનયે અનેકને એકમાં સંગ્રહિત કરીને કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન–૩ : અનેક તત્ત્વોનું વિભાજન લક્ષે એક-એકના રૂપમાં કથન કઈ રીતે કરેલ છે ?**

**ઉત્તર–** અહીં વર્ણન બે પ્રકારે છે– સામાન્ય રૂપે તથા વર્ગણા શબ્દને જોડીને. (૧) સામાન્ય રૂપે યોગ ત્રણ છે, પાપ ૧૮ છે, પાપથી વિરતિ ૧૮ છે, શબ્દાદિ વિષય પાંચ છે, બે ગંધ, પાંચ રસ વગેરે છે. તેને પૃથક્-પૃથક્ એક-એક કહેલ છે. જેમ કે– ***એગે મણે, એગે વયણે** આદિ, **એગે પાણાઈવાએ, એગે મુસાવાએ, એગે પાણાઈવાયવેરમણે, એગે મુસાવાયવેરમણે, એગે સદ્દે, એગે રૂવે, એગે કિણ્હે, એગે નીલે, એગે સુબ્ભિગંધે, એગે કક્ખડે, એગે મહુરે*** વગેરે અર્થાત્ એક મન, એક વચન આદિ, પ્રાણાતિપાત એક, તેનાથી વિરતિ એક, શબ્દ એક, રૂપ એક, સુગંધ એક, કર્કશ સ્પર્શ એક ઈત્યાદિ બધા ભેદોને અલગ કરીને એક-એકની સંખ્યાએ કહેલ છે અર્થાત્ અપેક્ષાએ તે બધા પોતાનામાં એક છે, સ્વતંત્ર છે.

એ જ રીતે ઉત્સર્પિણી-અવસર્પિણી કાળના છ આરા છે તેને પણ એક સુષમ-સુષમ કાળ, એક સુષમકાળ એમ અલગ-અલગ વિભાજનથી કથન કરેલ છે. વર્ગણાની અપેક્ષા અનેક તત્ત્વોનું વિભાજન આ પ્રકારે કરેલ છે– દંડક ૨૪ છે, ભવી અભવી બે છે, દૃષ્ટિ ૩ છે. કૃષ્ણ-શુક્લ પક્ષ બે છે, લેશ્યા ૬ છે. આ બધાનું અલગ-અલગ એક-એક કરીને કથન છે. જેમ કે એક નૈરયિક વર્ગણા, એક અસુરકુમાર દેવ વર્ગણા આ રીતે યાવત્ એક સ્તનિત કુમાર દેવ વર્ગણા, એક પૃથ્વીકાય વર્ગણા, એમ દંડકના ક્રમ પ્રમાણે યાવત્ એક વૈમાનિક દેવ વર્ગણા. એ જ રીતે એક ભવસિદ્ધિક વર્ગણા, એક ભવ-





સિદ્ધિક નૈરયિક વર્ગણા આદિ ૨૪ દંડકનું કથન છે. એ જ રીતે અભવસિદ્ધિકનું કથન છે. આ પ્રકારે ત્રણે ય દૃષ્ટિનું ૨૪ દંડકથી કથન છે. જેમ કે એક સમ્યક દૃષ્ટિ નૈરયિક વર્ગણા, એક મિથ્યાદૃષ્ટિ નૈરયિક વર્ગણા યાવત્ એક સમ્યક દૃષ્ટિ વૈમાનિક દેવ વર્ગણા. એ જ રીતે છ લેશ્યા અને બે પક્ષથી ૨૪ દંડક ઉપર એક-એક કથન છે. જેમ કે– એક કૃષ્ણલેશી નૈરયિક વર્ગણા યાવત્ એક શુક્લલેશી વૈમાનિક દેવ વર્ગણા, એક કૃષ્ણપક્ષી નૈરયિક વર્ગણા યાવત્ એક શુક્લપક્ષી વૈમાનિક દેવ વર્ગણા.

તે જ રીતે પંદર ભેદે સિદ્ધ છે. તેનું પણ અલગ-અલગ વર્ગણારૂપ કથન છે. જેમ કે– એક તીર્થસિદ્ધોની વર્ગણા યાવત્ એક અનેક સિદ્ધોની વર્ગણા(એક સાથે અનેક સિદ્ધ થનારાની વર્ગણા), એક પ્રથમ સમય સિદ્ધોની વર્ગણા યાવત્ એક અનંતસમય સિદ્ધોની વર્ગણા.

આ રીતે પુદ્ગલના અનેક ભેદોનું અલગ-અલગ એક વર્ગણા રૂપે કથન છે. જેમ કે– એક પરમાણુ પુદ્ગલની વર્ગણા, એક દ્વિપ્રદેશીની વર્ગણા યાવત્ એક અનંત પ્રદેશીની વર્ગણા. પછી એક પ્રદેશાવગાઢ યાવત્ અસંખ્ય પ્રદેશાવગાઢ, એક સમય સ્થિતિક યાવત્ અસંખ્ય સમય સ્થિતિક પુદ્ગલ, એક ગુણકાલ યાવત્ અનંતગુણકાલ વગેરે વર્ણાદિ ૨૦ બોલોનું એક-એક કરીને અલગ-અલગ વર્ગણા રૂપમાં કથન કરેલ છે.

**પ્રશ્ન–૪ : વાસ્તવિક એક સંખ્યાવાળા તત્ત્વોનું વર્ણન કઈ રીતે છે ?**

**ઉત્તર–** સિદ્ધિ સ્થાન એક છે, પરિનિર્વાણ એક છે, પ્રત્યેક શરીરી જીવોના એક શરીરમાં એક જ જીવ હોય છે. લોક એક છે, અલોક એક છે, ધર્માસ્તિકાય એક છે, અધર્માસ્તિકાય એક છે, દ્રવ્ય-પર્યાયનો ઉત્પાદ ધર્મ એક છે, વિનાશ ધર્મ એક છે.

એક સમયમાં એક જીવને ચાર મનમાંથી એક મનયોગ હોય છે. એક સમયમાં ચાર વચનમાંથી એક વચનયોગ હોય છે, સાત કાયયોગમાંથી એક કાયયોગ હોય છે. ઉત્થાન-કર્મ-બલ-વીર્ય-પુરુષાકાર-પરાક્રમ પણ એક જ હોય છે અર્થાત્ આ બધા એક સમયમાં એક પ્રકારના હોય છે. પછી સમયાંતરે મન, વચનના ભેદ બદલાતા રહે છે. તાત્પર્ય એ છે કે સત્ય મન હોય ત્યારે અસત્ય, મિશ્ર આદિ મન હોતા નથી.

એક લાખ યોજનનો જંબૂદ્વીપ એક જ છે. શ્રમણ ભગવાન મહાવીર એકલા જ મોક્ષે ગયા અર્થાત્ અન્ય તીર્થંકરોના મોક્ષે જવાના સમયે તેમની સાથે એ જ દિવસે અનેક સાધુ મોક્ષે ગયા પરંતુ મહાવીર સ્વામીના નિર્વાણ

સમયે અન્ય કોઇ સાધુ નિર્વાણ પામ્યા નથી. અનુત્તર વિમાનના દેવોની ઊંચાઇ એક હાથની હોય છે. આર્દ્રા નક્ષત્ર, સ્વાતિ નક્ષત્ર અને ચિત્રા નક્ષત્રના એક-એક તારા હોય છે. બાકીના ૨૮–૩= ૨૫ નક્ષત્રોના અનેક તારા હોય છે. અહીં તારાનો અર્થ વિમાન છે. તાત્પર્ય એ છે કે ત્રણ નક્ષત્રોનાં એક-એક વિમાન જ છે. બાકીના નક્ષત્રોમાંથી કોઇના બે, કોઇના ત્રણ યાવત્ કોઇના ૧૦૦ વિમાન પણ છે. ચરમશરીરી જીવોનું મરણ એક વાર જ થાય છે. કારણ કે તેઓ તે ભવના મરણ પછી મુક્ત થઇ જાય છે તેથી બીજી વાર મરણ થતું નથી. બધા સિદ્ધ, મુક્ત આત્માઓનું શુદ્ધ આત્મસ્વરૂપ એક જ પ્રકારનું હોય છે.

**પ્રશ્ન–૫ : જંબૂદ્વીપની ગોળાઇ માટે અનેક વિશેષણો કેમ આપેલ છે ? તેના અર્થ કેમ સમજવા ?**

**ઉત્તર–** અહીં સૂત્રમાં જંબૂદ્વીપની ગોળાઇ માટે ચાર વિશેષણ છે– **(૧) વટ્ટે તેલાપૂય-સંઠાણ-સંઠિએ–** જંબૂદ્વીપ ગોળ દડા જેવો નહીં પરંતુ તેલના પુડલા જેવો ચપટો ગોળ છે. પુડલાની કિનારો જેમ સમચક્રાકાર નથી હોતી, તેમ જંબૂદ્વીપ પણ વિષમ ગોળ સમજવો. **(૨) વટ્ટે રહચક્કવાલ–** જંબૂદ્વીપ રથના ચક્ર જેવો ગોળ છે અર્થાત્ રથનું ચક્ર થાળી જેવું નથી હોતું. તેમાં પાટીયા જોડેલા વિભાગ હોય છે, એ જ રીતે જંબૂદ્વીપ મુખ્ય સાત ક્ષેત્ર અને છ પર્વત મળીને ગોળાકાર બનેલો છે. **(૩) વટ્ટે પુક્ખરકણ્ણિયા–** કમળની કર્ણિકાઓ બધી મળીને એક ગોળાકાર બને છે. તે રીતે આ જંબૂદ્વીપ અનેક નદીઓ, પહાડો, ક્ષેત્રોનાં સંમિલિત રૂપે ગોળ છે. **(૪) પડિપુણ્ણ ચંદ–** જંબૂદ્વીપ પૂનમના ચંદ્ર જેવો ગોળ છે પરંતુ ચૌદશ, તેરસના ચંદ્ર જેવો અપૂર્ણ ગોળ નથી. આ રીતે આ શબ્દોથી જંબૂદ્વીપની ગોળાઈની પરિપૂર્ણતા સ્પષ્ટ થાય છે.

**પ્રશ્ન–૬ : એક જ સંખ્યામાં કહેલા તત્ત્વોના અપેક્ષાથી અનેક ભેદ થઇ શકે છે ? તે ભેદ કયા છે ?**

**ઉત્તર–** બહારના પુદ્ગલો લીધા વગર વિકુર્વણા થાય, તે અપેક્ષાથી એક પ્રકારની છે. તોપણ તે મનુષ્યો દ્વારા વાળમાં કોઇ પુદ્ગલ નાંખ્યા વિના મૂછોને વળ ચડાવવા, ચોટલા ગુંથવા તથા સર્પની ફેણ કરવી, મયૂરની કળા કરવી વગેરે અનેક પ્રકાર જોવા મળે છે. વિભૂષાને કે મૃતશરીરને એક કહેલ છે તોપણ અનેક જીવોના મૃત શરીર–કલેવર ભિન્ન-ભિન્ન હોય છે. તો વિભૂષા પણ આભૂષણ, વસ્ત્ર, માળા વગેરેથી અનેક પ્રકારની થાય છે.

જીવોની આગતિ-ગતિ ચ્યવન અને ઉપપાત એક-એક પ્રકારના કહેલ છે. તેમ છતાં ગતિ, દંડક, જીવના ભેદથી તેના અનેક પ્રકાર થઇ શકે છે.





છેદન-ભેદન પણ એક પ્રકારના કહેલ છે. તેમાં પણ દ્રવ્ય છેદન અને ભેદન, તલવાર, ભાલા, ખીલા આદિથી અનેક પ્રકારે થઇ શકે છે તથાપિ છેદનત્વ ભેદનત્વ ધર્મની એકરૂપતાથી અહીં એક છેદન, એક ભેદન કહેલ છે. કર્મ શાસ્ત્રાનુસાર કર્મોનો સ્થિતિઘાત કરવો, તે છેદન છે અને રસઘાત કરવો અર્થાત્ ફળ દેવાની શક્તિ મંદ કરવી, તે ભેદન છે. તે પણ અનેક કર્મોની અપેક્ષા અનેક પ્રકારના હોય શકે છે. તેમ છતાં છેદનત્વ ભેદનત્વ સામાન્યની અપેક્ષા અહીં એક કહેલ છે. જીવોનું દુઃખ એક પ્રકારનું કહેલ છે. તેનું તાત્પર્ય એ છે કે દુઃખનો અનુભવ બધા જીવોનો એક સરખો અપ્રિય હોય છે, આ સામાન્ય અનુભવની અપેક્ષાએ દુઃખ એક કહેલ છે. તોપણ સાંસારિક જીવોના વિવિધ પ્રકારના દુઃખ દષ્ટિગોચર થાય છે, આ અપેક્ષાએ દુઃખના અનેક પ્રકાર પણ થઈ શકે છે.

ધર્મપડિમા અધર્મપડિમા એક કહેલ છે. તેનું તાત્પર્ય સૂત્રમાં જ સ્પષ્ટ કરેલ છે કે જેનાથી આત્મા ક્લેશ-દુઃખ પ્રાપ્ત કરે તે બધા અધર્માચરણ છે, તે એક છે અને જેનાથી આત્મા સાંસારિક ક્લેશોથી છૂટી જાય તે બધા ધર્માચરણ છે અને તે એક છે. દુઃખથી મુક્ત કરાવવાની અપેક્ષા અને ક્લેશોમાં ફસાવવાની અપેક્ષા ધર્માચરણ અને અધર્માચરણોને ધર્મપડિમા તથા અધર્મપડિમા શબ્દથી કહેલ છે તેમ છતાં વિભિન્ન આચરણોની અપેક્ષા લોકમાં ધર્માચરણ અને અધર્માચરણ અનેકવિધ દેખાય છે.

આ રીતે આ પ્રથમ સ્થાનમાં કોઇ પણ તત્ત્વને કોઈને કોઈ અપેક્ષાએ એકત્વ રૂપમાં સ્વીકારેલ છે, ભલે વાસ્તવમાં તે તત્ત્વ એક પણ હોય કે અનેક પણ. એ જ આ સ્થાનની એક સંખ્યાપરક કથનરૂપ પોતાની વિશેષતા છે.

# સ્થાન–૨ : ઉદ્દેશક–૧

**પ્રશ્ન–૧ : આ સ્થાનનો પરિચય શું છે ?**

**ઉત્તર–** આ બીજા સ્થાનમાં તત્ત્વોને બેની સંખ્યામાં સમાવિષ્ટ કરીને કે સમાવિષ્ટ થનારા તત્ત્વોનું નિરૂપણ છે અર્થાત્ આ સ્થાનનું પ્રત્યેક કથન બેની સંખ્યાવાળું છે. આ સ્થાનના વિભાગ રૂપે ચાર ઉદ્દેશક છે. ચારે ય ઉદ્દેશકોમાં બે સંખ્યાવાળા વિવિધ વિષયોનું સંકલન છે અને આ સંકલનમાં કોઇપણ પ્રકારનો ક્રમ નથી અર્થાત્ અક્રમિક વર્ણનની બહુલતા છે.

**પ્રશ્ન–૨ : આ સ્થાનના પ્રથમ ઉદ્દેશકમાં વિષયોનું વર્ણન કેવી રીતે છે?**

**ઉત્તર–** બે ભેદોથી વિવિધ જીવો-અજીવોનું ક્રિયાઓનું દ્રવ્યોનું પ્રત્યાખ્યાનનું ધર્મપ્રાપ્તિ-મોક્ષપ્રાપ્તિનું, જ્ઞાન સંબંધી, ચારિત્ર સંબંધી તથા દિશાઓ સંબંધી વર્ણન મુખ્ય રૂપે કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૩ : લોકની સમસ્ત વસ્તુઓનું બેની સંખ્યામાં કથન કેવા પ્રકારે છે ?**

**ઉત્તર–** પ્રથમ સૂત્રમાં કહેલ છે કે જગતમાં જેટલા પદાર્થ છે તેનો બે ભેદોમાં સમાવેશ થાય છે, યથા– (૧) જીવ અને અજીવ (૨) ત્રસ અને સ્થાવર (૩) સયોનિક અને અયોનિક–સંસારી જીવ બધા સયોનિક છે, અજીવ અને સિદ્ધ અયોનિક છે. (૪) આયુષ્યવાળા અને આયુષ્ય રહિત– સંસારી જીવ આયુષ્ય-વાળા અને સિદ્ધ આયુષ્ય કર્મ રહિત છે. પુદ્‌ગલ દ્રવ્ય અનેક સ્થિતિવાળા હોય છે, શેષ ચાર દ્રવ્યની કોઈ સીમિત સ્થિતિ હોતી નથી. (૫) સવેદી-અવેદી– સંસારી જીવ સવેદી કે અવેદી હોય છે. પુદ્‌ગલ અને સિદ્ધ અવેદી હોય છે. (૬) રૂપી-અરૂપી– આ બે ભેદોમાં બધા દ્રવ્યો સમાઈ જાય છે. (૭) સપુદ્‌ગલા-અપુદ્‌ગલા– જીવ અને પુદ્‌ગલ સપુદ્‌ગલા છે, શેષ ચાર દ્રવ્ય અપુદ્‌ગલા છે, સિદ્ધ પણ અપુદ્‌ગલા છે. (૮) સંસારી-અસંસારી– સંસારમાં રહેલા જીવ અને પુદ્‌ગલ બધા સંસારચક્રમાં છે. સિદ્ધ અસંસારી સંસારચક્રથી પર છે. (૯) શાશ્વત-અશાશ્વત– દ્રવ્યથી જીવ-અજીવ બધા શાશ્વત છે. પર્યાયથી અશાશ્વત છે. (૧૦) આકાશ-નોઆકાશ– આકાશદ્રવ્ય આકાશ છે, શેષ બધા દ્રવ્યો નોઆકાશ છે. (૧૧) ધર્મ-અધર્મ– સંસારની બધી પ્રવૃત્તિઓ આ બેમાં સમાઈ જાય છે. એ જ રીતે (૧૨) પુણ્ય-પાપ (૧૩) આશ્રવ-સંવરમાં સંસારની બધી પ્રવૃત્તિઓ સમાઈ જાય છે. (૧૪) વેદના-નિર્જરા– કર્મજનિત જીવની અવસ્થાઓ વેદનારૂપ કે નિર્જરારૂપ હોય છે.

**પ્રશ્ન–૪ : જીવ સંબંધી ભેદ-પ્રભેદ બેની સંખ્યાએ કેવી રીતે છે ?**

**ઉત્તર–** પૃથ્વી આદિ પાંચ સ્થાવર સૂક્ષ્મ પણ હોય છે, બાદર પણ હોય છે. પર્યાપ્ત પણ હોય છે, અપર્યાપ્ત પણ હોય છે. પરિણત–શસ્ત્ર પરિણત એટલે અચિત્ત પણ હોય છે અને અપરિણત–સચિત્ત પણ હોય છે. ગતિ સમાપન્નક– વાટે વહેતા(અન્ય ગતિમાં જઈ રહેલા) પણ હોય છે અને અગતિ સમાપન્નક– ભવમાં અવસ્થિત પણ હોય છે. અનંતરોત્પન્નક અર્થાત્ પ્રથમ સમયોત્પન્ન પણ હોય છે અને પરંપરોત્પન્નક અર્થાત્ લાંબી સ્થિતિવાળા પણ હોય છે. જીવ બે કાયવાળા હોય છે– ત્રસકાય અને સ્થાવરકાય. એ બંનેમાં ભવી-અભવી બંને પ્રકારના જીવ હોય છે. ચોવીસ દંડકના જીવ અર્થદંડ કે અનર્થ-દંડની પ્રવૃત્તિમાં હોય છે. વીતરાગી અને સિદ્ધ જીવ એ બંને દંડોથી રહિત હોય છે.





**પ્રશ્ન–૫ : દ્રવ્ય કે અજીવ સંબંધી વર્ણન અહીં કઈ રીતે છે ?**

**ઉત્તર–** કાળદ્રવ્યના બે પ્રકાર છે– (૧) ઉત્સર્પિણીકાળ (૨) અવસર્પિણી કાળ. ઉત્સર્પિણીમાં જીવોનાં આયુષ્ય, અવગાહના આદિ ક્રમશઃ વધતાં રહે છે અને પુદ્‌ગલોનાં વર્ણ, ગંધ, રસ આદિમાં ક્રમશઃ વિકાસ થાય છે. અવસર્પિણીકાળમાં એ બધાનો હ્રાસ થાય છે.

દ્રવ્ય બે પ્રકારના હોય છે– (૧) પરિણત થવાવાળા (૨) અપરિણત રહેવાવાળા. જીવ અને પુદ્‌ગલ નવી-નવી પર્યાયોમાં પરિણત થતા રહે છે અને શેષ ચાર દ્રવ્ય ધર્માસ્તિકાય આદિમાં આ રીતે પરિણતિ–પરિવર્તન થતું નથી. દ્રવ્ય, ગતિ સમાપન્ન અને અગતિસમાપન્ન બંને પ્રકારના હોય છે. અર્થાત્ જીવ અને પુદ્‌ગલ બંને પ્રકારના હોય છે. શેષ ચાર દ્રવ્ય ગતિ કરતા નથી, તેથી તે અગતિ સમાપન્નક હોય છે. અનંતરાવગાઢ અને પરંપરાવગાઢ પણ જીવ-પુદ્‌ગલ બે દ્રવ્ય હોય છે, શેષ દ્રવ્ય અવસ્થિત હોય છે. આકાશ દ્રવ્ય બે પ્રકારના છે–(૧) લોકાકાશ–લોકની અંદરનું (૨) અલોકાકાશ–લોકની બહારનું.

**પ્રશ્ન–૬ : ક્રિયાઓ કેટલા પ્રકારની હોય છે ?**

**ઉત્તર–** વિસ્તારની અપેક્ષાએ કુલ ૨૫ ક્રિયા હોય છે. તત્ત્વાર્થ સૂત્રમાં પણ પચીસ ક્રિયાઓ કહેલ છે. ભગવતી સૂત્રમાં પ્રસંગાનુસાર ગૌતમ સ્વામીએ કાયિકી આદિ પાંચ ક્રિયા સંબંધી પૃચ્છા કરી છે અને ક્યાંક આરંભિકી આદિ પાંચ ક્રિયાઓ સંબંધી પૃચ્છા કરી છે. પ્રસ્તુત સ્થાનાંગ સૂત્રમાં સંખ્યાની મુખ્યતાએ વર્ણન હોવાથી આ બીજા સ્થાનમાં બે-બે ના ભેદથી ક્રિયાઓનું વર્ણન છે અને પાંચમા સ્થાનમાં પાંચ-પાંચના ભેદથી કુલ પાંચ વારમાં પચીસ ક્રિયાઓ કહી છે, જે તત્ત્વાર્થ સૂત્ર પ્રમાણે મળતી આવે છે. આ બીજા સ્થાનમાં એ પચીસમાંથી પ્રયોગ ક્રિયા અને સામુદાનિકી ક્રિયા કહેલ નથી, કારણ કે તેના બે ભેદ થતા નથી. શેષ ૨૩ ક્રિયાઓ આ બીજા સ્થાનમાં કહેલ છે. જેમાં બાવીસના બે-બે ભેદ કર્યા છે અને ઈર્યાવહી ક્રિયા અલગ કહી છે. જેમ કે–

(૧) ઈર્યાવહી ક્રિયા અને (૨) સાંપરાયિક ક્રિયા. ઈર્યાવહી ક્રિયા સિવાયની ૨૪ ક્રિયા સાંપરાયિક ક્રિયામાં સમાવિષ્ટ થઈ જવાથી અહીં અજીવ ક્રિયાનાં આ બે ભેદ કર્યા છે. વિશેષમાં આ સ્થાનમાં જીવ ક્રિયાના બે ભેદ નવા(૨૫ ક્રિયા સિવાય) કહેલ છે, યથા– સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા. આ બે ભેદ ભગવતી સૂત્રમાં પણ પ્રસંગાનુસાર કહેલ છે. અહીં જીવક્રિયા આત્મપરિણામ રૂપ છે અને અજીવક્રિયા પુદ્‌ગલજન્ય પ્રવૃત્તિ રૂપ છે.

## પ્રશ્ન–૭ : પાપોની આલોચના, ગર્હા અને પ્રત્યાખ્યાનના વિષયમાં અહીં શું સમજાવેલ છે ?

**ઉત્તર–** સામાન્ય રીતે પાપોની આલોચના, ગર્હા અને પ્રત્યાખ્યાન ગુઢ સમક્ષ વચન દ્વારા ઉચ્ચારણપૂર્વક કરવામાં આવે છે. પરંતુ ક્યારેક તે બધા મનથી પણ થઈ શકે છે. અર્થાત્ પરિસ્થિતિવશ સમય સંયોગ એવા હોય કે વ્યક્તિ કોઈની પાસે જઈ ન શકે, વાચા બંધ થઈ જાય તો તે પોતાના મનની સ્થિરતાથી અને પવિત્રતાથી સ્વતઃ મનથી જ પાપોની આલોચના, ગર્હા અને આગામી ત્યાગ પચ્ચક્ખાણ કરી શકે છે, તે વિશેષ અને અપવાદ માર્ગ છે. સામાન્યતઃ ગુઢ આદિ અન્યની પાસે આલોચના, ગર્હા અને પ્રત્યાખ્યાન કરવા તે વિધિમાર્ગ છે. બે સંખ્યાવાળા કથન હોવાથી આ રીતે અપેક્ષાએ બંને માર્ગ અનેકાંતવાદ યુક્ત જિનશાસનમાં વિહિત છે, એમ સમજવું. આ રીતે કોઈ લાંબા સમય સંબંધી દોષોની આલોચના, ગર્હા એક સાથે કરે છે અને પછી પાપના ત્યાગ પ્રત્યાખ્યાન પણ લાંબા સમયના એક સાથે લઈ શકે છે. કોઈ અલ્પકાળના દોષોની શીઘ્ર આલોચના, ગર્હા કરીને અલ્પકાળ માટે પણ પ્રત્યાખ્યાન કરે છે. આ રીતે ગર્હા-પ્રત્યાખ્યાનના અલ્પકાલિક અને દીર્ઘકાલિક ભેદ કહેલ છે.

## પ્રશ્ન–૮ : ધર્મની પ્રાપ્તિ વગેરે જીવને ક્યારે થાય છે ?

**ઉત્તર–** જીવ જ્યાં સુધી આરંભ અને પરિગ્રહને સમજી ન લે અને સમજીને તેના પ્રત્યે આસક્તિનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે આત્માને ધર્મની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ આરંભ-પરિગ્રહમાં રચ્યા-પચ્યા જીવ, આસક્ત જીવ ધર્માભિમુખ બની શકતા નથી. ક્યારેક કોઈ વ્યક્તિ દેખાદેખી કે પ્રવાહથી ધર્મી બની જાય તોપણ જ્યાં સુધી આરંભ પરિગ્રહને સમજીને તેની આસક્તિ દૂર ન થાય ત્યાં સુધી તે વાસ્તવમાં ધર્મ પામેલા નહીં કહી શકાય. જે આરંભ પરિગ્રહને સમજીને ભાવોથી તેની આસક્તિ ઘટાડે છે તે જ વાસ્તવમાં ધર્મબોધ પામી શકે છે અથવા તેમણે જ ધર્મબોધ પ્રાપ્ત કરેલ છે એમ સમજી શકાય છે. આ રીતે આરંભ પરિગ્રહની આસક્તિ દૂર કરી ધર્મબોધ પામનારા ક્રમશઃ અણગારધર્મ સ્વીકારી શકે છે, બ્રહ્મચર્યવાસ, સંવર, સંયમ યાવત્ કેવલજ્ઞાન સુધી પાંચે ય જ્ઞાનમાંથી કોઈપણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

આ પ્રકારનો ધર્મ જીવને કોઈની પાસે સાંભળવાથી પણ પ્રાપ્ત થાય છે અને સાંભળ્યા વગર સ્વતઃ આત્મબોધ પણ થઈ શકે છે અર્થાત્ પૂર્વભવના જ્ઞાન પ્રભાવે કે ક્ષયોપશમથી સ્વતઃ પણ ધર્મબોધ થાય છે.

## પ્રશ્ન–૯ : જ્ઞાન, દર્શન અને ચારિત્રને બે-બેના ભેદે કઈ રીતે કહેલ છે ?





**ઉત્તર–** દર્શનના બે પ્રકાર– સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન. સમ્યગ્દર્શન બે પ્રકારે થાય છે– (૧) સ્વતઃ થાય છે (૨) શાસ્ત્ર અધ્યયનથી કે ગુઢસેવાથી પણ થાય છે. આ બંને પ્રકારનું સમ્યગ્દર્શન સ્થાયી રહેનાર કે સમાપ્ત થઈ મિથ્યાત્વમાં પરિવર્તિત થનાર એમ બંને પ્રકારના હોય છે. મિથ્યાદર્શન પણ બે પ્રકારનું થાય છે– ભોળા સ્વભાવવાળાને અજ્ઞાનના કારણે અનભિગ્રહિક મિથ્યાદર્શન અને આગ્રહયુક્ત મનોવૃત્તિવાળાનું અભિગ્રહિક મિથ્યાદર્શન. તે બંને પણ સ્થાયી રહેનાર કે સમ્યગ્દર્શનમાં પરિવર્તિત થનાર એમ બે પ્રકારના હોય છે.

જ્ઞાન, પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદે બે પ્રકારનું છે. **પ્રત્યક્ષજ્ઞાનમાં–** કેવલજ્ઞાન અને કેવલજ્ઞાન વ્યતિરિક્તમાં મનઃપર્યવજ્ઞાન અને અવધિજ્ઞાન લીધેલ છે. કેવલજ્ઞાનના ભવસ્થ અને સિદ્ધ, સયોગી-અયોગી, પ્રથમસમય-અપ્રથમ સમય, ચરમસમય-અચરમસમય એવા ભેદ કરેલ છે. ત્યાર પછી સિદ્ધ કેવલજ્ઞાનના પણ અનંતર-પરંપર, એક સમય અનંતર-અનેક સમય અનંતર એવા ભેદ કરેલ છે. તે દરેક ભેદ વ્યક્તિ કે અવસ્થા સંબંધી છે. વાસ્તવમાં તો કેવલજ્ઞાન સ્વયં એક જ છે અને બધાનું કેવલજ્ઞાન એક સમાન અને એક જ પ્રકારનું હોય છે. અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક એમ બે પ્રકારનું હોય છે. મનઃપર્યવજ્ઞાન પણ ઋજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારનું હોય છે. **પરોક્ષજ્ઞાન** પણ બે પ્રકારનું કહેલ છે– મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. પછી મતિજ્ઞાનના શ્રુતનિશ્રિત-અશ્રુતનિશ્રિત, અર્થાવગ્રહ–વ્યંજનાવગ્રહ એવા બે-બે ભેદ કરેલ છે. શ્રુતજ્ઞાનના અંગપ્રવિષ્ટ-અંગબાહ્ય, આવશ્યક-આવશ્યક વ્યતિરિક્ત, કાલિક-ઉત્કાલિક એવા ક્રમશઃ બે-બે ભેદ કરેલ છે. શ્રુતનિશ્રિત મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણા રૂપ જ્ઞાન થાય છે અને અશ્રુતનિશ્રિતમાં ચાર પ્રકારની બુદ્ધિ છે. અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાનમાં ૧૨ અંગ હોય છે. અંગબાહ્ય શ્રુતજ્ઞાનમાં આવશ્યક આદિ ભેદ હોય છે.

ચારિત્રના સરાગસંયમ અને વીતરાગ સંયમ એમ બે ભેદ થાય છે. વળી તેમાં ક્રમશઃ સૂક્ષ્મસંપરાય-બાદરસંપરાય, પ્રથમસમય-અપ્રથમસમય, ચરમસમય-અચરમસમય, સંક્લિશ્યમાન-વિશુદ્ધ્યમાન, પ્રતિપાતિ-અપ્રતિપાતિ એવા બે ભેદ સરાગ સંયમના થાય છે. વીતરાગ સંયમના પણ ઉપશાંત વીતરાગ-ક્ષીણવીતરાગ, પ્રથમસમય-અપ્રથમસમય, ચરમસમય-અચરમ-સમય એમ બે-બે ભેદ છે. ક્ષીણકષાય વીતરાગ સંયમના– છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ અને કેવલી ક્ષીણકષાય વીતરાગ , સ્વયંબુદ્ધ-બુદ્ધબોધિત, સયોગી-કેવલી, અયોગીકેવલી એમ વિશેષ-વિશેષ ભેદ વીતરાગ સંયમના થાય છે. બે સંખ્યાની વિવક્ષાથી આ બધા ભેદ-પ્રભેદ કરેલા છે તેમ સમજવું.

## પ્રશ્ન–૧૦ : અહીં ધર્મનું સ્વરૂપ કેવી રીતે બતાવેલ છે ?

**ઉત્તર–** ધર્મના બે પ્રકાર કહેલ છે– શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. અહીં એમ પણ બતાવેલ છે કે જ્ઞાન અને ચારિત્ર, એ બેથી સંપન્ન જીવ(અણગાર) અનાદિ અનંત આ સંસારને પાર કરીને મુક્ત થઈ શકે છે. અહીં જ્ઞાન શબ્દથી સમ્યક જ્ઞાન અને તેની સમ્યક શ્રદ્ધાન સમજવા તથા સમ્યક ચારિત્રની સાથે સમ્યક તપ સમજી લેવું. કારણ કે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપરૂપ ચતુર્વિધ મોક્ષમાર્ગ કહેલ છે. કોઈ માત્ર જ્ઞાનથી જ મુક્તિ માને, ત્યાગ-પ્રત્યાખ્યાન, વિરતિ આદિની ઉપેક્ષા કરે તો તે મુક્તિ માર્ગ બની ન શકે. એકાંત આગ્રહ હોવાથી તે પણ સંસાર ભ્રમણનો જ માર્ગ બને છે.

ચારિત્રધર્મના પણ બે ભેદ કર્યા છે– આગાર ચારિત્રધર્મ અને અણગાર ચારિત્રધર્મ અર્થાત્ શ્રાવકધર્મ અને શ્રમણધર્મ. સાધકોએ પોતાની અલ્પ ક્ષમતા હોવાથી કે અવસર-સંયોગ અનુસાર શ્રાવક ધર્મ પણ સ્વીકારવો જોઈએ. તેમાં પણ એક-એક વ્રતથી આગળ વધતાં ઉત્કૃષ્ટ બાર વ્રતધારી શ્રાવક બનવું જોઈએ. આગળ વધીને પડિમાધારી શ્રાવક બનીને અંતમાં સંલેખના-સંથારા યુક્ત શ્રાવકધર્મ આરાધનનું લક્ષ રાખવું જોઈએ.

શ્રાવક ધર્મપાલનની સાથે તેની ક્ષમતા વધારીને તેમજ સંયોગોને, સુધારીને અણગારધર્મ સ્વીકારવાનું લક્ષ્ય પણ રાખવું જોઈએ. ત્યાર પછી તેમાં સફળતા મળવાથી ઉત્સાહપૂર્વક અણગારધર્મ ધારણ કરવો જોઈએ અને આગમાનુસાર તેની આરાધનામાં તત્પર બનવું જોઈએ. તે જ અહીં બતાવેલ દ્વિવિધ ધર્મનો સાર છે તથા જ્ઞાન અને ચારિત્ર બંનેના સેવનથી મુક્તિ કહેવાનું ખરૂં તાત્પર્ય છે.

માટે જે જિન ધર્મ સ્વીકારીને, સંતોષ માનીને, શ્રાવક વ્રતોમાં આગળ વધવાનો કે વ્રત-પ્રત્યાખ્યાન વધારવાનો અથવા સંયમ લેવાનો ઉદ્દેશ જ રાખતા નથી, વ્રત-પ્રત્યાખ્યાન વૃદ્ધિ તેમજ સંયમ ગ્રહણનું કોઈ મહત્ત્વ જ સ્વીકારતા નથી, આ પ્રકારની તેઓની વિચારણા અહીંના આ દ્વિવિધ ધર્મ વર્ણનથી તેમજ જ્ઞાન અને ચારિત્રથી મુક્ત થવાના વર્ણનથી ઉચિત થતી નથી. જો કોઈએ મોક્ષમાર્ગની સફળ આરાધના કરવી હોય તો જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપ ચારેયની સુમેળપૂર્વક આવશ્યકતા સમજવી જોઈએ.

## પ્રશ્ન–૧૧ : શરીરના વિષયમાં અહીં શું સમજાવેલ છે ?

**ઉત્તર–** અહીં બેની સંખ્યાવાળા કથન હોવાથી શરીરના બે પ્રકાર કહેલ છે– આભ્યંતર શરીર અને બાહ્ય શરીર. આભ્યંતર શરીર દરેક જીવોને કાર્મણ





(કાર્મણ-તૈજસ) શરીર હોય છે. બાહ્ય શરીર નારકી દેવતાઓને વૈક્રિય તથા મનુષ્ય, તિર્યંચોને ઔદારિક શરીર હોય છે. ઔદારિકમાં સ્થાવર-એકેન્દ્રિય જીવોને હાડકાં, માંસ, લોહી વગેરે હોતાં નથી, ત્રસ જીવોને તે હોય છે. આ બધા શરીરોની ઉત્પત્તિ અને પ્રાપ્તિ જીવને રાગદ્વેષને કારણે થાય છે. રાગદ્વેષ બંને સમાપ્ત થઈ જતાં જીવ અશરીરી-સિદ્ધ બની જાય છે.

## પ્રશ્ન–૧૨ : દિશાઓ સંબંધી અહીં શું કથન કરેલ છે ?

**ઉત્તર–** જોકે ચારે ય દિશાઓ સ્વરૂપની અપેક્ષાએ તો બધી સરખી છે, તેમ છતાં દિશાઓમાં શુભ આત્માઓ તેમજ શુભ પુદ્ગલો હોવાની દષ્ટિએ બે દિશાઓનું વિશેષ મહત્ત્વ દર્શાવેલ છે. તેમાં એમ કહેલ છે કે પૂર્વ અને ઉત્તર દિશામાં મુખ રાખીને સ્વાધ્યાય કરવો, દીક્ષા ગ્રહણ કરવી(વ્રત-પ્રત્યાખ્યાન કરવા) આલોચના, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત કરવા અને સંથારાના પચ્ચક્ખાણ પણ પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ રાખીને કરવા જોઈએ. તે દરેક કાર્ય સ્વયં એકલા કરવાના હોય તો તે દિશાઓ તરફ મુખ રાખવું જરૂરી છે, પરંતુ ગુરૂ આદિની સન્મુખ બેસવા કે ઉભા રહેવાનું હોય તો સામે-પાસે નજીકમાં ગુરૂ બિરાજમાન હોવાથી તેમની સમક્ષ મુખ રાખવાનું કે તેમની આશાતના ન થવાનું લક્ષ્ય જરૂર હોવું જોઈએ. તાત્પર્ય એ છે કે ગુરૂ હોય તો તેમની તરફ જ મુખ અને વંદનનું લક્ષ્ય હોવું જોઈએ, ગુરૂ આદિ ન હોય તો સ્વતંત્રપણે પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ તથા વંદન આદિ ક્રિયાઓ કરવી જોઈએ, એવો આ સૂત્રનો આશય સમજવો જોઈએ.

આ બંને દિશાઓનું મહત્ત્વ એટલા માટે છે કે આપણી જે પૂર્વદિશા છે તે તાપ દિશાની અપેક્ષા અર્થાત્ સૂર્યોદયની અપેક્ષા પૂર્વ દિશા છે, પરંતુ ક્ષેત્ર દિશાની અપેક્ષા વાસ્તવમાં તે ઈશાન કોણ છે અને તેમાં તથા આખી ઉત્તર દિશામાં વિહરમાન તીર્થંકર, કેવલી આદિ વિચરણ કરે છે. માટે તે દિશાઓમાં મુખ કરીને ઉપરોક્ત વિશિષ્ટ ધર્મ અનુષ્ઠાનો કરવાનું કહેલ છે. તેમ છતાં જો ગુરૂ-શ્રમણ આદિ પ્રત્યક્ષ બિરાજમાન હોય તો પ્રથમ તેમની મુખ્યતા રાખવી જોઈએ. પ્રત્યક્ષ બિરાજમાન શ્રમણની આશાતના થાય એ રીતે પરોક્ષ મહાવિદેહ ક્ષેત્રના શ્રમણોનું બહુમાન કરવાની વૃત્તિને અવિવેક જ કહી શકાય. આવો અવિવેક દિશાના આ સૂત્રના નામે ક્યારે ય પણ ન કરવો જોઈએ.

## પ્રશ્ન–૧૩ : આ ઉદ્દેશકમાં અન્ય પણ કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?

**ઉત્તર–** ઉપરોક્ત વિષયો સિવાય અન્ય વિષય આ પ્રમાણે છે– બે પ્રકારના ઉન્માદ હોય છે. **(૧)** જીવ યક્ષાવેશથી અર્થાત્ ભૂત-પ્રેતના પ્રવેશથી ઉન્મત્ત,

પાગલ, વિવેકરહિત, ભાનરહિત બની જાય છે. આ પાગલપણું વધુમાં વધુ એક ભવ સુધી જ રહે છે. **(૨)** મોહકર્મ જનિત ઉન્માદ– આ અજ્ઞાનદશા રૂપ પાગલપણું છે. તેમાં જીવ સત્ય તત્ત્વોને, આત્માના સંસારભ્રમણ અને તેના કારણોને સમજી શકતો નથી. માત્ર મિથ્યાત્વના નશામાં જ બેભાન થઈ, માનવજીવનને અજ્ઞાન દશામાં, બેભાન દશામાં વ્યતીત કરીને નરક નિગોદમાં ચાલ્યો જાય છે, તેમજ સંસાર વધારે છે. તેને પણ જીવનો એક પ્રકારનો ઉન્માદ કહેલ છે. બેની સંખ્યાની અપેક્ષાએ આ કથન કરેલ છે. તેના સિવાય રોગથી, નશીલા પદાર્થોથી પણ ઉન્માદ ઉત્પન્ન થાય છે. તેનાથી પણ આત્મા બેભાન બની જાય છે, હિતાહિતનો વિવેક નષ્ટ થઈ જાય છે.

# સ્થાન–૨ : ઉદ્દેશક–૨

**પ્રશ્ન–૧ : આ બીજા ઉદ્દેશકમાં કયા-કયા વિષયોનું વર્ણન છે ?**

**ઉત્તર–** બે ની સંખ્યા સંબંધી ૨૪ દંડકના જીવોની દ્વિવિધ ગતાગત બતાવીને તેના અનેકવિધ બે-બે પ્રકાર બતાવેલ છે. તે સિવાય જીવોને કર્મફળ ભોગવવા, સમવહત કે વિકુર્વિત અવસ્થામાં જ્ઞાનની સ્થિરતા, દેશ-સર્વથી સાંભળવું, જોવું આદિ વિષયોને સમાવિષ્ટ કરેલ છે.

**પ્રશ્ન–૨ : જીવના કર્મફળ ભોગવવા સંબંધી શું કથન કરેલ છે ?**

**ઉત્તર–** ઉર્ધ્વલોકમાં ઉત્પન્ન વૈમાનિક કલ્પોપપન્ન કે કલ્પાતીત વિમાનોત્પન્ન દેવ, સમયક્ષેત્રના ચર જ્યોતિષી કે બહારના અચર(સ્થિર) જ્યોતિષી, ભવનપતિ, વ્યંતર, નરક આદિ ચોવીસે દંડકના જીવ જે કોઈપણ અશુભ કર્મ કરે, તેનું ફળ તેઓ તે ભવમાં પણ ભોગવી શકે છે અને આગામી ભવભવાંતરમાં પણ ભોગવી શકે છે. તેનું કારણ એ છે કે, કોઈ કર્મનો અબાધા કાળ ઓછો હોય અને ભવનું આયુષ્ય વધારે બાકી છે તો તેનો ઉદય તે જ ભવમાં શરૂ થઈ જાય છે. જો તે ભવનું આયુષ્ય થોડું બાકી રહ્યું હોય અને તે કર્મનો અબાધાકાળ વધારે છે અથવા તે કર્મનો ઉદય આવવા યોગ્ય સંયોગ જ્યાં નથી તો તે કર્મ અન્ય ભવભવાંતરમાં પૂર્ણ વિપાકરૂપે એકસાથે ઉદયમાં આવે છે. સંયોગ ન હોય ત્યારે અને અબાધાકાલ પૂર્ણ થઈ જાય ત્યારે તે કર્મ પ્રદેશોદયથી કે સૂક્ષ્મ પ્રકારે કોઈપણ રીતે ઉદયમાં આવતા રહે છે. સંક્ષેપમાં એમ કહેવાય કે બાંધેલા પાપકર્મ ચોવીસે ય દંડકના જીવોને ક્યારેક તે જ ભવમાં ભોગવવાં પડે છે અને ક્યારેક આગામી ભવભવાંતરમાં પણ ઉદયમાં આવી શકે છે. આ બધા





પ્રકાર કર્મોના બંધની અવસ્થા ઉપર નિર્ભર રહે છે. જેમ કે– મલ્લિનાથ ભગવાને પૂર્વભવમાં કપટ ક્રિયાએ સ્ત્રીવેદનો બંધ કર્યો હતો. તેનો અબાધાકાળ ઉત્કૃષ્ટ દોઢ હજાર વર્ષનો જ હોય છે. પછી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થવાથી ૩૩ સાગરોપમ સુધી તે પ્રગટ રૂપે પુરુષવેદમાં જ રહ્યા હતા, ત્યાર પછી જ મનુષ્ય ભવમાં સ્ત્રી બન્યા. તે જ રીતે ગજસુકુમાલના જીવે જે કર્મ બાંધ્યા હતા તે લાખો ભવ પછી અંતિમ ભવમાં સોમિલ બ્રાહ્મણનો સંયોગ થવાથી ઉત્કૃષ્ટ રૂપે ઉદયમાં આવ્યા.

**પ્રશ્ન–૩ : ૨૪ દંડકના જીવોના બે પ્રકારના ભેદ અને તેની બે પ્રકારની ગતાગત કઈ રીતે કહેલ છે ?**

**ઉત્તર–** ૨૪ દંડકના જીવ કોઈ બે ગતિમાંથી, કોઈ ત્રણ ગતિમાંથી, કોઈ ચાર ગતિમાંથી પણ આવે છે તથા કોઈ બે ગતિમાં, કોઈ ચાર ગતિમાં જાય છે. પરંતુ અહીં બેની સંખ્યાનું કથન હોવાથી વિશિષ્ટ શબ્દ પ્રયોગ દ્વારા બે પ્રકારની ગતિ સુંદર રીતે કહેલ છે. તે આ પ્રમાણે છે– નારકી અને દેવતામાં મનુષ્ય તથા તિર્યંચ પંચેંદ્રિયમાંથી આવે છે. પૃથ્વીકાયના જીવ પૃથ્વીકાયમાંથી અને અપૃથ્વીકાયમાંથી આવે છે યાવત્ મનુષ્ય પણ મનુષ્ય અને અમનુષ્યમાંથી આવે છે. આ રીતે દરેકની દ્વિવિધ આગત કહેલ છે.

નારકી જીવ મનુષ્ય તથા તિર્યંચ પંચેંદ્રિય એમ બે માં જાય છે. દેવો મનુષ્ય તથા તિર્યંચ યોનિકમાં જાય છે. અહીં પંચેંદ્રિય શબ્દ રાખેલ નથી. કારણ કે દેવ એકેંદ્રિયમાં પણ જાય છે. પૃથ્વીકાયથી મનુષ્ય સુધી આગતની સમાન ગત કહેલ છે, યાવત્ મનુષ્ય તથા અમનુષ્યોમાં જાય છે.

જીવોના વિવિધ ભેદ આ ઉદ્દેશકમાં આ પ્રમાણે કર્યા છે– ૨૪ દંડકના જીવ–(૧) ભવી-અભવી (૨) અનંતરોત્પન્ન-પરંપરોત્પન્ન (૩) વાટેવહેતા-સ્થાનસ્થિત (૪) પ્રથમ સમયોત્પન્ન-અપ્રથમસમયોત્પન્ન (૫) આહારક-અનાહારક (૬) ઉશ્વાસક-અનુશ્વાસક (૭) સઈન્દ્રિય-અનિન્દ્રિય(મરીને ગત્યંતરમાં જતી વખતે દ્રવ્યેન્દ્રિયની અપેક્ષા) (૮) પર્યાપ્ત-અપર્યાપ્ત (૯) સંજ્ઞી-અસંજ્ઞી(આમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને જ્યોતિષી-વૈમાનિક છોડીને. કારણ કે તેમાં આ બે ભેદ થતા નથી. એકેન્દ્રિયાદિ માત્ર અસંજ્ઞી જ હોય છે. બંને જાતિના દેવ સંજ્ઞી જ હોય છે.) (૧૦) ભાષક-અભાષક (તેમાં એકેન્દ્રિય કહેલ નથી, કારણ કે તે ફક્ત અભાષક જ હોય છે.) (૧૧) સમ્યગ્દષ્ટિ–મિથ્યાદષ્ટિ(અહીં પણ એકેંદ્રિય છોડીને કથન છે, તે માત્ર એક મિથ્યાદષ્ટિ જ હોય છે.(૧૨) પરિત્તસંસારી-અપરિત્તસંસારી (૧૩) સંખ્યાત સમયસ્થિતિક-

અસંખ્યાત સમય સ્થિતિક(તેમાં એકેંદ્રિય-વિકલેંદ્રિય, જ્યોતિષી-વૈમાનિક દેવને છોડીને કથન છે, તેમાં બે પ્રકાર હોતા નથી. એકેન્દ્રિયાદિમાં સંખ્યાત સમયની સ્થિતિ જ હોય છે અને બંને દેવોની માત્ર અસંખ્ય સમયની સ્થિતિ જ હોય છે.) (૧૪) સુલભબોધિ-દુર્લભબોધિ (૧૫) કૃષ્ણપાક્ષિક-શુક્લપાક્ષિક (૧૬) ચરિમ-અચરિમ. આ પ્રમાણે બે-બે ભેદ થાય છે.

**પ્રશ્ન–૪ : સમુદ્ઘાત કરતી વખતે જ્યારે આત્મપ્રદેશ શરીરથી દૂર ચાલ્યા જાય, ત્યારે પણ શું તેમાં અવધિજ્ઞાન વગેરે સાથે હોય છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત ઉદ્દેશકમાં 'સમવહત' થી મારણાંતિક સમુદ્ઘાત અને વિકુર્વિત અવસ્થાથી વૈક્રિય સમુદ્ઘાત અવસ્થાનું કથન કરેલ છે. તે બંને સમુદ્ઘાતોમાં આત્મપ્રદેશ પોતાના સ્થૂલ શરીરમાંથી બહાર નીકળે છે. તોપણ તેને નાનું-મોટું જે પણ અવધિજ્ઞાન હોય છે અને જેનાથી તે ઊંચો-નીચો કે તિરછો લોક જાણે-દેખે છે; તે જ્ઞાન તેને તે બંને સમુદ્ઘાતોના સમયે પણ રહે છે અર્થાત્ શરીરની બહાર આત્મપ્રદેશ નીકળી જાય, ત્યારે પણ તે જ્ઞાનનો અભાવ તે આત્મપ્રદેશોમાં (તે આત્મામાં) થતો નથી.

જ્ઞાનના રહેવામાં અથવા નષ્ટ થવામાં સ્થૂલ શરીરમાં રહેવાથી કે સમુદ્ઘાત કરવાથી કે મરીને અન્ય ગતિમાં જવાથી કોઈ ખાસ ફરક પડતો નથી. જ્ઞાન આત્માના પરિણામો તથા આત્માના ક્ષયોપશમ સાથે જ સંબંધ રાખે છે. જ્યાં સુધી તત્સંબંધી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ચાલુ રહે, આત્મપરિણામ હીન, નિકૃષ્ટ કે ચલાયમાન–ચંચલ નહીં થાય ત્યાં સુધી ઉત્પન્ન વિશેષ જ્ઞાન આત્મામાં સ્થિર રહે છે. આ સૂત્રનો આશય એ છે કે મારણાંતિક અને વૈક્રિય સમુદ્ઘાતમાં અવધિજ્ઞાની પોતાના જ્ઞાનથી ઊંચો, નીચો કે તિરછોલોક જેમ પહેલાં જાણતા-દેખતા હોય, તેમજ તે સમુદ્ઘાત અવસ્થામાં જાણે-દેખે છે.

**પ્રશ્ન–૫ : દેશથી કે સર્વથી સાંભળવા, જોવા, બોલવા, આહાર કરવા આદિના સંબંધમાં અહીં શું નિરૂપણ છે ?**

**ઉત્તર–** બે-બેની સંખ્યામાં કથન હોવાથી જોવા આદિની અનેક ક્રિયાઓ દેશ–સર્વથી હોવી કે કરવી, અહીં શાસ્ત્રકારે કહેલ છે. જેની સંગતિ ક્યાંક સામાન્ય અપેક્ષાથી, ક્યાંક વિશેષ અપેક્ષાથી સમજવી જોઈએ. પ્રાયઃ કરીને શબ્દ સંભળાય શ્રોતેન્દ્રિયથી, રૂપ દેખાય આંખથી, સુંઘી શકાય નાકથી, રસાસ્વાદ જીભથી જ થાય છે, તોપણ તેને દેશ કે સર્વ બંનેથી થવાનું કહેલ છે, તેને સંભિન્નશ્રોત લબ્ધિવાળાની અપેક્ષા સર્વથી સમજવું જોઈએ. એ લબ્ધિવાળા





આખા શરીરથી જોવા, સાંભળવા આદિની ક્રિયા કરી શકે છે. સ્પર્શનો અનુભવ સામાન્ય જીવ પણ દેશ કે સર્વ બંનેથી કરી શકે છે. શરીરનું ચમકવું આગિયા આદિની અપેક્ષા એક દેશથી થાય છે અર્થાત્ તે તે જીવોના કોઈ અંગોપાંગ વિશેષ ચમકે છે અને દેવતાઓનું શરીર સર્વભાગોથી ચમકે છે. વિકુર્વણા કરતી વખતે જીવ એક હાથમાંથી અન્ય હાથ કાઢીને દેખાડી શકે છે અને આખા શરીરમાંથી અનેક તેવા જ શરીર બનાવીને દેખાડી શકે છે.

શરીરના એક અંગોપાંગને હલાવવા-ચલાવવા કે આખા શરીરથી સંચરણ કરવું તે દેશ અને સર્વ **પરિચારણા** છે અથવા કોઈ એક અંગોપાંગથી મૈથુનભાવને ક્રિયાન્વિત કરવો કે આખા શરીરથી આલિંગન આદિ દ્વારા મૈથુન-ભાવોની પરિપૂર્તિ કરવી તે પણ દેશ-સર્વ પરિચારણાના અર્થમાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

કવલાહાર દેશથી અને રોમાહાર સર્વથી થાય છે. પરિણમન પણ ક્યારેક દેશથી અને સર્વથી થાય છે, જેમ કે– પગમાં ઘાવ થતાં તેનો ઉપચાર કરવાથી ઘાવ રૂઝાઈ જાય તે દેશ પરિણમન, માથાના દુઃખાવામાં બામ લગાડતાં ઠીક થઈ જાય તે પણ દેશ પરિણમન છે. તાવ આવ્યો અને ઈન્જેક્શન કે ટેબ્લેટથી તાવ ઉતરી જાય એ સર્વ પરિણમન. એ જ રીતે કરેલા આહારનું પણ ક્રમશઃ સર્વ પરિણમન(આખા શરીરમાં રસનું સંક્રમણ) થાય છે. બોલવાનું જીવના એક દેશ મુખ, જીભ આદિથી જ થાય છે પરંતુ અહીં બેની સંખ્યા યુક્ત કથન હોવાથી તેને પણ વૈક્રિય શક્તિ કે અન્ય વિશિષ્ટ લબ્ધિથી જીવ આખા શરીરથી બોલી શકે છે, એમ સમજવું જોઈએ.

**પ્રશ્ન–૬ : દેવોના શરીર સંબંધી અહીં શું નિરૂપણ છે ?**

**ઉત્તર–** બે ની સંખ્યાનું કથન હોવાથી દેવોનું એક શરીરી અને દ્વિશરીરી પણ હોવાનું કહેલ છે. તેનો અર્થ આ રીતે કરાય છે કે– ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી વૈમાનિક ચારે ય જાતિમાં કોઈ દેવ એક ભવ(શરીર) કરીને મોક્ષે જવાવાળા પણ હોય છે અને કોઈ બે ભવ(શરીર) કરીને પણ મોક્ષે જવાવાળા હોય છે. અહીં બે નો અર્થ અનેક ભવ પણ કરાય છે. ભવધારણીય શરીર અને ઉત્તરવૈક્રિય શરીર અથવા વૈક્રિય શરીર અને તૈજસ-કાર્મણ શરીરને લઈને પણ એક શરીરવાળા અને બે શરીરવાળા એમ સમજવાનો પ્રયત્ન કરી શકાય છે પરંતુ તે સરલ–સમાધાનયુક્ત નથી.

# સ્થાન-૨ : ઉદ્દેશક-૩

**પ્રશ્ન–૧ : આ ત્રીજા ઉદ્દેશકમાં કયા કયા વિષયોનું કથન છે ?**

**ઉત્તર–** બે ની સંખ્યાને આધાર બનાવીને, ભાષા અને શબ્દ, પુદ્‌ગલ ભેદ, પાંચ શબ્દાદિ વિષય, પંચાચાર, વિવિધ પડિમાઓ, સામાયિક, ઉપપાત આદિ, ગર્ભસ્થ જીવ, સ્થિતિ, આયુષ્ય કર્મ સંબંધી સંક્ષિપ્ત બે ભેદોનું કથન છે. ત્યાર પછી જંબૂદ્વીપ, ભરત આદિ ક્ષેત્ર, પર્વત આદિ બે-બે ની સંખ્યાથી કથન છે. જેનું ક્રમિક વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર તથા જીવાભિગમ સૂત્રમાં છે.

**પ્રશ્ન–૨ : આ ઉદ્દેશકમાં ભાષા અને શબ્દના વિષયે શું સ્પષ્ટીકરણ છે ?**

**ઉત્તર–** શબ્દના બે પ્રકાર છે– ભાષા શબ્દ અને નોભાષા શબ્દ. ભાષા શબ્દ જીવના વચનયોગ કે પ્રયોગથી કંઠ, હોઠ, જીભ, તાળવું આદિના માધ્યમથી ઉચ્ચારિત થાય છે. નોભાષા શબ્દ જીવના અન્ય અંગોપાંગો દ્વારા પણ ઉત્પન્ન થાય છે તથા નિર્જીવ પદાર્થો, પુદ્‌ગલો દ્વારા પણ નિષ્પન્ન થાય છે.

જીવ સંબંધી ભાષા શબ્દ અક્ષર રૂપમાં પણ થાય છે તથા કંઠ, હોઠ આદિથી કરાતી અનેક પ્રકારની ધ્વનિ– ડિચ, ડચ, હુંકાર આદિ અનક્ષર રૂપે પણ હોય છે. તે કંઠ, હોઠથી ઉચ્ચારિત થવાના કારણે ભાષા શબ્દની અંતર્ગત ગણવામાં આવે છે. હાથ-પગ દ્વારા તાલી અને ભૂમિ પર પ્રહાર તથા શરીર પર પ્રહાર સંબંધી ધ્વનિ, જીવ સંબંધી નોભાષા શબ્દ છે. કારણ કે તેમાં કંઠ આદિનો પ્રયોગ થતો નથી. બધા પ્રકારના વાજિંત્રો દ્વારા, આભૂષણો દ્વારા જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે નોભાષા શબ્દ છે.

સંક્ષેપમાં શબ્દની ઉત્પત્તિ પુદ્‌ગલોના ટકરાવાથી તથા ભેદન થવાથી તેમજ વાંસ-વસ્ત્ર આદિ ફાટવા-ફાડવાથી પણ થાય છે. પુદ્‌ગલ રહિત સિદ્ધ જીવોને કોઈ પ્રકારની શબ્દોત્પત્તિ થતી નથી. બે ની સંખ્યામાં વર્ણન હોવાથી જીવ શબ્દ, અજીવ શબ્દ અને મિશ્ર શબ્દ આ ત્રણ ભેદોનું વર્ણન અહીં નથી.

**પ્રશ્ન–૩ : અહીં પુદ્‌ગલ સંબંધી વર્ણન કઈ રીતે છે ?**

**ઉત્તર–** બેની સંખ્યાના આધારે પુદ્‌ગલના વિવિધ પ્રકારના બે-બે ભેદ કહેલ છે, જેમ કે– (૧) ભિન્ન–ભેદનથી બનેલા પુદ્‌ગલ, અભિન્ન–ભેદન વગર સ્વાભાવિક પુદ્‌ગલ અથવા સંયોગથી નિષ્પન્ન પુદ્‌ગલ. (૨) ભિદુર-અભિદુર– વિનષ્ટ થવાના સ્વભાવવાળા અને સ્વભાવથી વિનષ્ટ નહીં થનારા પુદ્‌ગલ. (૩) પરમાણુ પુદ્‌ગલ અને નોપરમાણુ પુદ્‌ગલ. (૪) સૂક્ષ્મ અને બાદર. (૫)





ઈન્દ્રિયોથી સ્પૃષ્ટ અને બદ્ધ થનારા પુદ્‌ગલ તથા ઈન્દ્રિયોથી માત્ર સ્પૃષ્ટ થનારા પુદ્‌ગલ. શ્રોતેન્દ્રિયથી સ્પૃષ્ટપુદ્‌ગલ ગ્રહણ થાય છે. ચક્ષુ ઈન્દ્રિયથી અસ્પૃષ્ટ પુદ્‌ગલ ગ્રહણ થાય છે. બાકીની ત્રણ ઈન્દ્રિયોથી બદ્ધ તેમજ સ્પૃષ્ટ બંને રીતે પુદ્‌ગલ ગ્રહણ થાય છે. (૬) જીવો દ્વારા ગ્રહિત અને અગ્રહિત પુદ્‌ગલ. (૭) આત્ત-અનાત્ત– જીવ દ્વારા પરિણામિત(આત્મીકૃત) અને અપરિણામિત પુદ્‌ગલ. (૮) ઈષ્ટ અને અનિષ્ટ પુદ્‌ગલ. (૯) કાંત અને અકાંત પુદ્‌ગલ. (૧૦) પ્રિય અને અપ્રિય પુદ્‌ગલ. (૧૧) મનોજ્ઞ–મનને ગમે તેવા અને અમનોજ્ઞ પુદ્‌ગલ (૧૨) મણામ– જેની સ્મૃતિ પણ પ્રિય કે અપ્રિય હોય તે મણામ અને અમણામ. આમ અહીં પુદ્‌ગલના ૧૨ પ્રકારે બે-બે ભેદ કહેલ છે.

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ પ્રકારના પુદ્‌ગલોના આત્ત– અનાત્ત આદિ પાછળના(૭ થી ૧૨) ૬ પ્રકારના બે-બે ભેદ કહેલ છે. જેનું તાત્પર્ય એ છે કે સમુચ્ચય–સામાન્ય પુદ્‌ગલના ઉપરોક્ત ૧૨ પ્રકારે બે ભેદ બની શકે છે અને સ્વતંત્ર શબ્દ આદિના પ્રારંભિક છ પ્રકારવાળા બે-બે ભેદ બનતા નથી. પરંતુ આત્ત-અનાત્ત વગેરે અંતિમ છ પ્રકારના બે-બે ભેદ બને છે. જેમ કે– સૂક્ષ્મ-બાદરમાંથી શબ્દ આદિ બાદર જ હોય, સૂક્ષ્મ ન હોય, તેથી બે ભેદ થતા નથી.

**પ્રશ્ન–૪ : પાંચ આચારને અહીં બે ની સંખ્યામાં કેવી રીતે કહેલ છે ?**

**ઉત્તર–** આચાર પાંચ છે છતાં તેને ભેદની વિશિષ્ટ પદ્ધતિએ બે-બે પ્રકારના કહ્યા છે, યથા– (૧) જ્ઞાનાચાર અને નોજ્ઞાનાચાર (૨) નોજ્ઞાનાચારના બે ભેદ– દર્શનાચાર અને નોદર્શનાચાર (૩) નોદર્શનાચારના બે ભેદ–ચારિત્રાચાર અને નોચારિત્રા-ચાર (૪) નોચારિત્રાચારના બે ભેદ–તપાચાર અને વીર્યાચાર. આ રીતે પાંચ ભેદોને પણ બે-બે ના ભેદમાં દર્શાવેલ છે.

**પ્રશ્ન–૫ : અહીં પડિમાઓ કેટલી અને કેવી રીતે કહેલ છે ?**

**ઉત્તર–** બેની સંખ્યામાં કથન હોવાથી ભિક્ષુની ૧૨ પ્રતિમા અને શ્રાવકની ૧૧ પ્રતિમાઓનું કથન અહીં નથી. બે-બેની જોડીમાં અન્ય વિશિષ્ટ ૧૨ પડિમાઓનું કથન કરેલ છે, યથા– **(૧) સમાધિ પડિમા–** સંયમ સમાધિ અર્થાત્ સંયમના સંપૂર્ણ નિયમ ઉપનિયમ રૂપ ભગવદાજ્ઞાઓના યથાર્થ પાલનનો દઢ સંકલ્પ. **(૨) ઉપધાન પડિમા–** સંયમના નિયમો સિવાય તપરૂપ વિશિષ્ટ અભિગ્રહ નિયમ, ભિક્ષુપડિમા આદિ સ્વીકારવા. એ બેના કથનથી સમસ્ત સંયમ-તપને ગ્રહણ કરી લીધેલ છે. **(૩) વિવેક પડિમા–** વિવેક અર્થાત્ ત્યાગ. અવગુણો, કષાયો, કુમાન્યતાઓનો ત્યાગ. તેનું તાત્પર્ય એ છે કે સંયમ-તપમાં એટલે કે

મોક્ષમાર્ગમાં બાધક અવગુણોથી દઢ સંકલ્પ પૂર્વક દૂર રહેવું, પ્રતિપક્ષમાં સદ્‌ગુણોમાં આત્માને લીન રાખવો, તે વિવેક પડિમાનું સ્વરૂપ છે. **(૪) વ્યુત્સર્ગ પડિમા**– અવગુણોના ત્યાગ ઉપરાંત યથાશક્ય યથાસમય મન, વચન, કાયાની સમસ્ત પ્રવૃત્તિઓનો નિર્ધારિત સમય માટે ત્યાગ કરવો અને આત્મભાવોમાં, પરિણામોમાં જ્ઞાતા-દષ્ટાભાવે લીન બનવું. આ ચારે ય પડિમાઓ આગળ ચોથા સ્થાનમાં પણ કહેલ છે. (*૪/૧/૩૫*).

**(૫) ભદ્ર પડિમા**– છઠ કરીને ચારે ય દિશામાં મુખ કરીને ચાર-ચાર પ્રહરનો કાયોત્સર્ગ. **(૬) સુભદ્ર પડિમા**– છ દિશાઓમાં મુખ કરીને ચાર-ચાર પ્રહરનો કાયોત્સર્ગ ત્રણ ઉપવાસ સાથે કરવો. **(૭) મહાભદ્ર પડિમા**– ચારે દિશામાં મુખ કરીને અહોરાત્રિનો કાયોત્સર્ગ, ચાર ઉપવાસ સાથે કરવો. **(૮) સર્વતોભદ્ર પડિમા**– દસ ઉપવાસ સાથે દસ દિશાઓમાં મુખ કરીને અહોરાત્રનો કાયોત્સર્ગ કરવો. અહીં સુભદ્ર પ્રતિમાનો અર્થ અનુમાનથી આપેલ છે. અહીં ઊંચી, નીચી દિશામાં મુખ કરવું તેને અધોમુખ અને ઉર્ધ્વમુખ કરીને સુવાની અપેક્ષાએ સમજવું.

અંતગડ સૂત્રમાં લઘુસર્વતોભદ્ર, મહાસર્વતોભદ્ર તપસ્યાનું કથન છે. અહીં સર્વતોભદ્ર પડિમાનું કથન છે. અંતગડ કથિત બંને તપસ્યામાં ક્રમશઃ ૪૦૦ અને ૯૮૦ દિવસ લાગે છે. જ્યારે અહીં વર્ણિત સર્વતોભદ્ર પ્રતિમામાં માત્ર ૧૦ દિવસ જ લાગે છે. જેમાં તપની સાથે કાયોત્સર્ગ કરવાની વિશેષતા હોવાથી તેને અહીં પડિમા કહેલ છે. ***(૯-૧૦) લઘુમોક પડિમા અને વડીમોક પડિમા. (૧૧-૧૨) યવમધ્યચંદ્ર પડિમા અને વજ્રમધ્યચંદ્ર પડિમા.*** આ ચાર પડિમાઓનું વિસ્તૃત વર્ણન વ્યવહાર સૂત્ર ઉદ્દેશક–૯ માં કરેલ છે. અન્ય પણ પડિમાઓ શાસ્ત્રમાં વર્ણિત છે. તોપણ અહીં બે-બે ની જોડી બને તેવી બાર પડિમાઓનું કથન કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૬ : દ્વીપ-ક્ષેત્ર સંબંધી વર્ણન અહીં કઇ રીતે છે ?**

**ઉત્તર**– જંબૂદ્વીપમાં ભરત આદિ ક્ષેત્ર, ચુલ હિમવંત આદિ પર્વત વગેરે બધા ૧–૧ છે; તેમ છતાં સર્વથા સમાનનું વિશેષણ લગાવીને બે-બે ક્ષેત્ર પર્વતોનું કથન કરેલ છે. જેમ કે– ભરત-એરવત ક્ષેત્ર, હેમવત-હેરણ્યવત ક્ષેત્ર, દેવકુઢ-ઉત્તરકુઢ ક્ષેત્ર, ચુલહિમવંત-શિખરીપર્વત, નિષધ-નીલપર્વત, પૂર્વવિદેહ-અપરવિદેહ. આ રીતે જંબૂદ્વીપ સંબંધી વૃતવૈતાઢ્ય પર્વત, ગુફા, કૂટ, મહાદ્રહ, મહાનદી, પ્રપાતદ્રહ આદિ બે-બે સમાન છે.

ઉત્સર્પિણી-અવસર્પિણીના છ-છ આરામાંથી જેનું કાલમાન સમાન





છે તેનું કથન છે. તેના સિવાય બે-બે ક્ષેત્રોમાં સમાન કાલ, વર્ણ, પર્યાય, આયુષ્ય અને અવગાહનાનું કથન કરવામાં આવેલ છે. જેમ કે– દેવકુઢ-ઉત્તરકુઢ એ બે ક્ષેત્રોમાં ઉપરોક્ત બધા બોલોની સમાનતા છે.

જંબૂદ્વીપમાં એક સમય એક યુગમાં ભરત અને એરવત ક્ષેત્રની અપેક્ષાએ બે-બે અરિહંત, ચક્રવર્તી આદિની અને તેના વંશોની ઉત્પત્તિ થાય છે. બધા બલદેવ વાસુદેવોના વંશને દશારવંશ કહેલ છે.

અંતમાં બતાવેલ છે કે જંબૂદ્વીપમાં બે ચંદ્ર બે સૂર્ય છે તથા પ્રત્યેક ગ્રહ, નક્ષત્ર પણ બે-બે હોય છે અર્થાત્ ૨૮×૨=૫૬ નક્ષત્ર અને ૮૮×૨=૧૭૬ ગ્રહ હોય છે.

જંબૂદ્વીપની જગતી પર બે ગાઉ(કોશ)ની ઊંચી પદ્મવર વેદિકા છે. લવણ સમુદ્રનો બે લાખ યોજનનો ચક્રવાલ વિસ્તાર છે અને બે ગાઉની ઊંચી વેદિકા–પાળી છે. જે ધાતકીખંડ તરફ અને લવણસમુદ્રના કિનારા ઉપર છે.

**ધાતકીખંડ અને પુષ્કરાર્ધ દ્વીપ**–પૂર્વી ધાતકીખંડમાં જંબૂદ્વીપની જેમ બે-બે ક્ષેત્ર, પર્વત સમાનનું દરેક કથન છે તે જ રીતે પશ્ચિમી ધાતકીખંડમાં તથા પૂર્વી-પશ્ચિમી પુષ્કરાર્ધ દ્વીપમાં પણ બે-બે સમાનનું કથન છે.

સમુચ્ચય–સામાન્ય રૂપે ધાતકીખંડમાં(બંને ખંડોની અપેક્ષા) બે ભરત, બે એરવત યાવત્ બે-બે પ્રપાતદ્રહ તેમજ બે-બે મેઢપર્વત છે, યથા– એક પૂર્વ વિભાગમાં અને એક પશ્ચિમી વિભાગમાં. બંને દ્વીપના બાહ્ય કિનારે બે ગાઉ ઊંચી વેદિકા છે. અઢીદ્વીપની બહાર પણ બધા દ્વીપ સમુદ્રોના બાહ્ય કિનારે બે-બે ગાઉની વેદિકા છે.

**નોંધ**– જંબૂદ્વીપ સંબંધી ક્ષેત્ર, પર્વતો આદિનું વિસ્તૃત વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં છે અને અન્ય દ્વીપસમુદ્રો સંબંધી વિસ્તૃત વર્ણન જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિમાં છે.

**પ્રશ્ન–૭ : ચારે ય જાતિના દેવોના ૬૪ ઈન્દ્રો કયા કયા છે?**

**ઉત્તર**– અહીં બે-બે બોલનું કથન હોવાથી બે-બે ઈન્દ્રોના કથન કરતાં ચારે જાતિના દેવોના કુલ ૬૪ ઈન્દ્ર કહ્યા છે. સંક્ષેપમાં તે આ પ્રમાણે છે– ભવનપતિ દેવોના–૨૦+વાણવ્યંતર દેવોના–૩૨+જ્યોતિષી દેવોના–૨+ વૈમાનિક દેવોના–૧૦ ઈન્દ્ર = કુલ ૬૪ ઈન્દ્ર થાય છે. આગમાનુસાર જ્યોતિષી દેવોમાં અસંખ્ય ઈન્દ્ર હોય છે, તેમ છતાં જાતિ રૂપે કે અપેક્ષા વિશેષથી ગણતરીની અપેક્ષાએ આગમમાં જ ઈન્દ્રોની આ ૬૪ સંખ્યા કહેવાય છે. ૬૪ ઈન્દ્રોના નામ અહીં આ પ્રમાણે દર્શાવવામાં આવ્યા છે–

**ભવનપતિના ૨૦ ઈન્દ્રો–** ભવનપતિની અસુરકુમાર આદિ દસ જાતિ છે, તેના ઉત્તર અને દક્ષિણ દિશાવર્તી બે-બે ઈન્દ્ર હોવાથી કુલ ૨૦ થાય છે. તેના નામ– (૧-૨) ચમરેન્દ્ર-બલીન્દ્ર (૩-૪) ધરણેન્દ્ર-ભૂતાનેન્દ્ર (૫-૬) વેણુદેવ-વેણુદાલી (૭-૮) હરિકંત-હરિસ્સહ (૯-૧૦) અગ્નિસિંહ-અગ્નિમાણવ (૧૧-૧૨) પૂર્ણ-વિશિષ્ટ (૧૩-૧૪) જલકાંત-જલપ્રભ (૧૫-૧૬) અમિતગતિ-અમિતવાહન (૧૭-૧૮) વેલંબ-પ્રભંજન (૧૯-૨૦) ઘોષ-મહાઘોષ.

**વાણવ્યંતર દેવોના ૩૨ ઈન્દ્રો–** વાણવ્યંતરના પિશાચ આદિ આઠ અને આણપન્ની આદિ આઠ એમ ૧૬ જાતિના ઉત્તર તથા દક્ષિણ દિશાવર્તી બે-બે એમ કુલ ૧૬×૨= ૩૨ ઈન્દ્રો થાય છે. તેના નામ આ પ્રમાણે છે– **પિશાચ આદિના–** (૧-૨) કાલ-મહાકાલ (૩-૪) સરૂપ-પ્રતિરૂપ (૫-૬) પૂર્ણભદ્ર-માણિભદ્ર (૭-૮) ભીમ-મહાભીમ (૮-૧૦) કિન્નર-કિંપુરુષ (૧૧-૧૨) સત્પુરુષ-મહાપુરુષ (૧૩-૧૪) અતિકાય-મહાકાય (૧૫-૧૬) ગીતરતિ-ગીતયશ. **આણપન્ની આદિના–** (૧૭-૧૮) સન્નિહિત-સામાન્ય (૧૯-૨૦) ધાતા-વિધાતા (૨૧-૨૨) ઋષિ-ઋષિપાલક (૨૩-૨૪) ઈશ્વર-મહેશ્વર (૨૫-૨૬) સુવત્સ-વિશાલ (૨૭-૨૮) હાસ્ય-હાસ્યરતિ (૨૯-૩૦) શ્વેત-મહાશ્વેત (૩૧-૩૨) પતંગ-પતંગગતિ.

**જ્યોતિષી દેવોના ૨ ઈન્દ્રો–** ચંદ્ર અને સૂર્ય. **વૈમાનિક દેવોના ૧૦ ઈન્દ્રો–** (૧) સૌધર્મેન્દ્ર (૨) ઈશાનેન્દ્ર (૩) સનત્કુમારેન્દ્ર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોકેન્દ્ર (૬) લાંતકેન્દ્ર (૭) મહાશુક્રેન્દ્ર (૮) સહસ્રારેન્દ્ર (૯) પ્રાણતેન્દ્ર (૧૦) અચ્યુતેન્દ્ર. દેવલોક ૧૨ છે પરંતુ તેના ઈન્દ્રો ૧૦ છે, કારણ કે નવમા– દસમા બંને દેવલોકના એક જ ઈન્દ્ર–પ્રાણતેન્દ્ર છે. અને ૧૧મા ૧૨મા દેવલોકના એક જ ઈન્દ્ર–અચ્યુતેન્દ્ર છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં બધા ઈન્દ્ર જ છે, તેમને અહમેન્દ્ર કહેવાય છે. તેથી તેમની ગણતરી ૬૪ ઈન્દ્રોમાં કરેલ નથી.

**પ્રશ્ન–૮ : આ ઉદ્દેશકમાં અન્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** ઉપરોક્ત ૭ પ્રશ્નોમાં ચર્ચિત વિષયો સિવાય અન્ય વિષય આ પ્રમાણે છે– **(૧)** પુદ્ગલ સ્વયં પણ મળે છે, બને છે, વિખરાય છે; સડન, પડન, વિધ્વંશન થાય છે અને પર પ્રયોગે કે નિમિત્તે પણ મળે-બને-વિખરાય છે, સડન, પડન વિધ્વંશન થાય છે. **(૨)** સામાયિકના બે પ્રકાર છે– આગાર સામાયિક અને અણગાર સામાયિક અર્થાત્ દેશવિરતિ અને સર્વવિરતિની સામાયિક. **(૩)** દેવ-નારકીઓને ઉપપાત જન્મ છે. નારકી અને ભવનપતિનું મરણ ઉદ્વર્તન રૂપ હોય છે એટલે તેઓ મરીને નીચેથી ઉપર આવે છે.





જ્યોતિષી-વૈમાનિક દેવોને ચ્યવન રૂપ મરણ થાય છે અર્થાત્ તેઓ મરીને ઉપરથી નીચે આવે છે. ગર્ભજ જન્મ સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને હોય છે. **(૪)** ગર્ભસ્થ–ગર્ભમાં રહેલા તિર્યંચ-મનુષ્યોને આહાર, શરીરની વૃદ્ધિ કે હાનિ(બિમારીથી), વિક્રિયા, હલનચલન, મારણાંતિક સમુદ્ઘાત, મૃત્યુ સંયોગ અને મરણ આદિ સંભવ છે. બંનેને હાડ, માંસ, ચામડીમય શરીર હોય છે અને બંને શુક્ર-શોણિતના મિશ્રણવાળા સ્થાનમાં જન્મ ધારણ કરે છે– સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય. **(૫)** મનુષ્ય અને તિર્યંચ બંનેને કાયસ્થિતિ હોય છે. નારકી અને દેવ બંનેને એકમાત્ર ભવસ્થિતિ હોય છે, કાયસ્થિતિ હોતી નથી. કારણ કે તેઓ આયુષ્ય પૂર્ણ ભોગવીને જ મરે છે અને પાછા ફરી તેમાં જ જન્મતા નથી પરંતુ તેઓ મનુષ્ય તિર્યંચમાં જન્મ લે છે. જ્યારે કાયસ્થિતિ એ જ સ્થાનમાં વારંવાર જન્મ ધારણ કરવાથી બને છે. ભવસ્થિતિ સર્વ સંસારી જીવોને હોય છે, પરંતુ અહીં બે ની સંખ્યામાં સીમિત કથન છે. **આયુષ્ય** પણ બે પ્રકારના છે– અદ્ધાયુ અને ભવાયુ. જે સ્થિતિ પ્રમાણે જ સમજવા.

**નોંધઃ–** કાયસ્થિતિ અને અદ્ધાયુ એકેન્દ્રિયાદિ બધા તિર્યંચોને હોય છે. મૂળ પાઠમાં **પ चिंदिय तिरिक्खजोणियाण** એમ પાઠ છે. તેને સુધારીને **तिरिक्ख जोणियाण** એમ વાંચવો જોઈએ. અથવા બેની સંખ્યાનું કથન હોવાથી ઉપલબ્ધ પાઠ સાપેક્ષ કથન રૂપ છે એમ પણ માની શકાય.

**(૬)** ઉદય બે પ્રકારે હોય છે– પ્રદેશોદય અને વિપાકોદય. **(૭)** નારકી-દેવતા **પૂર્ણાયુ** ભોગવે છે અને મનુષ્ય-તિર્યંચને **સંવર્તિત** આયુષ્ય હોય છે. તેમાં એક તૃતીયાંશ આયુષ્યને સંવર્તિત કરીને પ્રદેશોદયથી ભોગવી લઈ શકાય છે. **(૮)** સાતમા આઠમા દેવલોકમાં વિમાન બે વર્ણના હોય છે– પીળા અને સફેદ. **(૯)** ગ્રૈવેયક દેવોની અવગાહના બે હાથની હોય છે.

## સ્થાન–૨ : ઉદ્દેશક–૪

**પ્રશ્ન–૧ : આ ઉદ્દેશકમાં કયા કયા વિષય છે ?**

**ઉત્તર–** જીવ અજીવને લઈને સમય, આવલિકા, ગ્રામાદિ તથા છાયા આદિની વિચારણા, મૃત્યુ સમયે આત્મપ્રદેશ નીકળવા, ધર્મબોધિ, કષાય, જીવોના બે બે ભેદ, આઠે ય કર્મોના બે-બે ભેદ તથા દેવોની સ્થિતિ, પરિચારણા આદિ તેમજ બે સંખ્યાએ અનેક વિષય પણ કહેલ છે.

**પ્રશ્ન–૨ : સમય આદિ કે ગ્રામ આદિ જીવ છે કે અજીવ ?**

**ઉત્તર–** એક સમયથી લઈને ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી બધા કાલની ૪૮ એકમો જીવ-અજીવ બંને પર પ્રવર્તે છે. જીવ અજીવ બંનેના પર્યાયો કાળ સાથે સંબંધિત થાય છે. તેથી સમય આદિને જીવરૂપ પણ કહી શકાય છે અને અજીવરૂપ પણ કહી શકાય છે. બે સંખ્યાનું કથન હોવાથી તેને જીવ અને અજીવ બંને રૂપે હોવાનું સ્વીકારેલ છે.

ગ્રામ, નગર આદિ, ઉદ્યાન આદિ, સરોવર, નદી, પર્વત, નરક, પૃથ્વી, ઘનોદધિ આદિ, દ્વીપ, સમુદ્ર, નૈરયિક આવાસ યાવત્ વૈમાનિક આવાસ, વર્ષ (હરિવાસાદિ), વર્ષધર પર્વત, કૂટ, વિજય, રાજધાની વગેરે બધા ક્ષેત્રીય પદાર્થ જીવાશ્રય હોવાથી જીવરૂપ તથા અજીવમય હોવાથી અજીવરૂપ એમ બે-બે પ્રકારે સ્વીકારેલ છે. છાયા, આતપ, અંધકાર, ઉદ્યોત આદિ અજીવ હોવાથી અજીવરૂપ અને જીવાશ્રય હોવાથી જીવરૂપ એમ બંને પ્રકારે સ્વીકારેલ છે. આ રીતે બધાને જીવરૂપ પણ કહેલ છે અને અજીવરૂપ પણ કહેલ છે.

**પ્રશ્ન–૩ : અશાતા વેદના કેટલા પ્રકારની હોય છે ?**

**ઉત્તર–** અશાતા વેદના બે પ્રકારની કહેલ છે– (૧) લોચ, તપસ્યા આદિ દ્વારા વેદનાની ઉદીરણા, ઉદય અને નિર્જરા થાય છે તે **અભ્યુગમિક વેદના** છે. (૨) કર્મોના ઉદયે રોગાતંક તેમજ આકસ્મિક ઘટના આદિથી અશાતા વેદનાની ઉદીરણા, ઉદય અને નિર્જરા થાય છે તે ઉપક્રમિકી વેદના છે.

**પ્રશ્ન–૪ : મરનાર જીવનો આત્મા શરીરમાંથી ક્યાંથી નીકળે છે ?**

**ઉત્તર–** મરનાર જીવનો આત્મા બે પ્રકારે નીકળે છે– (૧) સંસારથી મુક્ત થઈને મોક્ષે જનારા જીવના આત્મપ્રદેશ સમસ્ત શરીરમાંથી એક સાથે નીકળે છે. (૨) ચાર ગતિમાં જનારા જીવોના આત્મપ્રદેશ શરીરના એક દેશ (ભાગ) થી નીકળે છે અર્થાત્ શરીરના કોઈપણ એક વિભાગ રૂપ હાથ, પગ આદિ અંગોપાંગમાંથી નીકળે છે. બે સંખ્યામય કથન હોવાથી દેશથી અને સર્વથી આત્મપ્રદેશ નીકળવાનું સંક્ષિપ્ત નિરૂપણ કરેલ છે. જે અંગમાંથી આત્મપ્રદેશ બહાર અન્યગતિમાં જવા નીકળે છે તે અંગનું સ્પર્શન, કંપન, સ્ફુરણ, સંકોચન અને નિવર્તન(ત્યાગ) નિકાશ થાય છે.

**પ્રશ્ન–૫ : જીવોને ધર્મબોધ યાવત્ મનઃપર્યવ જ્ઞાન કેવી રીતે થાય છે ?**

**ઉત્તર–** જીવને દર્શનમોહના ક્ષયોપશમ કે ક્ષયથી ધર્મનો બોધ-શ્રદ્ધાન થાય છે. ચારિત્રમોહ કર્મના ક્ષયોપશમથી સંયમ, સંવર આદિની પ્રાપ્તિ તેમજ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ૪ જ્ઞાન અને ક્ષયથી કેવળજ્ઞાન થાય છે. આ રીતે બે સંખ્યાના કથનમાં ક્ષય અને ઉપશમથી એ બધા ગુણો(બોલો)ની





પ્રાપ્તિનું કથન કરેલ છે. ક્ષય અને ઉપશમ આ બે ના કથનમાં ક્ષયોપશમનો સમાવેશ કરેલ છે.

**પ્રશ્ન–૬ : અહીં જીવોના બે-બે પ્રકાર કઈ રીતે કહેલ છે ?**

**ઉત્તર–** (૧) ત્રસ-સ્થાવર (૨) સિદ્ધ-સંસારી (૩) સઈન્દ્રિય-અનિન્દ્રિય (૪) સકાય-અકાય (૫) સયોગી-અયોગી (૬) સવેદી-અવેદી (૭) સકષાયી-અકષાયી (૮) સલેશી-અલેશી (૯) જ્ઞાની-અજ્ઞાની (૧૦) સાકારોપયોગી-અનાકારોપયોગી (૧૧) આહારક-અનાહારક (૧૨) ભાષક-અભાષક (૧૩) ચરિમ-અચરિમ(સિદ્ધ અને અભવી બંનેને અચરમમાં ગણેલ છે.) અને (૧૪) સશરીરી-અશરીરી. અહીં પ્રથમ બોલના બે ભેદોમાં માત્ર સંસારી જીવોનું કથન છે. શેષ બધા બોલોમાં સંસારી અને સિદ્ધ બધા જીવોનું કથન છે એ વાતનું સ્પષ્ટીકરણ મૂળપાઠમાં કરી દીધેલ છે.

**પ્રશ્ન–૭ : આઠ કર્મોના બે-બે ભેદ કેવી રીતે થાય છે ?**

**ઉત્તર–** બે સંખ્યાવાળા પ્રકરણની એ વિશેષતા છે કે પ્રત્યેક ઈચ્છિત વિષયનું બે માં કથન કરવું; એ લક્ષે– **(૧) જ્ઞાનાવરણીયમાં–** ૧. દેશ જ્ઞાનાવરણીય (પ્રથમ ચાર જ્ઞાનાવરણ) ૨. સર્વજ્ઞાનાવરણીય(કેવલ જ્ઞાનાવરણ) **(૨)દર્શનાવરણીયમાં–** ૧. દેશ દર્શનાવરણીય ૨. સર્વ દર્શનાવરણીય **(૩) વેદનીયમાં–** ૧. શાતા વેદનીય ૨. અશાતા વેદનીય **(૪) મોહનીયમાં–** ૧. દર્શન મોહનીય ૨. ચારિત્ર મોહનીય **(૫) આયુષ્યમાં–** ૧. અદ્ધાયુ (કાયસ્થિતિ) ૨. ભવાયુ (ભવસ્થિતિ **(૬) નામમાં–** ૧. શુભનામ ૨. અશુભ નામ **(૭) ગોત્રમાં–** ૧. ઉચ્ચગોત્ર ૨. નીચગોત્ર **(૮) અંતરાયમાં–** ૧. વર્તમાન લાભ વિનાશક અને ૨. આગામી લાભ રોકનાર અંતરાય કર્મ–એમ આઠ કર્મમાં બે-બે ભેદ છે. અહીં ૪ કર્મોમાં વિશેષ વિશેષતાયુક્ત બે ભેદોનું કથન છે અને ૪ કર્મો (વેદનીય, મોહનીય, નામ અને ગોત્ર) માં પ્રચલિત બે-બે ભેદોનું જ કથન છે.

**પ્રશ્ન–૮ : બાલમરણો માટે હેય-ઉપાદેયનું કથન કેવી રીતે છે ?**

**ઉત્તર–** બે-બે ની જોડીથી ૧૨ બાલમરણને શ્રમણ ભગવાને હેય કહેલ છે. તેનો શ્રમણ નિર્ગ્રંથો માટે નિષેધ કરેલ છે. તેમ છતાં કારણ વિશેષની પરિસ્થિતિમાં તેમાંથી બે નો નિષેધ કરેલ નથી.(૧) ફાંસી લગાડીને મરવું. (૨) ગિદ્ધ આદિ પક્ષીઓ દ્વારા ખવાઈ જઈને મરવું. **વિશેષ કારણ–** શીલરક્ષા, સંયમરક્ષા, બળાત્કારથી બચવા વગેરે. ઉપલક્ષણથી એ બે સિવાય પણ સમયે કોઈ પણ વિધિથી શીઘ્ર પ્રાણ ત્યાગ થઈ શકે તેને પણ ગ્રહણ કરી લેવા જોઈએ. જેમ કે– જીભ ખેંચીને, ગળું મરડીને, દબાવીને વગેરે. અહીં આવેલા કઠિન

શબ્દોના અર્થ– **નો વર્ણિત**– સામાન્ય રીતે સારું કહેલ નથી. **નો કીર્તિત**– વિશેષ પ્રેરણા રૂપે કથન કરેલ નથી. **નો ઉક્ત**– સ્પષ્ટ નિરૂપણ કરેલ નથી. **નો પ્રશ સિત**– પ્રશંસા કરીને શ્રેષ્ઠ આદરણીય કહેલ નથી. **ણો અબ્ભણુણ્ણાઇ** – આજ્ઞા આપેલ નથી, ઉપાદેય કહેલ નથી.

પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન એ બે પંડિત મરણની સ્પષ્ટ આજ્ઞા આપેલ છે. પાદપોપગમન સંથારાવાળા શરીરની સેવા શુશ્રૂષા પણ કરાવતા નથી અને કરતા પણ નથી. તેની સેવામાં જે શ્રમણ હોય તે તેનાં ઉપકરણોનું પ્રતિલેખન કરી શકે છે, પ્રતિક્રમણ કરાવી શકે છે અને અન્ય દેખરેખ કે વિવેક સ્વતઃ રાખે છે. ભક્ત પ્રત્યાખ્યાન સંથારામાં સેવા-સહયોગ લઈ શકાય છે. સ્વયં પણ શરીરની આવશ્યક સારસંભાળ કરી શકે છે.

બંને સંથારાવાળાના નીહરણ, અગ્નિ સંસ્કાર થઈ શકે છે અને ન પણ થઈ શકે. અર્થાત્ ગ્રામ આદિમાં હોય તો થઈ શકે છે, વન , પર્વત, ગુફા આદિમાં હોય તો ન પણ થાય.

**પ્રશ્ન–૯ : અહીં વર્ણવેલ આરાધનાઓનું શું તાત્પર્ય છે?**

**ઉત્તર–** આરાધના બે પ્રકારની હોય છે– પ્રવૃત્તિરૂપ અને પરિણામરૂપ. (૧) પ્રવૃત્તિરૂપ આરાધનાને સૂત્રમાં **ધાર્મિકી આરાધના** કહી છે અર્થાત્ શ્રુતધર્મ તથા ચારિત્રધર્મનું યથાર્થ આચરણ કરવું તે ધાર્મિકી આરાધના છે. (૨) પરિણામરૂપ આરાધનાને સૂત્રમાં **કેવલી આરાધના** કહી છે. અર્થાત્ જિનાજ્ઞા અનુસાર આચરણ કરતાં અંતિમ સમયમાં આરાધક થવું તે કેવલી(સંપૂર્ણ) આરાધના છે. શ્રાવક કે સાધુ ધર્મનું આચરણ કરતાં મૃત્યુ સમયે અંતક્રિયા– મોક્ષ પ્રાપ્ત કરવો કે વૈમાનિક દેવલોકમાં જવું, તે કેવલી આરાધના છે.

સંક્ષેપમાં તાત્પર્ય એ છે કે (૧) જીવનમાં શ્રુતધર્મની સુંદર પાલના શ્રુતધર્મ ધાર્મિકી આરાધના કહેવાય છે. (૨) જીવનમાં ચારિત્રધર્મની સુંદર પાલના ચારિત્રધર્મ ધાર્મિકી આરાધના છે. (૩) અંતિમ સમયે આરાધક બની મુક્તિ મેળવવી અંત કિરિયા કરવી કેવલી આરાધના છે. (૪) અંતિમ સમયે આરાધક બની વૈમાનિક દેવગતિમાં જવું કલ્પવિમાનોત્પત્તિકી કેવલી આરાધના છે. જેવી રીતે– વિદ્યાર્થીનું સુંદર અભ્યાસ કરવાનું અલગ મહત્ત્વ હોય છે અને પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સારો નંબર લાવવાનું અલગ મહત્ત્વ હોય છે. તેવી રીતે અહીં ધાર્મિકી અને કેવલી આરાધના સમજવી જોઈએ.

**પ્રશ્ન–૧૦ : આ ઉદ્દેશકમાં અન્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** અન્ય અનેક વિષયોનું સંક્ષિપ્ત કથન છે તે આ પ્રમાણે છે– **(૧)** વિશ્વના





સર્વ પદાર્થોનો બે રાશિમાં સમાવેશ થાય છે– જીવરાશિ અને અજીવ રાશિ. **(૨)** જગતમાં બંધન તેમજ કર્મબંધના કારણ પણ બે છે– રાગ અને દ્વેષ. **(૩)** ઉપમાકાળના બે ભેદ છે– પલ્યોપમ અને સાગરોપમ.**પલ્યોપમ–** એક યોજન લાંબો-પહોળો-ઊંડો કૂવો વાલાગ્રોના અસંખ્ય ખંડોથી ભરેલો હોય તેમાંથી એક-એક વાલાગ્ર ખંડ સો-સો વરસે કાઢતાં જેટલા સમયમાં તે કૂવો ખાલી થાય તે કાળને પલ્યોપમ કહે છે તથા ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક **સાગરોપમ** કાળ થાય છે. તેનાથી આગળ ઉત્સર્પિણી આદિ ભેદ છે પરંતુ આ બે ની સંખ્યાનું પ્રકરણ હોવાથી ઉપમા કાળની શરૂઆતના બે એકમોનું જ વર્ણન કરેલ છે. **(૪)** ક્રોધ, જીવને કે ૨૪ દંડકના જીવોને પોતાના ઉપર તથા અન્ય ઉપર એમ બંને ઉપર થઈ શકે છે. એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોમાં ક્રોધ આદિનું પૂર્વભવના સંસ્કારથી અસ્તિત્વ સ્વીકારેલ છે. સંજ્ઞી જીવોમાં ઉભય નિમિત્તક ક્રોધાદિ તેર પાપ માનવામાં આવે છે. અહીં બે ની સંખ્યાના કારણે ૧૩ પાપનું(પ્રારંભના પાંચ છોડીને) જ કથન કરેલ છે. **(૫)** લોક શું છે? લોકમાં અનંત શું છે ? અને લોકમાં શાશ્વત શું છે ? એ ત્રણે પ્રશ્નોના ઉત્તર છે– જીવ અને અજીવરૂપ આ લોક છે. લોકમાં અનંત જીવ અને અનંત અજીવ છે. જીવ અને અજીવ એ બંને જ લોકમાં શાશ્વત છે. **(૬)** જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે પ્રાપ્ત બોધિ, જ્ઞાનબોધિ છે અને દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમે થતી બોધિ દર્શનબોધિ છે. **(૭)** અયથાર્થ જ્ઞાન, જ્ઞાનમોહ છે અને તેને વશીભૂત થવું તે જ્ઞાનમૂઢતા છે. અયથાર્થ દર્શન(શ્રદ્ધા) દર્શનમોહ છે અને તેને આધીન થવું તેમાં જ આગ્રહબુદ્ધિ થવી દર્શનમૂઢતા છે. **(૮)** મૂર્છાના બે પ્રકાર છે– રાગયુક્ત અને દ્વેષયુક્ત મૂર્છા. રાગમૂર્છામાં માયા, લોભનો અને દ્વેષ મૂર્છામાં ક્રોધ, માનનો સમાવેશ થાય છે. **(૯)** તીર્થંકરોના શરીરનો વર્ણ– ૨૦મા, ૨૨ મા તીર્થંકરનો નીલોત્પલ(શ્યામ), ૧૯ મા, ૨૩ મા તીર્થંકરનો પ્રિયંગુ–નીલો. છટ્ઠા અને બારમા તીર્થંકરનો પદ્મગૌર(લાલ) અને આઠમા નવમા તીર્થંકરનો ચંદ્રગૌર(શ્વેત)વર્ણ. **(૧૦)** સત્યપ્રવાદ પૂર્વની બે વસ્તુ છે (મોટા અધિકાર છે).**(૧૧)** પૂર્વ, ઉત્તર ભાદ્રપદ તથા પૂર્વાફાલ્ગુની અને ઉત્તરા- ફાલ્ગુની એ ચાર નક્ષત્રના બે-બે તારા હોય છે. **(૧૨)** મનુષ્ય ક્ષેત્રમાં બે સમુદ્ર છે– લવણ અને કાલોદધિ સમુદ્ર. **(૧૩)** બે ચક્રવર્તી નરકમાં ગયા છે– આઠમા સુભૂમ અને બારમા બ્રહ્મદત્ત. બે સંખ્યાનું કથન હોવાથી અન્ય ૧૦ ચક્રવર્તીનું કથન અહીં નથી, તે બધા મોક્ષે ગયા છે. વ્યાખ્યાઓમાં બે ચક્રવર્તીનું દેવલોકમાં જવાનું કથન છે પરંતુ અહીં બેની સંખ્યામાં તેનું કથન નથી અને ઉત્તરાધ્યયન

સૂત્રના ૧૮મા અધ્યયનમાં ૧૦ ચક્રવર્તીનું મોક્ષગમન જ કહેલ છે. **(૧૪)** નવનિકાયના દેવોમાં બે પલ્યોપમ અને ચાર દેવલોકોમાં બે સાગરોપમની સ્થિતિનું કથન કરેલ છે. બે દેવલોકમાં દેવી હોય છે અને બે દેવલોકમાં તેજોલેશ્યા હોય છે. **(૧૫)** પરિચારણા– પ્રથમ બે દેવલોકમાં કાય પરિચારણા, ત્રીજા-ચોથા દેવલોકમાં સ્પર્શપરિચારણા, ૫-૬ માં રૂપ પરિચારણા, ૭-૮ માં શબ્દપરિચારણા હોય છે. તે તે દેવોને સ્ત્રીના સ્પર્શ, રૂપ કે શબ્દોથી મૈથુન ભાવોની તૃપ્તિ થઈ જાય છે. ૯ થી ૧૨ મા દેવલોકે મન પરિચારણા છે. તે દેવોને મનમાં દેવીના ચિંતન માત્રથી તૃપ્તિ થઈ જાય છે. નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનમાં કોઈ પણ પરિચારણા નથી. તે દેવો સ્ત્રી સંબંધી વિકારભાવોથી મુક્ત હોય છે. **(૧૬)** સંસારી જીવોએ બે સ્થાનમાં રહીને કર્મ ચય, ઉપચય, બંધ આદિ કરેલ છે, કરે છે અને કરશે–ત્રસપણામાં અને સ્થાવરપણામાં. **(૧૭)** લોકમાં બે પ્રદેશી પુદ્ગલ અનંત છે, બે પ્રદેશાવગાઢ પુદ્ગલ પણ અનંત છે. બે સમયની સ્થિતિના પુદ્ગલ પણ અનંત છે, એમ બે ગુણ કાળા યાવત્ બે ગુણ લુખ્ખા પુદ્ગલ પણ અનંત છે.

# સ્થાન–૩ : ઉદ્દેશક–૧

**પ્રશ્ન–૧ : આ સ્થાનનો પરિચય શું છે ?**

**ઉત્તર–** એમાં ત્રણની સંખ્યાવાળા તત્ત્વોનું કથન છે તથા અનેક તત્ત્વોને કોઈને કોઈ અપેક્ષા કે પદ્ધતિથી ત્રણની સંખ્યામાં સમાવિષ્ટ કરીને કથન કરેલ છે. આ સ્થાનમાં ૪ ઉદ્દેશક છે. જેમાં કુલ મળીને ૨૦૦ થી અધિક સૂત્રોમાં ત્રણની સંખ્યાએ સંબંધિત થતા અનેક વિષયો છે. ચારે ય ઉદ્દેશકોના વિભાજનમાં કોઈ વિષયક્રમ નથી, જ્યાં ત્યાં વિવિધ વિષય ચારે ય ઉદ્દેશકોમાં અક્રમિક રૂપે સંકલિત છે.

**પ્રશ્ન–૨ : પ્રથમ ઉદ્દેશકમાં મુખ્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** આ ઉદ્દેશકમાં ત્રણની સંખ્યાને લઈને– વિક્રિયા, પરિચારણા, યોગ-પ્રયોગ, કરણ, આયુબંધ, ગર્હા-પ્રત્યાખ્યાન, પુરિષજાત, સ્ત્રી-પુરુષ-નપુંસક, લેશ્યા, દેવ વિષયક, તારા ટૂટવા, ઋણ મુક્તિ, ઉપધિ-પરિગ્રહ-પ્રણિધાન, યોનિ, સ્થાવર, વીર્ય, કાલ, ઉત્તમ પુરુષ, લોકમાં સમાન સ્થળ, સદ્ગતિ, દુર્ગતિ વગેરે તથા અન્ય પણ અનેક વિષય આ ઉદ્દેશકમાં સમાવિષ્ટ કરેલ છે.

**પ્રશ્ન–૩ : અહીં વિક્રિયાના કથનથી શું સમજાવેલ છે ?**





**ઉત્તર–** મૂળપાઠમાં વિકુવ્વણા શબ્દ છે. આ શબ્દથી વૈક્રિય શરીર બનાવવા સંબંધી ક્રિયાનો આભાસ થાય છે પરંતુ અહીં આ શબ્દ શરીરની પરિચર્યા, વિભૂષાના અર્થમાં પ્રયુક્ત છે અર્થાત્ જીવ દ્વારા શરીરને સંસ્કારિત કરવા સંબંધી વિશેષ-વિશેષ ક્રિયાઓ. પ્રસ્તુતમાં ત્રણની સંખ્યાને લઈને વિક્રિયાના વિષયમાં અનેકાંતિક નિરૂપણ કરેલ છે કે શરીર સંબંધી વિક્રિયા– (૧) બાહ્ય પુદ્ગલ લઈને પણ થાય છે (૨) બાહ્ય પુદ્ગલ લીધા વગર પણ થાય છે (૩) ક્યારેક થોડા પુદ્ગલ લઈને કે થોડા લીધા વગર એમ બંને રીતે અર્થાત્ મિશ્રપ્રકારે પણ શરીરની પરિચર્યા–વિભૂષા થઈ શકે છે. આ જ રીતે (૪ થી ૬) આભ્યંતર પુદ્ગલ લેવા, ન લેવા સંબંધી ત્રણ ભાંગા સમજવા, આ જ રીતે (૭ થી ૯) બાહ્ય-આભ્યંતર બંને પુદ્ગલોના ગ્રહણ, અગ્રહણ અને ઉભય સંબંધી ત્રણ વિકલ્પ થઈ શકે છે. શરીર પરિચર્યા રૂપ વિક્રિયા–વિકુર્વણામાં આ બધા ભાંગા લાગુ પડે છે પરંતુ વૈક્રિય શરીર બનાવવારૂપ વિકુર્વણામાં તો ફકત એક જ ભાંગો થાય છે કે બાહ્ય પુદ્ગલ ગ્રહણ કરીને જ વૈક્રિય શરીર સંબંધી વિકુર્વણા થાય છે. ભગવતી સૂત્ર આદિમાં પણ બાહ્ય પુદ્ગલ ગ્રહણ કરવાથી જ વિકુર્વણા થવાનું કહેલ છે.

**પ્રશ્ન–૪ : પરિચારણા અને મૈથુનના અર્થ શું છે અને તેના સંબંધમાં આ ઉદ્દેશકમાં શું સમજાવેલ છે ?**

**ઉત્તર–** પરિચાર શબ્દનો સંચરણ–ગમનાગમન અર્થ થાય છે. પરિચારથી બનેલો પરિચારણા જૈન આગમોનો વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે. એ દેવ-દેવીઓની પરસ્પરની કામભોગ સેવનની પ્રક્રિયા માટે પ્રયોજેલ છે. અહીં એ બતાવેલ છે કે દેવલોકના દેવતા પણ એક પ્રકારના સાંસારિક પ્રાણી છે. તેમને પણ વિવિધ-વિચિત્ર ભોગાવલીકર્મ હોય છે, તેના કારણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા, બીજા દેવલોકના કેટલાક દેવ (૧) પોતાની દેવીઓ સાથે ક્રીડા–વિષયભોગ સેવનમાં સંતુષ્ટ રહે છે. (૨) કોઈ અન્ય દેવોની દેવીઓ સાથે પણ પરિચારણા કરે છે. (૩) અને કોઈ સ્વયં દેવીઓનાં રૂપોની વિકુર્વણા કરીને તેની સાથે પણ પરિચારણા કરે છે. આ પરિચારણા–વિષયેચ્છાની પૂર્તિ મનુષ્ય સ્ત્રી-પુરુષની જેમજ તે દેવ-દેવીઓની હોય છે.

મૈથુન શબ્દ પણ સ્ત્રી-પુરુષની વિષયેચ્છાની પૂર્તિની ક્રિયાનું દ્યોતક છે. તે પણ જૈનાગમોનો વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે. પરિચારણા શબ્દનો પ્રયોગ આગમોમાં પ્રાયઃ દેવોને માટે દેખાય છે અને મૈથુન શબ્દનો પ્રયોગ દેવ, મનુષ્ય, તિર્યંચ બધાને માટે થાય છે. પરિચારણા શબ્દ વિશાળ છે, તેમાં અનેક અર્થ સમાવિષ્ટ છે. મૈથુન શબ્દ સીમિત અર્થવાળો છે. વિષયભોગની

ઈચ્છાથી સ્ત્રી-પુરુષની સંયોગજન્ય પ્રક્રિયા મૈથુન ક્રિયા છે. તેનો એક જ પ્રકાર છે. જે પરિચારણાના પાંચ પ્રકારોમાંથી પ્રથમ કાયપરિચારણામાં સમાવિષ્ટ થાય છે. પરિચારણાના પાંચ પ્રકાર આ છે– (૧) કાયાથી વિષય સેવન(મૈથુન સેવન) (૨) સ્પર્શથી સ્ત્રી-પુરુષ પરસ્પર હાથ-પગ શરીરના સ્પર્શ આલિંગન આદિથી (૩) રૂપ જોઈને (૪) શબ્દ સાંભળીને (૫) મનમાં સ્ત્રી-પુરુષ પરસ્પર ચિંતન કરીને. એમ પરિચારણા શબ્દ કથિત વિષયેચ્છાની પૂર્તિ પાંચે ય પ્રકારે થાય છે.

જ્યારે મૈથુન શબ્દ એક પ્રકારની વિષયેચ્છા પૂર્તિને માટે જ પ્રયોજાય છે. ત્રણ સંખ્યાના પ્રસંગથી એ બતાવેલ છે કે– (૧) મનુષ્ય, તિર્યંચ, દેવ એ ત્રણેયમાં મૈથુન પ્રક્રિયા છે. (૨) તેથી મૈથુનના ત્રણ પ્રકાર છે. (૩) સ્ત્રી, પુરુષ અને નપુંસક ત્રણે ય મૈથુન સેવન કરે છે. નપુંસકોમાં પણ સ્ત્રી લિંગી નપુંસક અને પુરુષલિંગી નપુંસક એમ બે પ્રકાર હોય છે તેથી તેમાં પણ મૈથુન સેવન કહેલ છે, નારકીમાં આ પ્રકારે કોઈપણ મૈથુન સેવન કે પરિચારણા નથી. તેઓ સદા અત્યંત દુ:ખોમાં સંતપ્ત રહે છે. ત્યાગ પ્રત્યાખ્યાન ન હોવાથી તેઓ બ્રહ્મચારી કે વ્રતી કહેવાતા નથી. નારકી દેવતા બધાને અવ્રતી જ કહેલ છે.

## પ્રશ્ન–૫ : યોગ-પ્રયોગ અને કરણમાં શું વિશેષતા છે ?

**ઉત્તર–** સામાન્ય રૂપે ત્રણે ય એકાર્થક સમજવામાં આવે છે. તે ત્રણેયના અહીં મન, વચન, કાયા રૂપ ત્રણ-ત્રણ ભેદ એક સરખા કરેલ છે. વિશેષ અર્થની અપેક્ષાએ– મન, વચન, કાયાની પ્રવૃત્તિ **યોગ** છે તેમાં આત્માની શક્તિનો ઉપયોગ તે **પ્રયોગ** છે અને ત્રણે યોગપ્રવૃત્તિના પુનઃ ત્રણ-ત્રણ પ્રકાર છે તે **કરણ** છે– ૧. મનથી સ્વયં કરવું, કરાવવું, અનુમોદન કરવું. ૨. વચનથી કરવું, કરાવવું અને અનુમોદન કરવું. ૩. કાયાથી કરવું, કરાવવું, અનુમોદન કરવું. કરણના અહીં અન્ય પણ ત્રણ પ્રકાર કહેલ છે–સંરંભ, સમારંભ અને આરંભ. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે– (૧) જીવ વિરાધનાનો સંકલ્પ કરવો કે વિરાધનાની પૂર્વની તૈયારી તે **સંરંભ** કરણ છે. (૨) જીવોને દુઃખ પહોંચાડવાને **સમારંભ** કરણ કહે છે અને (૩) તેને પ્રાણરહિત કરી દેવા તે **આરંભ** કરણ છે.

મન, વચન, કાયા સંબંધી યોગ, પ્રયોગ, કરણ ૨૪ દંડકમાં યથાયોગ્ય સમજવા અર્થાત્ એકેન્દ્રિયમાં એક યોગ, પ્રયોગ, કરણ છે. વિકલેન્દ્રિયોમાં બે-બે અને પંચેન્દ્રિયોમાં ત્રણ-ત્રણ યોગ, પ્રયોગ, કરણ છે. સંરંભ આદિ ત્રણ કરણ તો ચોવીસે ય દંડકોમાં છે કારણ કે એકેન્દ્રિયમાં પણ પૂર્વ સંસ્કારની અપેક્ષા અઢારે ય પાપ સ્વીકારેલ છે.





## પ્રશ્ન–૬ : જીવ ક્યારે, કેવો અને કેટલો આયુબંધ કરે છે ?

**ઉત્તર–** ત્રણની સંખ્યાવાળા કથનનો અધિકાર હોવાથી અલ્પાયુ-દીર્ઘાયુ વગેરે બંધ સંબંધી અનેક કારણ હોવા છતાં પણ અહીં મુખ્ય ત્રણ-ત્રણ કારણ કહેલ છે. અર્થાત્ (૧) ત્રણ કારણે જીવ અલ્પાયુનો બંધ કરે છે. (૨) ત્રણ કારણે જીવ દીર્ઘાયુનો બંધ કરે છે. (૩) ત્રણ કારણે જીવ અશુભ દીર્ઘાયુનો બંધ કરે છે. (૪) ત્રણ કારણે જીવ શુભ દીર્ઘાયુનો બંધ કરે છે.

**અલ્પાયુ બંધ–** (૧) જીવોને મારવાથી (૨) જૂઠ બોલવાથી (૩) તથારૂપના (સંયમના યથાર્થ પાલક) શ્રમણ-માહણ(પૂર્ણ અહિંસક)ને અપ્રાસુક-અનેષણીય આહારાદિ વહોરાવવાથી. **દીર્ઘાયુ બંધ–** (૧) હિંસા ન કરવાથી (૨) જૂઠ ન બોલવાથી (૩) તથારૂપના શ્રમણ-માહણને પ્રાસુક-એષણીય આહાર આદિ વહોરાવવાથી.

**અશુભ દીર્ઘાયુ બંધ–** (૧) હિંસા કરવાથી (૨) જૂઠ બોલવાથી (૩) શ્રમણ-માહણની હીલના, નિંદા,અપમાન કરીને અપ્રીતિકારક, અમનોજ્ઞ આહાર-પાણી વહોરાવવાથી.

**શુભ દીર્ઘાયુ બંધ–** (૧) હિંસા ન કરવાથી (૨) જૂઠ ન બોલવાથી (૩) શ્રમણ-માહણને વંદના-નમસ્કાર કરીને સન્માનપૂર્વક, મનોજ્ઞ આહારપાણી ભક્તિ-ભાવપૂર્વક, સંયમવિધિ અનુસાર(નિર્દોષ) વહોરાવવાથી.

અપેક્ષાએ ચારેયનું તાત્પર્ય આ પ્રમાણે સમજવું– (૧) આરંભ, સમારંભ કરીને જૂઠ બોલીને, હોશિયારી કરીને, ભક્તિ–લાગણીથી, અનુકંપા ભાવે, અનુરાગથી સાધુ-મુનિરાજને અપ્રાસુક-અનેષણીય(કોઈપણ નાનો મોટો દોષ લગાડીને, અકલ્પનીય વિધિએ કે અકલ્પનીય પદાર્થ વહોરાવવાથી અલ્પ મનુષ્યાયુનો બંધ થાય છે. કારણ કે નરકાયુ બંધ કરવા જેટલા ક્રૂર પરિણામ નથી, તિર્યંચાયુ બાંધવા જેવી કોઈ સ્વાર્થયુક્ત ઠગાઈ નથી, દેવાયુ તો દીર્ઘ જ હોય છે કારણ કે તે ઓછામાં ઓછું દસ હજાર વર્ષ હોય છે. તેથી લાગણી, અનુકંપા, ભદ્રિકતાની સાથે જૂઠ, આરંભ અને સદોષતા હોવાથી તથા જીવનમાં વારંવાર આવું આચરણ હોવાથી અલ્પ મનુષ્યાયુ બંધાય છે. અર્થાત્ ક્યારેક એવા પ્રસંગ પર જ આયુબંધનો સંયોગ આવી જાય તો અલ્પ મનુષ્યાયુનો બંધ થાય છે એમ સમજવું. તેના ફલ સ્વરૂપે તે જીવ મનુષ્ય ભવ પામીને બે ચાર મહિનામાં, પાંચ, પંદર વર્ષ કે પાંત્રીસ, ચાલીસ વર્ષની ઉંમરમાં આયુષ્ય પૂર્ણ કરે છે. (૨) આવી જ રીતે દીર્ઘાયુ મનુષ્ય, દેવનું (૩) અશુભ દીર્ઘાયુ નરકાદિનું(નાગશ્રી બ્રાહ્મણીની જેમ) (૪) શુભ દીર્ઘાયુ વૈમાનિક દેવનું સમજવું.

અલ્પાયુના સૂત્રમાં જે હિંસા-જૂઠના આચરણની વાત છે તે સામાન્ય હિંસા–આરંભ, સમારંભ સંબંધી સમજવી. કારણ કે મોટી હિંસા, જૂઠ આદિનું સેવન કરનારા તો નરકાદિ દુર્ગતિનું લાંબુ આયુષ્ય બાંધે છે. તેથી અહીં સદોષ આહારાદિ વહોરાવવાની સાથે થતાં હિંસા-જૂઠની અપેક્ષા છે એમ સમજવું સમાધાન કારક થાય છે. અહીં શ્રમણ-માહણ બંને જૈન સાધુના જ પરિચાયક શબ્દ છે. વાક્યાલંકાર માટે આ રીતે બેવડો પ્રયોગ થાય છે. જેમ કે– સાધુ-મહાત્માઓને દુઃખ દેવાવાળા ક્યારે ય સુખી થતા નથી. અહીં પણ બે એકાર્થક શબ્દોનો પ્રયોગ છે. શબ્દ દષ્ટિથી ભલે તે શબ્દોના અલગ-અલગ અર્થ થાય છે, તોપણ પોતાના કથનમાં ભાર લાવવા માટે આવા બેવડા શબ્દોનો પ્રયોગ થાય છે. જેમ કે– લુચ્ચા-બદમાશ, ચોર-લુટારા, ભોળા-ભદ્રિક, સતી-સાધ્વી, શ્રમણ-નિર્ગ્રંથ આદિ.

**પ્રશ્ન–૭ : ગર્હાનો અર્થ શું છે અને તેના વિષયમાં અહીં શું કહેલ છે ?**

**ઉત્તર–** ગર્હા એ આલોચનાનો જ એક વિશેષ પ્રકાર છે. આલોચનામાં ગુઢ આદિની સમક્ષ પોતાના અતિચાર-દોષોનું સહજભાવે પ્રગટીકરણ થાય છે અને ગર્હામાં પોતાની ભૂલ પ્રત્યે ખેદ પ્રગટ કરતાં અને પોતાની નિંદા કરતાં, ગુઢ આદિની સમક્ષ દોષનું પ્રગટીકરણ કરાય છે. સામાન્ય દોષોમાં આલોચનાથી શુદ્ધિ થઈ જાય છે. વિશિષ્ટ મોટા દોષ રૂપ અક્ષમ્ય ભૂલમાં આત્મનિંદા, ખેદ, અફસોસની સાથે આલોચનાનું મહત્ત્વ અધિક વધી જાય છે અને તે સાધક મોટા અપરાધથી પણ શીઘ્ર શુદ્ધ થઈને હળવો ફૂલ જેવો બની જાય છે. એવા પરિણામોમાં તે પોતાના પાપોના મેલને અતિ શીઘ્ર ધોઈ નાંખે છે. આ ગર્હા આત્મનિંદા ત્રણ પ્રકારની કહેલ છે– (૧) એકાદ વાક્યમાં એકાદ વાર બોલવું. (૨) વારંવાર કહી કહીને અધિક સમય સુધી આત્મનિંદા ખેદ પ્રગટ કરવા. (૩) શીઘ્ર પોતાના દોષ આચરણને સમેટીને તેનાથી પૂર્ણ નિવૃત્ત થઈ જવું, તે દોષ આચરણને સદાને માટે છોડી દેવા, છોડી દીધા પછી પ્રતિજ્ઞાબદ્ધ થઈ જવું કે તેના પ્રત્યાખ્યાન કરી લેવા. આ ત્રીજા પ્રકારની ઉત્કૃષ્ટ પરિણામદાયક ગર્હા છે.

આલોચનામાં સામાન્ય રૂપે દોષ કથન હોય છે અને તેનું શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત સ્વીકારવામાં આવે છે. તેથી તેના એક વાર કથન, અનેકવાર કથન, દીર્ઘકાલ કથન આદિ ભેદ થતા નથી. ગર્હા, આલોચના અને પ્રત્યાખ્યાન એ ત્રણે ય (૧) ક્યારેક સંજોગોવશાત્ મનથી પણ થઈ શકે છે અર્થાત્ પવિત્ર, સ્પષ્ટ, દઢ મનથી એ ત્રણેયની સિદ્ધિ થઈ શકે છે. (૨) ક્યારેક વચનથી બોલીને કે ગુઢ વડીલની સાક્ષીએ પણ આ ત્રણે ય કાર્ય થઈ શકે છે. (૩) ક્યારેક





કાયાથી પોતાની મેળે પરિવર્તન કે નિયંત્રણથી પણ એ ત્રણે ય કાર્ય થાય છે. કાયાથી ગર્હામાં પોતાના દોષ પ્રત્યે ધ્રુજારી, અંગસ્ફુરણ તેમજ પૂર્ણ રૂપે તે દોષનો ત્યાગ થાય છે.

**પ્રશ્ન–૮ : ૨૪ દંડકમાં લેશ્યાનું કથન ત્રણની સંખ્યાથી કેવી રીતે છે?**

**ઉત્તર–** નારકી, તેઉ, વાયુ અને વિકલેન્દ્રિય તથા સંમૂર્ચ્છિમ મનુષ્યને ૩-૩ લેશ્યા હોય છે. ભવનપતિ, વ્યંતર, પૃથ્વી, પાણી, વનસ્પતિ અને યુગલિક મનુષ્યોને ત્રણ અશુભ લેશ્યા હોય છે. તિર્યંચ પંચેંદ્રિય અને સંજ્ઞી મનુષ્યને ત્રણ અશુભ લેશ્યા અને ત્રણ શુભ લેશ્યા હોય છે. જ્યોતિષી દેવોમાં માત્ર એક લેશ્યા હોય છે, તેથી તેનું કથન અહીં ત્રણની સંખ્યામાં કોઈપણ પ્રકારે ન થવાથી છોડી દીધેલ છે. કારણ કે ત્રીજું સ્થાન ત્રણની સંખ્યાવાળા તત્ત્વોના સંકલન રૂપ જ છે.

**પ્રશ્ન–૯ : તારા તૂટે છે, તેમ કહેવાનું તાત્પર્ય શું છે ?**

**ઉત્તર–** તારા તૂટવા એ એક લોક વ્યવહાર ભાષાનું કથન માત્ર છે. આગમમાં **तारा रूवा चलेज्जा** એવો પાઠ ભાષાના વિવેક સાથે છે. જેનો અર્થ છે– તારા જેવા રૂપમાં આકાશમાં કંઈક ચાલે છે, ચાલતું હોય તેવું દેખાય છે. આવો દેખાવ ત્રણ પ્રકારે થાય છે– (૧) કોઈ દેવ આકાશમાં રહીને વિકુર્વણા કરે, વૈક્રિય શક્તિ પ્રયોગથી પુદ્‌ગલ ગ્રહણ કરે, છોડે તો તેમાં કોઈ પુદ્‌ગલ વૈક્રિય શરીર યોગ્ય ઉદ્યોતગુણ વાળો હોય તો તે આકાશમાં અહીં-તહીં ચલાયમાન થતા દેખાય છે અર્થાત્ પદાર્થોની ચમક દેખાય છે. જેમ કે આતશબાજીના કોઈ પુદ્‌ગલ ઉપર જઈને ચમકતા દેખાઈને ત્યાંજ સમાપ્ત થઈ જાય છે. તેવી જ રીતે ચમકતા પુદ્‌ગલો થોડી વારમાં ત્યાં જ સમાપ્ત–વિશીર્ણ થઈને દેખાતા બંધ થઈ જાય છે. (૨) દેવ આકાશમાં પરિચાર–સંચરણ કરે છે ત્યારે થોડીવાર સુધી તારા જેવા ચમકતા પુદ્‌ગલ અને ચાલતા પુદ્‌ગલ દેખાય છે, થોડી વાર પછી તે દેવ આપણી ચક્ષુસીમાથી દૂર થઈ જાય કે તેના બાધક કોઈ વિમાન આડા આવી જાય અથવા તેઓ વિમાનની અંદર ચાલ્યા જાય ત્યારે આપણને દેખાતા બંધ થઈ જાય છે. અત્યંત દૂર ઊંચા સેંકડો માઈલ આદિ હોવાથી ચમકતા પદાર્થો ગમે તેટલા મોટા હોય તોપણ તારા જેવા નાના દેખાવા લાગે છે. (૩) ચંદ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્રના વિમાન સદા પોતાના સ્થાન–અવગ્રહમાં રહેતાં ગોળાકારે મેઢને પ્રદક્ષિણા કરતાં અને મેઢથી સમાન અંતરે રહેતાં ભ્રમણ કરતા રહે છે. તે વિમાન ક્યારે ય પણ આજુ-બાજુ કે ઉપર-નીચે સરકતા નથી પરંતુ તારા વિમાન ક્યારેક આડાઅવળા પણ ચાલી શકે છે અને થોડે દૂર

જઈને ફરી પોતાની પૂર્વવત્ પરિક્રમા ચાલુ કરી દે છે. જેનાથી પણ લોકમાં તારા તૂટે છે, એવો આપણને આભાસ થાય છે. જેને શાસ્ત્રકારની ભાષામાં તારા રૂપ ચાલવાનું કહેલ છે. તાત્પર્ય એ છે કે જેમ વીજળી પડે છે તેમ તારા વિમાન તૂટીને નીચે ખરી પડતા નથી.

**પ્રશ્ન–૧૦ : લોકમાં પ્રકાશ કે અંધકાર થવાનું શું તાત્પર્ય સમજવું ?**

**ઉત્તર–** લોકમાં ક્યાંય પણ થતી પ્રક્રિયાને લોકમાં થઈ તેમ કહેવાય છે. તેને આખો લોક સમજી લેવો તે બહુ મોટી ભૂલ છે, તે ભ્રમથી ચાલતી આવી રહી છે. શાસ્ત્રમાં અનેક વાતો લોક શબ્દથી કહેલ છે, તેમાં આખો લોક સમજવાનો હોતો નથી. જેમ કે– લોકમાં દશ અચ્છેરા કહેલ છે, તો ગર્ભહરણ, અસંયતિ પૂજા, ચંદ્ર-સૂર્યાવતરણ વગેરે આખા લોકમાં ન સમજવા. લોકમાં કોઈ એક ભાગમાં થતી ઘટનાને લોકની ઘટના જ કહેવાય છે. અસંયતિ પૂજા પણ ભરત ક્ષેત્રમાં જ થઈ, તેને આખા લોકમાં માનવાની કોશીશ ન કરી શકાય. તાત્પર્ય એ છે કે જેનો જેટલો પ્રસંગ હોય તેવો અર્થ સમજાય છે.

બસ, એ જ રીતે લોક ઉદ્યોત અને લોક અંધકાર પણ અપેક્ષાએ સમજી શકાય છે. લોકમાં જ્યાં દેવોનું આગમન થાય છે, જે માર્ગે દેવ કે દેવ વિમાન પસાર થાય છે, ત્યાં પ્રકાશ-પ્રકાશ થઈ જાય છે. કારણ કે આગળના સૂત્રમાં જ તેનું સ્પષ્ટીકરણ આવી જાય છે. **देवुज्जोए सिया** = દેવ સંબંધી ઉદ્યોત થાય છે. લોકનો અર્થ છે આપણા આ મનુષ્ય લોકમાં, લોકથી આખો લોક અર્થનો આગ્રહ કરવાથી અનેક સૂત્ર પાઠોના અર્થમાં દ્વિધા પેદા થાય છે.

તીર્થંકરોને એવું કોઈ ઉદ્યોત નામકર્મ પણ શરીરમાં હોતું નથી કે જે આખા લોકમાં ચમક-પ્રકાશ કરે. ખુશીમાં આવીને દેવતા પ્રકાશ કરે તો તે પણ આખા લોકમાં એવું ન કરી શકે. અમુક સીમિત ક્ષેત્રમાં જ દેવતા પ્રકાશ, વર્ષા, વીજળી, ગર્જના, કોલાહલ, સિંહનાદ આદિ કરી શકે છે.

અહીં જે અંધકાર થવાનું કથન છે તે તો એક માત્ર ભાવ અંધકારની અપેક્ષાએ જ સમજવું જોઈએ, તે પણ એક દેશમાં અર્થાત્ સીમિત ક્ષેત્રની અપેક્ષા સમજવું જોઈએ. કારણ કે પાંચ મહાવિદેહ ક્ષેત્રની ૧૬૦ વિજયોમાં પૂર્વોનું જ્ઞાન, જિનશાસન, ધર્મ અને અનેક તીર્થંકર, કેવલી, દ્વાદશાંગધારી, પૂર્વધારી હોય જ છે તેથી ત્યાં આવો અંધકાર ક્યારે ય થતો નથી. લોકમાં એટલે આપણા આ ભરતક્ષેત્રમાં ધાર્મિક લોકોની અપેક્ષાએ ભાવાંધકાર થાય છે, સર્વલોકની અપેક્ષાએ થતો નથી. પ્રકાશ પણ તીર્થંકરની નગરી અને જ્યાંથી દેવો ગમનાગમન કરે છે અને તેઓનો પ્રકાશ જ્યાં જ્યાં સુધી પહોંચે છે, તે





ક્ષેત્રમાં જ સમજવું જોઈએ. તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન સમયે આખા લોકમાં પ્રકાશ થવાનું માની નરક સહિત ૧૪ રાજલોક પ્રમાણમાં દ્રવ્ય પ્રકાશ થવો માનવો, સૂક્ષ્મતમ વિચારણા વગર તેમજ આગમમાં પ્રયુક્ત શબ્દોના પ્રાસંગિક અર્થની અપેક્ષાને ધ્યાનમાં લીધા વગર તેમજ અનુપયોગથી તથા અતિશયોક્તિના માનસથી ચાલી આવતી પરંપરા સમજવી જોઈએ. તેથી **लोगुज्जोए** = લોકમાં ઉદ્યોત = પ્રાસંગિક ક્ષેત્રમાં દ્રવ્ય પ્રકાશ અર્થ સમજવો પર્યાપ્ત અને સમાધાનયુક્ત થાય છે.

લોકમાં અંધકારના અહીં ત્રણ કારણોથી જે પણ કથન છે તે દ્રવ્ય અંધકારનો વિષય નથી, તેમાં ભાવ અંધકાર અર્થ કરવો પ્રસંગસંગત તેમજ સમાધાનકારક થાય છે. પૂર્વોના વિચ્છેદ થવાથી જિનશાસનમાં થોડો અભાવ, ઘટાડો થવાથી તેને ભાવ અંધકાર થવો સમજાય છે. દ્રવ્ય અંધકાર થવો અસંભવ છે અને એમ માનવું પણ અસંગત છે.

**देवुज्जोए–देवंधयारे** શબ્દથી આખા દેવલોકમાં દ્રવ્ય અંધકાર કે પ્રકાશ અર્થ કરવામાં આવે તો અહીં ક્રમશઃ **देवुक्कलिया, देव कह-कह** વગેરે શબ્દોથી આખા દેવલોકમાં દેવોની કિલકારીઓ, દેવોનું ચિક-ચિક, દેવોનું આવાગમન વગેરે માનવું પડશે પરંતુ એમ નહીં સમજીને માત્ર જ્યાં જ્યાં જેટલા ક્ષેત્રમાં દેવોનું આવાગમન થાય છે ત્યાં જ દેવોની કિલકારીઓ, ચિક-ચિક અને સંન્નિપાત આદિ સમજાય છે. બસ એ જ રીતે ઉદ્યોત , દેવુદ્યોત પણ તે જ ક્ષેત્રમાં સમજવો જોઈએ, આખા દેવલોકમાં ન સમજવો. તેથી **लोकुद्योत** પણ લોકમાં જ્યાં પ્રસંગ છે, જ્યાં જ્યાં દેવોનું ગમનાગમન છે, ત્યાં સુધી જ સમજવું જોઈએ. આ રીતે અહીંના સૂત્રોના અર્થ થાય છે કે– (૧) તીર્થંકરોના જન્મસમયે (૨) દીક્ષા સમયે (૩) અને કેવળજ્ઞાન સમયે લોકમાં–પ્રાસંગિક ક્ષેત્રમાં ઉદ્યોત થાય છે. એ ત્રણ પ્રસંગોમાં દેવોના આવાગમન પ્રસંગે દેવ સંબંધી ઉદ્યોત, ખુશીઓ, કિલકારીઓ, ચિક-ચિક(ઘોંઘાટ) થાય છે.

આ જ રીતે (૧) તીર્થંકરનું નિર્વાણ થવાથી (૨) તીર્થંકર ધર્મનો વિચ્છેદ થવાથી (૩) પૂર્વજ્ઞાનરૂપ શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થવાથી લોકમાં એટલે પ્રાસંગિક ક્ષેત્રમાં ભાવ અંધકાર–ધર્મની હાનિરૂપ અંધકાર થાય છે. જેનો આભાસ ધર્મી-ધર્મનિષ્ઠ માનવ અને દેવોને તે-તે ક્ષેત્રમાં થાય છે કારણ કે મહાવિદેહ ક્ષેત્રમાં ધર્મ અને પૂર્વ જ્ઞાન સદા રહે છે. આ ભાવાંધકાર પણ એક દેશ-લોકના એક ભાગમાં થવા છતાં પણ તેને શાસ્ત્રમાં શબ્દપ્રયોગ દષ્ટિએ **लोग धयारे** કહેલ છે પરંતુ તેની સાથે **सव्व लोग धयार** કહેલ નથી. તેથી મહાવિદેહ ક્ષેત્રમાં આ ભાવાંધકાર ન હોવા છતાં પણ અહીં કહેલ **लोग धयारे** શબ્દથી કોઈ

વિરોધ સમજવામાં આવતો નથી. આ જ શાસ્ત્રમાં આગળ ચોથા સ્થાનમાં તીર્થંકર નિર્વાણના પ્રસંગે લોગંધકાર પણ કહેલ છે અને તેની સાથેના સૂત્રમાં લોકઉદ્યોત પણ કહેલ છે. તેનું પણ તાત્પર્ય એ જ છે કે પ્રાસંગિક ક્ષેત્રોમાં નિર્વાણ સમયે દેવોના આગમનનો દ્રવ્ય પ્રકાશ થાય છે અને શાસનપ્રેમી ધર્મી આત્માઓ માટે ભાવાંધકાર પણ થાય છે. તીર્થંકરોથી, જ્ઞાનથી અને ધર્મથી સંબંધિત આ અંધકારને માટે દ્રવ્ય અંધકાર ક્યાંય પણ ન સમજતાં માત્ર ભાવ અંધકાર જ સમજવો જોઈએ.

નારકી જીવોના જે ક્ષણિક સુખનું કથન શાસ્ત્રમાં છે તેને પણ આ લોક પ્રકાશ સાથે સંબંધિત કરવામાં આવે છે પરંતુ તે ક્ષણિક સુખનો સંબંધ તો દેવોનું નારકીમાં જવાના નિમિત્તે પણ સમજી શકાય છે. તેના માટે પ્રસ્તુત પ્રકાશના કથનને આખા લોકમાં માનવું જરૂરી નથી.

સૂત્રોક્ત ત્રણે ય પ્રસંગોમાં ઈન્દ્ર, સામાનિક, ત્રાયત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી દેવીઓ, પરિષદના દેવ-દેવી, અનિકાધિપતિ, આત્મરક્ષક દેવ પણ આવે છે. તેના સિવાય લોકાંતિક દેવ પણ પાંચમા દેવલોકથી આ ત્રણે ય પ્રસંગે આવે છે. મુખ્ય રૂપે લોકાંતિક દેવ તીર્થંકર ભગવાનની દીક્ષાની પૂર્વે આવીને પોતાના જિતાચાર નિભાવતાં ભગવાનને દીક્ષા હેતુ પ્રેરણા વાક્ય બોલીને ભગવાનના દીક્ષાના ભાવોનું બહુમાન કરે છે, તેમ પ્રસિદ્ધ છે. તોપણ પ્રસ્તુત સૂત્રાનુસાર તે જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન આદિ પ્રસંગે પણ ઉપસ્થિત થાય છે, આ ત્રણ પ્રસંગે દેવોને(ઇન્દ્રોને) અંગસ્ફુરણ થાય છે, તે બધા કાર્ય છોડીને ઉઠી જાય છે, તેમના ચૈત્યવૃક્ષ પણ ચલિત-સ્ફુરિત થાય છે. એ પ્રસંગે ખુશીમાં આવી દેવ સિંહનાદ કરે છે, **चेलुक्खेवे** = ધ્વજાઓ પણ ફરકાવે છે.

**પ્રશ્ન–૧૧ : માતા-પિતા, સ્વામી અને ધર્માચાર્ય એ ત્રણેના ઉપકારથી ઉઋણ થવા કે ન થવા સંબંધી અહીં શું સમજાવેલ છે ?**

**ઉત્તર–** પ્રસ્તુતમાં માનવના જીવનમાં ત્રણનો મહાન ઉપકાર સ્વીકારેલ છે. ત્રણની સંખ્યાનું પ્રકરણ હોવાથી– (૧) માતા-પિતાને એક સાથે કહીને તેમનો ઉપકાર સ્વીકારેલ છે. (૨) સંસારમાં જીવન વીતાવવા આજીવિકા એક મોટો પ્રશ્ન છે. જે કોઈપણ વ્યક્તિ વ્યાપારમાં મદદ કરે છે, જેને અધીન રહીને વ્યાપારની કલામાં પારંગત થવાય છે, તેને અહીં **भट्टी** = સ્વામી, માલિક કહેલ છે. વ્યક્તિના જીવન નિર્વાહમાં, આજીવિકા નિર્વાહમાં કે સુખી જીવન વ્યતીત કરવામાં તે સ્વામી મુખ્ય ભાગ ભજવે છે. તેથી માતા-પિતાની પછી બીજા ઉપકારી વ્યાપારિક સ્વામીને, વ્યાપાર કરવામાં હોશિયાર કરનારાને





કહેલ છે. (૩) સંસારથી તરવાનો માર્ગ દેખાડનાર અને દીક્ષા દાન દેનારા દીક્ષાગુરુ ધર્માચાર્યનો પણ અહીં ઉપકાર અને તેમનું ઋણ સ્વીકારેલ છે. તે ત્રણેના ઋણથી મુક્ત થવાના વિષયમાં સમજાવેલ છે કે અર્પણતાપૂર્વક તનમનથી સર્વસ્વ ન્યોછાવર કરીને તેમની શારીરિક સેવા કરવામાં આવે, તેમને દરેક પ્રકારની સુખ-શાંતિ જીવનભર પહોંચાડવામાં આવે તોપણ પૂર્ણ રૂપે ઋણથી ઉઋણતા થઈ શકતી નથી અર્થાત્ અહીં એટલો મહાન ઉપકાર અને ઋણ તેમનું માનવામાં આવેલ છે. અંતમાં ઉઋણ થવાનો એક ઉપાય પ્રસંગ બતાવેલ છે કે એ માતા-પિતા અને સ્વામી, ધર્મમાં ઉપસ્થિત ન હોય તો તેમને વીતરાગ ધર્મમાં જોડવાથી અને ધર્મની સાચી આરાધના કરાવવામાં પૂર્ણ મદદગાર કે પ્રેરક બનવાથી તેમના ઋણથી સાચા અને પૂર્ણ ઉઋણ બની શકાય છે. જો તેઓ ધર્મને પ્રાપ્ત થઈ ગયા હોય અને કોઈ પણ કારણે શ્રુત-ચારિત્રધર્મથી તેમની આસ્થા ચલિત થઈ હોય, ધર્માચાર્ય પણ ઉદયકર્મથી ધર્મમાં ડામાડોળ કે સુસ્ત ચિત્ત બન્યા હોય તો આવા સમયે વિવેક તથા બુદ્ધિમાનીપૂર્વક તેમને ધર્મમાં સ્થિર કરીને મોક્ષમાર્ગના આરાધક બનાવવામાં પૂર્ણ પ્રયત્ન કરી, સફળતા પ્રાપ્ત કરે તો એમ કરવાથી એ ત્રણેયના ઉપકારનો સાચો બદલો ચુકાવ્યો ગણાશે.

**પ્રશ્ન–૧૨ : સાધુ બનવાની સફળતાના દ્યોતક મુખ્ય તત્ત્વ કયા છે ?**

**ઉત્તર–** અહીં ત્રણની સંખ્યાનો પ્રસંગ હોવાથી અપેક્ષાએ સંયમની સફળતાના મુખ્ય ત્રણ તત્ત્વ ધ્યાન રાખવા યોગ્ય કહેલ છે.– (૧) **जोगवाहिता**– લીધેલા સંયમનો યોગ = સંયમ વિધાનોના ભારનું, મહાવ્રતોનું, સમિતિ-ગુપ્તિનું તેમજ તપાચરણ આદિનું જિનાજ્ઞાનુસાર, શાસ્ત્રોક્ત વર્ણન અનુસાર પાલન થવું જોઈએ. (૨) દૃષ્ટિ સંપન્ન– જિનવાણી, જિનાજ્ઞા પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા, નિષ્ઠા, આસ્થા અંત સુધી દઢ-શુદ્ધ બની રહેવી જોઈએ. (૩) અનિદાનતા– સંયમ-તપના ફળ સ્વરૂપે ઈહલૌકિક કે પારલૌકિક કોઈપણ સુખોની કામના ન કરવી જોઈએ. મોક્ષપ્રાપ્તિ તેમજ કર્મક્ષય સિવાય સંયમ-તપના ફળ સ્વરૂપ કોઈપણ આકાંક્ષા કે સંકલ્પ જીવનમાં ક્યારે ય પણ ન કરવો જોઈએ. આ ત્રણ ગુણોને યથાર્થ ધારણ તેમજ પાલનનો વિવેક રાખનારા અર્થાત્ તે ગુણોથી સંપન્ન અણગાર યથાશીઘ્ર અનાદિ-અનંત આ સંસાર સાગરને પાર કરીને મુક્ત થઈ જાય છે.

**પ્રશ્ન–૧૩ : લોકમાં તીર્થ કેટલા હોય છે ?**

**ઉત્તર–** દ્રવ્ય તીર્થ અને ભાવ તીર્થ, એમ બે પ્રકારના તીર્થ છે. ભાવતીર્થનો અર્થ થાય છે કે જેના માધ્યમથી એટલે કે સુસંગતિથી સંસાર સાગર તરી

જવાય. ભાવતીર્થ આ સૂત્રના ચોથા સ્થાનમાં આગળ ચારની સંખ્યામાં બતાવેલ છે. ત્યાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચારેયને તીર્થ કહેલ છે. જે પોતાના જ્ઞાનથી જીવોને બોધ આપીને, સન્માર્ગમાં જોડીને સંસાર પ્રપંચથી, દુઃખોથી મુક્ત કરાવી શકે છે; સંસાર સમુદ્રને તરવાનો માર્ગ બતાવી શકે છે તેથી તેને તીર્થ કહેલ છે અને તે ચારે ય ભાવતીર્થ છે.

પ્રસ્તુતમાં ત્રણની સંખ્યાના આધારે આપણા ભરતક્ષેત્રમાં ત્રણ તીર્થ સ્થાન કહ્યા છે– માગધ, વરદામ અને પ્રભાસ. આ તીર્થસ્થાનોથી લવણસમુદ્રના પાણીમાં પ્રવેશ કરવામાં આવે છે. આ માર્ગથી આગળ જતાં માગધ, વરદામ, પ્રભાસ નામના દેવના ભવનરૂપ તીર્થસ્થાન છે, જે પાણીથી ઘેરાયેલા પાણીની મધ્યમાં સ્થિત છે. તેને અહીં અપેક્ષાથી તીર્થ કહેલ છે. આવા ત્રણ તીર્થ એરવત ક્ષેત્રમાં અને મહાવિદેહ ક્ષેત્રની બધી વિજયોમાં છે. જંબૂદ્વીપની જેમ ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરાર્ધ દ્વીપમાં પણ એ ત્રણ-ત્રણ તીર્થસ્થાન છે. એમ કુલ મળીને અઢી દ્વીપમાં ૫૧૦ તીર્થોનું કથન પ્રસ્તુત સૂત્રમાં કરેલ છે. એમ આ સ્થાનાંગ સૂત્ર અનુસાર દ્રવ્યતીર્થ ૫૧૦ છે અને ભાવતીર્થ ૪ છે. વર્તમાનમાં જૈનોમાં અનેક તીર્થસ્થાન પર્યટનની અપેક્ષાએ પ્રસિદ્ધ છે તેનું આપણા આ આગમોમાં તીર્થરૂપ ક્યાંય પણ કથન મળતું નથી.

**પ્રશ્ન–૧૪ : લોકમાં એક સમાન ક્ષેત્રાવગાહનાવાળા પદાર્થ કયા છે ?**

**ઉત્તર–** જંબૂદ્વીપ ક્ષેત્ર તિરછા લોકમાં એક લાખ યોજન લાંબું-પહોળું-ગોળ ત્રણ લાખ યોજન સાધિક પરિધિવાળું છે. બરાબર તેની નીચેના લોકે સીધાણમાં ચારે તરફ સમકક્ષ એટલે સમાન લંબાઈ-પહોળાઈ-પરિધિવાળો સાતમી નરકનો અપ્રતિષ્ઠાન નામનો નરકાવાસ છે. જંબૂદ્વીપની સીધાણમાં ઉર્ધ્વલોકે સર્વાર્થ સિદ્ધ વિમાન ચારે તરફથી સમકક્ષ જંબૂદ્વીપ જેટલી લંબાઈ-પહોળાઈ-પરિધિ-વાળું છે. એમ આ ત્રણે ય પદાર્થ લોકમાં એક લાખ યોજનની અપેક્ષા સમાન અને સમકક્ષમાં રહેલા છે.

અઢી દ્વીપ–મનુષ્યક્ષેત્ર ૪૫ લાખ યોજન લાંબુ-પહોળું અને સાધિક ત્રણ ગુણી પરિધિવાળું તિરછાલોકમાં–સમભૂમિ પર રહેલું છે. નીચા લોકમાં પ્રથમ નરકનો સીમંતક નરકાવાસ અને ઉર્ધ્વલોકમાં સિદ્ધશિલા પણ એટલા જ પરિમાણવાળી છે. આ રીતે આ ત્રણે ય વસ્તુઓ એક સીધાણમાં અને સમાન ક્ષેત્રાવગાહનવાળી છે. ત્રીજું સ્થાન હોવાથી અહીં ત્રણની સંખ્યાએ સાપેક્ષ કથન છે. આગળ ચોથા સ્થાનમાં પ્રથમ દેવલોકનું ઉડુ વિમાન પણ સમયક્ષેત્રના જેટલું જ લાંબું-પહોળું-ગોળ બતાવેલ છે. સ્થાનાંગ સૂત્રની આ એક વિશિષ્ટ





રચના શૈલી છે કે–અધિક સંખ્યાવાળા તત્ત્વો પણ અપેક્ષા વિશેષે ઓછી સંખ્યામાં કહેવાય છે. આ પદ્ધતિના કારણે અહીં પ્રથમ દેવલોકનું ઉડુ વિમાન જે આ માપવાળું છે તોપણ તેને છોડીને ત્રણનું કથન કર્યું છે અને ફરી ચોથા સ્થાનમાં તેને ત્રણમાં ભેળવીને ચારનું કથન પૂર્ણ કરેલ છે. એક લાખ યોજનના ચાર પદાર્થ પણ ચોથા સ્થાનમાં કહેલ છે પરંતુ ત્યાં કહેલ પાલક વિમાન એક લાખ યોજનનું હોવા છતાં પણ સીધાણમાં નથી તથા તે યાન વિમાન છે, ફોલ્ડિંગ સિસ્ટમવાળું છે અને આભિયોગિક દેવો દ્વારા સંયોજિત કે નિર્મિત કરાય છે. તેને અહીં કહેલ સમાન-સમકક્ષના પદાર્થોમાં ન ગણવું તે અપેક્ષાથી યોગ્ય પણ છે કારણ કે તેનું સ્વરૂપ એક લાખ યોજનની  એ ત્રણ વસ્તુઓથી ભિન્ન છે.

**પ્રશ્ન–૧૫ : શાસ્ત્ર તો કાળો-કાળ જ ભણવામાં આવે છે તો પછી 'ત્રણ શાસ્ત્રોને કાળથી ભણાય છે' એવા કથનનો આશય શું છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત ઉદ્દેશકના અંતિમ સૂત્રમાં આ કથન છે, તેમાં ત્રણ શાસ્ત્રોના નામ આ પ્રમાણે છે–(૧) દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ (૨) ચંદ્ર પ્રજ્ઞપ્તિ (૩) સૂર્ય પ્રજ્ઞપ્તિ. વાત એમ છે કે આ ત્રણ શાસ્ત્ર ગણિત પ્રધાન તેમજ ભૌગોલિક વિષયવાળા છે, જેને બુદ્ધિથી પરિપક્વ તેમજ શ્રદ્ધાથી પરિપક્વ ચારિત્રાત્માઓને અધ્યયન કરાવવું શ્રેયસ્કર થાય છે, એવો સૂત્રકારનો આશય છે. સામાન્ય બુદ્ધિ વિરક્તાત્મા આવા વિષયોથી કંટાળી જાય છે અને ગ્રહણ શક્તિના અભાવે સમ્યગ્ શ્રદ્ધાથી વિચલિત પણ થઈ શકે છે. કારણ કે એ શાસ્ત્રોમાં ધર્મકથા કે આચાર વિચાર, વૈરાગ્ય ઉપદેશ તથા સંયમ સાધના સંબંધી કોઈ તત્ત્વ નથી. તેથી સંયમપર્યાય, દીક્ષાકાળના પરિપક્વ થતાં તે પ્રકારની ક્ષમતા અને યોગ્યતા પ્રાપ્ત સાધકોને માટે એ શાસ્ત્ર અધ્યયન યોગ્ય બને છે. આ આશયથી ત્રણ શાસ્ત્રનું **'કાલેણ'** એટલે કે દીક્ષાકાળના પરિપક્વ થવા પર સમયે જ અધ્યયન કરાવવું જોઈએ. અન્ય વિશાળ અર્થની અપેક્ષાએ આ ત્રણે ય શાસ્ત્ર વિશિષ્ટ તપ સાથે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ-શ્રમણીઓને ભણાવવા જોઈએ.

**પ્રશ્ન–૧૬ : આ ઉદ્દેશકમાં અન્ય શું-શું કથન છે ?**

**ઉત્તર–** આ ઉદ્દેશકમાં અન્ય અનેક વિષય આ પ્રમાણે સંગ્રહિત છે– **(૧)** ત્રણની સંખ્યાએ કુલ ૯ ઈન્દ્ર કહેલ છે, જેમ કે– ૧. નામથી ઈન્દ્ર ૨. સ્થાપનાથી ઈન્દ્ર ૩. દ્રવ્યેન્દ્ર. **ત્રણ ભાવથી–** ૧. જ્ઞાનેન્દ્ર ૨. દર્શનેન્દ્ર ૩. ચારિત્રેન્દ્ર. **ત્રણ ઐશ્વર્યથી–** ૧. દેવેન્દ્ર ૨. અસુરેન્દ્ર ૩. મનુષ્યેન્દ્ર(ચક્રવર્તી) ત્રણ સંખ્યાની મુખ્યતા હોવાથી અહીં ૬૪ ઈન્દ્રોમાંથી કેટલાકનું કથન નથી અને કેટલાકને સંક્ષેપમાં સમાવિષ્ટ કરેલ છે. **(૨)** ૨૪ દંડકમાં જીવોની ઉત્પત્તિ ત્રણ પ્રકારની

સંખ્યાએ થાય છે– ૧. સંખ્યાત જીવ(૨ થી અધિક) ૨. અસંખ્યાત જીવ અને ૩. એક જીવ. તેને જ ક્રમશઃ કતિ સંચિત, અકતિ સંચિત અને અવક્તવ્ય સંચિત કહેલ છે. **(૩)** ઈન્દ્રની જેમ ત્રણની સંખ્યામાં પુરુષોના પણ અનેક પ્રકાર કહ્યા છે– નામ, સ્થાપના અને દ્રવ્ય પુરુષ; જ્ઞાન,દર્શન અને ચારિત્ર પુરુષ; **વેદથી–** વેદમોહના **ઉદય** થી પુરુષ, દાઢી મૂછ આદિ **ચિન્હોથી** પુરુષ અને 'ઘટ' આદિ શબ્દ પુલિંગવાચી હોવાથી, તે **અભિલાપ્ય** પુરુષ છે. ઉત્તમ, મધ્યમ, જઘન્ય પુરુષ. **ઉત્તમ પુરુષમાં–** ધર્મ પુરુષમાં અરિહંત, ભોગપુરુષમાં ચક્રવર્તી અને કર્મપુરુષમાં વાસુદેવ છે. **મધ્યમ પુરુષમાં–** ઉગ્ર, ભોગ, રાજન્ય પુરુષ છે; **જઘન્ય પુરુષમાં–** દાસ(ખરીદેલા), **ભજક**–વેતનીય અને થોડા ટકા ભાગ કે કમીશન લેનારા છે. **(૪)** મચ્છોના ત્રણ પ્રકાર–અંડજ, પોતજ, સંમૂર્ચ્છિમ. અંડજ પોતજના ત્રણ પ્રકાર–સ્ત્રી-પુરુષ-નપુંસક. પક્ષીઓના ત્રણ પ્રકાર પણ આ રીતે જ છે. સંમૂર્ચ્છિમમાં એક નપુંસક જ હોવાથી તેના ત્રણ ભેદ કરેલ નથી. આ જ રીતે ઉરપરિસર્પ અને ભુજપરિસર્પના પણ ત્રણ-ત્રણ પ્રકાર છે. ત્રણ ભેદ કરતાં સ્ત્રીના ત્રણ પ્રકાર કહેલ છે– મનુષ્ય, દેવ, તિર્યંચ. એ જ રીતે પુરુષના પણ ત્રણ પ્રકાર કહેલ છે. નપુંસકમાં ત્રણ ભેદ–નરક, તિર્યંચ, મનુષ્ય છે, કારણ કે દેવ નપુંસક હોતા નથી. **(૫)** દેવતા–વૈક્રિય બનાવતી વખતે, ગમનાગમન કરતાં અને પોતાની ઋદ્ધિનું પ્રદર્શન કરતાં; આ ત્રણ સમયે ગાજ-વીજ કરી શકે છે. **(૬)** ઉત્સર્પિણી-અવસર્પિણી અને ૬ આરામાં ભાવ વર્તનની અપેક્ષા જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદ પણ થાય છે. **(૭)** ત્રણ કારણે પુદ્‌ગલોનું ભેદન ન થાય તોપણ તેઓ પોતાના સ્થાનેથી ચલિત થાય છે– (૧) જીવ દ્વારા આહાર રૂપે ગ્રહણ થવાથી અછિન્ન પુદ્‌ગલ પણ આકૃષ્ટ થઈને ચલિત થાય છે. આ જ રીતે (૨) વિકુર્વણા કરવાથી (૩) એક સ્થાનેથી બીજા સ્થાને જતી વખતે છેદન વિના પણ આખો સ્કંધ ચલિત–ગતિમાન થાય છે. **(૮)** જીવોને કર્મ, શરીર અને બાહ્ય ઉપકરણ આ ત્રણ ઉપધિ છે, તે જ ત્રણ પરિગ્રહ પણ છે અને તે એકેન્દ્રિય સિવાયના બધા દંડકોમાં ત્રણ-ત્રણ હોય છે. એકેન્દ્રિયમાં બાહ્ય ઉપકરણ ન હોવાથી બે રહી જાય છે. જેથી તેનું કથન અહીં થઈ શકતું નથી. અથવા સચિત, અચિત અને મિશ્ર એમ પણ ઉપધિ અને પરિગ્રહના પ્રકાર થાય છે. **(૯)** મન, વચન અને કાયા એમ ત્રણ પ્રણિધાન છે એટલે એકાગ્ર અને તલ્લીન થવાના પ્રકાર છે. એ ત્રણે ય સુપ્રણિધાન પણ હોય છે અને દુષ્પ્રણિધાન પણ હોય છે. **(૧૦)** નિરુપક્રમી આયુષ્યવાળા ત્રણના કથનમાં– તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ-બલદેવને કહેલ છે. એ ત્રણે ય મધ્યમ





વયમાં આયુષ્ય પૂર્ણ કરે છે. આ ત્રણેયને સ્વાભાવિક મૃત્યુ જ હોય છે પરંતુ ઉપક્રમ(શસ્ત્ર આદિ) થી મરતા નથી. તેનું આયુષ્ય વચ્ચે ક્યારે ય તૂટતું નથી, તેઓ પૂર્ણાયુ પ્રાપ્ત કરે છે. પ્રત્યેક વાસુદેવ-બલદેવના વંશને જ દશાર વંશ કહેલ છે. **(૧૧)** ત્રણ સમુદ્રોમાં પાણી સ્વાભાવિક પાણી જેવા સ્વાદવાળું હોય છે– કાલોદધિ સમુદ્ર, પુષ્કર સમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્ર. ત્રણ સમુદ્રોમાં મચ્છ-કચ્છ બહુ જ હોય છે– લવણ સમુદ્ર, કાલોદધિ સમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્ર; એવું સ્વાભાવિક રૂપે જ હોય છે. **(૧૨)** કેટલીક વનસ્પતિ સદા અનંત-જીવી હોય છે. જેમ કે– આકડા, થોર વગેરે; કારણ કે તેના વિભાગોમાંથી દૂધ નીકળે છે અને દૂધવાળી વનસ્પતિ અનંતજીવી હોય છે. કેટલીક વનસ્પતિ સદા અસંખ્યજીવી હોય છે અને તાડ,ખજૂર, નાળિયેર, કેળ આદિના વૃક્ષ સંખ્યાત-જીવી પણ હોય છે. પ્રારંભની અનેક અવસ્થાઓને છોડીને અહીં વનસ્પતિનું સામાન્ય કથન છે તોપણ તેને તૃણ વનસ્પતિ શબ્દથી કહેલ છે. છતાં ય તેને માત્ર તૃણોનું કથન હોય એમ ન સમજવું. **અથવા** પ્રાયઃ પ્રત્યેક વનસ્પતિમાં ત્રણ પ્રકારની અવસ્થા કે વિભાગ થાય છે– પહેલા અનંતજીવી, પછી અસંખ્ય-જીવી અને ક્યારેક કોઈ વિભાગ સંખ્યાતજીવી પણ થાય છે. તાત્પર્ય એ છે કે ત્રણે ય પ્રકારની વનસ્પતિઓ હોય છે અથવા પ્રાયઃ પ્રત્યેક વનસ્પતિમાં ત્રણ અવસ્થાઓ હોય છે. **(૧૩)** ત્રણ પ્રકારના વૃક્ષની સમાન ત્રણ પ્રકારના પુરુષ હોય છે– (૧) પત્રયુક્ત વૃક્ષની જેમ કેટલાક મનુષ્ય અન્યોને છાયારૂપ આશ્રય દાતા થાય છે. (૨) પુષ્પયુક્ત વૃક્ષની જેમ કેટલાક મનુષ્ય પોતાના ગુણોની સુગંધ ફેલાવી બીજાને ગુણી બનાવે છે. (૩) ફળયુક્ત વૃક્ષની જેમ કેટલાક પુરુષ અન્યોનું નિઃસ્વાર્થ ભરણપોષણ કરનારા હોય છે. **(૧૪)** મહારંભી મહા-કુટુંબી વ્યક્તિ, રાજા-મહારાજા, ચક્રવર્તી એ લોકો ધર્મ-કર્મ, દાન-પુણ્ય, માન-મર્યાદા રહિત અધર્મી જીવન જીવે તો અપ્રતિષ્ઠાન નરકાવાસમાં અર્થાત્ ઉત્કૃષ્ટ સાતમી નરકમાં જાય છે. તેનાથી વિપરીત જે રાજા, સેનાપતિ, મંત્રી વગેરે પ્રશાસ્તા પુરુષ ગૃહત્યાગી બનીને સંયમપાલન કરી, તેની આરાધના કરે તો ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય છે. આ સાપેક્ષ કથન છે અર્થાત્ આયુબંધ ન કરે તો મોક્ષે પણ જાય છે. **(૧૫)** આ ઉદ્દેશકમાં અન્ય પણ કેટલાક એવા વિષયોનું કથન છે જેનું વર્ણન અન્ય શાસ્ત્રોમાં છે, જેમ કે– ગુપ્તિ, અગુપ્તિ, દંડ, યોનિ, કાલ, અવગાહના, આયુષ્ય, નરક સ્થિતિ-વેદના, વિમાન વર્ણ, દેવોની અવગાહના વગેરે ત્રણની સંખ્યાથી સંબંધિત કથન છે, જેની ચર્ચા અન્ય શાસ્ત્રોમાં કરવામાં આવશે.

# સ્થાન–૩ : ઉદ્દેશક–૨

**પ્રશ્ન–૧ : આ ઉદ્દેશકમાં મુખ્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** આ ઉદ્દેશકમાં ત્રણની સંખ્યાને આધારિત દેવેન્દ્ર આદિની પરિષદ, ધર્માચરણનો કે દીક્ષાનો સમય, દીક્ષિત થવાના નિમિત્ત, ત્રણ દિશા, જીવોને દુઃખનો ભય, લોકપ્રકાર, પુદ્ગલના પરિણામ, સુંદર-અસુંદર જીવનનું પરિણામ, લોકસંસ્થિતિ, અછેદ્ય-અભેદ્ય આદિનું કથન છે. તેના સિવાય અન્ય આગમોમાં આવતા જીવભેદ, નિર્ગ્રંથ પ્રકાર, સ્થવિર, શૈક્ષ, ત્રસ-સ્થાવર, બુદ્ધ-બોધિ, મોહ આદિ અનેક વિષયોને ત્રણની સંખ્યાથી સંબંધિત કરીને કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન–૨ : ચારે ય જાતિના દેવોની પરિષદના વિષયમાં શું નિરૂપણ છે ?**

**ઉત્તર–** દેવોમાં ૬૪ ઈન્દ્ર છે. દરેક ઈન્દ્રની આભ્યંતર, મધ્યમ અને બાહ્ય પરિષદ હોય છે તથા તે ઈન્દ્રોના સામાનિક, ત્રાયત્રિંશક, લોકપાલ દેવોની તેમજ અગ્રમહિષીઓની પણ ત્રણે ય પ્રકારની પરિષદ હોય છે. વ્યંતર અને જ્યોતિષી દેવોમાં ત્રાયત્રિંશક અને લોકપાલ હોતા નથી તેથી તેની પરિષદનું કથન પણ નથી. આ ત્રણે ય પ્રકારની પરિષદમાં આભ્યંતર પરિષદવાળાની સ્થિતિ અધિક હોય છે, તેનાથી મધ્યમ અને બાહ્ય પરિષદની સ્થિતિ ઓછી-ઓછી હોય છે.

તે ત્રણેયના નામ ત્રણ પ્રકારના છે– (૧) સમિયા, ચંડા, જાયા. (૨) તુંબા, તુડિયા, પવ્વા (૩) ઈસા, તુડિયા, દઢરહા. (૧) પ્રથમ પ્રકારના **સમિયા, ચંડા, જાયા નામ–** ભવનપતિ અને વૈમાનિકના ઈન્દ્ર, સામાનિક અને ત્રાય-ત્રિંશકોની પરિષદના હોય છે. (૨) બીજા પ્રકારના **તુંબા, તુડિયા, પવ્વા નામ–** ભવનપતિમાં અસુરકુમાર તથા વૈમાનિકોના લોકપાલ અને અગ્રમહિષીની પરિષદના હોય છે તેમજ જ્યોતિષી ઈન્દ્ર ચંદ્ર-સૂર્ય અને તેના સામાનિક દેવ તથા અગ્રમહિષીની પરિષદના હોય છે. (૩) ત્રીજા પ્રકારના **ઈસા, તુડિયા, દઢરહા નામ–** નવનિકાય દેવોના લોકપાલ અને અગ્રમહિષીની પરિષદના હોય છે. ત્રણ પ્રકારના નામોમાં પણ સ્થિતિ અને રિદ્ધિનું થોડું-થોડું અંતર હોય છે. જેમાં પ્રથમના ત્રણ નામવાળી પરિષદની સ્થિતિ–રિદ્ધિ વિશેષ હોય છે, બીજા અને ત્રીજા પ્રકારના નામોવાળી પરિષદની સ્થિતિ રિદ્ધિ ક્રમશઃ થોડી ઓછી-ઓછી હોય છે.

**પ્રશ્ન–૩ : લોકમાં ધર્માચરણ માટે ચોથો સંન્યાસાશ્રમ કહેલ છે તો જૈનધર્મમાં આ વિષયમાં શું નિયમ છે ?**





**ઉત્તર–** માનવ જીવનમાં ધર્માચરણ અને આત્મકલ્યાણ કરવાનો અનુપમ અવસર હોય છે અને માનવના મૃત્યુનો કોઈ નિશ્ચિત સમય હોતો નથી. તેથી યોગ્ય સમજ, વિવેકબુદ્ધિ આવ્યા પછી માણસ ગમે ત્યારે ધર્માચરણ અને સંન્યાસ-સંયમ સ્વીકારી શકે છે. યોગ્ય સમજ પણ વ્યક્તિના પૂર્વભવના સંચિત કર્મો પ્રમાણે હોય છે. કોઈને ગર્ભમાં પણ યોગ્ય સમજ હોય છે, કોઈને ૪–૫ વર્ષની ઉંમરે, કોઈને ૮–૯ વર્ષની ઉંમરે યોગ્ય સમજ હોય શકે છે. તોપણ બહુલતાને ધ્યાનમાં રાખતાં જૈનાગમોમાં ગર્ભકાલ સહિત નવ વર્ષ તેમજ તેનાથી અધિક વયવાળાને ધર્માચરણ તથા સંન્યાસ ગ્રહણને યોગ્ય કહેલ છે. આ એક મર્યાદાનું, વ્યવસ્થાનું વિધાન છે. કદાચિત્ કોઈ તેનાથી પહેલાં પણ યોગ્ય થઈ શકે છે. જેમ કે વજસ્વામી–એવંતાકુમાર વગેરે અને કોઈ મોટી ઉંમર સુધી પણ યોગ્ય સમજથી વંચિત રહી જાય છે. તેથી અહીં શાસ્ત્રમાં એકાંત આગ્રહ ન દર્શાવતાં, અનેકાંતિક કથન કરેલ છે કે– ત્રણે ય અવસ્થામાં અર્થાત્ બચપણ, જુવાની અને ઘડપણમાં એમ ગમે ત્યારે ભાવના અને યોગ્યતા હોય તો વ્યક્તિ ધર્માચરણ યાવત્ સંન્યાસ–દીક્ષા અંગીકાર કરી શકે છે તથા તેને કેવલજ્ઞાન સુધી પણ પ્રાપ્ત થઈ શકે છે. અહીં ત્રણે ય અવસ્થાને **ત્રણ યામ** કહેલ છે. બચપણ અવસ્થા ૧૬ વર્ષ સુધી, ૧૭ વર્ષથી ૪૦ વર્ષ સુધી યુવાવસ્થા અને ત્યાર બાદ પ્રૌઢ તેમજ વૃદ્ધાવસ્થા છે.

બીજી રીતે ત્રણ વય કહેલી છે– પ્રથમ વય, મધ્યમ વય અને પશ્ચિમ વય. તેમાં ૩૦ વર્ષ સુધી પ્રથમ, ૬૦ વર્ષ સુધી મધ્યમ અને આગળ ૯૦-૧૦૦ વર્ષ સુધી પશ્ચિમ વય સમજવી. વયમાં સંપૂર્ણ ઉંમરના ત્રણ વિભાગ છે અને **જામા** શબ્દથી જીવનની ત્રણ અવસ્થાઓ કહેલી છે. સાર એ છે કે માનવ જીવનની કોઈ પણ અવસ્થામાં(બાલ્ય, યુવા આદિ) અને કોઈપણ વય(પ્રથમ, મધ્યમ,પશ્ચિમ)માં ધર્માચરણ તેમજ દીક્ષા અંગીકાર કરી શકાય છે. કારણ કે– પ્રત્યેક માનવનું મૃત્યુ અનિશ્ચિત છે અને યોગ્ય સમજ પૂર્વભવના સંચિત કર્મ અનુસાર આવે છે. તથાપિ વ્યવસ્થાની દૃષ્ટિએ ૯ વર્ષ પછી **યોગ્યતા હોય** તો કોઈને પણ દીક્ષા આપી શકાય છે. અંતમાં એક દિવસ કે એક ઘડી પણ આયુષ્ય બાકી હોય અને વ્યક્તિની **યોગ્યતા હિંમત** હોય તો તેને જૈન દીક્ષા આપી શકાય છે. તેમાં આગમથી, શાસ્ત્રોથી કોઈ વિરોધ આવતો નથી.

**પ્રતિપ્રશ્ન–** ૯ વર્ષમાં દીક્ષા દેવાની વાત ગળે ઉતરે તેવી નથી. તેથી ૧૮ વર્ષ પહેલાં કોઈને દીક્ષા ન દેવાનો નિયમ હોવો જોઈએ. તેની પહેલાં કાચી ઉંમરે લેવાથી પાછળથી સંયમ-બ્રહ્મચર્યનું પાલન ન થઈ શકવાથી સમાજમાં બહુ જ નિંદા અને ટીકા-ટીપ્પણી થાય છે, તો ઉચિત શું છે ?

**સમાધાન–** પોતાની છદ્મસ્થ બુદ્ધિએ આવું એકાંત માની લેવું વ્યવહારોચિત તેમજ યથોચિત પણ નથી તથા સર્વજ્ઞોના વિધાનની અવહેલના આશાતના પણ થાય છે. વાસ્તવમાં છદ્મસ્થ સાધક કોઈના પણ **વર્તમાન** ગુણો, અનુભવો અને અભ્યાસ પરથી એટલે કે પગપાળાં ચાલવું, ઉપવાસ આદિ તપસ્યા કરવી, લોચ કરવો વગેરે પ્રવૃત્તિના અનુપ્રેક્ષણથી તેની યોગ્યતાનું પરીક્ષણ કરી શકે છે અને પરસ્પર પરામર્શ કરીને નિર્ણય કરી શકે છે. પરંતુ **ભવિષ્યમાં** કોણ દીક્ષા છોડશે ? ગુરુને છોડશે, બ્રહ્મચર્ય પાલન નહીં કરી શકશે એવી કલ્પના અને ઠેકેદારી કોઈના હાથની વાત નથી. ચોથા આરામાં પણ ગોશાલક, જમાલી, વેશ્યાને સ્વીકારનારા તેમજ અનેક નિહ્નવ વગેરે બને છે. ભગવાન મહાવીરે જેને દીક્ષા આપી તે મેઘકુમાર જેવા દીક્ષાના પહેલા જ દિવસે ઘરે પાછા જવાનું વિચારી શકે છે. તેના વૈરાગ્યની કસોટી નહોતી થઈ, એમ પણ કહી નહીં શકાય. પાર્શ્વનાથ ભગવાનની સેંકડો સાધ્વીઓ સંયમ ગ્રહણ અને પાલન પછી ગુરુણીથી અલગ થઈને રહેવા લાગ્યાં હતાં. તેથી બાલ દીક્ષા ઉપર જ આક્ષેપ લગાવીને અનેક અનિષ્ટની કલ્પના કરવી એ એકાંતિક વિચાર છે. ભગવાનનો આ માર્ગ અનેકાંતિક દષ્ટિકોણ યુક્ત હોય છે.

વર્તમાનમાં પણ આપણે ધ્યાન દેશું તો અનુભવ થશે કે અનેક પ્રભાવક આચાર્ય વગેરે જિનશાસનના સિતારા જેવા મહાન સાધક એવા થયેલા છે અને વર્તમાનમાં પણ છે કે જે ૯-૧૦-૧૨-૧૫ વર્ષની વયે દીક્ષા લઈને પણ બહુમુખી પ્રતિભાથી સંપન્ન થઈ વર્ષોના સંયમ પર્યાયથી જિનશાસનની પ્રભાવના કરી રહ્યા છે. બીજી બાજુ જોઈશું તો ૧૮ થી ૬૦ વર્ષમાં દીક્ષા લેનારા પણ કોઈ પાછા ઘરે ચાલ્યા જાય, એવા ઉદાહરણ પણ જોવા મળે છે. તેથી અનેકાંતિક દષ્ટિકોણ યુક્ત સર્વજ્ઞાની તીર્થંકરોની અને તેના આગમોની આજ્ઞા કે વિધાનને સર્વોપરી મહત્ત્વ આપવું જોઈએ. તેમ છતાં વિવેક સાવધાની રાખવા માટે કોઈને કોઈ મનાઈ નથી. તોપણ પોતાના વિચારને જ સર્વોપરી સમજીને સર્વજ્ઞોના, આગમોના વિધાનને અયથાર્થ ઠરાવવાની ચેષ્ટા કોઈએ પણ ન કરવી જોઈએ.

**પ્રશ્ન–૪ : સંસારના બધા સુખોનો અનુભવ કરી લીધા પછી પોતાના સાચા વૈરાગ્યથી દીક્ષા લેવી શ્રેષ્ઠ રહે છે, કોઈની પાછળ કે વાત વાતમાં દીક્ષા લઈ લે તે સારું નથી, શું આવું માનવું યોગ્ય છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત ઉદ્દેશકમાં ચાર સૂત્રોમાં ૧૨ પ્રકારે પ્રવ્રજ્યા લેનારાનું કથન કરેલ છે. જેનું તાત્પર્ય એ છે કે પ્રવ્રજ્યા–દીક્ષા ગ્રહણ કરવામાં કેટલાય પ્રકારના નિમિત્ત બની શકે છે. ગૌતમસ્વામી આદિ ગણધરોની પ્રતિજ્ઞા હતી કે મારા





પ્રશ્નનું સમાધાન થશે તો હું દીક્ષા લઈશ. ધન્ના અણગાર પત્નીના એક વચનથી દીક્ષિત બની ગયા હતા અને તે જ ભવમાં મોક્ષે ગયા. શાલિભદ્રે પોતાની ઉપર નાથ છે એવું નિમિત્ત પામીને દીક્ષાનો વિચાર કર્યો અને દીક્ષા લઈ સર્વાર્થસિદ્ધે ગયા. કોઈ ઘેવર ખાવા માટે પણ દીક્ષા લઈ કલ્યાણ કરી લે છે. જંબૂસ્વામીના માતા-પિતા વગેરેએ પુત્રની સાથે દીક્ષા લીધેલ. તેથી નિમિત્ત કોઈપણ મળે તે કોઈ સંયમને સાધક-બાધક થઈ શકતું નથી. મહત્ત્વ તો દીક્ષા લીધા પછી સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધાનની સાથે સંયમ-તપના યથાર્થ પાલનનું અને આરાધના કરવાનું છે. આજે પણ એક માતા-પિતા જેને પ્રતિક્રમણ પણ આવડતું નથી, ૬૫ વર્ષ જેટલી ઉંમર છે, તોપણ પુત્ર-પુત્રીના દીક્ષા લેવાના નિમિત્તે દીક્ષિત બને છે, કંઈ પણ જ્ઞાન ન ચડતું હોય તોપણ સાચા સંસ્કાર અને સુસંગતે મહાન સંયમ-તપના સાધક બની દઢતાથી અનેક દિવસની સંલેખના-સંથારા સાથે સાવધાની અને સ્વસ્થતાપૂર્વક આરાધના કરી લે છે, એવા અનેક દષ્ટાંત જોવા મળે જ છે.

આ જ કારણે અહીંના ચાર સૂત્રોમાં પણ ત્રણ-ત્રણ બોલની સાથે ૧૨ પ્રકારે દીક્ષા લેનારાની પ્રવ્રજ્યાનું કથન છે– (૧) ઈહલૌકિક સારા ભોજન આદિની ઈચ્છાથી (૨) દૈવિક સુખોની ઈચ્છાથી (૩) ઉભય સંકલ્પથી (૪) ગુરુ કે આચાર્ય બનીશ એવી અભિલાષાથી (૫) પરિવારવાળા સુખી બની જાશે કે તેમને સુખી કરી દઈશ એવા વિચારોથી (૬) તથા ઉભય વિકલ્પથી (૭) દેવ દ્વારા કષ્ટ આપી દીક્ષા અપાવવાથી (૮) કોઈના દ્વારા અપહરણ કરાવી દીક્ષા અપાવવાથી (૯) કોઈના દ્વારા વચનમાં બાંધી દીક્ષા અપાવવાથી (૧૦) ગુરુ સેવા માટે દીક્ષા લેવાના સંકલ્પથી (૧૧) ગુરુ-વડીલના વચન સ્વીકાર કરવાથી (૧૨) કોઈ સંકેત નિશ્ચિત કરીને કે અમુક દીક્ષા લેશે તો હું પણ લઈશ. ઈત્યાદિ કોઈપણ સંયોગે પ્રવ્રજ્યા ગ્રહણનો સંયોગ થયા પછી જે જ્ઞાન, સમજ, શ્રદ્ધા પૂર્વક સંયમતપનું યથાર્થ પાલન કરે છે તેની પ્રવ્રજ્યા લેવી સફળ છે. ઉપરોક્ત પ્રવ્રજ્યા પ્રસંગોમાં કોઈને પણ ખરાબ અને કોઈને શ્રેષ્ઠ આવું કોઈ વિભાજન સૂત્રકારે કરેલ નથી. તે માટે તાત્પર્યથી પ્રવ્રજ્યાનું શુદ્ધ આરાધન કરનારા શ્રેષ્ઠ બને છે તેનું જ મહત્ત્વ છે અને તે આત્મકલ્યાણ સાધી લે છે.

**પ્રશ્ન–૫ : અહીં દિશાઓ કેટલી કહેલ છે અને તેમાં જીવોની ગતિ આદિના કથનમાં શું વિશેષતા છે ?**

**ઉત્તર–** ત્રણની સંખ્યાનું પ્રકરણ હોવાથી અહીં દિશાઓ ત્રણ કહેલ છે– (૧)

ઊંચી (૨) નીચી અને (૩) તિરછી દિશા. જીવની ગતિ આગતિ, આહાર, વૃદ્ધિ, સમુદ્ઘાત, વ્યુત્ક્રાંતિ આદિ ત્રણે દિશાઓમાં હોય છે; જીવાભિગમ અને અજીવાભિગમ વગેરે પણ જીવને ત્રણે ય દિશાઓથી થાય છે. આ સમુચ્ચય જીવના કથનની જેમ તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યમાં પણ ગમન આદિ સંપૂર્ણ કથન કરવું જોઈએ.

શેષ એકેન્દ્રિય વિકલેન્દ્રિય જીવ લોક નિષ્કૂંટોની અપેક્ષા લોકાંતમાં થઈ શકે છે, ત્યારે તેમાં ઉપરોક્ત ત્રણે ય દિશાઓમાં ગતિ, વ્યુત્ક્રાંતિ, સમુદ્ઘાત આદિ થતાં નથી. એક કે બે દિશા ઘટી જવાથી આ ત્રીજા સ્થાનમાં તેનું કથન નથી. તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્ય તિરછાલોકની મધ્યમાં જ હોય છે, તે લોકાંતે હોતા નથી. દેવ-દેવી કોઈ ક્યારે ય વૈક્રિય શક્તિથી લોકાંતમાં પહોંચી શકે છે. ત્યારે લોકાંતવાળી કોઈપણ દિશામાં અલોક હોવાથી તે દિશાથી પુદ્ગલ ગ્રહણ અને તે દિશામાં ગમન, સમુદ્ઘાત આદિ સંભવ થતાં નથી. તેથી દેવોને પણ ત્રણ દિશાના કથનમાં લીધેલ નથી. નારકીમાં ઊંચી દિશા શક્ય ન હોવાથી તેને પણ ત્રણ દિશાના કથનમાં લીધેલ નથી.

**પ્રશ્ન–૬ : સંસારના પ્રાણીઓને મુખ્યત્વે કઈ વાતનો ભય રહે છે ?**

**ઉત્તર–** સંક્ષેપમાં સમસ્ત પ્રાણીઓને દુઃખનો ભય થતો રહે છે. દુઃખ બધાને અપ્રિય હોય છે, બધા પ્રાણીઓ દુઃખથી દૂર રહેવા ઈચ્છે છે. તે દુઃખ શારીરિક, માનસિક આદિ અનેક પ્રકારના હોય છે. એ દુઃખોનું મૂળ કારણ કર્મ છે, જેને જીવ સ્વયં પ્રમાદથી ઉત્પન્ન કરે છે અને અપ્રમાદના આચરણથી દુઃખરૂપ કર્મોનું વેદન કરીને ક્ષય કરી દે છે. અહીં પ્રમાદમાં ૧૮ પાપસ્થાનના આચરણને તેમજ આશ્રવસ્થાનોને ગ્રહણ કરેલ છે અને અપ્રમાદમાં તપ, સંયમ આદિને ગ્રહણ કર્યા છે.

આ વિષયમાં અન્યતીર્થિકો એવું માને છે કે દુઃખ અકૃત અને અહેતુક હોય છે, જ્યારે ભગવાનનું કથન છે કે– સુખ-દુઃખ રૂપ કોઈ પણ કાર્ય અહેતુક અને અકારણ હોતું નથી. તે સહેતુક અને સકારણ હોય છે. અકારણ-અહેતુક કહેવું મિથ્યા છે અને તેવું માનનારા મિથ્યા દૃષ્ટિ છે. આત્મા સ્વયંકૃત, ઉપાર્જિત અને ક્રિયમાન કર્મોનો કર્તા છે અને સુખ-દુઃખ રૂપ ફળનો ભોક્તા પણ આત્મા છે. સંસારના સમસ્ત જીવ પોતપોતાના કરેલા કર્મોના ફળ ભોગવે છે.

**પ્રશ્ન–૭ : આ ઉદ્દેશકમાં અન્ય કયા-કયા વિષય દર્શાવેલ છે ?**

**ઉત્તર–** આ ઉદ્દેશકમાં અન્ય વિષય આ રીતે સંગ્રહિત છે–**(૧)** લોક ૯ પ્રકારે કહેલ છે–નામ, સ્થાપના, દ્રવ્યલોક; જ્ઞાન, દર્શન, ચારિત્રલોક; ઉર્ધ્વ, અધો,





તિરછા લોક. **(૨) સૂત્ર ૧૮,૧૯**માં પરિણામ, સંકલ્પ-વિકલ્પોની અપેક્ષા પુઢષોના અનેક પ્રકાર (૪૬×૯ = ૪૧૪) કહેલ છે. જેમાં તે ગમન આદિ ૪૬ (૪૪) કાર્ય કરીને કે ન કરીને સુમન, દુર્મન કે ઉભય રૂપ પરિણામ કરે છે. વળી તેના ત્રણ કાળની અપેક્ષા–કર્યું, કરે છે અને કરશે ઈત્યાદિ વિકલ્પથી ત્રણના જોડકાથી ૪૧૪ પુઢષ પ્રકાર કહ્યા છે. તે ૪૬ના સંબંધમાં મૂળગાથામાં સ્પષ્ટ ન હોવા છતાં પણ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું સેવન કરીને અને ન કરીને એમ બે ભેદ કરવાના હોય છે તથા અંતમાં ગર્હા અને પ્રશંસાના પણ કરવા, ન કરવા એમ બે-બે ભેદ કરવાથી કુલ ૪૬ બને છે.

**(૩)** વ્રત, મર્યાદા, શીલ, ગુણ રહિત અને પ્રત્યાખ્યાન પૌષધ આદિથી રહિત વ્યક્તિના આ ભવ, પર ભવ અને ભવોભવ બગડે છે. તે હીન-હીનતર અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. તેનાથી વિપરીત જે પોતાના જીવનને વ્રત-મર્યાદા, શીલ, ગુણ આદિથી સંપન્ન બનાવે છે; તેનો આ ભવ, પરભવ અને ભવોભવ સુધરી જાય છે, તે ઉચ્ચ-ઉચ્ચતર અવસ્થાઓને પ્રાપ્ત કરે છે.

**(૪)** આપણી પૃથ્વી જામેલા પાણી ઉપર રહેલી છે. તે પાણી સઘન વાયુ ઉપર રહેલ છે અને તે વાયુ આકાશના આધારે રહેલો છે. આ અનાદિ લોકસ્થિતિ સ્વાભાવિક છે. નયની અપેક્ષા નરકાવાસની સંસ્થિતિ આ પ્રકારે છે– નૈગમ, સંગ્રહ, વ્યવહાર નયની અપેક્ષા નરકાવાસ પૃથ્વી ઉપર રહેલા છે. ઋજુ સૂત્ર નયની અપેક્ષા નરકાવાસ આકાશમાં રહેલા છે. શબ્દાદિ ત્રણ નયોની અપેક્ષા નરકાવાસ આત્મપ્રતિષ્ઠિત–આત્મસ્વરૂપમાં રહેલા છે. ***॥ ઉદ્દેશક–૩ ॥*** સૂક્ષ્મ–તાત્ત્વિક દૃષ્ટિએ દરેક વસ્તુઓ પોતાના રૂપમાં આત્મપ્રતિષ્ઠિત હોય છે. સ્થૂલ દૃષ્ટિએ દરેક પદાર્થ આકાશમાં અવગાહિત હોય છે અને વ્યવહારથી બધી વસ્તુઓ પૃથ્વી આદિ પર સ્થિત હોય છે.

**(૫)** પરમાણુ પુદ્ગલ, એક સમય અને એક આકાશપ્રદેશ આ ત્રણનું છેદન, ભેદન કે વિભાગ થતાં નથી. તે અપ્રદેશી છે, અમધ્ય છે અને છદ્મસ્થોના ચક્ષુ, બુદ્ધિ કે તર્કથી અગ્રાહ્ય છે.

તેના સિવાય બોધિ, બુદ્ધ, મોહ, નિર્ગ્રંથભેદ, શૈક્ષભૂમિ, સ્થવિર, સંસારી જીવભેદ, સર્વ જીવભેદ, ત્રસ-સ્થાવરના ભેદ વગેરે અન્ય આગમોમાં વર્ણિત છે, તોપણ અહીં ત્રણ સંખ્યામાં સમાવિષ્ટ કરીને કહેવામાં આવેલ છે. તેની વિચારણા તે-તે સ્થળે કરાશે.

# સ્થાન-૩ : ઉદ્દેશક-૩

**પ્રશ્ન–૧ : આ ઉદ્દેશકમાં મુખ્ય કયા-કયા વિષયોનું કથન છે ?**

**ઉત્તર–** ત્રણની સંખ્યાથી સંબંધિત અનેક વિષયોનું આ ઉદ્દેશકમાં સંકલન છે. જેમ કે– આલોચના, સૂત્રધારણ, વસ્ત્ર-પાત્ર, આત્મરક્ષક, વિસંભોગ, પદવી, વૃષ્ટિ, દેવોનું આવવું કે ન આવવું, દેવોની આકાંક્ષા, દેવોનાં દુઃખ, વિમાન, તપસ્યામાં ધોવણપાણી, ઉણોદરી, લબ્ધિઓની પ્રાપ્તિ, રાજનીતિ, અવિનય, સત્સંગ આદિ, આવા અનેક વિષયોનું નિરૂપણ છે.

**પ્રશ્ન–૨ : આત્મદોષોની આલોચના કરવા કે ન કરવામાં વ્યક્તિઓનો શું હેતુ હોય છે ?**

**ઉત્તર–** કોઈ પણ વ્રત ધારણ કરનારા પ્રાયઃ એમ જાણતા જ હોય છે કે વ્રત નિયમનું બરાબર પાલન કરવાનું હોય છે અને જો કોઈપણ કારણે વ્રતમાં દોષ લાગી જાય તો તેના આલોચના પ્રાયશ્ચિત્ત કરવાના હોય છે. આ રીતે જાણવા છતાં પણ કેટલાક સાધક દોષની આલોચના-શુદ્ધિ કરતા નથી, તેનાં કારણ આ પ્રમાણે છે– (૧) મેં દોષ લગાડયો છે, લગાડું છું અને પછી પણ દોષ તો લાગશે જ, તો પછી આલોચના શું કરવી ? (૨) મારી અપકીર્તિ અવર્ણવાદ અને અવિનય થશે, આ ભયની કલ્પનાથી વ્યક્તિ આલોચના-શુદ્ધિ કરતો નથી. (૩) કીર્તિ-યશ અને પૂજા-સત્કાર જે છે તે ઘટી જશે, નષ્ટ થઈ જશે, આ કલ્પનાથી વ્યક્તિ આલોચના-શુદ્ધિ કરતો નથી. વાસ્તવમાં આ પ્રકારની માનસિક વૃત્તિ અને કલ્પના પોતાની અસરલતા અને ચારિત્ર મોહોદયનું પરિણામ છે.

કેટલાક સાધક દોષોની આલોચના-શુદ્ધિ કરી લે છે, તેઓની મનોદશા આ પ્રમાણે જ્ઞાનભાવિત હોય છે કે– (૧) આલોચના, શુદ્ધિ ન કરનારા કપટી સાધકોના આ લોક પરલોક અને ભવોભવ ગર્હિત-નિંદિત થાય છે અર્થાત્ બગડી જાય છે અને (૨) દોષોની આલોચના શુદ્ધિ કરનારના ભવોભવ સુધરી જાય છે. (૩) આલોચના કરનારાને જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને રત્નત્રયની શુદ્ધ આરાધના થાય છે. આવા જ્ઞાન ભાવિત સંકલ્પોથી, પવિત્ર મનોમાનસથી સાધક સદા સહર્ષ ભાવે દોષોની આલોચના શુદ્ધિ કરી લે છે. સૂત્રમાં દોષ સેવન કરનારા માટે **માયી** શબ્દ પ્રયોગ કરેલ છે. તોપણ આલોચના શુદ્ધિ કરી લેનારા સાધક ભગવતી સૂત્ર શતક–૩, ઉદ્દેશક–૪,૫ અનુસાર અમાયી કહેવાય છે.





**પ્રશ્ન–૩ : શ્રમણોને આગમોનું કંઠસ્થજ્ઞાન કેવા પ્રકારનું હોવું જોઈએ?**

**ઉત્તર–** શ્રમણ-શ્રમણી પોતપોતાના ક્ષયોપશમ અનુસાર તથા ગુઢ આજ્ઞા અનુસાર આગમશ્રુતના ધારક બને છે. ઘણા મૂલપાઠના ધારક સૂત્રધર હોય છે. સૂત્ર એ ભગવાનની વાણી–ગિરા છે. ગિરાને ધારણ કરનારા ગિરી કે ગીતી કહેવાય છે. અર્થને ધારણ કરનારા અર્થી કહેવાય છે અને ઉભયને ધારણ કરનારા ગીત+અર્થ = ગીતાર્થ કહેવાય છે. ગીતાર્થ અને બહુશ્રુત એક જ અર્થના બોધક છે. વાસ્તવમાં ધ્રુવમાર્ગે સૂત્ર, અર્થ અને ઉભયને ધારણ કરનારા ગીતાર્થ બહુશ્રુત સાધક જ આગમોક્ત બધી પદવીઓને ધારણ કરવા યોગ્ય બને છે, કહેવાય છે. તેના અભાવમાં નિઢપાય–પરિસ્થિતિવશ અર્થધારક પણ પદવીઓ ગ્રહણ કરી શકે છે.

**પ્રશ્ન–૪ : કર્મબંધ કે સંયમદોષથી આત્મસુરક્ષાના કયા ઉપાય છે ?**

**ઉત્તર–** (૧) સમૂહમાં રહેનારા સહવર્તી સાધુ સંયમનું યથાર્થ પાલન ન કરે કે ક્લેશ-કદાગ્રહ કરતા હોય તો તેઓને વિવેકપૂર્વક ધર્મબોધ દઈને સાવધાન કરવા, વાતાવરણને શાંત, પવિત્ર રાખવું (૨) ભૂલ કરનારા સમજવા, માનવાના સ્વભાવ કે સ્થિતિમાં જ ન હોય કે તેને સમજાવવાની પોતાની ક્ષમતા ન હોય તો મૌન ભાવપૂર્વક સ્વયંની સાધનામાં અત્યધિક લીન-એકાગ્ર બનાવાનો પ્રયત્ન કરવો. (૩) પોતાની શાંતિ એકાગ્રતા કાયમ રાખી શકવાની યોગ્યતા, પ્રકૃતિ, સાધના, અભ્યાસ ન હોય તો ત્યાંથી પોતાને અલગ કરી લેવા અર્થાત્ અન્યત્ર ચાલ્યા જવું. અન્યની સાથે વિહાર કરવો કે એકાંત-એકત્વનું સેવન કરવું. આ ક્રમિક આત્મસુરક્ષાના, આત્માને કર્મબંધથી અને સંયમને સંકલ્પ વિકલ્પોથી સુરક્ષિત રાખવાના ઉપાય છે.

**પ્રશ્ન–૫ : ગચ્છના શ્રમણોની સાથે આહાર સંબંધ વિચ્છેદ કરવામાં એટલે સંભોગનો વિસંભોગ કરવાના મુખ્ય કારણો કયા હોઈ શકે છે ?**

**ઉત્તર–** (૧) કોઈને મહાવ્રત આદિમાં મોટા દોષ લગાડતાં સ્વયં જોઈ લેવાથી કે (૨) પ્રમાણિક જાણકારી મળવાથી જો તે દોષિત શ્રમણ પોતાના દોષને છુપાવે, શુદ્ધ થવાની વૃત્તિ ન રાખે તો તેની સાથે આહાર સંબંધ વિચ્છેદ કરી શકાય છે. (૩) જો કોઈ શુદ્ધિ માટે પ્રેરણા કરવાથી કે અન્ય કોઈ કારણે ચોથીવાર જૂઠ-કપટનું સેવન કરે છે તો તેની સાથે પણ સંબંધ વિચ્છેદ કરી શકાય છે અને તેમ કરતા તેઓ જિનાજ્ઞાનું અતિક્રમણ કરનારા ગણાતા નથી.

**પ્રશ્ન–૬ : અલ્પવૃષ્ટિ કે અધિકવૃષ્ટિના કારણ શું બને છે ?**

**ઉત્તર–** (૧) સ્વાભાવિક રૂપે જે ક્ષેત્રમાં કે પ્રદેશમાં ઉદકયોનિક જીવોની

અને પુદ્‌ગલોની ઉત્પત્તિ, ચયોપચય વગેરે વધુ પ્રમાણમાં થાય તો અધિક વૃષ્ટિ થાય છે. (૨) ભવનપતિ, વ્યંતર કે વૈમાનિક દેવ અન્યત્ર રહેલા ઉદક પરિણત વરસાદને યોગ્ય પુદ્‌ગલોને ત્યાંથી સંહરિત કરીને લઈ આવે (૩) વરસાદ વરસવા યોગ્ય ઉદકપરિણત વાદળાઓને હવા વિખેરે નહીં તો અધિકવૃષ્ટિ-મહાવૃષ્ટિ થાય છે.

તેનાથી વિપરીત (૧) સ્વાભાવિક રૂપે જે ક્ષેત્ર કે પ્રદેશમાં ઉદક યોનિક જીવ અને પુદ્‌ગલોની ઉત્પત્તિ, ચય, ઉપચય આદિ ન થાય (૨) દેવતા ઉદક પરિણત વરસાદ યોગ્ય પુદ્‌ગલોને ત્યાંથી અન્ય દેશમાં સંહરણ કરી દે (૩) વરસવા યોગ્ય વાદળા રૂપમાં પરિણત પુદ્‌ગલોને હવા વિખેરી નાંખે તો અલ્પવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થાય છે. ત્રણની સંખ્યાનું કથન હોવાથી વૃષ્ટિ સંબંધી ૩–૩ કારણ કહેલા છે.

**પ્રશ્ન–૭ : દેવો મનુષ્ય લોકમાં કયા કારણે આવે છે અને કયા કારણે આવતા નથી ?**

**ઉત્તર–** દેવોની મનુષ્ય લોકમાં આવવાની ઈચ્છા હોવા છતાં પણ તેઓ ત્રણ કારણે આવી શકતા નથી. જેમ કે– (૧) તેઓ દિવ્ય સુખોમાં લીન, ગૃદ્ધ, આસક્ત થઈ જાય છે અને તેમને માનુષિક આકર્ષણ રહેતું નથી. જેથી તેઓ અહીં આવવાનો સંકલ્પ કે નિર્ણય કરતા નથી. (૨) તે દેવોને ત્યાંની આસક્તિના કારણે અહીંના લોકોનો પ્રેમસંબંધ નષ્ટ થઈને દિવ્ય પ્રેમમાં સંક્રાંત થઈ જાય છે. (૩) દિવ્ય સુખોમાં લીન થઈને કોઈ દેવ–હમણાં જાઉં છું, થોડીવાર પછી જાઉં છું એમ સંકલ્પ કરતાં કરતાં પણ અહીંના લોકોના આયુષ્ય પૂર્ણ થઈ જાય છે અને તેઓનું આવવાનું થતું નથી.

ત્રણ કારણે દેવો મનુષ્ય લોકમાં આવે છે– (૧) દિવ્ય સુખોમાં અનાસક્ત કોઈ દેવને એવો વિચાર થાય કે મનુષ્ય લોકમાં મારા ઉપકારી આચાર્ય આદિ ગુઢ ભગવંત છે, જેના પ્રભાવે મેં આ રિદ્ધિ પ્રાપ્ત કરી છે તો હું જાઉં અને તેને વંદન નમસ્કાર કરું, તેમની પર્યુપાસના કરું. (૨) કોઈ અનાસક્ત દેવને એમ સંકેત થાય કે મનુષ્ય લોકમાં વિશિષ્ટ જ્ઞાની, તપસ્વી તેમજ દુષ્કર સાધના કરનારા મહર્ષિ છે તો હું જાઉં અને એ ગુઢ ભગવંતોને વંદન નમસ્કાર કરીને તેમની પર્યુપાસના કરું. (૩) કોઈ અનાસક્ત દેવને એવા વિચાર થાય કે મનુષ્ય લોકમાં મારા માતા-પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર વગેરે છે તો હું જાઉં અને તેમને મારી દિવ્ય ઋદ્ધિ બતાવું. આ રીતે મનુષ્યલોકના આકર્ષણથી કોઈ દેવ અહીં આવી શકે છે.





તેના સિવાય ચોથા સ્થાનમાં એક-એક કારણ વધુ કહેલ છે. જેમ કે– (૧) મનુષ્યલોક સંબંધી ગંધ ૪૦૦–૫૦૦ યોજન ઊંચે સુધી ફેલાયેલી રહે છે. તે ગંધના કારણે પણ દેવો આવતા નથી. પ્રતિપક્ષમાં (૨) પોતાના પૂર્વ ભવના મિત્ર, ગુઢ, શિષ્યાદિની સાથે પ્રતિજ્ઞાબદ્ધ થયા હોય તો તેને પ્રતિબોધ દેવા માટે દેવ આવે છે. એના ઉપલક્ષણે કોઈના દ્વારા અત્યધિક સ્મરણ, જાપ-તપ યુક્ત ભક્તિ કરવાથી દેવને અંગસ્ફુરણ થવાથી પણ દેવ મનુષ્ય લોકમાં આવે છે અને મિત્ર, સ્નેહી કે ભકિતવાનનો ઉદ્દેશ્ય પૂર્ણ કરીને ચાલ્યા જાય છે. અહીં ત્રણની સંખ્યાના કારણે ત્રણ-ત્રણ કારણ કહેલા છે, ચોથા સ્થાનમાં એ ત્રણ સહિત એક-એક અધિક કહેલ છે. જેથી કુલ ૪–૪ કારણ આવવા, ન આવવાના અહીં દર્શાવેલ છે.

**પ્રશ્ન–૮ : દેવોને ચાહના, ખેદ, મરણ, ઉદ્વેગ શું શું હોય છે ?**

**ઉત્તર–** કેટલાક દેવોને એવી **ચાહના** હોય છે કે મને મનુષ્ય ભવ, આર્યક્ષેત્ર અને ઉત્તમ કુળની પ્રાપ્તિ થાય, જેનાથી હું યથાસમય સુસંગતિથી ધર્મબોધ પામીને આત્મઉત્થાન કરી શકું.

દેવોને એ **ખેદ-પશ્ચાતાપ** હોય છે કે (૧) મેં પૂર્વભવમાં શક્તિ હોવા છતાં તેમજ ક્ષેત્ર, સંયોગ અને આચાર્ય આદિનો સંયોગ મળવા છતાં પણ ઘણું જ્ઞાન, શ્રુતજ્ઞાન મેળવેલ નથી. (૨) મેં સાંસારિક સુખભોગોની આસક્તિમાં સમય ગુમાવીને દીર્ઘ સંયમ પર્યાયનું પાલન કરેલ નથી. (૩) મેં શાતા, સુખ તેમજ ઈન્દ્રિય વિષયોમાં ગૃદ્ધ થઈને ગ્રહણ કરેલા સંયમનું શુદ્ધ યથાર્થ પાલન કરેલ નથી. દેવતા પોતાના અવધિજ્ઞાનથી પૂર્વભવને જાણીને પોતાની ધર્મોત્થાન નહીં કરવાની ભૂલોનો ખેદ-પશ્ચાતાપ કરે છે.

જ્યારે દેવોને **મૃત્યુ**ના છ માસ બાકી હોય છે તે સમયે તેમને પ્રત્યક્ષ સમજવાના અમુક સંકેત થાય છે– (૧) તેમના રહેવાના વિમાન અને પહેરવાના આભૂષણોની કાંતિ-ચમક થોડી ઝાંખી દેખાવા લાગે છે. (૨) તેમના કલ્પવૃક્ષ મ્લાન થયેલાં દેખાય છે. (૩) પોતાના શરીરની કાંતિ પણ નિસ્તેજ દેખાવા લાગે છે. જેથી તેઓ અવધિજ્ઞાનમાં ઉપયોગ લગાવવાથી જાણી શકે છે કે મારું દેવભવનું આયુષ્ય હવે સમાપ્ત થનારું છે.

દેવોને પણ **ઘૃણા-ઉદ્‌વેગ** અને ઉદાસી જેવું થઈ જાય છે. તેના કારણો આ પ્રમાણે છે– (૧) અહો ! મને મળેલી આ દેવઋદ્ધિ છોડી, મરીને જવું પડશે. આ બધી ચિરપરિચિત અનુભૂત સુખસામગ્રી છૂટી જશે; એવી કલ્પના માત્રથી તેને અત્યંત મનોવેદના થાય છે. (૨) અહો ! મારે મનુષ્ય ગતિમાં કે

તિર્યંચ ગતિમાં જઈને સ્ત્રી-પુરુષના શુક્ર-શોણિત મિશ્રિત પુદ્ગલોનો આહાર ગ્રહણ કરવો પડશે. (૩) અહો ! મારે અશુચિના સ્થાનમાં ગર્ભાશયમાં કષ્ટમય ગર્ભાવાસ કરવો પડશે. આ પ્રકારના જ્ઞાનથી દેવ થોડો સમય અત્યંત શોક-પીડામય બની જાય છે.

દેવોનું અવધિજ્ઞાન જન્મથી મૃત્યુપર્યંત હોય જ છે, તેનાથી તેઓ ઉપયોગ મૂકીને ભૂત-ભવિષ્યને જાણી શકે છે અને ક્યારેક અંગસ્ફુરણથી કે પદાર્થોની, શરીરની કાંતિમાં ફેર જોઇને તે સંકેતથી વિચારમાં પડીને અવધિ જ્ઞાનમાં ઉપયોગ મૂકી જોવાનું સ્મરણ થાય છે. ઉપયોગ મૂકતાં તેઓ પોતાના અવધિજ્ઞાનની ક્ષમતા પ્રમાણે ક્ષેત્ર અને કાળ સંબંધી વિષયોને જાણી લે છે અને અવધિદર્શનથી જોઈ પણ શકે છે.

**પ્રશ્ન–૯ : દેવલોક અને તેના વિમાન કેવા પ્રકારના હોય છે ?**

**ઉત્તર–** જેમ આપણી પૃથ્વી અને આપણા નગર, મકાન એ બધા સ્વભાવથી જ કોઈ આધારે રહેલા છે, તેમજ દેવલોક અને દેવોના વિમાન પણ આધારથી રહેલા છે. જેમ આપણી આ પૃથ્વી, પાણી-વાયુ અને આકાશના આધારે રહેલી છે તેમજ પહેલા, બીજા દેવલોક ઘનોદધિ(ઘન-પાણી) ના આધારે રહેલા છે, ત્રીજા, ચોથા, પાંચમા દેવલોક ઘનવાત(ઘન હવા)ના આધારે રહેલા છે, છઠ્ઠા, સાતમા, આઠમા દેવલોક ઘનોદધિ-ઘનવાત ઉભય પ્રતિષ્ઠિત છે. આગળના દેવલોક આકાશ પ્રતિષ્ઠિત છે. આ બધા લોક સંસ્થિતિથી, સ્વભાવથી, અનાદિથી આ રીતે સ્થિત છે.

દેવલોકમાં દેવોના વિમાન(નગર) ત્રણ આકારના હોય છે– (૧) ગોળ (૨) ત્રિકોણ (૩) ચૌકોણ. ગોળ વિમાનોમાં ચારે તરફથી ગોળાકાર કોટ હોય છે અને તેમાં એક જ દ્વાર હોય છે. ત્રિકોણ વિમાનોમાં બે તરફ કોટ અને એક તરફ નાની પાળી હોય છે અને ત્રણે દિશાઓમાં એક-એક દ્વાર હોય છે. કુલ ત્રણ દ્વાર હોય છે. ચૌકોણ વિમાનમાં ચારે તરફ નાની પાળી હોય છે અને ચારે **દિશાઓમાં** એક-એક કુલ–૪ દ્વાર હોય છે.

દેવોનાં ત્રણ પ્રકારના વિમાન હોય છે– (૧) સ્થાયી રહેવા યોગ્ય નગર રૂપ વિમાન-ભવન (૨) તાત્કાલિક ક્યાંક જવા માટે વૈક્રિયથી બનાવાતાં વિમાન (૩) યાનવિમાન–એ મહાન રિદ્ધિ-સિદ્ધિ સહિત આવાગમન માટે ચર્મરત્નની જેમ સંકોચ વિસ્તાર સ્વભાવવાળા સ્થાયી શાશ્વત હોય છે. તે મનુષ્યોની સવારી ગાડી જેવા હોય છે.

**પ્રશ્ન–૧૦ : શું સાધુને તપસ્યામાં પણ ધોવણ પાણી લેવું કલ્પે છે ?**





**ઉત્તર–** આ શાસ્ત્રમાં અહીંયા તથા કલ્પસૂત્રના આઠમા અધ્યાયના મૂળપાઠમાં સ્પષ્ટ બતાવેલ છે કે તપસ્યામાં ધોવણપાણી લેવું અને પીવું કલ્પે છે. તે બંને શાસ્ત્રોમાં કુલ ૯ પ્રકારના ધોવણપાણીના નામ કહ્યા છે. તેથી કોઈપણ બહુમતે કે પરંપરાના નામે સાધુને ધોવણપાણી લેવાનું પાપમય બતાવીને નિષેધ કરે તો તે તેઓનું મન માન્યું શાસ્ત્ર વિપરીત બોલવું–પ્રરૂપણા કરવી કહેવાય. અહીં બતાવેલ ૯ પ્રકારના ધોવણપાણી આ રીતે છે– (૧) લોટના વાસણ ધોયેલું પાણી (૨) ઉકાળેલ કેર, મેથીદાણા, ભાજી આદિનું ધોયેલું પાણી (૩) ચોખા ધોયેલું પાણી (૪) તલ વગેરે ધોયેલ પાણી (૫) દાળ વગેરે ધોયેલ પાણી (૬) જવ, ઘઉં વગેરે ધોયેલ પાણી (૭) છાશની ઉપરનું પાણી અર્થાત્ છાશની પરાસ (૮) ગરમ પદાર્થોને પાણીમાં રાખીને કે બોળીને ઠંડા કર્યા હોય તેવું પાણી(સોવીરોદક) (૯) રાખ, લવિંગ વગેરેથી અચિત બનાવેલું પાણી(શુદ્ધોદક).

પ્રસ્તુતમાં ઉપવાસમાં પીવાના નામે ત્રણ, છઠમાં પીવાના નામે ત્રણ અને અટ્ઠમમાં પીવાના નામે ત્રણ ધોવણપાણી કહેલા છે, તોપણ તે ધોવણ પાણીનો પરસ્પર વિચાર કરવાથી એ સહજ સ્પષ્ટ થાય છે કે ત્રણની સંખ્યાના કારણે આ વિભાજન યુક્ત કથન છે. વાસ્તવમાં બધા પ્રકારના શુદ્ધ નિર્દોષ પાણી તપસ્યામાં કે તપસ્યા વગર સાધુ-સાધ્વીઓ ગ્રહણ કરી શકે છે.

આ ૯ નામ પણ ઉદાહરણ રૂપે છે. વાસ્તવમાં આચારાંગ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર કથિત વિવિધ પ્રકારના ધોવણપાણી શુદ્ધ નિર્દોષ હોવાની ગવેષણા કરીને સાધુ વિવેકપૂર્વક ગ્રહણ કરી શકે છે.

સૂત્ર સિદ્ધાંતોથી વિપરીત મનમાની પ્રરૂપણા કરવાનો અધિકાર કોઈને પણ હોતો નથી. પરંતુ ક્ષેત્ર-કાલ અનુસાર જ્યાં જ્યારે જેવી સુવિધા-સંયોગ હોય તે પ્રમાણે સાધુ-સાધ્વી નિર્દોષ ધોવણ પાણી કે ગરમ પાણી સંયમ શરીરની અનુકૂળતા પ્રમાણે ગ્રહણ કરી શકે છે. દોષ યુક્ત ગ્રહણ કરવાથી શાસ્ત્રાનુસાર તે-તે દોષનું પ્રાયશ્ચિત્ત આવે છે. પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધિ કરનારની આરાધના થઈ શકે છે પરંતુ તે દોષનું પ્રાયશ્ચિત્ત ન કરીને ઉલટું તેવી રીતે લેવાની પ્રશંસા કે પ્રરૂપણા કરે તો સંયમ વિરાધનાનું કારણ બને છે.

**પ્રશ્ન–૧૧ : સાધુને ઉપકરણ તો બહુ જ ઓછા રાખવાના હોય છે, તો પછી તેમાં ઉણોદરી કેવી રીતે કરવાની હોય છે ?**

**ઉત્તર–** સામાન્ય રીતે સાધુ-સાધ્વી રૂપ શ્રમણ સંઘમાં બાળ-વૃદ્ધ, સરોગ-નિરોગ અનેક પ્રકારના સાધક હોય છે. તે બધાની યોગ્યતાને નજર સમક્ષ

રાખીને ઉપકરણોની એક મધ્યમ સીમા શાસ્ત્રમાં બતાવેલ છે. તેટલા વસ્ત્ર-પાત્ર આદિ ઉપકરણ સામાન્ય રીતે સાધુ-સાધ્વી રાખી શકે છે. તેથી વિશેષ સાધક તપસ્યાના લક્ષે પોતાના મર્યાદિત તે વસ્ત્ર-પાત્રોની સંખ્યાને ઘટાડીને ઉણોદરી તપ કરી શકે છે. બીજી રીતે સાધુ પોતાની પાસે સેવા આદિ ઉદ્દેશથી મર્યાદિત ઉપકરણ રાખવા છતાં તેમાંથી ઓછા ઉપકરણનો ઉપયોગ કરીને પણ ઉણોદરી તપ કરી શકે છે. જેમ કે– આગમ ધારણા પરંપરા અનુસાર સાધુને ચાદર-કંબલ કુલ ત્રણ રાખવી કલ્પે છે. તોપણ કોઈ પોતાની ક્ષમતા વધારી એક જ ચાદર રાખે અને તેનાથી ઠંડી-ગરમીને સહન કરે. એ રીતે શરીરની સુવિધાના ઉપકરણોમાં ઉણોદરી તપ કરી શકાય છે.

સંયમ સાધનાના મુખ્ય ઉપકરણ બે છે– મુખવસ્ત્રિકા અને રજોહરણ. તેની ઉણોદરી કે ત્યાગ કરી શકાતો નથી. વસ્ત્ર પાત્રની ઉણોદરી કરવા સાધક ૧ વસ્ત્ર અને ૧ પાત્ર પણ રાખી શકે છે અને આગળ વધીને અચેલ તથા કરપાત્રી પણ બની શકે છે. આ બધું ઉપકરણ ઉણોદરી તપ કહેવાય છે. અહીં એ પણ કહ્યું છે કે કોઈ સાધુ એવો નિયમ કરે કે હું નવા વસ્ત્ર-પાત્ર ગ્રહણ નહીં કરું પરંતુ ગૃહસ્થોના ઉપયોગમાં આવેલા વસ્ત્ર-પાત્ર નિર્દોષ મળે તો ગ્રહણ કરીશ; તો તેને પણ ઉપકરણ સંબંધી ઉણોદરી કહેલ છે. આ રીતે સાધુને માટે મુખવસ્ત્રિકા અને રજોહરણ સિવાય કોઈ પણ ઉપકરણનો ત્યાગ કે સંકોચ કરવો સંભવ હોય છે. તેને રાખવા સંબંધી કોઈ પણ એકાંત આગ્રહ હોતો નથી કે 'અમુક કપડા કે કાંબળી સાધુએ રાખવાના જ હોય છે.' કારણ કે સાધુ ઉપકરણ સંબંધી યથેચ્છ ઉણોદરી કરીને શરીરથી પ્રતિકૂળતા સહન કરીને કર્મનિર્જરા, તપ કરી શકે છે અને એક સમય અચેલ પણ થઈ શકે છે.

**પ્રશ્ન–૧૨ : તેજોલબ્ધિ આદિ લબ્ધિઓ કેવી રીતે પ્રાપ્ત થાય છે ?**

**ઉત્તર–** સંયમ-તપનું નિષ્કામ પાલન કરવાથી અર્થાત્ માત્ર મોક્ષની સાધના માટે સંયમની સાથે વિકટ તપ કરવાથી સ્વતઃ અનેક લબ્ધિઓ થઈ જાય છે. પ્રસ્તુતમાં તેજોલબ્ધિની પ્રાપ્તિના ત્રણ પ્રકાર બતાવ્યા છે– (૧) ચૌવિહાર ત્યાગ યુક્ત વિકટ તપસ્યા કરવાથી (૨) ઠંડી-ગર્મીની આતાપના લેવાથી (૩) કષ્ટ-ઉપસર્ગ આદિ સંકટની ઘડીએ સમતા-શાંતિભાવમાં રમણ કરવાથી; તેજોલબ્ધિ ઉત્પન્ન થાય છે. ઉપલક્ષણથી ઉપરોક્ત ત્રણે ય આચરણના સ્વાભાવિક રૂપે નિરંતર દીર્ઘકાળ સુધી ચાલવાથી અનેક લબ્ધિઓ-સિદ્ધિઓ સ્વતઃ ઉપલબ્ધ થાય છે. ક્યારેક કોઈને અમુક લબ્ધિની પ્રાપ્તિના સંકલ્પપૂર્વક તેની સમસ્ત સાધના-વિધિનું પાલન કરવાથી પણ તે-તે લબ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. ભલે





તે વ્યક્તિ સંયમી હોય કે અસંયમી, મિથ્યાદષ્ટિ હોય તોપણ લબ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. જેમ કે– ગોશાલકે મિથ્યાત્વી હોવા છતાં પણ તપ, જપ, આતાપના વિધિના પાલનથી છ મહિનામાં તેજોલબ્ધિ પ્રાપ્ત કરી હતી. લબ્ધિઓ ૨૮ પ્રકારની હોય છે, તેનું વર્ણન અન્યત્ર કરવામાં આવશે. તેજોલબ્ધિથી વ્યક્તિ ઇચ્છિત ક્ષેત્રમાં ઇચ્છિત જીવ-અજીવ આદિ સમસ્ત પદાર્થોને બાળીને ભસ્મ કરી શકે છે. જેમ–ગોશાલક દ્વારા બે મુનિને ભસ્મ કરવા અને સુમંગલ અણગાર દ્વારા વિમલવાહન રાજાને(ગોશાલકના જીવને)રથ, ઘોડા, સારથિ સહિત ભસ્મ કરવામાં આવશે. ***॥ ભગવતીસૂત્ર શતક–૧૫ ॥***

**પ્રશ્ન–૧૩ : વ્યવસાય શબ્દ દ્વારા અહીં શું આશય પ્રગટ કર્યો છે ?**

**ઉત્તર–** વ્યવસાય શબ્દના અનેક અર્થોની અપેક્ષા અહીં ત્રણ-ત્રણની સંખ્યામાં વિવિધ નિરૂપણ છે–વ્યવસાયના અર્થ– વ્યવહાર, અનુષ્ઠાન, પ્રવૃત્તિ, પ્રમાણ, નિર્ણય, આદેશ, નિર્દેશ, વચન વગેરે. યથા– (૧) ધાર્મિક, અધાર્મિક તેમજ ઉભય વ્યવહાર (૨) પ્રત્યક્ષજ્ઞાન નિમિત્તક, ઇન્દ્રિય નિમિત્તક અને અનુમાન નિમિત્તક નિર્ણય કે વ્યવહાર (૩) ઇહલૌકિક, પારલૌકિક તેમજ ઉભયલૌકિક દષ્ટિએ વ્યવહાર નિર્ણય (૪) લૌકિક પરંપરા, વૈદિક માન્યતા તેમજ સ્વસિદ્ધાંત સંબંધી વ્યવહાર. **૧.**લૌકિકમાં– અર્થ, ધર્મ અને કામ સંબંધી વ્યવહાર. **૨.** વૈદિકમાં– ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ સંબંધી વિધાન. **૩.** સ્વસિદ્ધાંતમાં– જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી આચાર વ્યવહાર. આ પ્રકારે પ્રવર્તન, વ્યવહાર, નિર્ણય આદિ કરવામાં આવે છે. અહીં તેને ત્રણ-ત્રણની સંખ્યાએ વ્યવસાય કે વ્યવહાર અર્થમાં કહેલ છે.

**પ્રશ્ન–૧૪ : અક્રિયા, અવિનય તથા અજ્ઞાન મિથ્યાત્વના વિષયમાં અહીં શું સમજાવેલ છે ?**

**ઉત્તર–** જિનેશ્વરોના વચનથી કે સિદ્ધાંતોથી વિપરીત સમજને **મિથ્યાત્વ** કહેવાય છે. મોક્ષ સાધનાથી વિપરીત કે બાહ્ય પ્રવૃત્તિ તે **મિથ્યા પ્રવૃત્તિ** છે. ૨૫ મિથ્યાત્વમાં પ્રશ્નોક્ત ત્રણે ય મિથ્યાત્વનું સંકલન કરવામાં આવેલ છે. અહીં માત્ર આ ત્રણ મિથ્યાત્વનું જ સ્પષ્ટીકરણ કર્યું છે. અન્ય ૨૨ મિથ્યાત્વનું વર્ણન યથાપ્રસંગ અન્યત્ર આવશે. અક્રિયા–કુત્સિત ક્રિયા, અજ્ઞાન–કુત્સિત જ્ઞાન. અથવા ક્રિયા, જ્ઞાન અને વિનયનો નિષેધ–અસ્વીકાર; એવો અર્થ પણ કરી શકાય છે.

**અક્રિયા મિથ્યાત્વ–**(૧) મન, વચન, કાયાનું મોક્ષને અયોગ્ય આચરણ; આ **પ્રયોગ અક્રિયા મિથ્યાત્વ** છે. (૨) ત્રણે યોગ પ્રવૃત્તિથી કર્મોનું આદાન; આ

**સમુદાન અક્રિયા મિથ્યાત્વ** છે. (૩) ત્રણ અજ્ઞાન દ્વારા કરવામાં આવતું પ્રવર્તન; તે **અજ્ઞાન અક્રિયા મિથ્યાત્વ** છે. આ અક્રિયા મિથ્યાત્વનું વિસ્તૃત કથન છે.

**અવિનય મિથ્યાત્વ–** સંઘ-સમૂહ-સામુહિકતા-ગુઢકુલવાસની અપેક્ષા અવિનય પ્રવૃત્તિને અહીં અવિનય મિથ્યાત્વ કહેલ છે. (૧) સમૂહ–ગુઢ સાંનિધ્યમાં રહેતાં અન્ય સ્થાને કે ક્ષેત્રે ચાલ્યા જવું– આ દેશત્યાગ અવિનય પ્રવૃત્તિરૂપ મિથ્યાત્વ છે. (૨) સમૂહ–સંઘનો પૂર્ણ ત્યાગ કરી દેવો તે નિરાલંબનતા અવિનય પ્રવૃત્તિરૂપ મિથ્યાત્વ છે. (૩) સંઘથી અલગ થઈ ગયા પછી વિવિધ પ્રકારે રાગદ્વેષ ફેલાવવો, નિંદા કરવી એ ત્રીજા પ્રકારનું અવિનય પ્રવૃત્તિરૂપ મિથ્યાત્વ છે.

**અજ્ઞાન મિથ્યાત્વ–** (૧) જાણવા યોગ્ય વસ્તુના એક અંશને ન જાણવો. (૨) સર્વથા એ પદાર્થને જ ન જાણવો. (૩) તે પદાર્થની વિભિન્ન પર્યાયોને ન જાણવી. આ જ્ઞાનના અભાવ રૂપ કે અસ્વીકાર રૂપ અજ્ઞાન મિથ્યાત્વ છે.

**સંક્ષેપમાં–** (૧) ક્રિયાનો અસ્વીકાર તથા મોક્ષ વિપરીત ક્રિયા (૨) વિનયનો અસ્વીકાર તેમજ જિનશાસન કે ગુઢકુલ સંબંધી વિનય વિપરીત આચરણ (૩) જ્ઞાનનો અસ્વીકાર તેમજ અજ્ઞાન અવસ્થા. એ ત્રણેય ક્રમશઃ અક્રિયા, અવિનય તેમજ અજ્ઞાન મિથ્યાત્વ સ્વરૂપ છે.

**પ્રશ્ન–૧૫ : અહીં અન્ય પણ કયા કયા વિષયોનું સંક્ષિપ્ત સૂચન છે ?**

**ઉત્તર–** આ ઉદ્દેશકમાં ત્રણની સંખ્યામાં અન્ય અનેક વિષય આ પ્રમાણે છે– **(૧)** સાધુ-સાધ્વીને ઊનના, સુતરના અને શણના વસ્ત્ર લેવા કલ્પે છે. **(૨)** સાધુ-સાધ્વીને વસ્ત્ર રાખવાના ત્રણ ઉદ્દેશ્ય હોય છે–૧. લજ્જા નિવારણ માટે ૨. બીજાની ઘૃણા-નફરત નિવારવા માટે ૩. શરીરની ગરમી-ઠંડી આદિથી સુરક્ષા માટે અર્થાત્ પરીષહ નિવારણ માટે. **(૩)** સાધુ-સાધ્વીને લાકડા, તુંબા અને માટી એ ત્રણ પ્રકારના પાત્ર રાખવા કલ્પે છે. આચારાંગમાં ૬ પ્રકારના વસ્ત્ર અને બૃહત્કલ્પ સૂત્રમાં પાંચ પ્રકારના વસ્ત્ર રાખવાનું કહેલ છે. અહીં ત્રણની સંખ્યાની અપેક્ષા અન્યનો સમાવેશ તેમાં જ કરી દીધેલ છે તથા તે ત્રણ મળે તો તેને પ્રાથમિકતા દેવી એવો અર્થ પણ ફલિત થાય છે. પાત્રને માટે અનેક શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના પાત્ર જ કહેલ છે. કોઈ પણ વિકલ્પે ચોથી જાતના પાત્ર ક્યાંય પણ કહેલ નથી.

**(૪)** સમૂહમાં રહેનારા શ્રમણને ત્રણની અનુજ્ઞા-સમનુજ્ઞા અર્થાત્ નેતૃત્વમાં, આજ્ઞામાં રહેવાનું હોય છે– આચાર્ય, ઉપાધ્યાય અને ગણિ. સંઘમાં સંઘાડા પ્રમુખને તેમજ કેટલાક સાધુ સમુદાયની પ્રમુખતા કરીને વિચરણ કરનારને





ગણિ કે ગણધર કહેવાય છે. આ અપેક્ષાથી ગણિ, ગણધારક, સંઘાડાપતિ, ગણધર એ એક જ તાત્પર્યાર્થવાળા શબ્દ છે. ઉપરોક્ત આચાર્યાદિ ત્રણેયની વિશિષ્ટ પ્રયોજન માટે અલ્પકાલીન અનુજ્ઞા–નેતૃત્વ સ્વીકારવું **ઉપસંપદા** કહેવાય છે. જે પ્રયોજન પુરૂં થતાં છોડી શકાય છે, તે છોડવાને **વિપ્પજ્જહણા** કહે છે, તે પણ ત્રણ પ્રકારની કહેલ છે. અહીં ત્રણની સંખ્યાનું પ્રકરણ હોવાથી અને ત્રણ પદવી જ ગચ્છમાં આવશ્યક અને મુખ્ય હોવાથી ત્રણ પદવીનું જ કથન છે. **(૫)** અપેક્ષાથી વચન અને મનના ત્રણ+ત્રણ = કુલ ૬–૬ પ્રકાર કહેલા છે– ૧. પદાર્થના યથાર્થ સ્વરૂપને કહેવાવાળા **તદ્દવચન** ૨. યથાર્થ સ્વરૂપ ન કહેનાર **નોતદ્દવચન** ૩. વિવક્ષિત વસ્તુમાં અન્ય વસ્તુનું કથન કરવું **તદન્ય વચન** ૪. વિવક્ષિત વસ્તુનું તથા અન્ય વસ્તુનું કથન પણ ન કરવું એટલે કે લક્ષ્ય હીન ઉટપટાંગ કથન **નોતદન્ય વચન** ૫. વચનનો સર્વથા અભાવ પણ ન હોય તે **નોઅવચન** ૬. વચન નિવૃત્તિ–**અવચન**. આ જ રીતે મનના ૬ વિકલ્પ કહેલ છે. **(૬)** ત્રણની સંખ્યાને આધાર કરીને ત્રણ સુગતિ, ત્રણ દુર્ગતિ, ત્રણ દુર્ગતિવાન અને ત્રણ સુગતિવાન કહેલ છે. ચોથા સ્થાનમાં આગળ તેને જ ચારની સંખ્યાથી કહેલ છે. અહીં ત્રણ દુર્ગતિમાં દેવ લીધેલ નથી અને ત્રણ સુગતિમાં મનુષ્ય–દેવ અને સિદ્ધ લીધેલ છે. **(૭)** ભિક્ષુને અપાતા ખાદ્યપદાર્થ ત્રણ પ્રકારના હોય છે– ૧. સંસ્કારિત– સ્વાદુભોજન ૨. અસંસ્કારિત–રૂક્ષ–દાળિયા,મમરા, ખાખરા આદિ ૩. સલેપ(ઢીલા) પદાર્થ– ખીચડી, રાબડી વગેરે. સામે દેખાતા ખાદ્યપદાર્થ ત્રણ અવસ્થામાં હોય છે– **૧.** મુખ્ય વાસણમાંથી કાઢતા હોય તેવા, **૨.** ક્યાંક લઈ જવાતા હોય તેવા, **૩.** અન્ય વાસણમાં નાંખતા હોય કે પીરસતા હોય. **(૮)** કંદન, વિલાપ, આર્તધ્યાન એ ત્રણે ય સાધુને માટે અયોગ્ય, અકૃત્ય છે; અહિતકારી-અકલ્યાણકારી છે. એ ત્રણેયથી મુક્ત રહેવું, પ્રસંગ આવવા છતાં એવું ન કરવું; તે જ શ્રમણોચિત છે તેમજ સંયમમાં હિતાવહ કલ્યાણકારી છે; મોક્ષ આરાધનાનો રસ્તો છે. **(૯)** પરિણમનની અપેક્ષા પુદ્ગલ ત્રણ પ્રકારના હોય છે– ૧. જીવથી ગ્રહિત, જીવના પ્રયોગથી યુક્ત પુદ્ગલ–**પ્રયોગ પરિણત** કહેવાય છે. જેમ કે– ઔદારિક શરીર વગેરે. ૨. જીવથી ત્યક્ત પુદ્ગલ જ્યાં સુધી અન્ય જીવ ગ્રહણ ન કરે કે સ્વાભાવિક પૂર્વ અવસ્થા, વિશ્રસા અવસ્થામાં ન આવી જાય ત્યાં સુધી **મિશ્ર પરિણત** છે. ૩. જીવના પ્રયોગ વિના સ્વાભાવિક પુદ્ગલ જોડાય કે વિખેરાય તે **વિશ્રસા પરિણત** છે. જેમ કે–વાદળા, ઈન્દ્રધનુષ તેમજ દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી સ્કંધ સુધી સ્વતઃ બનવું, છૂટા પડવું; તે બધા વિશ્રસા પરિણત કહેલ છે.

**(૧૦)** ધર્મના ત્રણ પ્રકાર– શ્રુતધર્મ, ચારિત્રધર્મ અને અસ્તિકાયધર્મ સ્વભાવ. અહીં બે ભેદ મોક્ષ સાધક ધર્મના અને ત્રીજા ભેદમાં પદાર્થોના સ્વભાવ રૂપ ધર્મની અપેક્ષા કથન છે. **(૧૧)** ત્રણ પ્રકારના **ઉપક્રમ** અર્થાત્ પ્રયાસ–પ્રયત્ન થાય છે, જેમ કે– ધાર્મિક, અધાર્મિક અને મિશ્ર. તેમાં સંયમ, અસંયમ અને સંયમાસંયમને સમજી શકાય છે અથવા સ્વહેતુક, પરહેતુક તેમજ ઉભયહેતુક ઉપક્રમ–પ્રયત્ન પણ થાય છે. તે જ રીતે સ્વ-પર-ઉભયની સેવા, અનુગ્રહ–ઉપકાર અને અનુશાસન તથા ઉપાલંભ એ બધા ત્રણ-ત્રણ પ્રકારના હોય છે. સ્વ વૈયાવૃત્ય શરીર સંબંધી, સ્વ અનુગ્રહ આત્મહિત સંબંધી, સ્વ અનુશાસન મનના સંરક્ષણ રૂપ હોય છે અને સ્વ ઉપાલંભ સ્વદોષ દર્શન, આત્મનિંદા રૂપ, ધિક્કાર દેવા રૂપ થાય છે. **(૧૨)** કથા–વિચારણા ત્રણ પ્રકારે કહેલ છે– ધર્મ આચરણ સંબંધી, અર્થોપાર્જન સંબંધી અને ઈન્દ્રિય વિષયોના ભોગ સંબંધી. તે જ રીતે નિર્ણય, જીવન લક્ષ્ય, વિનિશ્ચય પણ ત્રણ-ત્રણ પ્રકારના છે– જીવનને ધર્મ સાધનામાં લગાવવું, અર્થોપાર્જનના લક્ષ્ય યુક્ત પુરુષાર્થ, સુખભોગમય જીવન. આ રીતે માનવજીવનની ત્રણ લક્ષિત દિશાઓ છે.

આ વિષયો સિવાય ઘણાં વિષય ત્રણની સંખ્યાના અહીં સંગ્રહિત છે. જેની વિચારણા અન્ય શાસ્ત્રોમાં યથાસ્થાને કરવામાં આવશે. જેમ કે– ગ્લાનની ઔષધ દત્તી, ત્રણ દષ્ટિ, ત્રણ શલ્ય, ભિક્ષુપડિમા, કર્મભૂમિ સંખ્યા, રાજનીતિ–અર્થયોનિ, શ્રમણ-માહણની પર્યુપાસના વગેરે.

# સ્થાન–૩ : ઉદ્દેશક–૪

**પ્રશ્ન–૧ : આ ઉદ્દેશકમાં મુખ્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** આમાં ત્રણની સંખ્યાના આધારે મુખ્ય વિષય આ પ્રમાણે વર્ણવેલા છે– સંયમના ઉપઘાત અને વિશોધિ, જ્ઞાનાદિમાં અતિક્રમ આદિ અને તેની શુદ્ધિ, ક્ષેત્ર, પર્વત, નદી, ભૂમિકંપ, કિલ્વિષી દેવ, દેવપરિષદની સ્થિતિ, પ્રાયશ્ચિત્ત, દીક્ષા, અધ્યયન, અનેકવિધ પ્રત્યનીક, અંગોપાંગ, મનોરથ, પુદ્ગલ, પ્રતિઘાત, ચક્ષુ, અવધિજ્ઞાન, ઋદ્ધિ, જિન-કેવળી, લેશ્યા, મરણ, સ્થિર-અસ્થિર ચિત્તના નુકસાન-લાભ, વિગ્રહ ગતિ, વલય, તીર્થંકર, ગ્રૈવેયક વગેરે વિષયોનું નિરૂપણ છે.

**પ્રશ્ન–૨ : સંયમમાં એષણા સમિતિનું મહત્ત્વ અહીં કેવી રીતે બતાવેલ છે?**

**ઉત્તર–** અહીં એષણા સંબંધી દોષોના સેવનને સંયમનો ઉપઘાત–વિરાધના, 





વિનાશ કરનાર તેમજ તે દોષોનું સેવન ન કરવાને સંયમની વિશોધિ–આરાધના કહેલ છે. આમ તો પાંચે ય સમિતિઓ સંયમમાં મહત્ત્વપૂર્ણ છે. તેમ છતાં એષણા સમિતિનો વિષય જીવનની અનેક આવશ્યકતાઓની પૂર્તિ નિષ્પાપ વૃત્તિથી કરવાનો છે. તેના નિયમોપનિયમ પણ અનેક પ્રકારે છે– (૧) તેમાં ગૃહસ્થના ભાવોની, અનુરાગ અને વિવેક-અવિવેકની સૂક્ષ્મતમ વિચારણા થાય છે, તે **ઉદ્ગમના** દોષોની ગવેષણારૂપ છે. (૨) સાધુની માનસિકતા દૂષિત થઈને આહારની લાલસામાં કર્તવ્ય ચ્યુત ન થવાય તેની પણ એષણા સમિતિમાં વિચારણા થાય છે, આ **ઉત્પાદના** દોષોથી સુરક્ષારૂપ છે. (૩) ગ્રહણ કરવાના પદાર્થ અને દાતાની વર્તમાન સ્થિતિ, પ્રવૃત્તિ વિરાધનામય છે કે કેવી છે ? તેનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવું, તે **ગ્રહણ એષણા** છે. અહીં ત્રણની સંખ્યાના લક્ષે આહારાદિની ગવેષણા સંબંધી ઉદ્ગમના ૧૬ દોષોનો, ઉત્પાદનાના ૧૬ દોષોનો તથા ગ્રહણેષણા સંબંધી ૧૦ દોષોનો; એમ કુલ ૪૨ દોષોનો સંકેત છે.

આ દોષોનું સ્વરૂપ સમજીને જિનાજ્ઞાનુસાર તે દોષોથી રહિત આહાર, પાણી, મકાન, વસ્ત્ર, પાત્ર આદિની ગવેષણાનું પૂર્ણ લક્ષ રાખનારા સાધક પોતાના સંયમને વિશુદ્ધ બનાવે છે. લક્ષને ગૌણ કરીને જે આ ત્રણે ય પ્રકારના દોષોની પૂર્ણ વિશુદ્ધિનું ધ્યાન રાખ્યા વગર જેમ તેમ આહાર આદિ પ્રાપ્ત કરી લે છે, તેના સંયમનો વિઘાત, નુકશાન કે વિરાધનાનો માર્ગ ખુલી જાય છે અને તે સાધક ક્રમશઃ સંયમ વિરાધનાનો પથિક બનીને એક દિવસ સંયમનો વિનાશ કરનાર બની શકે છે. તેથી પ્રત્યેક સાધકે જીવનના ડગલે-પગલે ઉપયોગી એવી આ એષણા સમિતિના સમસ્ત નિયમોનું રુચિ તેમજ નિષ્ઠાપૂર્વક આરાધન કરવું જોઈએ. ત્યારે તે સંયમ વિરાધનાથી બચીને સંયમની ઉચ્ચ-ઉચ્ચતમ વિશોધિ રૂપ આરાધનાને પ્રાપ્ત કરી શકે છે. ૪૨ દોષોની વિસ્તૃત ચર્ચા-વિચારણા અન્ય આગમમાં કરવામાં આવશે.

**પ્રશ્ન–૩ : અતિક્રમ આદિ દોષ અને તેની શુદ્ધિના વિષયમાં શું સમજવું ?**

**ઉત્તર–** પ્રસ્તુતમાં ત્રણ સંખ્યાનું પ્રકરણ હોવાથી જ્ઞાન, દર્શન, ચારિત્ર આ ત્રણ સંબંધી અતિચાર આદિનું કથન છે. જ્ઞાન, દર્શન, ચારિત્રના અનેક નિયમ ઉપનિયમ હોય છે. તે પ્રત્યેક નિયમની સ્ખલનામાં અતિક્રમ આદિ દોષ સંભવે છે. અતિક્રમ આદિ દોષ અવસ્થાના ચાર પ્રકાર છે– (૧) અતિક્રમ–નિયમ વિપરીત આચરણનો મનમાં સંકલ્પ. (૨) વ્યતિક્રમ–દોષ સેવનના પ્રયાસ–પ્રારંભની પૂર્વ તૈયારી, વચન અને કાયાથી. (૩) અતિચાર–દોષાભિમુખ પ્રવૃત્તિ, એક દેશથી દોષ સેવન કે ભૂલ અજાણતાં દોષ સેવન. (૪) અનાચાર–મન, વચન, કાયાથી નિયમ વિપરીત આચરણની પૂર્ણતા. નાના મોટા પ્રત્યેક

નિયમ સંબંધી વિવિધતાના કારણે તેના અતિચાર આદિની સામાન્ય વિશેષ અનેક અવસ્થાઓ હોય શકે છે, તેને આ કહેલા સંક્ષિપ્ત અર્થથી વિભાજિત કરીને સમજવા–સમજાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સંયમના નિયમોમાં લાગેલા આ અતિચારોની શુદ્ધિ પણ આલોચના પ્રતિક્રમણ વગેરેથી કરી લેવી જોઈએ. તત્સંબંધી અહીં આવતા શબ્દોના અર્થ આ પ્રમાણે છે– **આલોચના**–અવલોકન, દોષોનું નિરીક્ષણ, સ્વદોષ દર્શન અથવા દોષનું પ્રગટીકરણ. **પ્રતિક્રમણ**–ભૂલ સ્વીકાર, મિચ્છામિ દુક્કડં દેવું. **નિંદેજ્જા**–દોષ પ્રત્યે ખેદ હોવો. **ગહરેજ્જા**–ગુરુ આદિ સમક્ષ પશ્ચાતાપ યુક્ત, ખેદયુક્ત પ્રગટીકરણ. **વિઉટેજ્જા**–દોષોથી અલગ થવું, છોડવું. **વિસોહેજ્જા**–પૂર્ણ રૂપે દોષમુક્ત થવું. **અકરણયાએ અબ્ભુટ્ઠેજ્જા**–આગળ ભવિષ્યમાં ન કરવાનો સંકલ્પ, માનસિકતા દઢ કરવી અને એટલી વિશુદ્ધ ભૂમિકા પછી અંતમાં યથાયોગ્ય તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારવું.

અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર સુધીના માટે તપરૂપ પ્રાયશ્ચિત્તની આવશ્યકતા હોતી નથી. તેની શુદ્ધિ આલોચના, પ્રતિક્રમણ, નિંદા–ગર્હાથી જ પૂર્ણ થઈ જાય છે. અનાચાર સુધીના દોષોને માટે યથાયોગ્ય તપરૂપ પ્રાયશ્ચિત્ત ગુરુ આદિ દ્વારા દેવામાં આવે છે અને તે સ્વીકાર કરવામાં આવે છે. આ રીતે અહીં જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણેયના અતિક્રમાદિ અને તેની શુદ્ધિ સંબંધી નિરૂપણ કરેલ છે. નિર્દોષ અને આગમોક્ત અપવાદ પરિસ્થિતિના આચરણની માત્ર આલોચનાથી શુદ્ધિ થાય છે. જેમ કે– આહારને માટે ગુરુ આજ્ઞાથી ગયેલા ભિક્ષુ સંયોગવશાત્ વસ્ત્ર-પાત્ર આગમ વિધિએ વિવેકપૂર્વક લાવે કે ગોચરીમાં ક્યાંક લઘુનીત, વડીનીત પરઠવાનો પ્રસંગ કારણવશ થાય તો તેની આલોચના માત્ર થાય છે. અતિચારોને માટે અને અનાયાસ જીવ વિરાધના થઈ જાય તેના માટે આલોચના અને મિચ્છામિ દુક્કડં રૂપ પ્રતિક્રમણ એમ ઉભયથી શુદ્ધિ થઈ જાય છે.

### પ્રશ્ન–૪ : ભૂમિકંપ-ભૂકંપ શા માટે અને કેવી રીતે થાય છે ?

**ઉત્તર**– જે પૃથ્વી ઉપર ચરાચર જગત્જીવ નિવાસ કરે છે તે આપણી આધાર-ભૂત પૃથ્વીમાં કંપન થાય તેને ભૂકંપ કહે છે. તે ભૂકંપ બે પ્રકારે કહેલ છે– (૧) ચરાચર પ્રાણીયુક્ત આ જગત્પૃથ્વીના કોઈ એક કે અનેક વિભાગોમાં કંપન થાય તે એક દેશ ભૂકંપ છે. (૨) સમસ્ત જ્ઞાત દુનિયામાં અર્થાત્ સંપૂર્ણ વિશ્વમાં એક સાથે કંપન થાય એ સર્વભૂકંપ કહેવાય છે. ત્રણની સંખ્યાનું પ્રકરણ હોવાથી બંને પ્રકારના ભૂકંપના ત્રણ-ત્રણ કારણ અહીં દર્શાવેલ છે.





**દેશ ભૂકંપના ત્રણ કારણો (૧) પુદ્ગલ પરિણમન સંબંધી**– આપણી આ પૃથ્વી રત્નપ્રભા પૃથ્વી છે. **અહે રયણપ્પભા** નો અર્થ છે– રત્નપ્રભા પૃથ્વીમાં. શાસ્ત્રોમાં **અહે** શબ્દ અનેક જગ્યાએ 'માં' અર્થરૂપમાં પ્રયુક્ત થાય છે. જેમ કે– **અહે આરામંસિ વા**– બગીચામાં. તેથી આ રત્નપ્રભા નામની આપણી પૃથ્વીમાં સ્વાભાવિક પુદ્ગલ પરિણમનમાં વિશાળ પુદ્ગલ સ્કંધ ક્ષીણ થઈ જવાથી, નષ્ટ થઈ જવાથી ત્યાં ભૂમિની અંદર પોલાણ થઈ જવાથી ઉથલ-પાથલ થાય છે, તેની અસર પૃથ્વીના ઉપરના ભાગમાં રહેલા ગામ, નગર, વન આદિમાં દેખાય છે.

**(૨) તિર્યંચ સંબંધી**– અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયમાં મહોરગ નામના ઉરપરિસર્પ વિશાલકાયમાં અનેક યોજનના પણ હોય છે. તે જન્મ ધારણ કરી અંતર્મુહૂર્તમાં જ મૃત્યુ પામે છે. ત્યારે તેના શરીરના પુદ્ગલ તત્કાલ ક્ષીણ થઈ જાય છે. જેનાથી ભૂમિમાં પોલાણ થાય છે. ઉપર રહેલી પૃથ્વીનું વજન તે પોલાણવાળી ભૂમિ પર આવે છે. જેથી તે ક્ષેત્રમાં ઉથલપાથલ થાય છે. આ રીતે તિર્યંચ ઉરપરિસર્પના ક્ષણિક જન્મ, મૃત્યુ અને વિનાશના નિમિત્તે આપણને ભૂમિ-કંપનો અનુભવ થાય છે.

**(૩) દેવ સંબંધી**– નવનિકાયના દેવ અસુરકુમાર જાતિના દેવ છે. તે પરસ્પર કોઈ નિમિત્તે પૃથ્વી પર રણભૂમિ બનાવી સંગ્રામ કરે અને સંગ્રામમાં વારંવાર ભૂમિ ઉપર પ્રહાર કરે તોપણ એક દેશથી પૃથ્વીનું કંપન થાય છે. આ રીતે દેવ નિમિત્તક દેશભૂકંપ થાય છે.

**સર્વ ભૂકંપના ત્રણ કારણ**–(૧) જેવી રીતે પાતાળ કળશમાં વાયુ ક્ષુભિત થવાથી લવણ સમુદ્રમાં પાણી ઊંચે ઉછળે છે, તેવી જ રીતે રત્નપ્રભા પૃથ્વીની નીચે રહેલ ઘનવાત ક્ષુભિત થતાં તેની અસર ક્રમશઃ ઘનોદધિમાં અને પછી પૃથ્વીમાં આવે છે, જેનાથી સંપૂર્ણ રત્નપ્રભા પૃથ્વી કંપિત થાય છે, તેનાથી સંપૂર્ણ વિશ્વમાં એક સાથે ભૂકંપ આવે છે. (૨) મહર્દ્ધિક દેવ(ચમરેન્દ્ર જેવા) જો પોતાની ઋદ્ધિ શક્તિ કોઈ શ્રમણ-માહણને દેખાડે, તેમાં તે પૃથ્વી પર પ્રહાર આદિ કરે તો સંપૂર્ણ પૃથ્વીમાં કંપન થાય છે અને સર્વભૂકંપ થાય છે. (૩) આપણી પૃથ્વી ઉપર અસુરકુમાર દેવો કે દેવેન્દ્રોને અને વૈમાનિક દેવો કે ઈન્દ્રોને પરસ્પર યુદ્ધ થઈ જાય, જેમાં તેમના પગના પ્રહાર આદિથી આપણી પૃથ્વીમાં સર્વકંપન થાય છે, ત્યારે સર્વવ્યાપી અર્થાત્ સમસ્ત ભૂમંડલ પર એક સાથે ભૂકંપ થાય છે. દેવોમાં પરસ્પર ક્યારેક વિશાળ યુદ્ધ થાય તો તે તિરછા લોકમાં અઢી દ્વીપની બહારની ભૂમિ ઉપર થાય છે.

આ જગ્યાએ દેશ ભૂકંપના કારણોમાં 'મહોરગ' શબ્દની સાથે **દેવ** શબ્દ નથી તોપણ મહોરગ દેવ(વ્યંતર)તેમ અર્થ કરવાની પરંપરા છે પરંતુ તે અર્થ અહીં યોગ્ય લાગતો નથી. કારણ કે દેવોના સંગ્રામથી ભૂમિકંપ થવાનું કથન આગળ ત્રીજા બોલમાં કહેલ છે. માટે મહોરગ શબ્દથી આસાલિયાની જેમ ઉરપરિસર્પ અર્થ કરવો પ્રાસંગિક બને છે. આવા ઉરપરિસર્પ જમીનમાં જન્મતા-મરતા જ રહે છે. જેના કારણે દેશ ભૂકંપ માનવલોકમાં આવ્યા જ કરે છે. આ ઉરપરિસર્પ અનેક કિલોમીટર પ્રમાણ લંબાઈવાળા પણ થઈ જાય છે અને મુહૂર્ત માત્રમાં જ મરી પણ જાય છે.

**પ્રશ્ન–૫ : કઈ-કઈ અપેક્ષાથી પ્રત્યનીક–વિરોધી આચરણ કરનાર કહ્યા છે ?**

**ઉત્તર–** સાધુ-સાધ્વીઓ દ્વારા અથવા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતું વિરોધી આચરણ, ત્રણ-ત્રણની સંખ્યાએ છ વિભાગોમાં ૧૮ પ્રકારનું બતાવેલ છે. જેમ કે– **(૧)** ગુઢ-વડીલની અપેક્ષા ત્રણ પ્રકારના પ્રત્યનીક–વિરોધી આચરણ કરનારા હોય છે– આચાર્યના, ઉપાધ્યાયના અને સ્થવિરના. એ ત્રણે ય સંઘમાં પૂજ્ય સ્થાને તેમજ અત્યંત સન્માનનીય હોય છે. જેમનો પૂર્ણ આદરભાવ રાખી હંમેશાં ભક્તિભાવ યુક્ત આચરણ કરવું જ હિતાવહ હોય છે. તેમજ ગુઢકૃપાથી સાધકની સાધના પ્રગતિશીલ બને છે. તેમની ઈચ્છા, આશય, આદેશથી વિપરીત વ્યવહાર કરનારા **ગુઢ પ્રત્યનીક** થાય છે. **(૨) ગતિની અપેક્ષા** ત્રણ પ્રકારના **પ્રત્યનીક–** ૧. ઈહલોક પ્રત્યનીક– આ ભવમાં દુઃખી થવા યોગ્ય અજ્ઞાન તપ, પંચાગ્નિ તપ આદિ કરનારા ૨. પરલોક બગડે તેવા આચરણ કરનારા તથા ૩. ઉભયલોક બગડે તેવા આચરણ કરનારા. **(૩)** સમૂહની અપેક્ષા કુલ, ગણ તેમજ સંઘના અવર્ણવાદ કે વિઘટન રૂપ વિરોધી આચરણ કરનારા **સમૂહ પ્રત્યનીક** થાય છે.

**(૪)** અનુકંપા યોગ્ય તપસ્વી, બિમાર તેમજ નવદીક્ષિત એ ત્રણેની અનુકંપા–સેવા ન કરનારા **અનુકંપા પ્રત્યનીક** થાય છે. **(૫) ભાવ પ્રત્યનીક–** જ્ઞાન, દર્શન, ચારિત્રનું વિપરીત નિરૂપણ, પ્રરૂપણ કરનારા. **(૬)** સૂત્ર, અર્થ તેમજ તદુભયની આશાતના કરે, સમ્યક્ આરાધના ન કરે, વિપરીત વ્યાખ્યા કરે; તે શ્રુત પ્રત્યનીક થાય છે. આ બધા પ્રકારના પ્રત્યનીક– જિનાજ્ઞા–વિપરીત આચરણ કરવાથી ધર્મની, મોક્ષ માર્ગની વિરાધના કરનારા થાય છે. તેથી મોક્ષાર્થી સાધકોએ આ પ્રત્યનીકના સ્વરૂપને જાણીને હૃદયંગમ કરીને તે વિષયોના જિનાનુમત આચરણમાં જ પોતાના આત્માને ઉપસ્થિત રાખવામાં સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.





**પ્રશ્ન–૬ : સાધુ-શ્રાવકે જીવનમાં મનોરથ-મનોકામના,અભિલાષા કેવા રાખવા જોઈએ ?**

**ઉત્તર–** પ્રસ્તુત પ્રકરણમાં ત્રણનું કથન છે તેથી સાધુ તથા શ્રાવકના જીવનની સમસ્ત મનોકામનાઓને અહીં ત્રણ-ત્રણ શ્રેષ્ઠ મનોરથોના માધ્યમથી કહેલ છે અને વિશેષતા એ બતાવેલ છે કે જ્યાં સંસારની રૂચિવાળા મનોરથ–લાલસાઓ નિરર્થક કર્મબંધ અને સંસાર વધારનારા થાય છે, ત્યાં તે સાધુ-શ્રાવકના આ ત્રણ-ત્રણ મનોરથ નિત્ય આત્મામાં ભાવિત કરવાથી, આત્માને સંસ્કારિત કરતા રહેવાથી વર્તમાનમાં માત્ર ભાવોથી જ મહાન કર્મોની નિર્જરા થાય છે અને ભાવી જીવનમાં યથાસમય એ પુષ્ટ કરેલા સંસ્કાર સહજ રીતે કાર્યાન્વિત થઈ જાય છે.

**સાધુના ત્રણ મનોરથ–** શ્રમણ નિર્ગ્રંથ આ પ્રકારની ભાવનાથી આત્માને ભાવિત કરે કે– (૧) વર્તમાનમાં જેટલા પણ શાસ્ત્ર ઉપલબ્ધ છે, તેનું સંપૂર્ણતઃ અર્થ પરમાર્થ વિવેચના યુક્ત અધ્યયન કરું. અધિકતમ શ્રુતને કંઠસ્થ કરું; એવો સંકલ્પ કરી આત્મ સંસ્કારોને પુષ્ટ કરે. (૨) શ્રુત અધ્યયન પૂર્ણ કરીને આત્મ-સાધનાની વિશેષ પ્રગતિને માટે સામુહિક સગવડોથી ઉપર ઉઠી એકલવિહાર ચર્યાથી; સંયમ, તપ, સમિતિ, ગુપ્તિથી આત્માને અધિકતમ પુષ્ટ કરું. આ મનોરથ સંપૂર્ણ સ્વાવલંબી જીવન અને એકત્વ આત્મસ્વરૂપને તાદાત્મ્ય કરવાનો છે. (૩) જ્યારે ક્યારે ય પણ આ મનુષ્ય જીવનમાં આયુષ્યની અંતિમ ઘડીઓનો આભાસ થવા લાગે, આ માનવ શરીર જીવનના આવશ્યક કર્તવ્યોમાં, સંયમ આચારોમાં ઉપયોગી ન રહે તથા ઈન્દ્રિયો ક્ષીણતાની તરફ અધિકતમ પ્રવાહિત થતી લાગે ત્યારે હું સાવધાની પૂર્વક તેમજ પૂર્ણ ઉત્સાહની સાથે આલોચના-પ્રતિક્રમણ દ્વારા વ્રતશુદ્ધિ, કષાય વિશુદ્ધિ કરીને સંલેખના-સંથારા રૂપ આજીવન પંડિતમરણને સ્વેચ્છાએ સ્વીકાર કરી તેનું જીવનના અંતિમ શ્વાસ સુધી યથાર્થ પાલન કરું.

આ ત્રણ સંયમજીવનના ઉત્તમોત્તમ મનોરથ છે. તેનું નિત્ય સ્મરણ કરવું સંયમી સાધકનું મુખ્ય અને મહાન લાભપ્રદ કર્તવ્ય છે. આવી રીતે મનોરથ ભાવવાથી આત્મામાં સંસ્કાર દૃઢ બને છે. જેનાથી–(૧) યોગ્યતા સંપન્ન સાધક એક દિવસ અવશ્ય શ્રુત પારંગત બને છે. (૨) એકાકી સ્વાવલંબી જીવનમાં સફળ બને છે તથા (૩) જીવનના અંતિમ સમયે તેમજ સંકટની દરેક ઘડીએ તત્કાલ અપ્રમત યોગે સંલેખના સંથારા ગ્રહણ કરવાના સંયોગને સુલભ કરી શકે છે. અહીં શ્રમણના કથનથી સાધુ-સાધ્વી બંનેને આ મનોરથ આદરણીય

છે એમ સમજવું જોઈએ. બીજા મનોરથમાં સાધ્વીઓ સમૂહત્યાગ રૂપ એકલ વિહારના સ્થાને એકત્વ ભાવનામય પૂર્ણ સ્વાવલંબી જીવન બનાવીને સમૂહમાં રહીને પણ સંભોગ પ્રત્યાખ્યાન, સહાય પ્રત્યાખ્યાન વગેરે દ્વારા એકાકીપણે આત્માને ભાવિત કરવાનો મનોરથ કરે, તેમ સમજવું. આગમોમાં સાધ્વીને માટે વિવિધ તપ, અભિગ્રહ પડિમાનું વર્ણન આ જ હેતુની સિદ્ધિ કરનાર છે. અંતગડ સૂત્ર વર્ણિત મહાવીર સ્વામીના શાસનમાં સાધ્વીઓએ અનેક તપ, દત્તી પરિમાણ પ્રતિજ્ઞા યુક્ત સપ્ત સપ્તમિકા વગેરે ભિક્ષુપ્રતિમાનું આરાધન કર્યું હતું. તેથી આ ત્રણ મનોરથ બધા સાધુ-સાધ્વીએ નિત્ય સ્મરણ કરીને મહાનિર્જરાનો લાભ પ્રાપ્ત કરવો જોઈએ.

**શ્રાવકના ત્રણ મનોરથ–** શ્રમણોપાસક ૧૨ વ્રત ધારણ કરે છે તેમાં સામાન્ય વિશેષ આરંભ–પરિગ્રહની સીમા રાખે છે કારણ કે ગૃહસ્થ જીવનમાં અને વર્તમાનની પોતાની પરિસ્થિતિઓમાં તે સંપૂર્ણ ત્યાગ કરી શકતા નથી, તેથી દેશવ્રતી બને છે. તેમ છતાં શ્રાવક-શ્રાવિકાઓએ પોતાના નિત્ય-નિયમના સમયે આ ત્રણ મનોરથોનું અવશ્ય ચિંતન કરવું જોઈએ અને આત્માને આવી ભાવનાઓથી ભાવિત કરતા રહેવું જોઈએ. જેમ કે– (૧) પારિવારિક વારસદાર પુત્ર-પુત્રવધુ વગેરે ઘર(કુટુંબ) વ્યાપારની જવાબદારી સંભાળવાને યોગ્ય થઈ જાય ત્યારે હું સાંસારિક જવાબદારીઓથી મુક્ત થઈને નિવૃત્તિમય જીવન બનાવીને અધિકતમ સમય સંવર-પૌષધ, ત્યાગ-વ્રત, નિયમ, તપસ્યા આદિમાં વ્યતીત કરું અને આત્માને અધિકતમ ધર્મભાવનામાં લગાવીને, આશ્રવદ્વારોનો અધિકતમ ત્યાગ કરીને, સંવર નિર્જરામય જીવન જીવું. હે ભગવન્ ! એવો શુભ સંયોગ, શુભ અવસર, શુભઘડી મને યથા શીઘ્ર જીવનમાં પ્રાપ્ત થાય. (૨) શારીરિક શક્તિ સ્વાસ્થ્યના અનુકૂલ સમયમાં સર્વ સંયોગોને અનુકૂળ બનાવવાનો પ્રયત્ન, અભ્યાસ કરીને માનવજીવનમાં એક દિવસ સર્વવિરતિ રૂપ મુનિધર્મ અંગીકાર કરું, દીક્ષા લઈને આત્મકલ્યાણ સાધનામાં પૂર્ણપણે અવશેષ જીવન લગાવી દઉં. હે ભગવન્ ! આવો શુભ સંયોગ મને શીઘ્ર પ્રાપ્ત થાય કે હું ઉત્કૃષ્ટ વૈરાગ્યથી ભાવિત થઈને જિનાજ્ઞામાં જીવન અર્પિત કરીને અણગારધર્મનો સ્વીકાર કરું. (૩) સાધુના સંલેખના સંથારા ગ્રહણ કરવાના ત્રીજા મનોરથની જેમ અહીં શ્રાવકને માટે પણ સંલેખના સંથારાયુક્ત પંડિત મરણની પ્રાપ્તિનો મનોરથ સમજવો.

**શંકા–** શ્રાવક દ્વારા આજીવન ચૌવિહારો સંથારો કરી લેવાથી તે સંપૂર્ણ પાપોના અને આહારના ત્રણ કરણ, ત્રણ યોગથી ત્યાગી થઈ જાય છે તો તેને સાધુ જ કેમ ન સમજવા ? **સમાધાન–** તેના સંયમ ગ્રહણ કરવાના ભાવ–પરિણામ





હોતા નથી. તેની લઘુનીત, વડીનીત, વસ્ત્ર પરિવર્તન, શરીરની દેખરેખ, સાર-સંભાળ ગૃહસ્થ કરે છે. દીક્ષા લેવાથી એટલે છટ્ઠા, સાતમા ગુણસ્થાનને પ્રાપ્ત કરવાથી ગૃહત્યાગ, ગુઢ નિશ્રા, રાત્રિમાં સ્ત્રી પ્રવેશ નિષેધ વગેરે વિશેષ સંયમ ચર્યા આવશ્યક બની જાય છે. જ્યારે શ્રમણોપાસક સંથારો કરીને પણ પોતાને શ્રાવક માને છે તેમજ તેની આસપાસ ગૃહસ્થ જીવનમય વાતાવરણ હોય છે. તેના મકાન, શય્યા આદિ પણ નિર્દોષ ગવેષણાવાળા હોતા નથી, પરંતુ તે તેના સ્વયંને માટે બનાવેલાં હોય છે. વસ્ત્ર પણ તેના પોતાના નિમિત્તના હોય છે, ગવેષણા કરીને લાવેલાં હોતાં નથી. (પરકૃત–બીજાને માટે બનેલાં હોતા નથી) ઈત્યાદિ સૂક્ષ્મ-સૂક્ષ્મ સમાચારી સંબંધી અનેક ભિન્નતાઓ સાધુજીવન તથા સંથારાવાળા ગૃહસ્થ વચ્ચે સમજી લેવી જોઈએ. સંથારાના ત્રણ પ્રકાર છે– ભક્ત-પ્રત્યાખ્યાન, ઈંગિતમરણ અને પાદપોપગમન. સાધક પોતાની ક્ષમતા, ક્ષેત્ર, કાલ અનુસાર જઘન્ય ભક્તપ્રત્યાખ્યાન ઉત્કૃષ્ટ પાદપોપગમન સંથારામાંથી કોઈ પણ સંથારાનો મનોરથ કરી શકે છે.

**વસ્તુ સ્થિતિ–** ત્રણ મનોરથને મન, વચન, કાયાથી જીવનમાં આત્મ પરિણત કરતા રહેવાથી કર્મોની સદા મહાન નિર્જરા થાય છે અને સાધક શીઘ્ર આ ભવ-પરભવમાં મોક્ષનો અધિકારી બને છે. અંગશાસ્ત્રમાં કથિત આ પ્રેરક વિધાન સહજ અને મહાન લાભકારી આચરણ છે. સાધુ-શ્રાવક બંનેને માટે તેમ કરવાનો સ્પષ્ટ સંદેશ છે તોપણ આળસ અને સંસ્કાર પ્રેરણાના અભાવમાં, વ્યક્તિગત પ્રમાદના કારણે પ્રાયઃ ૯૯ ટકા શ્રાવક-સાધુ આ લાભથી વંચિત રહેતા હશે. માટે આ પ્રેરણાદાયી પ્રશ્નોત્તરના સ્વાધ્યાયી સાધક આજથી જ નિયમિત ત્રણ મનોરથોના ચિંતનનો પ્રારંભ કરીને પોતાના કર્મક્ષયના અને મોક્ષ પ્રાપ્તિના મુખ્ય ઉદ્દેશમાં અધિકતમ લાભાન્વિત બને.

**પ્રશ્ન–૭ : 'પરોપદેશે પાંડિત્યમ્' કે 'પર ઉપદેશ કુશલ બહુતેરે' આ ઉકિતના વિષયમાં શાસ્ત્રમાં શું કહેલ છે.**

**ઉત્તર–** પ્રસ્તુત ઉદ્દેશકના ૬૨ મા સૂત્રમાં ઉપદેશ અને ઉપદેષ્ટાનો મહિમા દર્શાવતા કહેલ છે કે ઉપદેષ્ટા બનતા પહેલાં **સમ્યક અધ્યયન** હોવું જોઈએ, ત્યાર પછી **સમ્યક ચિંતન, મનન** હોવું જોઈએ અને પછી સંયમ, તપ, ત્યાગ આદિનું **સમ્યક આચરણ** હોવું જોઈએ. આ રીતે ત્રણે ય સાધનાઓથી પરિપૂર્ણ વ્યક્તિના દ્વારા કથિત ઉપદેશ સુઆખ્યાત–ખરા વસ્તુતત્વને બતાવનારા સન્માર્ગ દાયક હોય છે. તીર્થંકર ભગવાન આવા સુઅધીત, સુધ્યાત અને સુતપસ્વિત ધર્મનું સુંદર આખ્યાન, કથન, વિવેચન કરે છે. તાત્પર્ય સ્પષ્ટ છે કે ઉપદેશકનું

જીવન, અધ્યયન, ચિંતન, મનન યુક્ત તેમજ ત્યાગ, તપ, સંયમમય હોવું જ જોઈએ. આ રીતે આ સૂત્રમાં સકારાત્મક વિધાનની સાથે પ્રશ્નગત ઉક્તિનું સમર્થન થાય છે. માટે ઉપદેશકે પહેલાં સ્વયંના જીવનને પૂર્ણ આદર્શ રૂપે ઘડવું જોઈએ પછી ઉપદેશક બનવું જોઈએ.

**પ્રશ્ન–૮ : સંયમ અંગીકાર કર્યા પછી મુખ્ય કયા વિષયોમાં શ્રદ્ધાપૂર્વક આગળ વધવાથી આરાધના થાય અને સંદેહશીલ થવાથી વિરાધના થાય છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત ઉદ્દેશકમાં શ્રદ્ધાનિષ્ઠ રહેવાના ત્રણ સ્થાન આ પ્રકારે કહેલ છે– (૧) ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને મુંડિત થઈને પ્રવ્રજિત થનારા અણગારે નિર્ગ્રંથ પ્રવચનમાં દેશવિરતિ, સર્વવિરતિ ધર્મ કે શ્રુતધર્મ અને ચારિત્રધર્મ તેમજ સંયમ સમાચારીના સમસ્ત નિયમોપનિયમોમાં શંકા આદિથી રહિત થઈને સ્થિર ચિત્તે શ્રદ્ધા, નિષ્ઠા રાખીને આવનારા અનેક કષ્ટો, ઉપસર્ગોને સમ્યક પ્રકારે સહન કરીને પરિષહો ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ. (૨-૩) અહીં નિર્ગ્રંથ પ્રવચન કહેવાથી બધા શ્રદ્ધેય વિષય ગ્રહણ થઈ જાય છે. તેમ છતાં ત્રણની સંખ્યાનું પ્રકરણ હોવાથી બીજા બોલમાં પાંચ મહાવ્રત અને ત્રીજા બોલમાં છકાયના જીવોની શ્રદ્ધા-નિષ્ઠાનું કથન કરી તે બંને વિષયોની શ્રદ્ધાનો સંયમ જીવન સાથે મહત્વપૂર્ણ સંબંધ દર્શાવેલ છે અર્થાત્ (૨) સંયમ સાધક પાંચ મહાવ્રતનું પૂર્ણ શ્રદ્ધા-નિષ્ઠાની સાથે સમગ્ર રૂપે પાલન કરે તથા (૩) છકાય જીવોની રક્ષા કરવાના લક્ષે અને તે જીવો પ્રત્યે અનુકંપાપૂર્ણ આચરણમાં સતત શ્રદ્ધાનિષ્ઠ રહીને તેનાથી સંબંધિત ઈર્યા આદિ સમિતિઓનું સમ્યક પાલન કરે. આ ત્રણ વિષયોમાં સ્થિરચિત્ત રહેનારા શ્રમણ નિર્ગ્રંથ પરીષહ-ઉપસર્ગોને જીતીને શ્રેષ્ઠ આરાધના કરે છે.

તેનાથી વિપરીત જે અણગાર સંયમ સ્વીકાર કર્યા પછી આ ત્રણ વિષયોમાં શંકા, કાંક્ષા યુક્ત થઈને અસ્થિર ચિત્તવાળા બને છે અને તદ્વિષયક કષ્ટ ઉપસર્ગોથી ગભરાઈ જાય છે, પરીષહોથી પરાભૂત થઈ જાય છે અર્થાત્ હારી જાય છે તે સંયમ વિરાધના કરીને આત્મકલ્યાણથી વંચિત રહી જાય છે.

તેથી સંયમ સ્વીકાર કરીને અણગાર ધર્મમાં ઉપસ્થિત નિર્ગ્રંથોએ સદા– (૧) નિર્ગ્રંથ પ્રવચન (૨) પાંચ મહાવ્રત (૩) છકાય જીવ, આ ત્રણે ય સંબંધી સમ્યગ્જ્ઞાન, શ્રદ્ધાનને નિરંતર પુષ્ટ કરીને, સમ્યક સંયમ, તપ તથા જિનાજ્ઞામાં સમ્યક શ્રુત અધ્યયન અને ગુરુકુળવાસના માધ્યમથી આત્માને ભાવિત કરતા રહેવું જોઈએ. ત્યારે તેનો ગૃહવાસત્યાગ અને સંયમ અંગીકાર કરવો સફળ–સાર્થક બની શકે છે.





**પ્રશ્ન–૯ : અન્ય કયા-કયા વિષયોનું આ ઉદ્દેશકમાં નિરૂપણ છે ?**

**ઉત્તર–** ઉપર કહેવાયેલા મુખ્ય વિષયો સિવાય અહીં અનેક વિષયોનું નિરૂપણ આ પ્રમાણે છે– **(૧)** સમ્યક જ્ઞાન, દર્શન, ચારિત્ર એ જ મોક્ષમાર્ગ રૂપ છે. તેનું જ સમ્યક નિરૂપણ, પ્રરૂપણ, પ્રતિપાદન કરવું જોઈએ. મોક્ષાર્થી સાધકોને અન્ય નિરૂપણ-પ્રરૂપણની આવશ્યકતા હોતી નથી. આ ત્રણેયના પ્રતિપાદનમાં સાવધાની ન રાખનારા સાધક મલિનતાને તથા સતત સાવધાન રહેનારા સાધક પવિત્રતાને પ્રાપ્ત કરે છે. **(૨)** શક્રેન્દ્રની બાહ્ય પરિષદના દેવોની, આભ્યંતર પરિષદની દેવીઓની અને ઈશાનેન્દ્રની બાહ્ય પરિષદની દેવીઓની સ્થિતિ ત્રણ-ત્રણ પલ્યોપમની હોય છે. **(૩)** લોકમાં ત્રણ પર્વત ચૂડીના આકારે ગોળ છે– માનુષોત્તર, કુંડલવર, રુચક. **(૪)** ત્રણ વસ્તુ સૌથી મોટી છે– પર્વતોમાં જંબૂદ્વીપનો મેરુપર્વત, સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર અને દેવલોકોમાં પાંચમો દેવલોક(વિસ્તારની અપેક્ષાએ).

**(૫)** શરીરમાં માતાના અંગ– મસ્તક, લોહી, અને માંસ. પિતાના અંગ– હાડકાં, હાડકાંની મજ્જા, દાઢી, મૂછ, રોમ, નખ. **(૬)** પુદ્ગલોની સ્વાભાવિક ગતિમાં અવરોધ ત્રણ પ્રકારે થાય છે– પરમાણુનો પરમાણુથી, વાતાવરણમાં રૂક્ષતા અધિક હોવાથી અને લોકાંતમાં એટલે અલોકથી. કારણ કે ત્યાં ધર્માસ્તિકાયનો અભાવ હોય છે. **(૭)** છદ્મસ્થ મનુષ્યોને એકચક્ષુ કહેવાય છે, તેને માત્ર ચર્મચક્ષુ જ હોય છે. અવધિજ્ઞાની હોવાથી દેવને દ્વિચક્ષુ કહે છે– ચર્મચક્ષુ અને અવધિજ્ઞાન. સર્વજ્ઞ ભગવાન ત્રણ ચક્ષુવાળા કહેવાય છે– કેવળજ્ઞાન, કેવળદર્શન અને ચર્મચક્ષુ.

**(૮) દેવોની ઋદ્ધિ–** વિમાનની, વિકુર્વણાથી રૂપ બનાવવાની અને પરિચારણા એટલે ગમનાગમનની. કારણ કે વિશેષ ઋદ્ધિવાળાની ગતિ પણ વિશિષ્ટ હોય છે. **રાજાની ઋદ્ધિ–** યુદ્ધ કે યાત્રાર્થ જવાના સમયની, નગર પ્રવેશની, રાજ્ય વિસ્તાર, સેના-કોશ-પ્રકોષ્ટની. **ગણીની ઋદ્ધિ–** આચાર્ય આદિની ઋદ્ધિ જ્ઞાન, દર્શન, ચારિત્રની હોય છે. તથા દેવ આદિ ત્રણેયને સચેત, અચેત, મિશ્ર એમ ત્રણ-ત્રણ પ્રકારની ઋદ્ધિ પણ કહી છે.

**(૯)** પાપોથી નિવૃત્તિ ત્રણ પ્રકારે થાય છે– જ્ઞાનપૂર્વક, અજ્ઞાનથી અર્થાત્ દેખાદેખીથી અને સંદેહયુક્ત. તે જ રીતે પાપમાં પ્રવૃત્તિ અને આસક્તિ પણ ત્રણ-ત્રણ પ્રકારની હોય છે. **(૧૦)** અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની ત્રણે ય જિન કહેવાય છે. તેમજ આ ત્રણે ય કેવલી અને અર્હન્ત પણ કહેવાય છે. જિન=રાગદ્વેષના વિજેતા; કેવલી=સર્વજ્ઞ; અર્હત્=જેનાથી

કશું છુપાયેલું નથી. **(૧૧) બાલમરણ** પ્રાપ્ત કરનારા જીવની લેશ્યા– સ્થિતપરિણામી, હાયમાન પરિણામી અને વિશિષ્ટ હાયમાન પરિણામી હોય છે. **પંડિત મરણ** પ્રાપ્ત કરનારાની લેશ્યા સ્થિત પરિણામી, વિશુદ્ધયમાન પરિણામી, અત્યંત વિશુદ્ધયમાન પરિણામી હોય છે. **બાલપંડિત મરણ**–પ્રાપ્ત કરનારાની લેશ્યા–સ્થિત અને વિશુદ્ધયમાન હોય છે, અત્યંત વિશુદ્ધયમાન હોતી નથી.

**(૧૨)** સાતે ય નરકોના પૃથ્વીપિંડની ચારે તરફ ત્રણ વલય હોય છે– ઘનોદધિ વલય, ઘનવાય વલય અને તનુવાય વલય. તે પૃથ્વીઓની ઉપર આકાશ અને નીચે ઘનોદધિ એટલે ઘન પાણી હોય છે. ત્રણે ય વલયો એક પછી એક એમ ક્રમથી ચારે તરફ હોય છે. **(૧૩)** મોહનીય કર્મનો ક્ષય થતાં અંતર્મુહૂર્ત માત્રમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મ એક સાથે ક્ષય થઈ જાય છે. **(૧૪)** ત્રસ જીવોની વાટેવહેતા ગતિ–વિગ્રહગતિ ત્રણ સમયની હોય છે. તેથી સ્પષ્ટ થાય છે કે એકેન્દ્રિય જીવોની ૪-૫ સમયની વાટેવહેતા ગતિ પણ હોય શકે છે.

**(૧૫) તીર્થંકર સંબંધી વિષય–** પંદરમા ધર્મનાથ તીર્થંકરનું શાસન ત્રણ સાગરોપમમાં થોડું ઓછું(૩/૪ પલ્યોપમ ન્યૂન) ત્યાં સુધી રહ્યું હતું. ભગવાન મહાવીરની ત્રણ પાટ કેવલી થઈને મોક્ષે ગયા. ગૌતમ સ્વામી, સુધર્માસ્વામી અને જંબૂસ્વામી. તે ત્રણેયમાં એક પછી બીજાને કેવળજ્ઞાન થયેલ. મલ્લિનાથ અને પાર્શ્વનાથ ભગવાનની સાથે ૩૦૦–૩૦૦ પુરુષોએ દીક્ષા લીધી હતી. ભગવાન મહાવીર સ્વામીને ૩૦૦ ચૌદ પૂર્વીની ઉત્કૃષ્ટ સંપદા હતી. તે ચૌદ પૂર્વી જિન નહીં પણ જિન સરીખા હોય છે. સંપૂર્ણ પ્રતિપાદ્ય વિષયના જ્ઞાતા– સર્વાક્ષર સન્નિપાતી હોય છે અને જિનેશ્વરોની જેમ યથાર્થ નિરૂપણ કરનારા હોય છે. જ્યારે શ્રુતજ્ઞાનમાં ઉપયોગ હોય તો જ એવું સમજવું જોઈએ. ઉપયોગ ન લગાવે તો સ્ખલના થવી પણ સંભવે છે. શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ આ ત્રણે ય તીર્થંકર તે ભવમાં ચક્રવર્તી પણ હતા અને તીર્થંકર પણ હતા.

આ સિવાય ઘણા વિષય ત્રણની સંખ્યાને કારણે અહીં સંગ્રહિત છે. જેની વિચારણા અન્ય શાસ્ત્રોમાં યથાસ્થાને કરાશે. જેમ કે– ત્રણ કાળ, ત્રણ વચન, ભિક્ષુ પડિમા, આરાધના, ક્ષેત્ર, પર્વત, દ્રહ, નદી, કિલ્વિષી દેવ, પ્રાયશ્ચિત્ત, દીક્ષા તેમજ વાચનાદિને યોગ્ય-અયોગ્ય, છ કલ્પસ્થિતિ, શરીર ત્રણ, ગર્વ, કરણ, નક્ષત્ર, નવ ગ્રૈવેયક તથા પુદ્ગલ પરિણમન વગેરે.



# સ્થાન–૪ : ઉદ્દેશક–૧

**પ્રશ્ન–૧ : આ સ્થાનનો પરિચય શું છે ?**

**ઉત્તર–** આ સ્થાનમાં ચારની સંખ્યામાં સમાવિષ્ટ થતાં તત્ત્વોનું કથન છે. તોપણ તેમાં એક બે ગુણોને, બોલોને, લક્ષણોને, ઉપમાઓને લઈને ચૌભંગીઓ બનાવેલ છે અને તે ચૌભંગીઓના માધ્યમથી સાધકોને, જિજ્ઞાસુઓને, મોક્ષાર્થીઓને આત્મબોધ તેમજ માનવજીવન સંસ્કારિત સુવાસિત કરવાનો બોધ આપેલ છે. અહીં વર્ણિત ચૌભંગીઓનો, ઉપદેશક વિષયોનો અને ઉપમાઓનો કોઈ ક્રમ રાખેલ નથી પરંતુ જ્યાં ક્યાંક તત્ત્વજ્ઞાન, ક્યાંક ચૌભંગી, ક્યાંક ઉપમાઓ, ક્યાંક જીવન શિક્ષાઓ તો ક્યાંક મોક્ષમાર્ગમાં પ્રગતિકારક ગૂઢ શબ્દોમાં ઉપદેશ નિહિત કરેલ છે. આ સ્થાનના વિભાજન રૂપ ચાર ઉદ્દેશક છે. તેમાં પણ વિષયનું કોઈ વિભાજન નિશ્ચિત્ત ન કરતાં અક્રમિક વિખરાયેલા મોતીઓની જેમ સેંકડો વિષયોનું નિરૂપણ ૪૦૦ થી અધિક સૂત્રોમાં કરેલ છે.

**પ્રશ્ન–૨ : પ્રથમ ઉદ્દેશકમાં મુખ્ય કયા-કયા તત્ત્વ તેમજ ચૌભંગીઓ છે ?**

**ઉત્તર–** પ્રથમ ઉદ્દેશકમાં ચારની સંખ્યાવાળા **તત્ત્વ વિષય** આ રીતે છે– અંતક્રિયા, ભાષા, પુત્ર, વનસ્પતિના ચાર ભેદ, નારકી, સાધ્વીની ચાદર, ધ્યાન, દેવોના પદ, દેવો આદિના સંવાસ(મૈથુન), કષાય ભેદ, કર્મપડિમા, અસ્તિકાય, પ્રણિધાન, ૧૨૦ લોકપાલોનાં નામ, પાતાળ કળશ, દેવજાતિ, પ્રમાણ, દિશા-કુમારીઓ, પરિષદની દેવીઓની સ્થિતિ, સંસાર, દષ્ટિવાદ, પ્રાયશ્ચિત્ત, પુદ્ગલ પરિણામ, ચાતુર્યામ, સુગતિ-દુર્ગતિ, કેવલી, હાસ્ય ઉત્પત્તિ, નોકર, અગ્રમહિષી, વિગય-મહાવિગય, અવગાહના, પ્રજ્ઞપ્તિ સૂત્ર વગેરે.

**ચૌભંગીઓ–** વૃક્ષ અને મનુષ્ય સંબંધી, વસ્ત્ર અને મનુષ્ય સંબંધી, સત્ય-અસત્ય પુરુષસંબંધી, ફલસ્વાદ અને પુરુષ સંબંધી, મેલાપ-સંવાસ અને પુરુષ સંબંધી, પાપ સંબંધી, વિનય વંદન સંબંધી, સૂત્ર તથા અર્થ સંબંધી, કૂટાગાર-શાળા અને પુરુષ સંબંધી ચૌભંગીઓ કહેલ છે.

**ઉપમા–** મનુષ્યને કલિકાની ઉપમા, ભિક્ષુ-તપને કાષ્ટકીટની ઉપમા, સ્ત્રી-પુરુષને કાષ્ઠાદિની ભિન્નતાની ઉપમા. આ રીતે ચારની સંખ્યાથી વિષયો કહેલા છે. તેમાંથી અમુક વિષય ત્રણ સંખ્યાથી ત્રીજા સ્થાનમાં વર્ણિત છે તેમાં જ એક બોલ ઉમેરીને ચારની સંખ્યામાં કથન કરેલ છે.

**પ્રશ્ન–૩ : મોક્ષ પ્રાપ્તિ માટે ક્રિયા-આચરણ કે તપનો કોઈ માપદંડ-સીમા નિર્ધારિત છે કે આટલી ક્રિયા કે આટલું તપ કરવાથી મુક્તિ થાય છે ?**

**ઉત્તર–** જેવી રીતે સંસાર વ્યવહારમાં કરોડપતિ શેઠ બનવા માટે વ્યાપારના કે વર્ષ આદિ સમયના અથવા પરિશ્રમના કોઈ માપદંડ નિર્ધારિત કરી શકાય નહીં; કારણ કે કોઈ વ્યક્તિ અલ્પ પ્રયત્ન અને અલ્પ સમયમાં જ માલા-માલ થઈ જાય છે અને કોઈ રાત-દિન અત્યધિક પ્રયત્ન કરવા છતાં પણ વર્ષો સુધી કરોડપતિ શેઠ બની શકતા નથી. તેની પાછળ અનેક કારણો રહેલા હોય છે. તેમાં મુખ્ય કારણ છે– પૂર્વભવનો કર્મસંગ્રહ તથા વર્તમાન સુસંયોગ અને સમયે યોગ્ય પુરુષાર્થ. વિદ્યાર્થી જીવન અને અધ્યયનમાં પણ પરીક્ષાના પરિણામની સાથે કોઈ માપદંડ નિશ્ચિત્ત થતો નથી કારણ કે વિદ્યાર્થીઓના પરિણામ પણ વિભિન્ન પ્રકારના મળે છે.

એ જ રીતે મોક્ષ સાધનામાં પણ પ્રત્યેક વ્યક્તિ માટે તપ અને સંયમની માત્રાનું કોઈ નિર્ધારણ કહી શકાય નહીં. જીવના પોતાના પૂર્વભવોની પરંપરા અને કર્મસ્ટોક વિભિન્ન પ્રકારના હોય છે. તે જ વાતને સ્પષ્ટ કરીને અહીં ચાર પ્રકારના મોક્ષારાધક સાધકોના દૃષ્ટાંતની સાથે મોક્ષ સાધનાના તપ-સંયમની ભિન્નતા સ્પષ્ટ કરેલ છે– (૧) અલ્પ સમય અને અલ્પ તપ-સંયમથી મુક્તિ. જેમ કે– મરુદેવી માતા. ભગવાન ૠષભદેવની માતા મરુદેવીને અલ્પ સમયમાં સંયમ-તપની ઉગ્ર સાધના વિના અંતર્મુહૂર્તની ધ્યાન પરાકાષ્ટા થી જ મુક્તિ પ્રાપ્ત થઈ ગઈ હતી. (૨) અધિક સમય પરંતુ ઉગ્ર તપશ્ચર્યા વિના મુક્તિ. જેમ કે– ભરત ચક્રવર્તીને અંતર્મુહૂર્તના ચિંતન ધ્યાન માત્રથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને પછી દીર્ઘ સંયમપર્યાયમાં(૧ લાખ પૂર્વ = ૧ લાખ × ૮૪ લાખ × ૮૪ લાખ વર્ષ સુધી સંયમ પાલન કરીને) વિચરણ કર્યા પછી સુખપૂર્વક મોક્ષની પ્રાપ્તિ થઈ. (૩) અલ્પ સમય અને અધિક કષ્ટથી મુક્તિ. જેમ કે– ગજસુકુમાલ મુનિ. કૃષ્ણ વાસુદેવના સગા નાનાભાઈ ગજસુકુમાલ મુનિને એક દિવસની દીક્ષાપર્યાય અને ૧૬ વર્ષની ઉંમરમાં ભયંકર તીવ્ર દારુણ વેદના સહન કરતાં અંતર્મુહૂર્તના કાયોત્સર્ગમાં મુક્તિની પ્રાપ્તિ. (૪) અધિક સમય અને કષ્ટમય સંયોગ સાથે ઘોર તપ-સંયમ સાધનાથી મુક્તિ. જેમકે– સનત્કુમાર ચક્રવર્તી. તેમણે ૭૦૦ વર્ષની મહાન તપસંયમ સાધના અને ૧૬ મહારોગોની તીવ્રતમ વેદનાને સહન કરીને મુક્તિ પ્રાપ્ત કરી હતી.

તાત્પર્ય એ છે કે મોક્ષમાર્ગ સિદ્ધાંતની તેમજ દરેકને ચાલવા યોગ્ય રાજમાર્ગની રૂપરેખા નિશ્ચિત કરી શકાય છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એ





ચારેયની સુમેળયુક્ત સાધના એ મોક્ષમાર્ગ છે. –***શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન– ૨૮*** ॥ પરંતુ કયા આત્માને કેટલી દ્રવ્ય સાધના અને કયા સાધકને ભાવોની(પરિણામોની) કેટલી સાધના પછી સફળતા મળશે, આવો નિર્ણય તે પ્રત્યેક વ્યક્તિના પૂર્વ કર્મસંગ્રહની અવસ્થાઓ પર અને વર્તમાન સંયોગો તથા યોગ્ય પ્રાસંગિક પુરુષાર્થ પર નિર્ભર થાય છે. જે ઉપર આપેલા ચાર દૃષ્ટાંતોથી સમજી શકાય છે. આવું બધું જ હોવા છતાં પણ છદ્મસ્થ સાધકે વિદ્યાર્થી લોકોના દૃષ્ટાંતને ધ્યાનમાં રાખીને રાજમાર્ગે સંયમ-તપમાં, શ્રાવકકર્મ કે સાધુ ધર્મમાં યથાયોગ્ય પરાક્રમ કરવું એ જ શ્રેષ્ઠ, સત્ય અને એક દિવસ સફળતા પ્રાપ્ત કરાવનાર નિશ્ચિત મોક્ષમાર્ગ છે. તેમાં ખરા લક્ષ સાથે, તલ્લીનતા પૂર્વક, પુરુષાર્થ, દરેકને માટે સદા–સર્વદા ઉપાદેય છે, એમ સમજવું જોઈએ. પરંતુ હતાશ થઈને અથવા એકાંત કોઈ પણ દ્રવ્ય કે ભાવની પકડ રાખીને તપ-સંયમ, વ્રતોથી વંચિત રહેવાની જરૂર હોતી નથી.

**પ્રશ્ન–૪ : નારકી જીવોની પાસે વૈક્રિય શક્તિ, વૈક્રિય શરીર અને અવધિ જ્ઞાન હોય છે, તો શું તેઓ નરક દુઃખથી છૂટીને મનુષ્ય લોકમાં આવી શકે છે કે કોઈ મિત્ર દેવ તેને અહીં લાવીને રાખી શકે છે ?**

**ઉત્તર–** નારકી જીવ ત્યાં ઉત્પન્ન થતાં જ (૧) ક્ષેત્રવેદના સહન ન થઈ શકે એવી હોવાથી મનુષ્ય લોકમાં આવવા ઇચ્છે છે. (૨) નરકપાલો–પરમાધામી દેવોના ક્રૂર વ્યવહારથી પીડિત થતાં પણ તેઓ મનુષ્ય લોકમાં આવવા ઇચ્છે છે. (૩) દુઃખ ભોગવતાં ભોગવતાં દીર્ઘ સમય વીતી જવા છતાં દુઃખનો અંત ન આવવાથી મનુષ્ય લોકમાં આવવા ઇચ્છે છે. (૪) હજારો, લાખો, કરોડો કે અસંખ્ય વર્ષ વીતવા છતાં ત્યાંનું સાગરોપમ-પલ્યોપમનું આયુષ્ય સમાપ્ત થતું નથી તેમ જોઈને તેઓ મનુષ્ય લોકમાં આવવાની ઇચ્છા કરે છે પરંતુ નારકીની વૈક્રિય શક્તિ અત્યંત અલ્પ હોય છે. તેથી તે પોતાના નરકાવાસની અમુક સીમાથી બહાર પણ નીકળી શકતા નથી. આ રીતે કર્મોથી પરાધીન બનેલા તે નારકી જીવ મહાદુઃખાનુભૂતિ કરીને પણ ત્યાંથી નીકળીને મનુષ્ય લોકમાં આવી શકતા નથી. કદાચિત્ કોઈ શક્તિશાળી મિત્રદેવ ત્યાં પહોંચીને પોતાના મિત્ર નારકી જીવને ઉઠાવીને, લઈને ત્યાંથી કાઢવાનો પ્રયત્ન કરે તોપણ ક્ષેત્ર સ્વભાવથી તે નારકી જીવ દેવની પાસેથી છૂટીને તે જ નરકક્ષેત્રમાં પડી જાય છે અર્થાત્ મહાશક્તિશાળી ૧૨ મા દેવલોકના દેવ પણ કોઈ મિત્ર નારકી જીવને ત્યાંથી ઉગારી શકતા નથી.

આજીવન જેલની સજા પછી ૨૦ વર્ષ સુધી સજા પ્રાપ્ત વ્યક્તિને

કારાગૃહમાં અનિચ્છાએ પણ રહેવું જ પડે છે અને ત્યાંની યાતનાઓ સહેવી પડે છે. તે જ રીતે નારકી જીવે ત્યાંનો જેટલો આયુષ્ય બંધ કર્યો છે તેને પૂર્ણ ભોગવવાથી જ છુટકારો થઈ શકે છે.

**પ્રશ્ન–૫ : ક્રોધાદિ ચાર કષાયોનું સ્વરૂપ આ સ્થાનમાં કેવી-કેવી રીતે સમજાવેલ છે ?**

**ઉત્તર–** ક્રોધ, માન, માયા તથા લોભ ચારે કષાય ચારે ગતિમાં અને ચોવીસે ય દંડકના જીવોમાં હોય છે. ક્યાંક સૂક્ષ્મ રૂપે અને ક્યાંક સ્થૂલ–પ્રગટ રૂપે હોય છે. ઉદયની અપેક્ષાએ તે ચારે ય કષાય અંતર્મુહૂર્તમાં બદલતા રહે છે. અનુત્તરવિમાનના દેવોમાં પણ અસ્તિત્વ રૂપે અને સૂક્ષ્મ–સ્થૂલ ઉદય રૂપ અંતર્મુહૂર્તના પરિવર્તને ચારે કષાય મળે છે. અપેક્ષાએ કષાયોની તરતમતા હોય છે. જેમ કે– દેવોમાં લોભ કષાય, નારકીમાં ક્રોધ, તિર્યંચમાં માયા અને મનુષ્યમાં માનની બહુલતા હોય છે.

**કષાયોની ઉત્પત્તિનો આધાર–** (૧) પોતાને માટે (૨) પરને માટે (૩) બંને માટે (૪) અનાધારે–એમ જ કષાય થઈ શકે છે. **કષાયો થવાના કારણો–** (૧) જમીન (૨) મકાન આદિ (૩) ઉપધિ–ઉપકરણ–સામગ્રી (૪) શરીર. આ કારણોથી સ્વાર્થ આદિની ભાવનાથી કષાય ઉત્તેજિત થાય છે. **કષાયોનું સ્વરૂપ વિભાગ–** તીવ્રતા, મંદતાની અપેક્ષા કે દીર્ઘકાલીન અલ્પ કાલીન પકડની અપેક્ષા તથા આત્મગુણોની ક્ષતિમાં મંદતા-તીવ્રતાની અપેક્ષાએ ચારે ય કષાયોના ચાર વિભાગ છે–

**(૧) અનંતાનુબંધી કષાય–** આ કષાય તીવ્રતમ કક્ષાના હોય છે. આ કષાયની પકડ દીર્ઘ સ્થિતિની હોય છે. આ કષાયની પરિણતિમાં ઉદયભાવમાં જીવ પ્રાયઃ પ્રથમ ગુણસ્થાનમાં હોય છે. આ કષાયના ઉદયમાં સમકિત કે વ્રત પ્રત્યાખ્યાનની પ્રાપ્તિ જીવને થતી નથી. વ્રત-સમકિત આદિ હોય તોપણ આ કષાયનો ઉદય થતાં જ વ્રત કે સમકિત ગુણનો વિનાશ થાય છે, ત્યારે જીવ અનાયાસ મિથ્યાત્વ અવ્રતને પ્રાપ્ત કરી લે છે. આ અનંતાનુબંધી કષાયમાં આયુબંધ થાય તો નરકનો બંધ પડે છે. આ કષાય ઉત્કૃષ્ટ રહે તો જીવનભર પણ રહે, તેવા સ્વભાવનો હોય છે. ભવિતવ્યતા અને કાલ લબ્ધિનું જોર હોય તો ક્યારેક આ કષાયવાળો જીવ પણ સવળો થઈને તે જ ભવમાં મોક્ષે જઈ શકે છે, તોપણ વ્યવહાર સ્વભાવની અપેક્ષા આ કષાય છૂટવો મુશ્કેલ હોય છે. તેને દષ્ટાંતથી આ રીતે સમજાવેલ છે– જેમ પત્થરમાં પડેલી તિરાડ–ફાટ બુરાવી મુશ્કેલ હોય છે, તેવી જ રીતે અનંતાનુબંધી ક્રોધ કષાયથી તૂટેલા દિલ





જોડાવા મુશ્કેલ છે. પત્થરનો સ્તંભ નમવો મુશ્કેલ છે તેમજ અનંતાનુબંધી માનનું નમ્રતામાં પલટાવું મુશ્કેલ છે. વાંસના જડની વક્રતા દૂર થવી કઠિન છે તેમજ અનંતાનુબંધી માયાવાળાના સ્વભાવનું સરળ થવું મુશ્કેલ છે અને કપડામાંથી કિરમજી રંગ કાઢવો કઠિન છે તેમજ અનંતાનુબંધી લોભનું માનસ બદલવું મુશ્કેલ છે. આ રીતે આ અનંતાનુબંધી કષાય આત્માનું અધિકતમ અહિત કરનાર તેમજ આત્મકલ્યાણમાં અધિકતમ બાધક થાય છે.

**(૨) અપ્રત્યાખ્યાની કષાય–** આ કષાય અનંતાનુબંધીથી કંઈક અલ્પ તીવ્ર કક્ષાનો હોય છે. આ કષાયમાં પકડ ઉત્કૃષ્ટ એક વર્ષની હોય છે. એ કષાયના ઉદયમાં જીવને ચાર ગુણસ્થાન હોય શકે છે. પાંચમું ગુણસ્થાન હોતું નથી. આ કષાયના ઉદયમાં જીવ વ્રત-પ્રત્યાખ્યાન કરી શકતા નથી અને ક્યારેક પાંચમું ગુણસ્થાન કે વ્રત-પ્રત્યાખ્યાન હોય તોપણ આ કષાયના ઉદયમાં તે છૂટી જાય છે. આ કષાયમાં આયુબંધ થાય તો તિર્યંચ ગતિની પ્રાપ્તિ થાય છે. આ કષાય ઉત્કૃષ્ટ રહે તો સંવત્સરી સુધી રહી શકે છે. કદાચિત્ તેમાં પરિવર્તન આવે તો આ કષાયવાળા જીવ પણ આગળ વધીને એ જ ભવમાં મુક્ત થઈ શકે છે. તોપણ વ્યવહાર સ્વભાવની અપેક્ષા તેનું છૂટવું થોડું મુશ્કેલ જરૂર હોય છે.

તેને દષ્ટાંતથી આ રીતે સમજાવેલ છે– જેમ તળાવમાં કીચડ પાણી સુકાઈ જવાથી જે તિરાડ માટીમાં પડી હોય છે તે ફરી વરસાદ આવ્યા પહેલાં બુરાવી મુશ્કેલ હોય છે. તે જ રીતે આ કષાયવાળાનો ક્રોધ સમ્યગ્દષ્ટિ હોય તો સંવત્સરી આવતાં ઉપશાંત થઈ જાય છે અન્યથા તે કષાય અનંતાનુબંધીમાં પરિણત થઈ જાય છે. હાડકાંના સ્તંભની જેમ આ અપ્રત્યાખ્યાની કષાયોદયના માનવાળા કદાચિત્ કિંચિત્ નમી શકે છે, અધિક નહીં. ઘેટાનાં શિંગડાની વક્રતા પ્રયત્ન વિશેષે કદાચિત્ કિંચિત્ દૂર થાય છે તેમ આ અપ્રત્યાખ્યાની કષાયના માયાવાળામાં કિંચિત્ સરળતા હોઈ શકે છે. કીચડથી ભરેલા વસ્ત્રનો રંગ ધોવાથી કિંચિત્ સાફ થઈ શકે છે, તે જ રીતે આ કષાયના ઉદયવાળાનું લોભ માનસ થોડું બદલી શકે છે. એમ આ અપ્રત્યાખ્યાની કષાય, અનંતાનુબંધીથી ઓછી કક્ષાનો હોવા છતાં પણ આત્માનું અહિત કરનાર તેમજ મોક્ષમાર્ગે આગળ વધવામાં અવરોધક જરૂર બને છે.

ઉચ્ચારણની અશુદ્ધતાએ તેને અપ્રત્યાખ્યાનાવરણ કષાય કહી દેવાય છે પરંતુ સમજવાથી ધ્યાનમાં આવી શકે છે કે અપ્રત્યાખ્યાનનું આવરણ હોતું નથી. તેથી તેની સાથે આવરણ શબ્દ જોડવો ન જોઈએ પરંતુ **અપ્રત્યાખ્યાની કષાય** એમ જ બોલવું જોઈએ.

**(૩)પ્રત્યાખ્યાનાવરણ કષાય–** આગળ કહેલ બે કષાયો કરતાં આ કષાયની તીવ્રતા ઓછી હોય છે. આ કષાયની પકડ ૧૫ દિવસથી વધારે હોતી નથી. આ કષાયના ઉદયમાં જીવને પાંચ ગુણસ્થાન હોઈ શકે છે. આ કષાય સર્વ-વિરતિ પ્રત્યાખ્યાન રૂપ સંયમનો અર્થાત્ છટ્ઠા આદિ ગુણસ્થાનોનો બાધક છે. દેશ વિરતિના પ્રત્યાખ્યાન આ કષાયના ઉદયમાં પ્રાપ્ત થઇ શકે છે. તેથી આ કષાય સર્વ પ્રત્યાખ્યાનનું આવરણ કરે છે, દેશ પ્રત્યાખ્યાનનું આવરણ કરતો નથી. આ કષાયનો ઉદય થતાં ઉપરના છટ્ઠા આદિ ગુણસ્થાન હોય તોપણ છૂટી જાય છે અને તે જીવ પાંચમા આદિ નીચેનાં ગુણસ્થાનોમાં આવી જાય છે. આ કષાયમાં આયુબંધ થાય તો મનુષ્યની ગતિ પ્રાપ્ત થાય છે. પરિણામોમાં પરિવર્તન આવીને પ્રગતિ કરે તો આ કષાયવાળા જીવ પણ તે જ ભવે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તથાપિ સ્વભાવથી આ કષાયની સ્થિતિ ઉત્કૃષ્ટ ૧૫ દિવસની હોય શકે છે.

તેને દષ્ટાંતથી આ પ્રમાણે સમજાવેલ છે– જેમ રેતીમાં કરેલી લીટી હવા વગેરેથી ૨–૪ દિવસમાં ભૂંસાઈ જાય છે. તે જ રીતે આ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્રોધ ૨–૪ દિવસ યાવત્ ઉત્કૃષ્ટ ૧૫ દિવસમાં સમાપ્ત થઈ જાય છે. સમાપ્ત ન થાય તો ઉપરના કોઈ કષાયમાં પરિણત થઈ જાય છે. જે રીતે લાકડીને વાળવા માટે થોડુંક જ બળ લગાડતાં તે વળી જાય છે, તે જ રીતે આ કષાયના માનવાળામાં થોડો સમય વ્યતીત થતાં નમ્રતા આવી જાય છે. જેમ બળદ ચાલતાં-ચાલતાં મૂત્ર કરે ત્યારે ભૂમિ પર તેના મૂત્રનો આકાર વાંકોચૂકો થાય છે, તે પણ થોડા સમય પછી સુકાઈ જવાથી કે અન્ય ગમનાગમન આદિથી ભૂંસાઈ જાય છે. તે જ રીતે આ પ્રત્યાખ્યાનાવરણ કષાયવાળાની માયા પણ અલ્પ સમયમાં સરળતામાં પરિવર્તિત થઈ જાય છે. અંજન કે કાજલનો રંગ શીઘ્ર સાફ થઈ જાય છે. એ જ રીતે આ કષાયોદયનું લોભમાનસ પણ સરળ તાથી પરિવર્તિત થઈ જાય છે. આ કષાય દુર્ગતિદાયક નથી, તોપણ મોક્ષમાર્ગની પ્રગતિમાં, સંયમ પ્રાપ્તિમાં બાધક બને છે.

**(૪) સંજ્વલન કષાય–** આ કષાય મંદતમ હોય છે. તેમાં પકડના અભાવ જેવું હોય છે અર્થાત્ આ કષાય ક્ષણિક જ હોય છે. આ કષાયની હાજરીમાં જીવ ૧૦મા ગુણસ્થાન સુધી વધી શકે છે. માત્ર વીતરાગતા કે કેવલી અવસ્થા પ્રાપ્ત થવામાં આ કષાય બાધક થાય છે. તેમ છતાં હળુકર્મી જીવ આ કષાયને દશમા ગુણસ્થાને પૂર્ણ ક્ષય કરીને વીતરાગ સર્વજ્ઞ સર્વદર્શી બની જાય છે. આ કષાયના ઉદયમાં આયુબંધ થાય તો દેવગતિની પ્રાપ્તિ થાય છે. આ કષાય માત્ર દેખાવનો જ હોય છે એટલે કે ફક્ત અસ્તિત્વ રૂપ હોય છે પરંતુ અંતરંગમાં





તીવ્ર પરિણામી હોતો નથી. સ્વાર્થપરાયણતા અથવા પરસુખભંજક વૃત્તિ આ કષાયના ઉદયવાળામાં હોતી નથી. તેમ છતાં કષાય રૂપ અસ્તિત્વવાળું હોવાથી આત્માના વીતરાગ ગુણનો ઘાતક થાય છે. તેની સ્થિતિ નહીંવત્ હોય છે. અર્થાત્ એક દિવસ કે પુરી અહોરાત્રની પણ સ્થિતિ હોતી નથી, અલ્પ સમયમાં જ આ કષાયના પરિણામ સહજભાવમાં પરિવર્તિત થઈ જાય છે.

તેને દષ્ટાંતથી આ પ્રમાણે સમજાવેલ છે– જેમ પાણીમાં કરેલી લીટી જાડી કે પાતળી તત્કાળ ભુંસાઈ જાય છે, તે જ રીતે આ કષાયવાળાનો ક્રોધ દેખાવમાં થોડો કે વધારે ગમે તેવો હોય, પણ તે વધારે રહેતો નથી. તત્કાલ કે તે જ દિવસે શમી જાય છે. ઘાસનું તણખલું જેમ તરત જ નમી જાય છે, તેમ આ કષાયના માનવાળામાં નમ્રતા પણ સ્વાભાવિક હોય છે. વાંસ, લાકડા વગેરેના છોલમાં જે વળાંક હોય છે તે સહજ સીધો થઈ જાય છે, એ જ રીતે આ કષાયવાળાની માયા શીઘ્ર સરળતામાં બદલાઈ જાય છે. જેમ હળદરનો રંગ તડકામાં રાખતાં શીઘ્ર ઉડી જાય છે તેમજ આ કષાયવાળાનું લોભમાનસ પણ શીઘ્ર બદલી જાય છે.

આ રીતે અનંતાનુબંધી આદિ ચારે ય પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ આદિના કુલ ૧૬ ભેદ થાય છે. આ બધા કષાય એક જ વ્યક્તિમાં મળી શકે છે, ક્રમ કે અક્રમથી તેનું પરિવર્તન થતું રહે છે. તોપણ પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનવાળામાં ૧૬ કષાય, ચોથા સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનવાળામાં ૧૨ કષાય (અનંતાનુબંધી સિવાય), પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકમાં આઠ કષાય (અપ્રત્યાખ્યાની સિવાય) અને સંયમના છટ્ઠા ગુણસ્થાનથી નવમા ગુણસ્થાન સુધી ચાર સંજ્વલનના કષાય જ હોય છે. દસમા ગુણસ્થાનમાં સંજ્વલનનો એક લોભ માત્ર રહે છે, ક્રોધ, માન, માયા ત્યાં રહેતા નથી. ત્યાર પછી ૧૧ થી ૧૪ ગુણસ્થાનમાં કષાયોદય હોતો જ નથી તેથી તેને વીતરાગ કહેવાય છે.

સંક્ષેપમાં અનંતાનુબંધી કષાય સમકિત ઘાતક, અપ્રત્યાખ્યાની કષાય દેશવિરતિમાં બાધક, પ્રત્યાખ્યાનાવરણ કષાય સર્વ વિરતિરૂપ સંયમનો અવરોધક તથા સંજ્વલન કષાય વીતરાગમાં બાધારૂપ બને છે. જ્ઞાન તેમજ અભ્યાસપૂર્વક વૈરાગ્ય ભાવોની વૃદ્ધિ કરીને બધા કષાયોથી મુક્તિ પ્રાપ્ત કરવી, તે જ મોક્ષ સાધનાનું મુખ્ય અંગ છે.

કષાય સંબંધી ઉપરોક્ત સમસ્ત વર્ણન આ ચોથા સ્થાનમાં છે પરંતુ એક સાથે એક જ જગ્યાએ નથી પણ અલગ-અલગ ઉદ્દેશક કે સ્થળોમાં પ્રકીર્ણરૂપે ઉપલબ્ધ થાય છે. અહીં આ પ્રશ્નમાં તે બધાનું એક સાથે વિશ્લેષણ આપેલ છે.

## પ્રશ્ન–૬ : આ ઉદ્દેશકમાં ચૌભંગીઓ દ્વારા શું શું સમજાવેલ છે ?

**ઉત્તર–** ચૌભંગીઓમાં તાત્ત્વિક દષ્ટિએ અનેકાંતિક વિચારોનું પોષણ કરેલ છે. પદાર્થ, વ્યક્તિ એક જ પ્રકારના ખરાબ કે સારા હોતા નથી. તેનામાં સારા–ખરાબપણું સાપેક્ષ ન્યૂનાધિક હોય છે. તેના માટે ચૌભંગીઓમાં પ્રત્યેક તત્ત્વને ચારે ય વિકલ્પોથી સ્વીકારેલ છે. ઉપદેશ અને પ્રેરણા દષ્ટિ પણ આ ચૌભંગીઓમાં પ્રાયઃ રહેલી છે. ચાર ભાંગામાંથી એક ભાંગો સર્વશ્રેષ્ઠ હોય છે, તદનુસાર બનવાની કે બનાવવાની પ્રેરણા લઈને માનવને કે સાધકને તે અપેક્ષાવાળા શ્રેષ્ઠ ગુણથી પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવવાનું લક્ષ્ય નિશ્ચિત કરી, સંસ્કાર અને અભ્યાસથી તેવા ગુણવાન બનીને માનવભવને સાર્થક કરવો જોઈએ. તે ચૌભંગીઓનો પરિચય આ પ્રમાણે છે–

સૂત્ર–૨, ૩, ૪માં (૧) ઊંચા અને છાયા આપનાર (૨) ઊંચા અને ગુણયુક્ત(ફળ, ફૂલ યુક્ત અને અનેક પ્રકારે ઉપયોગી) તથા (૩) ઊંચા અને રૂપસુંદર વૃક્ષોની ઉપમા દઈને તે પ્રકારે માનવ પણ– (૧) ઐશ્વર્યયુક્ત અને અન્યોને આશ્રયભૂત (૨) ઐશ્વર્ય સંપન્ન અને દાનશીલ અનેક ગુણોથી સંપન્ન (૩) ઐશ્વર્યસંપન્ન અને રૂપસંપન્ન હોય છે. આ ત્રણ-ત્રણ ચૌભંગીઓમાં એક-એક શ્રેષ્ઠ ભંગ છે. તેના સિવાય પ્રતિપક્ષી અને મિશ્રગુણવાળા ત્રણ-ત્રણ વિકલ્પ અન્ય કહેલ છે. એમ ૬ ચૌભંગીઓથી ૧૨ પ્રકાર વૃક્ષોના અને ૧૨ પ્રકાર મનુષ્યોના સ્વીકારેલ છે અર્થાત્ ઉન્નત-પ્રણત(અવનત) બધા પ્રકારના માનવ હોય છે પરંતુ મહત્વ શ્રેષ્ઠ ભાંગાવાળા પુરુષોનું હોય છે.

વૃક્ષની સાથે તુલનાત્મક છ ચૌભંગીઓના અનંતર સૂત્ર–૫ માં સાત ચૌભંગીઓ માત્ર પુરુષની કહેલ છે. જેમ કે–(૧) ઐશ્વર્ય યુક્તની સાથે મન યુક્ત(દિલવાળા) (૨) એ જ રીતે ઐશ્વર્યની સાથે શ્રેષ્ઠ સંકલ્પ (૩) પ્રજ્ઞા (૪) દષ્ટિ (૫) શીલાચાર (૬) વ્યવહાર (૭) અને શ્રેષ્ઠ પરાક્રમની ચૌભંગીથી પુરુષને ઉદારદિલા, સુંદર વિચારવાળા, પ્રજ્ઞાસંપન્ન, દષ્ટિસંપન્ન, શીલ–વ્રત નિયમ સદાચરણ યુક્ત, વ્યવહારકુશળ તેમજ પુરુષાર્થી, પરાક્રમી (તપ-સંયમમાં પરાક્રમી) બનવાની પ્રેરણાદાયી ચૌભંગીઓ આપેલ છે. તેમજ અનેકાંતિક વિચારોના સંસ્કાર પણ આપેલ છે કે જગતમાં કંજૂસ દિલવાળા, કુવિચાર-વાળા, બુદ્ધિહીન, શીલરહિત આદિ પુરુષ પણ હોય છે, આ લોકમાં કંઈ પણ નાસ્તિ કે અનહોની(અસંભવ) નથી. આવું બધું સાપેક્ષ જ્ઞાન આત્માને કુતૂહલ, ચંચળતા અને રાગદ્વેષથી બચાવીને ગંભીર, તટસ્થ તેમજ સમભાવી બનવામાં બહુ જ સહાયક બને છે.





આ ૧૩ ચૌભંગીઓની સમાન જ ઋજુવક્રથી સંબંધિત ૧૩ ચૌભંગીઓ સૂત્ર–૬ માં કહેલ છે. ત્યાં ઊંચા વૃક્ષ અને ઐશ્વર્ય યુક્ત મનુષ્યની જગ્યાએ સીધા વૃક્ષ અને સરળ પુરુષને લઈને પ્રતિપક્ષમાં વાંકા વૃક્ષ અને વક્ર પુરુષના કથનથી ૧૩ ચૌભંગીઓ બનાવીને આ સદ્પ્રેરણા કરેલ છે કે જેમ આગળના સૂત્રોમાં મૌલિક ઐશ્વર્ય સંપન્નતાની સાથે દિલાવરતા, બુદ્ધિમત્તા, વ્યવહાર કુશળતા આદિ હોવા શ્રેષ્ઠ કહેલ છે તેમજ અહીં સરળતાયુક્ત પુરુષની સાથે દિલાવરતા આદિ ગુણોથી સંપન્ન વ્યક્તિને શ્રેષ્ઠ કહેલ છે અને માનવને તથા સાધકોને સરળ નિષ્કપટ થઈને અનેક ગુણોથી આત્માને ભાવિત કરવાની પ્રેરણા કરેલ છે.

ત્યાર પછી સૂત્ર–૯ માં શુદ્ધ-અશુદ્ધ આદિ વસ્ત્રની ચૌભંગીની સાથે મનુષ્યની તુલનાત્મક ચૌભંગી છે. તે પણ ઉપરોક્ત વૃક્ષના કથનની જેમ જ છે. તેમાં સરળતાની જગ્યાએ વસ્ત્રની શુદ્ધતાને લઈને પુરુષને શુદ્ધહૃદયી કહીને ૧૩ ચૌભંગીઓ સમજવી. તે ચૌભંગીઓ અનુસાર પુરુષ (૧૩×૪ = ૫૨) બાવન પ્રકારના શુદ્ધ-અશુદ્ધ હોય છે પરંતુ પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવવાના લક્ષ્યવાળા પુરુષો–સાધકોએ શુદ્ધ પવિત્ર હૃદયવાળા ઉત્તમોત્તમ ૧૩ ભાંગા સમાન શ્રેષ્ઠ ગુણયુક્ત બનવું જોઈએ. આ રીતે ઐશ્વર્ય, સરળતા, શુદ્ધતા એ ત્રણ મૂલગુણોની પ્રેરણાત્મક ૧૩×૩ = ૩૯ ચૌભંગીઓ કહેલ છે.

સૂત્ર–૧૧ માં સત્ય-અસત્યથી ચૌભંગી કરીને પછી પરિણત આદિ પરાક્રમ સુધી દસ ચૌભંગીઓ પુરુષની કહેલ છે. અહીં પ્રથમ ચૌભંગીમાં પહેલા સત્યમાં ભૂતકાળ અને બીજા સત્યમાં વર્તમાનકાળને ગ્રહણ કરેલ છે. યથા– **सच्चे णाम एगे सच्चे**– કોઈ પુરુષ પહેલાં સત્ય આરાધક હતો અને ત્યાર પછી પણ સત્ય આરાધક છે. બાકીની નવ ચૌભંગીઓમાં **सच्चे णाम एगे सच्चपरक्कमे**– કોઈ સત્ય આરાધક પણ છે અને સત્યમાં પરાક્રમ કરનાર પણ છે. આ રીતે અન્ય પણ ચૌભંગીઓ સમજી લેવી.

શુદ્ધ અશુદ્ધ વસ્ત્રમાં તંતુઓ અને મેલની અપેક્ષા છે, એ જ રીતે સૂત્ર–૧૨માં વસ્ત્રની ૧૩ ચૌભંગીઓ કહી છે, તે સંસ્કારની અપેક્ષા શુચિ-અશુચિ અર્થાત્ પવિત્ર-અપવિત્ર વર્ણ,ગંધની અપેક્ષાએ કહેલ છે. એ જ રીતે પુરુષના શરીર ઉત્તમ વર્ણ,ગંધ, રસવાળા કે તેના કુળ, જાતિ આદિ ઉત્તમ હોય, આ રીતે મૂળ ગુણની સાથે દિલાવરતા આદિ સમજીને ૧૩ ચૌભંગીઓ સમજવી.

સૂત્ર–૪૪માં ફળની એક ચૌભંગી સાથે તુલનાત્મક પુરુષની એક ચૌભંગી કહેલ છે. તેમાં કાચા ફળો, ખાટા અને મીઠા હોવાનું તથા પાકા ફળો

પણ ખાટા કે મીઠા હોવાનું સ્વીકારેલ છે. તદનુસાર પુઢષમાં પણ વય અને જ્ઞાનથી પરિપક્વતા-અપરિપક્વતા બતાવીને તેનામાં ગુણોના વિકાસ તથા અવિકાસનું કથન કરેલ છે. પુઢષની આ ચૌભંગીમાં ગુણોના વિકાસવાળા બંને ભાંગા શ્રેષ્ઠ હોય છે. વય કે જ્ઞાન અલ્પ હોય તો ગુણોનો વિકાસ વ્યક્તિને મહત્વશીલ બનાવી દે છે. તેથી દરેક સ્થિતિમાં માનવે પોતાના ગુણોના વિકાસમાં જ પ્રયત્નશીલ તેમજ અભ્યાસરત રહેવું જોઈએ.

સૂત્ર–૪૯ માં પુઢષની એક ચૌભંગીથી બતાવેલ છે કે પુઢષોના પોતાના વિભિન્ન સ્વભાવના કારણે કોઈનું મિલન તો સુખપ્રદ કે મધુર હોય છે પરંતુ સાથે વધારે રહેવું અમધુર કે દુઃખમય થઈ જાય છે. આ રીતે આ ચૌભંગીમાં જેનું મિલન અને સહવાસ બંને સુખપ્રદ થાય તેવી પ્રકૃતિ કે વિવેક આદિ ગુણસંપન્ન વ્યક્તિને શ્રેષ્ઠ કહેલ છે. એમ આ ચૌભંગીથી એ પ્રેરણા આપેલ છે કે વ્યક્તિ પોતાનો સ્વભાવ અને વ્યવહાર એટલો સુંદર સુઘડ બનાવે કે કોઈની સાથે ક્ષણિક મિલન થાય કે થોડો સમય અથવા દીર્ઘકાળ રહેવાનું હોય તો પરસ્પર ઉભયને સદા સુખદાયી વાતાવરણ બની રહે.

સૂત્ર–૫૦, ૫૧, ૫૨ ની ત્રણ ચૌભંગીઓમાં– (૧) પોતાના અને બીજાના પાપદોષને જોવા (૨) પોતાના અને બીજાના દોષોની ચર્ચા કરવી કે દોષોને વધારી દેવા (૩) પોતાના અને બીજાના દોષોને ઉપશમાવવા કે ઉપેક્ષા કરવી તેમજ સામેવાળાના દોષ ન જોવા, વધારવા નહીં, ઉપશમન ન કરવું વગેરે દ્વારા પુઢષોના વિકલ્પ કહેલા છે. પ્રથમ ચૌભંગીમાં પોતાના દોષ જોનાર અને બીજાના દોષ ન જોનાર પુઢષ શ્રેષ્ઠ છે. બીજી ચૌભંગીમાં પોતાના અને બીજાના કોઈના દોષો વધારી નહીં દેનારા શ્રેષ્ઠ છે. ત્રીજી ચૌભંગીમાં સ્વ-પર બંનેના પાપદોષોને વિવેકપૂર્વક ઉપશાંત ન્યૂન–ન્યૂનતમ કરનારા શ્રેષ્ઠ છે.

સૂત્ર–૫૩ માં વિનયપૂર્વક ઉભા રહેવા તથા બીજાને પ્રેરણા કરવા સંબંધી ચૌભંગી છે. આ જ રીતે વંદના, સત્કાર, સન્માન, પૂજા આદિ કરવા, વાચના દેવી, વાચના લેવી, પ્રશ્નચર્ચા કરવી, સૂત્રાર્થ વિવેચના; આ કાર્ય કરવા, કરાવવા સંબંધી કુલ નવ ચૌભંગીઓ કહેલ છે. આ બધા વિનય તથા જ્ઞાન સંબંધિત શ્રેષ્ઠ ગુણ છે. તેને સ્વયં કરનાર અને બીજાને કરાવનાર પુઢષ–સાધક શ્રેષ્ઠ છે. તેમ સમજીને સાધકે પોતાની યોગ્યતા અનુસાર, ક્ષયોપશમ અનુસાર તે ગુણોના ઉભયાત્મક દષ્ટિએ ધારક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. અર્થાત્ સાધક સ્વયં પણ વિનય-જ્ઞાન આદિ ગુણોથી સંપન્ન બને તથા બીજાને પણ વિનય-જ્ઞાન આદિ ગુણોથી સંપન્ન બનવાની પ્રેરણા તથા સહાય કરે.





વિવેક યુક્ત કરેલા આ સર્વ કર્તવ્ય સ્વ-પર-ઉભયના જીવન વિકાસને માટે તેમજ કર્મનિર્જરાને માટે થાય છે.

સૂત્ર–૫૪ માં મૂલશાસ્ત્ર પાઠ અને તેના અર્થધારકની અપેક્ષા ચૌભંગી કહેલ છે. તેમાં ઉભયધારક શ્રેષ્ઠ છે અને ઉભયથી હીન, જ્ઞાનની અપેક્ષા અનુત્તમ હોય છે. માટે દરેક બુદ્ધિમાન, પ્રજ્ઞાશીલ, સુંદર ક્ષયોપશમવાળાએ સૂત્ર-અર્થ ઉભયધારક બનવામાં પ્રયત્નશીલ, કર્તવ્યનિષ્ઠ થવું જોઈએ તેમજ દીક્ષા પછીના વિદ્યાર્થી જીવનના સમય સુધી અન્ય લક્ષ્યોને પ્રમુખતા ન દેતાં યોગ્ય શ્રુત-અર્થના ધારક બની જવું જોઈએ.

સૂત્ર–૮૧ માં પ્રગટ કે ગુપ્ત રીતે દોષ સેવન કરનારા અને નહીં કરનારાની ચૌભંગી કહેલ છે. તેમાં બંને પ્રકારે દોષ સેવન નહીં કરનારા શ્રેષ્ઠ છે, બાકી ત્રણે ય ભંગવાળા દોષ સેવનના કારણે હીનાધિક દોષી બને છે.

સૂત્ર–૧૦૧, ૧૦૨ માં કૂટાકારગૃહથી પુઢષની અને કૂટાકારશાળાથી સ્ત્રીની તુલનાયુક્ત કુલ ચાર ચૌભંગીઓનું કથન છે. અહીં કૂટાકારગૃહ અને શાળાને પરકોટા(કોટ) તેમજ દ્વારથી ગુપ્ત અગુપ્ત કહેલ છે. તે જ રીતે સ્ત્રી-પુઢષોને વસ્ત્રાચ્છાદિત કે મર્યાદાશીલ થવાની સાથે ગુપ્તેન્દ્રિય થવાનું કહેલ છે. એમ આ ચૌભંગીઓમાં સ્ત્રી-પુઢષોને માટે મર્યાદાશીલ અને જિતેન્દ્રિય ઉભયગુણ યુક્ત થવું શ્રેષ્ઠ બતાવેલ છે.

**પ્રશ્ન–૭ : આ ઉદ્દેશકમાં ઉપમા દ્વારા પુઢષ કે સાધકને કેવી રીતે ઉપમિત કર્યા છે ?**

**ઉત્તર–** સૂત્ર–૧૩ માં માંજર(કૂંપળ) અને તેના ફળનું કથન કરેલ છે કે–(૧) આમ્રફળના માંજર સીમિતકાલ કે દીર્ઘકાલ સુરક્ષા કરવાથી સુંદર ફળ આપે છે. (૨) તાડફળના માંજર લાંબા સમયની સેવા પછી પણ મુશ્કેલીથી સામાન્ય ફળદાયી હોય છે. (૩) લતાફળના માંજર અલ્પ સમયમાં ઈચ્છિત સામાન્ય કે વિશેષ ફળદાયી હોય છે. (૪) મેંઢવિષાણ નામની વનસ્પતિના માંજર લાંબા સમય પછી પણ અખાદ્ય ફળ આપે છે.

એ જ રીતે મનુષ્ય પણ સેવા કરનારને ભિન્ન-ભિન્ન રીતે ઉપકારક બને છે, જેમ કે– (૧) કોઈ ઉચિત સમયમાં વેતન, ઈનામ વગેરે આપે છે. (૨) કોઈ મોડેથી આપે છે. (૩) કોઈ મીઠી વાતો કરી માત્ર વેતન જ આપે છે. (૪) કોઈ સેવાથી અલ્પ મહેનતાણું આપે છે. આ ચૌભંગીમાં જે વ્યક્તિ સેવકની સાથે સદ્વ્યવહાર યુક્ત ઉચિત સમયે સંતોષકારક મહેનતાણું તેમજ ઈનામ દેવા રૂપ ફળદાયી હોય છે, તે સર્વશ્રેષ્ઠ માનવ હોય છે.

સૂત્ર–૧૪માં લાકડું ખાનાર ઉધઈ ચાર પ્રકારની કહીને તેવા ચાર ભિક્ષાચર કહ્યા છે– (૧) છાલ ખાનાર (૨) છાલની અંદરનો ભાગ ખાનાર (૩) લાકડું ખાનાર (૪) લાકડાનો અંદરનો ભાગ ખાનાર. આ જ રીતે ભિક્ષુ પણ ગૃહસ્થના ઘરેથી સામાન્ય-વિશેષ આહાર ગ્રહણ કરનારા હોય છે.

તે પછી એ ઉપમિત કરેલ છે કે છાલ, અંતરછાલ, કાષ્ટ અને કાષ્ટસાર ખાનાર ભિક્ષુનું તપ કર્મક્ષય કરવામાં છાલ, અંતરછાલ, કાષ્ટ કે કાષ્ટસાર સમાન હોય છે. આ પ્રમાણે ભિક્ષુના આહારની સાથે તેના તપથી કર્મક્ષયને ઉપમિત કરેલ છે. જેમ કે– (૧) કોઈ ભિક્ષુ કાષ્ટસાર સમાન ષટ્રસ સ્વાદુ ભોજન ખાઈને મંદ તપ કરનારા હોય, કોઈ ઉગ્ર તપ કરનારા હોય. (૨) કોઈ ભિક્ષુ છાલ સમાન રૂક્ષ આયંબિલનું ભોજન કરીને મંદ તપ કરનારા હોય, કોઈ ઉગ્ર તપ કરનારા હોય; આ પ્રમાણે બધા વિકલ્પ સમજવા. અહીં ભિક્ષુને માટે છાલ = આયંબિલ ભોજન, અંતરછાલ = નીવી. કાષ્ટ = ધાર વિગય ત્યાગ (લૂખા). કાષ્ટસાર = વિગયયુક્ત ભોજન કરનારા વિકલ્પ કહ્યા છે.

છાલ જેવો આહાર કરનારની કર્મભેદન શક્તિ સાર ખાનાર ઉધઈની જેમ વધારે હોય છે. સાર જેવો વિગયયુક્ત આહાર કરનારાની કર્મભેદન શક્તિ છાલ ખાનારી ઉધઈની જેમ થોડી હોય છે. આ પ્રમાણે બાકી બંને પ્રકારના ખાનારાની કર્મભેદન શક્તિ તદનુસાર મધ્યમ હોય છે.

આ ઉપમાનો સાર એ છે કે તુચ્છ સામાન્ય આહાર કરનારા કર્મક્ષય કરવાની અધિક ક્ષમતા ધરાવે છે. સરસ સ્વાદિષ્ટ ભોજન કરનારા સાધકની કર્મભેદન શક્તિ મંદ હોય છે. તેથી કર્મક્ષય કરવાની સાધનામાં ઉપસ્થિત થયેલ ભિક્ષુએ સારું સારું ખાવાની જ માત્ર રુચિ ન રાખતાં, નીરસ આહારી, તુચ્છાહારી બનવાનો પણ પ્રયત્ન કરવો જોઈએ.

સૂત્ર–૭૯માં કહ્યું છે કે જેમ લાકડી, તંતુ, લોખંડ અને પથ્થરમાં અનેક પ્રકારની હીનાધિકતા હોય છે. તેવી જ રીતે પુરુષ પણ શ્રેષ્ઠ, કનિષ્ટ અનેક પ્રકારના હોય છે. (૧) કાષ્ટ– બાવળીયા, સાગ, સીસમ, ચંદનની લાકડી વગેરેના મૂલ્યમાં ઘણું અંતર હોય છે. (૨) રૂ કે કાપડ– સુતરાઉ, ઊની, રેશમી, ઢાકાની મલમલ આદિની મુલાયમતામાં અને કિંમતમાં ફેર હોય છે. (૩) લોખંડ– સામાન્ય લોઢું, તલવારનું લોઢું, સૂક્ષ્મ સંશોધિત તારમાં ફેર હોય છે. (૪) પથ્થર– સામાન્ય પથ્થર, ગોળમટોળ પથ્થર, ખનિજધાતુનો પથ્થર અને રત્નોના પથ્થરમાં પરસ્પર બહુ જ ફરક હોય છે. એ જ રીતે સ્ત્રીઓ અને પુરુષોમાં વિધ-વિધ અંતર હોય છે. **(૧) કાષ્ટવત્ અંતર–** ઉદારતા આદિ





ગુણયુક્ત અને પદવીયુક્ત પુરુષ ચંદન કાષ્ટ સમાન છે અને બીજાને દુઃખ આપનારા પુરુષ બાવળીયા જેવા છે. **(૨) તંતુ-વસ્ત્રવત્ અંતર–** કઠણાયુક્ત હૃદયવાળા, કોમળ વચનવાળા પુરુષ રેશમ તંતુ વસ્ત્ર જેવા છે અને કઠોર પુરુષ ઊંટના વાળના રેસા જેવા છે. **(૩) લોખંડવત્ અંતર–** કષ્ટ ઉપસર્ગ સહેવામાં સમર્થ પુરુષ તલવાર કે તારના લોખંડ જેવા છે અને કષ્ટ–ઉપસર્ગ સહેવામાં અસમર્થ પુરુષ સામાન્ય કાટવાળા લોખંડ જેવા છે. **(૪) પથ્થરવત્ અંતર–** લબ્ધિસંપન્ન વ્યક્તિ પારસમણિ જેવા અને દીન દરિદ્ર વ્યક્તિ સામાન્ય પથ્થર જેવા છે. અહીં પુરુષની જેમ સ્ત્રીમાં પણ અંતર સમજી લેવું.

**પ્રશ્ન–૮ : આ ઉદ્દેશકમાં અન્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** ઉપરોક્ત પ્રશ્નોમાં કહેવાયેલા વિષયો સિવાય પણ અહીં અનેક વિષયોનું નિરૂપણ છે, જેમકે– **(૧)** ચાર પ્રકારના પુત્ર– પિતાથી ગુણ-યશમાં આગળ નીકળે તેવા; પિતા સમાન; પિતાથી ન્યૂન અને કુળને કલંકિત કરનારા. **(૨)** દેવોની સ્થિતિ(કક્ષા) ચાર પ્રકારની છે– ૧. સામાન્ય દેવ ૨. ઈન્દ્ર-સામાનિક દેવ ૩. ત્રાયસ્ત્રિંસક–પુરોહિત દેવ, ૪. સેવક–આભિયોગિક દેવ **(૩)** દેવ-દેવી, મનુષ્ય-મનુષ્યાણી, તિર્યંચ-તિર્યંચાણી એ કોઈ પણ પરસ્પર કુશીલ સેવન કરી શકે છે અર્થાત્ દેવ-મનુષ્યાણી સાથે, મનુષ્ય દેવી સાથે, એમ મોહકર્મના ઉદયની વિચિત્રતાએ કંઈપણ સંભવી શકે છે. **(૪)** ક્રોધ, માન, માયા, લોભ એ ચારના નિમિત્તે જીવ કર્મ સંચય આદિ યાવત્ ઉદિત કર્મની નિર્જરા પણ કરે છે. અહીં ત્રણે ય કાલ અને ૨૪ દંડકથી પણ વર્ણન કરેલ છે અર્થાત્ ૨૪ દંડકના જીવોએ કર્મ બાંધ્યા હતા, બાંધે છે, બાંધશે. આમ ચય, ઉપચય આદિ બધી ક્રિયા સમજી લેવી. **(૫)** કાયા–ભાષા અને ભાવની સરળતા આ સત્ય રૂપ છે અને તેની વક્રતા તે અસત્ય રૂપ છે. તેમજ અવિવાદ એ સત્યરૂપ છે અને વિવાદ અસત્યરૂપ છે. **(૬)** લોકપાલ ભવનપતિમાં ૮૦ અને વૈમાનિકમાં ૪૦ કુલ ૧૨૦ છે. એક-એક ઈન્દ્રના ચાર-ચાર લોકપાલ હોય છે. વ્યંતર, જ્યોતિષીમાં લોકપાલ હોતા નથી. **(૭)** ચાર પાતાળ કળશોના સ્વામી દેવોને વાયુકુમાર જાતિના બતાવેલ છે. **(૮)** રુચક દ્વીપમાં ચાર વિદિશાઓમાં રહેનારી દિશાકુમારી દેવીઓને અહીં વિદ્યુત્કુમારી દેવીઓ કહેલ છે. તે પ્રભુના જન્મોત્સવ સમયે હાથમાં દીપક લઈને ઉભી રહે છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તેને દિશાઓ સાથે સંબંધિત હોવાથી દિશાકુમારી મહત્તરિકાઓ કહેલ છે. **(૯)** શક્રેન્દ્રની મધ્યમ પરિષદના દેવોની અને ઈશાનેન્દ્રની મધ્યમ પરિષદની દેવીઓની ચાર-ચાર પલ્યોપમની સ્થિતિ છે. **(૧૦)** પ્રાયશ્ચિત્ત ચાર– જ્ઞાન,

દર્શન, ચારિત્ર તથા સમાચારી સંબંધી પ્રાયશ્ચિત્ત. અથવા ૧. પ્રત્યેક દોષનું ૨. અનેક સંયુક્ત દોષનું ૩. ચાલુ પ્રાયશ્ચિત્તની ઉપર આરોપિત પ્રાયશ્ચિત્ત અને ૪. કપટયુક્ત આલોચનાનું વિશેષ પ્રાયશ્ચિત્ત. **(૧૧)** મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકર તથા ભરત એરવત ક્ષેત્રના મધ્યમ ૨૨ તીર્થંકર ચાતુર્યામ ધર્મનું કથન કરે છે. જેમાં ચોથું બહિદ્ધાદાન વેરમણ–સંયમ મર્યાદાથી બાહ્ય વસ્તુ ગ્રહણનો ત્યાગ. તેમાં સ્ત્રી-પરિગ્રહ આદિ સમસ્ત સંયમને અયોગ્ય પદાર્થ ગ્રહણનો ત્યાગ કહેવામાં આવે છે. **(૧૨)** જિન–કેવલીના પ્રથમ સમયથી જ જ્ઞાનાવરણીય આદિ ૪ કર્મ ક્ષીણ થાય છે અને વેદનીય આદિ ૪ કર્મ ઉદયમાં હોય છે, તે ચારે કર્મ પણ સિદ્ધ થવાના પ્રથમ સમયે એક સાથે ક્ષીણ થઈ જાય છે. **(૧૩)** હાસ્યને યોગ્ય વસ્તુ જોવાથી, ભાષા બોલવાથી, શબ્દ સાંભળવાથી અને ઘટનાઓના સ્મરણથી હાસ્ય પેદા થાય છે. **(૧૪)** ચાર પ્રકારના નોકર– દૈનિક વેતનવાળા, યાત્રાના પૂર્ણ વેતનવાળા, માસિક આદિ વેતનવાળા તથા કાર્યના ઠેકા મુજબ મહેનતાણાવાળા. **(૧૫)** ૧૮ ઈન્દ્ર(વ્યંતરના ૧૬ તથા ચંદ્ર-સૂર્ય) ૮૮ લોકપાલ(ભવનપતિના ૨૦ ઈન્દ્રોના ૨૦×૪= ૮૦ તથા વૈમાનિકના ૨ ઈન્દ્રના ૨×૪= ૮ લોકપાલ) અને ૮૮ ગ્રહ, આ બધાની ૪–૪ અગ્રમહિષી દેવીઓ છે. કુલ–૧૮ + ૮૮ + ૮૮ = ૧૯૪×૪ = ૭૭૬ અગ્રમહિષીઓનાં નામ અહીં સૂત્રમાં કહેલ છે. (૧) ગોરસ સંબંધી ૪ વિગય–દૂધ, દહીં, ઘી, માખણ. ચીકણા વિગય–૪– તેલ, ઘી, વસા, માખણ. મહાવિગય ૪–મધ, માખણ, મદ્ય, માંસ. **(૧૬)** અંગબાહ્ય ૪ પ્રજ્ઞપ્તિ સૂત્ર– ચંદ્ર, સૂર્ય, જંબૂદ્વીપ અને દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ ૩૨ સૂત્રમાં ગણેલ નથી. તેનું નામ નંદીસૂત્રમાં પણ છે અને અહીં પણ છે તથા આ શાસ્ત્ર પ્રકાશિત ઉપલબ્ધ પણ છે. તેનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં સમાવિષ્ટ થઈ જાય છે. કારણ કે જીવાભિગમ સૂત્રમાં સમસ્ત દ્વીપસમુદ્રોનું વર્ણન ત્રીજી પ્રતિપત્તિમાં છે.

તેના સિવાય અન્ય શાસ્ત્રોના વિષય તથા આ શાસ્ત્રના પૂર્વ સ્થાનોમાં આવેલા વિષયોને ત્રણ સંખ્યામાં એક ઉમેરીને ચારની સંખ્યાથી કથન છે. તે વિષયોનું વિવરણ તે તે સ્થાનોમાં, આગમોમાં જોઈ લેવું. તે વિષય આ પ્રમાણે છે– ભાષા, પડિમા, વનસ્પતિ, ધ્યાન વર્ણન, અસ્તિકાય, પ્રણિધાન, દષ્ટિવાદ, કાળ, દ્રવ્યાદિ સંસાર, પુદ્ગલ પરિણામ, દુર્ગતિ-સુગતિ, દ્રવ્યાદિ અવગાહના.

સૂત્ર–૧ અને ૫૩ માં આવેલા વિશિષ્ટ શબ્દોના અર્થ– **સંજમબહુલે**– છકાય રક્ષા આદિ રૂપ ૧૭ પ્રકારનો સંયમ. **સંવરબહુલે**– મિથ્યાત્વાદિ આશ્રવ ત્યાગ. **સમાહિબહુલે**– રાગદ્વેષના પ્રસંગે મન, વચન, કાયાથી સમભાવ,





સમાધિભાવોની પ્રચુરતા. **લૂહે**– કામ આદિ વિકારોથી, મોહભાવોથી રહિત (સંસાર સ્નેહ રહિત) સંયમવાન. **તીરટ્ઠી**– ભવસાગર તરવાનો આકાંક્ષી, મોક્ષાર્થી. **ઉવહાણવં**– આયંબિલ આદિ તપ પૂર્વક સૂત્ર અધ્યયન કરનારા. **દુક્ખક્ખવે**– દુઃખનું મૂળ કર્મ છે, તેનો ક્ષય કરનારા, તેને ખપાવનારા. **તહપ્પગારે તવે**– બાહ્ય, આભ્યંતર ઘોર તપ. **તહપ્પગારા વેયણા**– ઘોર ઉપસર્ગ કે રોગજન્ય વેદના. **અબ્ભુટ્ઠેઇ**– હાથ જોડીને, વિનયપૂર્વક ઉભા થવું(ગુરુ આદિ નજીક આવતાં). **વંદઇ**– ૧૨ આવર્તન યુક્ત કે ૩ આવર્તન યુક્ત વંદન કરવા. **સક્કારેઇ**– વચનથી સન્માન દેવું. **સમ્માણેઇ**–બહુમાન પ્રગટ કરવું, ગુણ સ્તુતિ કરવી. **પૂએઇ**– આહારાદિ, વસ્ત્રાદિ અર્પણ કરવા.

## સ્થાન–૪ : ઉદ્દેશક–૨

**પ્રશ્ન–૧ : આ ઉદ્દેશકમાં મુખ્ય કયા-કયા વિષયોનું પ્રતિપાદન છે ?**

**ઉત્તર**– તેમાં ચારની સંખ્યા સંબંધી પ્રથમ ઉદ્દેશકની જેમ જ અનેક વિષયોનો અક્રમિક સંગ્રહ કરેલ છે. જેમકે– પ્રતિસંલીનતા, હસ્તી, વિકથા, ધર્મકથા, અતિશય જ્ઞાનોત્પત્તિ-અનુત્પત્તિ, સ્વાધ્યાય-અસ્વાધ્યાય, લોકસંસ્થિતિ, ગર્હા, નિર્ગ્રંથ, તમસ્કાય, કષાય સ્વરૂપ, સંસાર-આયુ-ભવ, આહાર, કર્મબંધ, જીવ ઉપક્રમ, એક-અનેક, સર્વ, પર્વત, કૂટ, ક્ષેત્ર, જઘન્યપદે અરિહંત આદિ, મેરુ પર્વતનાં વન, અભિષેકશિલા તથા ચૂલિકા, અંતરદ્વીપ, પાતાળકલશ, આવાસ-પર્વત, વેલંધર-અણુવેલંધર પર્વત, લવણસમુદ્ર, ધાતકીખંડ, ભરતક્ષેત્ર વગેરે, નંદીશ્વર દ્વીપ, સત્ય, આજીવિક-તપ, સંયમ, ત્યાગ, અકિંચનતા ઈત્યાદિ ચારની સંખ્યાવાળા વિષયોનું ક્યાંક વિસ્તૃત વર્ણન તો ક્યાંક નામ માત્ર કથન છે. તેના સિવાય પૂર્વવત્ અનેક ચૌભંગીઓ, ઉપમાઓ દ્વારા પુરુષના ગુણ–પ્રકારોનું વર્ણન છે.

**પ્રશ્ન–૨ : સ્ત્રી કથા આદિ વિકથાઓની વિશદ વ્યાખ્યા શું છે ?**

**ઉત્તર**– મોક્ષ સાધનામાં અર્થાત્ ધર્મકરણીમાં જે કથા-વાર્તા ન કરાય તેને વિકથા કહે છે. જે આત્મહિતમાં અનુપયોગી વાર્તા છે તે વિકથા છે. જેનાથી આત્મામાં રાગ કે દ્વેષની પરિણતિ થાય છે, તેવી વાર્તા–વાર્તાલાપ વિકથા છે. વિકથાના મુખ્ય ચાર પ્રકાર છે– (૧) સ્ત્રી સંબંધી(પુરુષ સંબંધી) (૨) ભોજન સંબંધી(ખાન-પાન સંબંધી) (૩) દેશ સંબંધી (૪) રાજા સંબંધી.

**(૧) સ્ત્રી કથા**– સ્ત્રીઓના વિભિન્ન સ્વભાવોની, આદતોની, તેના કુળ-

વંશની, ચાલ-ચલનની, અલંકારો-આભૂષણોની, શરીરની, અંગોપાંગોની, રૂપ-રંગની, ઈન્દ્રિયોની, સજાવટની, વેશભૂષાની, વસ્ત્રોની, વાળની ઈત્યાદિ વિષયોની ચર્ચા-નિંદા-પ્રશંસા, વાદ-વિવાદ વગેરે એ બધી વાર્તા વિકથારૂપ છે. આત્મસાધનામાં એ ચર્ચાથી કોઈ લાભ નથી.

**(૨) ભોજન–ભક્તકથા–** સાધુને જીવન નિર્વાહને માટે, આયુષ્ય ટકાવવા માટે આહાર કરવો જરૂરી છે. તેથી યથાસમય ભિક્ષાના નિયમોનાં પાલન સાથે આહાર પાણી લાવીને ઉદરપૂર્તિને માટે જેટલા જરૂરી છે તેટલા વાપરવા પડે છે તથા પોતાના અને અન્ય સાથી સાધુઓના સ્વાસ્થ્ય, સંયમ, બ્રહ્મચર્ય સમાધિનું ધ્યાન રાખવા માટે આહારના ગુણધર્મનું જ્ઞાન(અનુભવ) સ્વયં રાખવાનું હોય છે અને જરૂર પડે ત્યારે અન્ય યોગ્ય સાધુને પણ તેનું જ્ઞાન, અનુભવને માટે આપવાનું હોય છે. ભોજન સંબંધી વિકથા આ પ્રમાણે છે– ખાદ્યસામગ્રી સંબંધી સારા-ખરાબની ચર્ચા, ભોજનને પકાવવાની વિધિ-અવિધિની કે કુવિધિની ચર્ચા, પોતાની પસંદ-નાપસંદની રાગદ્વેષાત્મક ચર્ચા, પોતાના સંસાર અવસ્થાના ખાન-પાનની ચર્ચા, કંજૂસ, ધનવાન અને ગરીબ વગેરેના ખાન-પાનની ચર્ચા, ખાદ્યપદાર્થોનાં મૂલ્યની ચર્ચા તેમજ સ્વાદિષ્ટ હોવાની ચર્ચા. આ પ્રકારની ચર્ચાઓમાં સાધનાનો સમય વ્યર્થ ખર્ચાઈ જાય છે તેમજ રાગદ્વેષ, આર્ત-રૌદ્રધ્યાનના કારણે કર્મબંધ થાય છે.

**(૩) દેશ કથા–** દેશવિદેશ, ગ્રામ નગરોના વસવાટ, રહેણી-કરણી, વેશભૂષા, ખાનપાન, વ્યવસ્થાઓ, કુવ્યવસ્થાઓ, દર્શનીય સ્થાનો, પ્રથાઓ, ભાષાઓની ચર્ચા-નિંદા-પ્રશંસા, રાગદ્વેષમય વાદ-વિવાદ, આ સર્વ પ્રકારની દેશકથાઓ કર્મબંધનકારી છે. **(૪) રાજકથા–** રાજાઓના ગુણ-અવગુણોની, રાજ્ય સંચાલનની સારી-ખરાબ પદ્ધતિની, કાયરતા-શૂરવીરતાની, ઠાઠમાઠની, ઐશ્વર્ય રાજભંડારની, સેનાની, યુદ્ધની, હાર-જીતની ઈત્યાદિ ચર્ચાઓ, નિંદા-વિકથા, વાદ-વિવાદ; એ સર્વે ય પરસ્પર રાગદ્વેષ વર્ધક થાય છે. આવી કથાઓમાં ક્યારેક કોઈનું મનદુઃખ થાય છે, ક્યારેક ક્લેશ, બોલચાલ, ઝગડા પણ થાય છે.

આ બધી વિકથાઓ ધર્માચરણ સાધનામાં પૂર્ણતઃ વર્જવા યોગ્ય છે. આ વિકથાઓ સંબંધી વિષયોની પરસ્પરની ચર્ચા સિવાય તેને પોતાના ચિંતન-મનનના વિષયભૂત બનાવવા અર્થાત્ આ વિષયોમાં પોતે જ ચિંતન વિચારણા, સંકલ્પ-વિકલ્પો કરવા તે પણ આત્મસાધકને માટે વર્જ્ય સમજવા જોઈએ. જેનો સંકેત પ્રશ્નવ્યાકરણ સૂત્રના ચોથા સંવરદ્વારમાં મળે છે.





**પ્રશ્ન–૩ : ધર્મકથાઓના પ્રકાર તથા તેનું વિશદ સ્વરૂપ કેવી રીતે દર્શાવેલ છે ?**

**ઉત્તર–** મોક્ષ સાધનામાં અને આત્મગુણ વિકાસમાં સહાયક, સ્વ-પર હિતકારક, વાર્તા-ચર્ચા, ઉપદેશ, વિચારણા, પ્રેરણા તે બધી ધર્મકથાઓ કહેવાય છે. તેના મુખ્ય ચાર પ્રકાર છે– (૧) જિનમતમાં સ્વમતમાં સ્વઆત્માને તથા અન્યોને આકર્ષિત કરનારી ચર્ચા, ઉપદેશ, નિરૂપણ-પ્રરૂપણ. તે **આક્ષેપિણી** ધર્મકથા કહેવાય છે. (૨) અન્ય મિથ્યાધર્મોથી, મિથ્યાસિદ્ધાંતો-પરંપરાઓથી, અંધવિશ્વાસોથી, ભ્રમણાઓથી આત્માને દૂર રાખવો, ચિત્તને તેમાંથી ચલિત કરવું. સત્યાસત્યનું ભેદજ્ઞાન થઈને અસત્યથી દૂર થવા તત્પર કરાવતી કથા-વાર્તા, ચર્ચા-વિચારણા એ **વિક્ષેપિણી** ધર્મકથા કહેવાય છે. (૩) જીવનમાં વૈરાગ્યભાવોની વૃદ્ધિ, સંસારથી અરુચિ, મોક્ષમાં લગની લગાડનારી, કથા-વાર્તા, ચર્ચા-પ્રેરણા ઉપદેશ; અનિત્ય આદિ ચાર ભાવનાઓનું વર્ણન; આ **સંવેગિની** ધર્મકથા કહેવાય છે. (૪) શરીર પ્રત્યે, સુખભોગો પ્રત્યે ઉદાસીનતા ઉત્પન્ન કરનારી, પુણ્ય-પાપ પરિણામની ચર્ચા દ્વારા સંયમ, વ્રત-પ્રત્યાખ્યાનની રુચિની વૃદ્ધિ કરનારી, કષ્ટ-ઉપસર્ગોના સમયે સહિષ્ણુતા ઉત્પન્ન કરનારી કથાવાર્તા, ચર્ચા-પ્રેરણા ઉપદેશ અશુચિ ભાવના આદિ; એ **નિર્વેદિની** ધર્મકથા કહેવાય છે.

પ્રસ્તુત શાસ્ત્રમાં **(૧) આક્ષેપિણી** ધર્મકથાના ચાર પ્રકાર કહ્યા છે– **૧.** આચારની ચર્ચાથી અથવા આચાર સંબંધી વિવેચનાથી **૨.** વ્યવહાર કુશળ તાથી, વ્યવહારની શુદ્ધિથી, શ્રેષ્ઠ વ્યવહારથી **૩.** વ્યક્તિના સંશય– જિજ્ઞાસાના સંતોષકારક સમાધાનથી **૪.** અનેક અપેક્ષાઓથી, દષ્ટાંતોથી તેમજ શાસ્ત્રોના ઉદ્ધરણો યુક્ત વસ્તુ તત્ત્વના સ્પષ્ટીકરણથી વ્યક્તિને કે પરિષદને શુદ્ધ–ધર્મ પ્રત્યે આકૃષ્ટ કરનારા વક્તવ્ય-ઉપદેશ આક્ષેપિણી ધર્મકથા છે.

**(૨) વિક્ષેપિણી** ધર્મકથાના ચાર પ્રકાર છે– **૧.** શ્રોતા કે પરિષદની સમક્ષ સ્વસિદ્ધાંત, સત્યદષ્ટિ–સત્ય વિચારણાની સમ્યગ્ વિવેચનાની સાથે અશુદ્ધ દષ્ટિ–વિચારણાની અસમ્યક્તાના સ્પષ્ટીકરણથી **૨.** અશુદ્ધ દષ્ટિ, વિચારણા, અન્ય સિદ્ધાંતનું કથન કરીને સત્ય તત્ત્વના સ્પષ્ટીકરણની સાથે મહત્તા દર્શાવવી **૩.** વાદ–પ્રતિવાદના પ્રસંગમાં ક્યારેક સમ્યગ્વાદનું ક્રમબદ્ધ કથન કરીને મિથ્યાવાદ સાથે તુલના કરવી **૪.** ક્યારેક મિથ્યાવાદનું પહેલાં કથન કરીને પછી તે કથનના તત્ત્વોથી સમ્યગ્વાદના તત્ત્વોની તુલના દર્શાવી સમ્યક વાદની સ્થાપના કરવી. આ રીતે કથા, વક્તવ્ય, ઉપદેશ તેમજ સમ્યગ્વાદ–ચર્ચા કરવાથી પરિષદ, શ્રોતા કે વાદી પોતાની અસમ્યગ્દષ્ટિ– વિચારણાથી

ચલિત થઈને સમ્યક વિચારણાની અભિમુખ બને છે. આ પ્રમાણે વિવેક અને બુદ્ધિની સાથે નિરૂપણ કરવું એ વિક્ષેપિણી કથા છે.

**(૩) સંવેગિની** ધર્મકથાના ચાર પ્રકાર છે– **૧.** ઈહલૌકિક પદાર્થો, સાધનો, સંયોગોની અસારતા-વિડંબનાનું નિરૂપણ **૨.** પારલૌકિક(ત્રણ ગતિ સંબંધી) અસારતા-વિડંબનાનું નિરૂપણ **૩.** શરીરની અસારતા-વિડંબણાઓનું નિરૂપણ **૪.** અન્ય પદાર્થો, સંયોગોની વિનશ્વરતાનું નિરૂપણ. આ પ્રકારની કથાવાર્તા સ્વ-પરમાં વૈરાગ્ય વાસિત કરનારી હોવાથી સંવેગિની કથા કહેવાય છે.

**(૪) નિર્વેદિની** ધર્મકથાના ચાર પ્રકાર છે– આ કથામાં પાપના દારુણ પરિણામોનું દિગ્દર્શન કરાવીને સંસાર તેમજ સંસારના સુખો તથા શરીર પ્રત્યે આસક્તિ દૂર કરાવી ઉદાસીનતા ઉત્પન્ન કરાવવામાં આવે છે. **૧.** આ ભવમાં જેલ-યાતના, મારપીટ પ્રાપ્ત કરનારા ચોર, પરદાર ગવેષીના દષ્ટાંતોનું કથન. **૨.** શિકાર, પંચેન્દ્રિય વધ, માંસાહાર કરનાર તથા મહાપરિગ્રહ એટલે વિશાળ ધનસંપત્તિ અને રાજ્યના સ્વામી મરીને નરકના અતિ દારુણ દુઃખોને ભોગવે છે એવા બ્રહ્મદત્ત ચક્રવર્તી, રાવણ, કંસ, કસાઈ તેમજ દુઃખવિપાક સૂત્રાનુસારી કથાનું નિરૂપણ. **૩.** પૂર્વભવોનાં પાપફળ દ્વારા ગર્ભથી લઈને જીવનપર્યંત દુઃખ, દરિદ્રતા ભોગવનારાઓનાં જીવનનું દિગ્દર્શન. **૪.** પૂર્વભવોના પાપોદયે કાગડા, કૂતરા, ગીધ તથા માંસભક્ષી બનીને ફરી નરકાદિ ભવોમાં દુર્ગતિની પરંપરામાં દુઃખી થવાનું નિરૂપણ.

તદુપરાંત પુણ્ય-સત્કર્મ, ધર્માચરણના ફળનું પ્રતિપાદન કરી ત્યાગ-તપમાં પરાક્રમભાવ જાગૃત કરાવવામાં આવે છે. જેમ કે– (૧) તીર્થંકરોને સુપાત્ર દાન દેનારા આ ભવમાં યશોકીર્તિને તથા સુવર્ણમુદ્રાઓની વૃષ્ટિના અપાર ધનને પ્રાપ્ત કરે છે. (૨) સંયમ સાધના કરનારા શ્રમણ-નિર્ગ્રંથ તપસ્વી સાધક સંસાર પરિત્ત કરી આગામી ભવોમાં પણ શીઘ્ર મુક્તિગામી બને છે. (૩) પૂર્વભવોમાં સંચિત પુણ્યથી જીવ તીર્થંકર ચક્રવર્તી આદિની સુખસાહેબી અને આત્મઉત્થાનના સુયોગને પ્રાપ્ત કરી શકે છે. (૪) ચંડકૌશિક સર્પ, નંદ-મણિયારનો જીવ દેડકો, બળભદ્ર મુનિને આહારની દલાલી કરીને હરણ વગેરે પશુ યોનિમાં પણ પુણ્યોપાર્જન કરી દેવગતિના સુખ સુવિધામય જીવનને પ્રાપ્ત કરી આગળ પણ આત્મકલ્યાણનો માર્ગ સુલભ કરે છે.

આ બધા દષ્ટાંત નિર્વેદભાવને પેદા કરી ધર્મસાધનામાં, તપ-સંયમ સાધનામાં બલવૃદ્ધિ, ઉત્સાહવૃદ્ધિ કરે છે. સંસાર અને શરીરની આસક્તિથી ઉપર ઉઠવાની પ્રેરણા આપે છે.





આ બંને પ્રકારના ચાર-ચાર ભાંગા નિર્વેદિની કથા રૂપ છે. તત્ત્વ એ છે કે– સાધક પૂર્વ પ્રશ્નમાં કથિત વિકથાઓથી સદા નિવૃત્ત રહે અને આ પ્રશ્નોક્ત ધર્મકથાઓમાં સદા તલ્લીન રહે. વિકથાઓથી અરુચિ, નફરત રાખે અને ધર્મકથાઓમાં રસ-રુચિ રાખે, તે જ આત્મગુણ વિકાસનો, આત્મકલ્યાણ સાધનાનો નિષ્કંટક માર્ગ છે.

**પ્રશ્ન–૪ : સંયમ સાધનામાં અતિશય જ્ઞાનની પ્રાપ્તિ કોને હોય છે અને કોને હોતી નથી ?**

**ઉત્તર– (૧)** જે ચાર પ્રકારની વિકથાઓમાં સંયમ જીવનનો અમૂલ્ય સમય વેડફતા નથી. **(૨)** જે વિવેક–વ્યુત્સર્ગથી આત્માને સમ્યક રૂપે ભાવિત કરે છે. અહીં સંયમની સમાચારી સમિતિ ગુપ્તિમાં સજાગતા–સાવધાનીનું કથન **વિવેક** શબ્દથી કરેલ છે તથા શરીરના મમત્વનો ત્યાગ કરી તપસ્યાની વૃદ્ધિ કરવી; કષાયોનો, અવગુણોનો ત્યાગ અને મન,વચન,કાયાના વ્યાપાર (પ્રવૃત્તિ)ને ન્યૂન-ન્યૂનતમ કરવા આદિનો સંગ્રહ **'વ્યુત્સર્ગ'** શબ્દથી કરેલ છે. સંક્ષેપમાં સંયમ-તપમાં આત્માને જે ભાવિત કરે છે. **(૩)** જે પૂર્વ રાત્રિમાં–સુવાના સમયે અને અપર રાત્રિમાં–ઉઠવાના સમયે ધર્મ જાગરણ કરીને આત્મામાં ધર્મ સંસ્કારોની વૃદ્ધિ તેમજ દઢતાની સંપુષ્ટિ કરે છે. **(૪)** સંયમ સાધનાના આધારભૂત આ શરીરને આયુષ્ય સુધી ટકાવવા માટે આહારાદિની પ્રાપ્તિ આવશ્યક બને છે. તે પદાર્થોની પ્રાપ્તિમાં ગવેષણાના બધા આગમિક નિયમોનું નિષ્ઠાપૂર્વક પાલન કરીને અચેત, નિર્દોષ તથા સામાન્ય વસ્તુ; અનેક ઘરેથી; સામાન્ય, મધ્યમ, ઉચ્ચ ઘરોના ભેદભાવ વગર સામુદાનિક ભિક્ષા-વૃત્તિથી સહજપ્રાપ્ત આહારાદિમાં સંતુષ્ટ રહેવાની વૃત્તિ રાખે છે.

આ રીતે ચાર ગુણોથી સંપન્ન જીવન બનાવનારા નિર્ગ્રંથ-નિર્ગ્રંથીઓને અતિશય જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે. અહીં અતિશય જ્ઞાનમાં– **(૧)** અલૌકિક અનુપમ મતિ-શ્રુતજ્ઞાન તેમજ અનુભવ અનુમાન જ્ઞાન. **(૨)** અવધિજ્ઞાન **(૩)** મનઃપર્યવ જ્ઞાન **(૪)** કેવળજ્ઞાન. તેમાંથી કોઈપણ જ્ઞાન સમજી શકાય છે.

**તેનાથી વિપરીત–** (૧) જે સાધક વારંવાર વિકથાઓમાં સમય વ્યતીત કરે છે. (૨) વિવેક–વ્યુત્સર્ગથી આત્માને ભાવિત કરતા નથી, સંયમ લક્ષ્યમાં સુસ્ત થઈ જાય છે. (૩) સુતી વખતે અને ઉઠતી વખતે આળસવૃત્તિમાં રહી જાય છે; આત્મ જાગરણાથી તેમજ ધર્મભાવનાઓથી અંતઃકરણને સુવાસિત, અભ્યસ્ત કરવાનું લક્ષ્ય રાખતા નથી.(૪) શરીર પ્રત્યે આસક્તિથી કે અતિ લગાવથી અર્થાત્ શરીરલક્ષી દષ્ટિકોણ મુખ્ય થઈ જવાથી તેમજ આત્મામાં

ગવેષણા–એષણાસમિતિના સમ્યક સંસ્કારોની પુષ્ટિ ન થવાથી કે સાથી સહયોગીના પ્રભાવે જે એષણા સમિતિના નિયમ-ઉપનિયમનું સમ્યક પાલન ન કરતાં ગમે તેમ ઈચ્છિત વસ્તુની ઉપલબ્ધિમાં સંતુષ્ટ રહેનાર અથવા નિયમોમાં કંઈક ઉપેક્ષા અને કંઈક નિયમોની પ્રતિપાલના રૂપ યથેચ્છ વૃત્તિથી ચાલનારા; આ ચાર પ્રકારના અવગુણોવાળા નિર્ગ્રંથ-નિર્ગ્રંથીઓ મહાવ્રતોમાં અને સંયમધર્મમાં ઉપસ્થિત રહેવા છતાં પણ જ્ઞાનદર્શનની પ્રાપ્તિ કરી શકતા નથી. તાત્પર્ય એ છે કે આ ચાર અસમ્યક આચરણોવાળા સાધકને અધિક શ્રમ પુઢષાર્થ કરવા છતાં પણ અલ્પ પરિણામ સ્વરૂપ અલ્પજ્ઞાન-દર્શન જ ઉપલબ્ધ થાય છે.

સૂત્રનો આશય એ છે કે– (૧) ઘણાંને નહીં થવાવાળા વિશિષ્ટ જ્ઞાન-દર્શન સૂત્રોક્ત યોગ્ય સાધકોને પ્રાપ્ત થઈ જાય છે. (૨) અને કેટલાયને થવા વાળા જ્ઞાન-દર્શન પણ ઉપર કથિત અવગુણોવાળાને પ્રાપ્ત થતાં નથી. આ **समुप्पज्जिउकामे** અને **असमुप्पज्जिउकामे** શબ્દોનું તાત્પર્ય છે.

**પ્રશ્ન–૫ : ચાર પ્રકારના આહાર કયા-કયા છે ?**

**ઉત્તર–** સમસ્ત આહારના ચાર પ્રકાર તથા ભોજ્ય આહારના ચાર પ્રકાર એમ બે પ્રકારે અહીં ૪–૪ ભેદ કહેલ છે.

**ભોજ્ય પદાર્થના ૪ પ્રકાર–** (૧) ઘી, તેલ, મરચા, મસાલા વગેરેથી સંસ્કારિત ખાદ્યપદાર્થ (૨) અસંસ્કારિત તેમજ રાંધેલા–ખીચડી, ભાત આદિ પદાર્થ (૩) સ્વાભાવિક પાકેલા ફળ, મેવા વગેરે (૪) ઘણા દિવસ રાખીને તૈયાર કરાતાં અથાણા, મુરબ્બા આદિ પદાર્થ. આ ચારમાં બધા ખાદ્યપદાર્થોનો સમાવેશ સમજી લેવો જોઈએ.

**સમસ્ત આહારના ૪ પ્રકાર–** અસન, પાન, ખાદિમ, સ્વાદિમ. તેના અર્થ બે પ્રકારે કરવાની પરંપરા મળે છે– **પ્રથમ પ્રકાર–** (૧) અસન– ભોજન સંબંધી ખાદ્યસામગ્રી. (૨) પાન-પીવા યોગ્ય પાણી આદિ સમસ્ત પદાર્થ. (૩) ખાદિમ– ફળ,મેવા, મીઠાઈ. (૪) સ્વાદિમ– મુખવાસ. **બીજો પ્રકાર–** (૧) **અસન**–પાણી સિવાયના ખાવા-પીવાની બધી ખાદ્ય-પેય સામગ્રી. (૨) **પાન**– માત્ર પાણી (૩) **ખાદિમ**–ફળ અને મેવા (૪) **સ્વાદિમ**– મુખવાસ, તંબોલ. **વિશેષ**– બીજા અર્થમાં મીઠાઈ અને છાશ વગેરે પેયપદાર્થોને અસનમાં સમાવેલા છે. પાનમાં પાણી સિવાય કંઈ પણ ગણાતું નથી કારણ કે તિવિહાર ઉપવાસના પ્રત્યાખ્યાનના પાઠમાં અસન,ખાદિમ, સાદિમનો ત્યાગ કરાય છે, પાનનો ત્યાગ હોતો નથી. તોપણ ઉપવાસમાં માત્ર પાણી જ લેવાય છે, શરબત





વગેરે પેયપદાર્થ લેવાતા નથી. **ખાદિમ**માં ભોજનના પદાર્થ સિવાય જે ખાદ્યરૂપ હોય છે તે ફળ, મેવા આદિને ગણવામાં આવે છે. મીઠાઈ ભોજનના પદાર્થોમાં હોવાથી તેને અસનમાં સમાવેલ છે. એમ આ બીજો અર્થ આગમ આશયની વધુ નિકટતમ છે. યથા– **અસન**=પાણી સિવાય ભોજનસંબંધી ખાદ્યપદાર્થ અને પેયપદાર્થ. **પાન**=પાણી માત્ર, **ખાદિમ**=ફળ,મેવા, **સાદિમ**=મુખવાસ.

**પ્રશ્ન–૬ : આ ઉદ્દેશકના સૂત્ર–૭૧, ૭૨ આદિમાં કર્મપ્રકૃતિની સાથે ઉપક્રમ શબ્દનો શું અર્થ છે ?**

**ઉત્તર–** કર્મની વિભિન્ન અવસ્થાઓ, પ્રક્રિયાઓમાં જીવના પુઢષાર્થને અર્થાત્ કાર્યને અહીં ઉપક્રમ કહેલ છે. જેમ કે– (૧) કર્મનો બંધ જીવના પુઢષાર્થથી થાય છે. એ જ રીતે (૨) કર્મની ઉદીરણા (૩) ઉપશમન (૪) વિપરિણમન જીવના પ્રયત્નથી થાય છે. (૫) કર્મોનું સંક્રમણ (૬) કર્મોનું નિધત્તિકરણ (૭) નિકાચિતકરણ પણ જીવના પ્રયત્નથી થાય છે. અહીં ચોથા વિપરિણમન ઉપક્રમમાં ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણ બંનેનો સમાવેશ કર્યો હોવાથી તે ૮ ઉપક્રમ = જીવના કરણ કહેલા છે. કર્મશાસ્ત્રમાં કર્મોની દસ અવસ્થાઓ કહેલ છે. તેમાં ઉદય અને સત્તા બે અવસ્થાઓ અધિક છે. તે બંનેમાં જીવનો ઉપક્રમ વિશેષ હોતો નથી, યથાસમય સ્વતઃ કર્મપ્રકૃતિનો ઉદય હોય છે તેમજ સત્તા બને છે. તે બંનેને માટે જીવને કંઈ પ્રયત્ન કરવાનો હોતો નથી. તેથી અહીં ઉપક્રમમાં તે બેનું કથન કરેલ નથી.

ઉપરોક્ત આઠ ઉપક્રમ–કરણના ચાર-ચાર પ્રકાર પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશની અપેક્ષાએ કહેલ છે. કારણ કે બંધ વગેરે નિકાચિત પર્યંત દરેકનો(આઠેયનો)પ્રકૃતિ આદિ ચારે ય સાથે સંબંધ થાય છે.

આ ઉપક્રમોના વર્ણનની સાથે અલ્પબહુત્વ પણ પ્રકૃતિબંધ આદિ ચારેયનું કહેલ છે, તેના અર્થ આ પ્રમાણે છે– (૧) પ્રકૃતિબંધ અલ્પબહુત્વ– ગુણસ્થાનોમાંથી શેમાં કર્મબંધ ઓછો અને શેમાં વધારે તે આઠ કર્મની અપેક્ષાએ કરેલ છે. (૨) સ્થિતિબંધ અલ્પબહુત્વ– સૌથી થોડો સ્થિતિબંધ સંયત જીવોનો, તેનાથી એકેન્દ્રિયોનો અધિક, પછી ક્રમશઃ સંજ્ઞી પંચેંદ્રિયોનો અધિક સ્થિતિબંધ થાય છે. (૩) એ જ રીતે અનુભાગબંધ અલ્પબહુત્વનો સમજવો. (૪) પ્રદેશબંધ અલ્પબહુત્વ– જ્યારે આઠે ય કર્મોનો બંધ થાય છે ત્યારે સૌથી થોડા પ્રદેશ આયુષ્યકર્મને મળે છે. પછી ક્રમશઃ નામ, ગોત્ર, જ્ઞાનાવરણીયાદિ ત્રણને, પછી મોહનીયને અને ત્યાર પછી વેદનીય કર્મને સૌથી અધિક પ્રદેશ મળે છે. અમુક-અમુક અપેક્ષાએ આ ચારે ય અલ્પબહુત્વ કહેલ છે.

**પ્રશ્ન–૭ : ચૌભંગીઓ દ્વારા આ ઉદ્દેશકમાં શું બતાવેલ છે ?**

**ઉત્તર–** આ ઉદ્દેશકમાં કુલ ૮૬ ચૌભંગીઓ છે. જેમાં માત્ર પુરુષની ૪૨ ચૌભંગી છે. બળદ આદિની ઉપમાથી યુક્ત પુરુષની ૩૮ ચૌભંગી છે અને સ્ત્રીની ૬ ચૌભંગી છે. આ રીતે આ ઉદ્દેશકમાં ત્રણ પ્રકારની ચૌભંગીઓ છે.

**(૧) માત્ર પુરુષની ૪૨ ચૌભંગી–** (૧) દીન-અદીનની– તેમાં પ્રથમ શબ્દ જન્મથી કે દેખાવથી દીનતા-અદીનતાનો છે અને બીજા શબ્દોમાં ગુણોથી દીન-અદીનનું કથન છે. અથવા પહેલાં-પછીની અપેક્ષાએ પણ સમજી શકાય છે. જેમ કે– (૧) જન્મથી દીન(દરિદ્ર) પરંતુ પછી ધન કમાવાથી અદીન–૪ ભાંગા. (૨) દેખાવમાં દીન પરંતુ ગુણોથી અદીન(ગુણયુક્ત)–૪ ભાંગા. આ એક ચૌભંગી છે તેનો બે પ્રકારે અર્થ કર્યો છે. ત્યાર પછી (૨) દીન અને દીન પરિણત(પ્રવૃત્તિ હિંસાદિથી) (૩) દીન અને દીન રૂપ(વસ્ત્રાદિથી) (૪) દીન અને દીન મન(સંકીર્ણ–ઉદારની ચૌભંગી) (૫) દીન અને દીન સંકલ્પ. આ પ્રમાણે (૬) દીન પ્રજ્ઞ (૭) દીન દષ્ટિ (૮) દીન શીલાચાર (૯) દીન વ્યવહાર (૧૦) દીન પરાક્રમ (૧૧) દીન વૃત્તિ (૧૨) દીન જાતિ (૧૩) દીન ભાષી (૧૪) દીન અવભાષી(દીન હોય અને ચહેરાથી પણ દીન જ દેખાય)(૧૫) દીન સેવી(દીનની સેવા કરનાર કે તેના આશ્રયમાં રહેનાર સેવક) (૧૬) દીનપર્યાય (અવસ્થા–ઉદાસી) (૧૭) દીન પરિવાર. આ **કુલ ૧૭ ચૌભંગીઓ દીન પુરુષની** સૂત્ર–૩,૪,૫ માં છે.

તે જ રીતે આર્ય-અનાર્ય પુરુષની ૧૭ ચૌભંગીઓ છે. તેમાંથી પહેલી ચૌભંગીમાં પ્રથમ શબ્દ જાતિથી અને બીજો શબ્દ ગુણથી સમજવો અથવા પહેલાં-પછી સમજવા. જેમ કે– (૧) કોઈ જાતિથી આર્ય છે ગુણથી પણ આર્ય છે–૪ ભાંગા (૨) કોઈ પહેલાં આર્ય છે પછી પણ આર્ય રહે છે–૪ ભાંગા. આ એક ચૌભંગી છે પરંતુ બે પ્રકારે થાય છે. ત્યાર પછી ૨ થી ૧૭ સુધી દીનની ચૌભંગીઓની જેમ આર્યપરિણત આદિ યાવત્ આર્ય પરિવાર સુધી ચૌભંગીઓ છે. ॥૧૭॥ અહીં અઢારમી ચૌભંગી આ પ્રમાણે છે– જાતિથી આર્ય-અનાર્ય તેમજ ભાવથી(રત્નત્રયથી)આર્ય-અનાર્યની એક ચૌભંગી. આ **કુલ ૧૮ ચૌભંગીઓ આર્ય પુરુષની** સૂત્ર–૬, ૭ માં છે.

**કૃશ-દઢ પુરુષની ત્રણ ચૌભંગીઓ** સૂત્ર ૩૧,૩૨,૩૩માં કહેલ છે. (૧) જન્મથી કૃશ અને પછી પણ કૃશ–૪ભાંગા. (૨) શરીરથી કૃશ અને મનથી કૃશ–૪ભાંગા. (૩) ક્યારેક ક્યાંક કૃશ શરીરવાળાને કેવળજ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે, દઢશરીરવાળાને નહીં. (૨) ક્યારેક ક્યાંક દઢ શરીરીને કેવળજ્ઞાન-





દર્શન થાય છે, કૃશ શરીરીને નહીં. (૩) ક્યારેક ક્યાંક બંનેને થાય છે. (૪) ક્યારેક ક્યાંક બંનેને ન થાય. અહીં એમ સમજવું કે આસક્તિ કે અનાસક્તિના કારણે તેવું બને છે.

**સ્વ-પરની ચૌભંગીઓ** સૂત્ર ૪૧,૪૨,૪૩ અને ૪૫ માં કહેલ છે. (૧) કોઈ પોતાના કર્મોનો અંત કરે છે, બીજાને પ્રેરક થતા નથી–૪ભાંગા. (૨) કોઈ પોતે ક્રોધિત થાય છે, બીજાને ક્રોધિત કરતા નથી– ૪ભાંગા. (૩) કોઈ પોતાનું આત્મદમન કરે છે, પરનું દમન કરતા નથી–૪ભાંગા. (૪) કોઈ સ્વનિગ્રહ કરવામાં સમર્થ–સફળ થાય છે, અન્યને માટે સમર્થ થતા નથી–૪ ભાંગા.

આ પ્રમાણે ૧૭+૧૮+૩+૪ = ૪૨ ચૌભંગીઓમાં ચાર-ચાર પ્રકારના પુરુષોનું સ્વરૂપ કથન છે. આ ચૌભંગીઓમાં બંને શ્રેષ્ઠવાળા ભાંગાની જેમ જે પુરુષ હોય છે તે સર્વોત્તમ હોય છે. આ બધી ચૌભંગીઓ સ્વરૂપ દર્શક કહેલ છે. તોપણ તેમાં શ્રેષ્ઠ લક્ષણવાળા પુરુષની માફક પોતાને બનાવવાની પ્રેરણા લઈ શકાય છે.

**(૨) વૃષભ આદિની ઉપમાઓથી ૩૮ પુરુષની અને ૬ સ્ત્રીની કુલ–૪૪ ચૌભંગીઓ–** સૂત્ર ૭ થી ૧૪ સુધી વૃષભની ઉપમાથી યુક્ત પુરુષની ૭+૭ = ૧૪ ચૌભંગીઓ કહેલ છે, તે આ પ્રમાણે છે– (૧-૨) જાતિ, કુળ, વચન અને રૂપ સંપન્ન ચાર પ્રકારે વૃષભ હોય છે. એ જ રીતે પુરુષ પણ ચાર પ્રકારના હોય છે. (૩-૪) જાતિ સંપન્ન અને કુલ સંપન્ન એ બે બોલોથી વૃષભ અને પુરુષની ચૌભંગી. જેમ કે કોઈ વૃષભ જાતિ સંપન્ન હોય છે, કુલ સંપન્ન હોતા નથી વગેરે ૪ ભાંગા. એ જ રીતે પુરુષના ૪ ભાંગા. (૫-૬) જાતિ સંપન્ન અને બલસંપન્ન થી વૃષભ અને પુરુષની બે ચૌભંગીઓ. (૭-૮) જાતિ અને રૂપ સંપન્નની. (૯-૧૦) કુલ અને બળ સંપન્નની.(૧૧-૧૨) કુળ અને રૂપ સંપન્નની. (૧૩-૧૪) બલ અને રૂપ સંપન્નની.

સૂત્ર–૧૫ થી ૧૯ સુધી હાથીની ઉપમાયુક્ત પુરુષની ૧૦ ચૌભંગીઓ કહેલ છે, જેમ કે– (૧-૨) હાથી ચાર પ્રકારના હોય છે– ભદ્ર, મંદ, મૃગ અને સંકીર્ણ. એ જ રીતે પુરુષ પણ ચાર પ્રકારે હોય છે. અહીં **ભદ્ર**–ધૈર્ય, શૌર્ય આદિ ગુણસંપન્ન. **મંદ**– અલ્પ ગુણસંપન્ન. **મૃગ**–ડરપોક અને દુર્બલ. **સંકીર્ણ**– અત્યંત અલ્પગુણ અને શીલ સ્વભાવ વિચિત્ર. (૩-૪) ભદ્ર અને ભદ્રમન, ભદ્ર અને મંદમન, ભદ્ર અને મૃગમન, ભદ્ર અને સંકીર્ણમન. અહીં પ્રથમ શબ્દ આકૃતિથી અને બીજો શબ્દ પ્રકૃતિથી છે તેમ સમજવું. આ રીતે હાથી અને પુરુષની બે ચૌભંગી છે. (૫-૬) ભદ્રની સાથે કહ્યા પ્રમાણે મંદની સાથે પણ

ચાર ભાંગા કહેવા. જેમ કે–મંદ અને ભદ્રમન, મંદ અને મંદમન, મંદ અને મૃગમન, મંદ અને સંકીર્ણમનવાળા હાથી અને પુરુષની બે ચૌભંગીઓ. એ જ પ્રમાણે (૭-૮) મૃગની સાથે ભદ્ર આદિની બે ચૌભંગીઓ હાથી અને પુરુષની તથા (૯-૧૦) સંકીર્ણની સાથે ભદ્ર આદિ હાથી અને પુરુષની બે ચૌભંગીઓ બને છે.

ભદ્ર આદિ હાથીના લક્ષણ સૂત્રમાં આ પ્રમાણે કહેલ છે– **(૧)** ભદ્ર હાથી– મધુની ગોળી જેવી પિંગલવર્ણી આંખોવાળા, અનુક્રમે જાડી-પાતળી-લાંબી પૂંછડીવાળા, અગ્રભાગ ઉન્નત, સર્વાંગ સપ્રમાણ સુવ્યવસ્થિત. **(૨)** મંદ હાથી– કરચલી યુક્ત વિષમ ચામડીવાળા; મસ્તક અને પૂંછડી સ્થૂલ; દાંત, નખ, વાળ પણ સ્થૂળ અને આંખો સિંહ જેવી પિંગલવર્ણી હોય છે. **(૩)** મૃગ હાથી– શરીર, ગર્દન, ચામડી, દાંત, નખ, વાળ પાતળા, ડરપોક સ્વભાવ અને સદા ગભરાયેલા જેવા ઉદ્વિગ્ન મનવાળા, બીજાને ત્રાસજનક, **(૪)** સંકીર્ણ હાથી– ઉપરોક્ત ત્રણેયના થોડા-થોડા લક્ષણવાળા, શરીરાકૃતિ અને શીલ સ્વભાવથી સંકીર્ણ–વિચિત્ર. વૃષભ અને હાથીની આ સમસ્ત ચૌભંગીઓ અનેકાંતિક દૃષ્ટિના નિરૂપણની અપેક્ષાથી છે. તેથી તેમાં સ્વરૂપ સમજવાની જ માત્ર અપેક્ષા છે. હેય–ઉપાદેય કે શિક્ષા પ્રેરણાની તેમાં અપેક્ષા નથી.

સૂત્ર–૪૬, ૪૭, ૪૮માં માર્ગની ઉપમા દ્વારા પુરુષની ૩+૩ = ૬ ચૌભંગીઓ કહેલ છે. (૧-૨) સરળમાર્ગ અને વક્રમાર્ગ. કોઈ માર્ગ પહેલાં સીધો પછી વાંકો, કોઈ પહેલાં વાંકો પછી સીધો, કોઈ પ્રારંભથી અંત સુધી સીધો અને કોઈ પ્રારંભથી અંત સુધી વાંકો. તે જ રીતે કોઈ પુરુષ દેખાવમાં સરળ અને અંદરમાં વક્ર હોય, એમ ૪ ભાંગા. અથવા પ્રારંભમાં સરળતાનો વ્યવહાર કરે અને પછી વક્રતાનો, એમ ૪ ભાંગા. એમ બે રીતે અર્થ થાય છે પરંતુ પુરુષની ચૌભંગી એક જ છે. (૩-૪) કોઈ પ્રારંભમાં ક્ષેમકારી–ઉપદ્રવ રહિત માર્ગ અને પછી ઉપદ્રવયુક્ત માર્ગ હોય, એમ ૪ ભાંગા. તેમજ પુરુષ પણ પહેલાં કષાય રહિત વ્યવહારવાળા હોય અને પછી કષાય યુક્ત વ્યવહાર-વાળા થઈ જાય, એમ ૪ ભાંગા. (૫-૬) ક્ષેમ માર્ગ અને ક્ષેમ રૂપ માર્ગ. કોઈ માર્ગ ક્ષેમકારી હોય પરંતુ દેખાવમાં સૂમસામ–નિર્જન હોય, એમ ૪ ભાંગા. તે જ રીતે કોઈ પુરુષ દેખાવમાં કે પહેલાં કષાય રહિત હોય અને પાછળથી કે વ્યવહારમાં કષાય યુક્ત હોય, એમ ૪ ભાંગા સમજવા.

સૂત્ર–૪૯ અને ૫૩ માં શંખ અને વનખંડની ઉપમાથી પુરુષની ૨+૨ = ૪ ચૌભંગી કહેલ છે. શંખમાં–વામ અને દક્ષિણ બે પ્રકારના લક્ષણ હોય છે. તેમાં પણ વામાવર્ત અને દક્ષિણાવર્ત એમ પુનઃ બે-બે પ્રકાર થાય છે. મનુષ્યમાં વામ– અવગુણી, ખરાબ સ્વભાવવાળા. દક્ષિણી– ગુણવાન અને સારા





સ્વભાવવાળા. વામાવર્ત–વિપરીત વ્યવહાર આચરણવાળા. દક્ષિણાવર્ત– અનુકૂળ–યોગ્ય આચરણ કરનારા. **ચૌભંગી–** કોઈ સ્વભાવથી વામ(વિષમ) અને આચરણથી વામાવર્ત(પ્રતિકૂળ). કોઈ સ્વભાવથી દક્ષિણી(સુલક્ષણા) અને આચરણથી દક્ષિણાવર્ત–અનુકૂળ વ્યવહારવાળા એમ ચારે ય ભાંગા શંખ અને મનુષ્યમાં થાય છે. સૂત્ર–૫૦,૫૧,૫૨ માં ધૂમશિખા, અગ્નિશિખા અને વાતમંડલિકાથી સ્ત્રીની ઉપમા કહેલી છે. તેમાં ધુમાડાની સીધી-વક્રગતિ, અગ્નિશિખાની સીધી-વક્ર ગતિ અને મંડલિક વાયુની સીધી-વક્રગતિની જેમ સ્ત્રી સ્વભાવ અને ગુણોનું કથન કરેલ છે. તે સ્ત્રી સાથેની ૬ ચૌભંગીઓ છે.

સૂત્ર–૬૦, ૬૧માં સેના અને પુરુષની ઉપમા યુક્ત ચાર ચૌભંગીઓ કહેલ છે– (૧) સદા જીતનારા (૨) સદા હારનારા (૩) ક્યારેક જીતે, ક્યારેક હારે (૪) હારે પણ નહીં, જીતે પણ નહીં. બીજી ચૌભંગી– (૧) પ્રારંભમાં જીતે પછી હારે (૨) પ્રારંભમાં હારે પછી જીતે (૩) પ્રારંભથી અંત સુધી જીતે જ (૪) પ્રારંભથી અંત સુધી હારે જ. તે જ રીતે સંયમ સાધક પુરુષને માટે સંયમ-તપ, કષ્ટ-ઉપસર્ગોથી જીતવા હારવાનું સમજવું.

સેનામાં ચોથા ભાંગાવાળા સંગ્રામમાં જાય જ નહીં, તેમજ પુરુષની ચૌભંગીમાં ચોથા ભાંગામાં સાધક સંયમ ગ્રહણ કરીને કર્મ સંગ્રામમાં આવે જ નહીં, તેથી તેમાં હારવા-જીતવા બંનેનો નિષેધ છે. આ પ્રમાણે ઉપમામાં વૃષભની–૧૪ + હાથીની–૧૦ + માર્ગની–૬ + શંખ અને વનની–૪ + સેનાની–૪ + સ્ત્રી સંબંધી–૬ = ૪૪ ચૌભંગીઓ + ૪૨ માત્ર પુરુષની = કુલ ૮૬ ચૌભંગીઓ થાય છે.

**પ્રશ્ન–૮ : આ ઉદ્દેશકમાં અન્ય કયા-કયા વિષયો નિરૂપિત છે ?**

**ઉત્તર–** ઉપરોક્ત પ્રશ્નોમાં કહેલ વિષયો સિવાય પણ ચારની સંખ્યાથી અનેક વિષય અહીં સંકલિત કરેલ છે. જેમ કે– **(૧)** ચાર પ્રકારના પુરુષ– આજ્ઞાકારી સેવક, આજ્ઞા નહીં સ્વીકારનાર સેવક, સ્તુતિ કરનારા સેવક અને પ્રધાન પુરુષ–સ્વામી કે રાજા. **(૨)** ગર્હા ચાર પ્રકારની છે– દોષ નિવેદન માટે ગુરુ પાસે જવું, દોષ સ્વીકારવા મિચ્છામિ દુક્કડં દેવું(બોલવું), આપ કહો છો તે બરાબર છે, હવેથી હું આ પ્રમાણે જ કરીશ. આ રીતે આત્મ આલોચના પ્રાયશ્ચિત્ત કરવાની બધી ક્રમિક પ્રક્રિયાને અહીં ગર્હા એટલે દોષ સ્વીકૃતિ કહેલ છે, તે સાપેક્ષ કથન છે. **(૩)** વિહાર આદિમાં ક્યાંય સાધુ-સાધ્વી સામ-સામે મળી જાય તો ૪ કારણે પરસ્પર વાર્તાલાપ કરી શકે છે– ૧. માર્ગ પૂછવા, ૨. માર્ગ બતાવવા ૩. આહાર-પાણી દેવા ૪. આહાર-પાણી અપાવવા.

કારણ વિના માર્ગમાં પરસ્પર વાતચીત કરવી યોગ્ય નથી. ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીએ કારણો વગર પણ સ્વાધ્યાય આદિને માટે વાતચીત કરે, તેમાં કોઈ નિષેધ ન સમજવો. **(૪)** અયોગ્ય સાધકોના ચાર સ્થાન– ૧. કોઈ પ્રગટ દોષ સેવે, ૨. કોઈ ગુપ્ત રૂપે દોષ સેવે, ૩. કોઈ સદા સુખશીલ બની રહે, ૪. કોઈ હરવા-ફરવામાં વાતો કરવામાં મસ્ત રહે, આનંદ માને. **(૫)** નય દષ્ટિએ ચાર પદાર્થોને એક પણ કહેલ છે અને અનેક પણ કહેલ છે– ૧. દ્રવ્ય અનંત છે અપેક્ષાએ દ્રવ્ય સામાન્ય એક છે. ૨. માતૃકાપદ ૪૬ છે અને અમુક નયની અપેક્ષાએ એક છે. ૩. પર્યાય સામાન્ય એક છે, વાસ્તવમાં અનંત છે. ૪. સમસ્ત પદાર્થોનો સમૂહ સામાન્યથી એક છે, વિવિધતા, અવાંતરભેદોની અપેક્ષાએ અનેક છે. **(૬)** સર્વના પ્રકાર– ૧. નામ સર્વ ૨. સ્થાપના સર્વ ૩. અપેક્ષાએ અલ્પ ન્યૂનનું સર્વ ૪. સમસ્ત સર્વ. **(૭)** ગોશાલક પંથ(આજીવિક મત) માં ચાર પ્રકારે તપ હોય છે– ૧. ઉગ્ર તપ– છઠ, અટ્ઠમ, માસખમણ આદિ ૨. ઘોર તપ–ઉપવાસ આદિની સાથે સૂર્ય આતાપના ૩. રસ નિર્યુહણ– નીવી તપ ૪. જિહ્વેન્દ્રિય પ્રતિસંલીનતા– આયંબિલ તપ. **(૮)** મન, વચન, કાયા અને ઉપકરણ આ ચાર સંબંધી ચાર પ્રકારના સંયમ, ચાર પ્રકારના ત્યાગ અને ચાર પ્રકારની અકિંચનતા. સંયમ= યતના, વિવેક. ત્યાગ= નિગ્રહ. અકિંચનતા= આસક્તિ ત્યાગ. તેના સિવાય અનેક વિષય અન્ય આગમોમાં કે પૂર્વ સ્થાનોમાં આવેલા છે. તેની ચર્ચા યથાસ્થાને જોઈ લેવી.

# સ્થાન–૪ : ઉદ્દેશક–૩

**પ્રશ્ન–૧ : આ ઉદ્દેશકમાં મુખ્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** ચારની સંખ્યાથી સંબંધિત આ ઉદ્દેશકમાં ૯૩ ચૌભંગીઓ પુઢષની અપેક્ષાએ કહેલ છે. જેમાં ૫૦ ચૌભંગીઓ પક્ષી, વૃક્ષ આદિની તુલનાપૂર્વકની છે અને ૪૩ ચૌભંગીઓ માત્ર પુઢષની જ છે. તેના સિવાય ચારની સંખ્યાના આધારે અનેક વિષય છે, જેમ કે– ઉદક, ભારવાહક, શૂરવીર, નિર્ગ્રંથ-નિર્ગ્રંથી, શ્રાવક-શ્રાવિકા, શ્રમણોપાસક, દુઃખશય્યા, સુખશય્યા, દીક્ષા, દષ્ટાંતના ભેદ-પ્રભેદ, હેતુ, અંધકાર-ઉદ્યોત વગેરે તથા અન્ય શાસ્ત્રોમાં વર્ણિત ચારની સંખ્યાવાળા વિષયોને પણ અહીં સંકલિત કરેલ છે.

**પ્રશ્ન–૨ : ભાવોની નિર્મળતાનું મહત્ત્વ કેવી રીતે દર્શાવેલ છે ?**

**ઉત્તર–** આ ઉદ્દેશકના પ્રથમ સૂત્રમાં ગંદા અને નિર્મળ પાણીની તુલનાએ





ભાવોની પવિત્રતા-અપવિત્રતાની ચાર ક્રમિક કક્ષા બતાવીને, તે ભાવોમાં કાળ કરવાનું પરિણામ પણ દર્શાવેલ છે. જેમ કે– **(૧)** કીચડ યુક્ત અતિમલિન પાણી જેવી જેની વિચારધારા હિંસાદિ ક્રૂરતાઓથી યુક્ત, છલ-કપટ-પ્રપંચ-મય, સ્વાર્થપરાયણ, અન્યના સુખની ઘાતક, વિષય-કષાયમય, મોહમાયામાં તલ્લીન હોય અને તે અજ્ઞાન મિથ્યાત્વના અંધકારમાં જ્ઞાનાંધ જ રહે; આવા ભાવોમાં મરનારની નરકગતિ થાય છે. **(૨)** સ્વાર્થપૂર્ણ મોહમાયા યુક્ત જીવન, પરોપકારથી શૂન્ય, પરસુખભંજક, છલ-કપટની વૃત્તિ, પાપો-કષાયોમાં લીન, ક્લેશ કદાગ્રહ પ્રપંચમય પરિણામ, પૂર્વોક્ત કીચડયુક્ત પાણીની મલિનતાથી ઓછી, ખંજનના પાણી જેવી મલિનતા કહેલ છે. આ પ્રમાણે ખંજનોદક જેવા ભાવોમાં કાળ કરનાર જીવ તિર્યંચગતિ, પશુ યોનિને પ્રાપ્ત કરે છે. **(૩)** વિષય કષાય કે પાપોના પરિણામ આવે અને જાય અર્થાત્ વ્યક્તિ ક્યારેક પાપોના પરિણામમાં વહી જાય છે, ક્યારેક દયા-અનુકંપા પરોપકારના પરિણામમાં આવી જાય છે. વાલુ રેતીનું પાણી ક્ષણિક ગંદુ દેખાય છે અને સ્વતઃ શીઘ્ર નિર્મળ દેખાવા લાગે છે. વાલુ રેતી શીઘ્ર નીચે બેસી જાય છે, પાણી ઉપર સ્વચ્છ હોય છે, થોડું હલી જાય તો ફરી ગંદુ થઈ જાય છે. આ રીતે મિશ્ર સ્વભાવના ભદ્રિક પરિણામી જીવ ગુણ-અવગુણના મિશ્ર ભાવોમાં મૃત્યુ પામીને મનુષ્યગતિને પ્રાપ્ત કરે છે. **(૪)** પર્વતીય જળ સ્વાભાવિક જ પવિત્ર પવિત્રતમ હોય છે. સંસારના આવશ્યક આચરણમાં રહીને પણ ક્યારે ય કલુષિતતા જેના જીવનમાં ન પ્રવેશે અને જેનું જીવન સહજ પરોપકારમય અને મર્યાદાઓથી યુક્ત હોય છે તેમજ આગળ વધીને તે જ્ઞાન-ધર્મમય ભાવોથી આત્મવિકાસમાં પણ જોડાય છે. આવા પવિત્ર પરિણામો–ભાવોમાં મરનારા દેવગતિને પ્રાપ્ત કરે છે.

ચારની સંખ્યાનું પ્રકરણ હોવાથી અહીં ચાર ગતિ યોગ્ય ભાવો બતાવેલ છે. તોપણ જીવ નિર્મળ પરિણામોની સાથે સંયમ, સંવર, તપોમય મોક્ષસાધનામાં પરિણામોને શુદ્ધ-શુદ્ધતમ બનાવતા રહીને, કર્મક્ષય કરીને ચાર ગતિ સિવાય પાંચમી મોક્ષગતિને પ્રાપ્ત પણ કરી શકે છે.

આ દષ્ટાંતો અને પરિણામોનો વિચાર કરી સાધક પોતાના ભાવો, પરિણામો, વૃત્તિઓનું સૂક્ષ્મતમ નિરીક્ષણ કરીને તેમાં રહેલી કલુષિતતા દૂર કરી, જ્ઞાન-વૈરાગ્ય અને કર્તવ્ય નિષ્ઠાએ પૂર્ણ પરિમાર્જન કરીને ભાવોને પૂર્ણ પવિત્ર બનાવતા રહેવું જોઈએ. આવું કરતા રહેવામાં જ સંયમ સાધનાની શ્રેષ્ઠ સફળતા સંભવે છે.

**પ્રશ્ન–૩ : ગૃહસ્થ જીવન તો સંસારની અનેક ખટપટોથી, જંજાળોથી પરેશાનીવાળું હોય છે, તેમાં વળી ધર્મના નામે ત્યાગ-નિયમ વ્રતની જવાબદારીઓ નાંખીને વિશેષ બોજો વધે છે, તો શાસ્ત્રમાં આ વ્રતોને ગૃહસ્થના વિશ્રામસ્થાન કેમ કહેલ છે ?**

**ઉત્તર–** જેવી રીતે ભાર વહન કરનારની મંજિલ ઘણી દૂર હોય, તે ચાલતાં-ચાલતાં ભારને એક હાથમાંથી બીજા હાથમાં બદલાવે છે અથવા એક ખભા ઉપરથી બીજા ખભા ઉપર વજનને ઉઠાવે છે ત્યારે સીધે-સીધા ચાલતા રહેવાની પ્રવૃત્તિમાં આ બદલવાની પ્રવૃત્તિ ભલે વધારાની દેખાય તોપણ આ પ્રવૃત્તિમાં વિશ્રામ સમાવિષ્ટ છે. આગળ વધીને ભારવાહક શારીરિક શંકા(મળમૂત્રની બાધા) થતાં કોઈ યોગ્ય સ્થાનની શોધ કરે છે. સામાનને ખભા પરથી ઉતારી યોગ્ય રીતે રાખે છે, બાધા નિવૃતિ માટે આસપાસ જાય છે. ફરી આવીને ભારને ઉઠાવી ખભા પર ગોઠવે છે, પછી ચાલે છે; એમ સીધા ચાલતા રહેવામાં વચ્ચે આ બધી પ્રવૃત્તિ વધી છે તોપણ તેના થાકમાં વિશ્રાંતિ અવશ્ય મળે છે.

એ જ રીતે સંસારના મોહમાયા યુક્ત કર્તવ્યોમાં આરંભ-સમારંભની પ્રવૃત્તિઓથી આત્મા નિરંતર કર્મબંધના ભારથી શ્રમિત થતો રહે છે. તેમાં સંતદર્શન, ગુઢ સાંનિધ્ય, વીતરાગવાણી શ્રવણ, વ્રતપ્રત્યાખ્યાન દ્વારા કર્માશ્રવ નિરોધ, તપ-વ્રત સંયમ આચરણો દ્વારા કર્મો ઘટવાથી આત્માને દ્રવ્ય-ભાવ બંને રીતે વિશ્રાંતિ મળે છે. માનસિક અને શારીરિક બંને પ્રકારની સુખ-સમાધિ મળે છે. આ જ દષ્ટિકોણથી શાસ્ત્રમાં શ્રમણોપાસકના જીવનમાં અપેક્ષાએ ચાર વિશ્રાંતિસ્થાન કહેલ છે, જેમાં ક્રમશઃ વિશ્રાંતિની અધિકતા રહેલી છે.

જેમ કે– (૧) ભારવાહક ભારને હાથ કે ખભામાં પરિવર્તિત કરે છે, તેમ શ્રાવક સાંસારિક જીવનની વચ્ચે પણ સંતસમાગમ, ધર્મશ્રવણ તથા અનેક ત્યાગ પ્રત્યાખ્યાન(કુવ્યસન ત્યાગ, રાત્રિભોજન ત્યાગ કે મર્યાદા, નવકારસી, પોરસી, દયાદાન પ્રવૃત્તિ આદિ ધારણ) કરે છે, જીવનને સુસંસ્કારિત કરે છે તો આ ભારવાહકના પ્રથમ વિસામા સમાન કર્મસંગ્રહમાં વિશ્રાંતિકારક છે. (૨) થોડા સમય માટે ભારવાહક ભારને મૂકી શારીરિક બાધાથી નિવૃત થાય છે તેવી જ રીતે શ્રાવક થોડો સમય કાઢીને સામાયિક કરે, જીવનની દૈનિક આવશ્યકતાઓ– પ્રવૃત્તિઓની મર્યાદા કરે, તો તે ભાર નીચે મૂકવા સમાન શ્રાવકનો બીજો વિસામો છે. (૩) ભારવાહક વચમાં મંદિર, ધર્મશાળા આદિ સ્થાનમાં રાત્રિનિવાસ કે બપોરની વિશ્રાંતિ(૧–૨ કલાક) કરે છે તેમ શ્રાવક આખા દિવસનો કે રાત્રિનો સંવર–પૌષધ કરી ઉપાશ્રય કે પૌષધશાળામાં રહીને વ્રતી જીવન જીવે તો તે ભારવાહકના ત્રીજા વિસામા–રાત્રિ નિવાસ





સમાન છે. (૪) ઘરે કે પહોંચવાના સ્થળે પહોંચીને ભારવાહક ભારમુક્ત થઈ જાય છે તેમ શ્રાવક જીવનનો પાછલો સમય જાણી સંસારના કાર્યોથી પૂર્ણ નિવૃત્તિમય જીવન બનાવી, પૌષધશાળામાં જ ભિક્ષા લાવીને જીવન નિર્વાહ કરે કે પછી અંતિમ સમયે જીવન પર્યંતનો સંથારો ગ્રહણ કરે. આ ભારવાહકના ચોથા વિસામા(ગંતવ્યસ્થાને પહોંચી સદાને માટે ભાર ત્યાગવા) સમાન ૧૮ પાપોના ત્યાગમય સંથારા ગ્રહણ રૂપ વિસામો છે.

આ જાણીને શ્રાવકે સાંસારિક જીવનમાં પણ હળુકર્મી, કર્મભારથી મુક્તિની વિશ્રાંતિ, આત્મસમાધિ તેમજ આત્મઉન્નતિને માટે જિનાજ્ઞાનુસાર વ્રત-પ્રત્યાખ્યાનોની, સંવર-સામાયિક-પૌષધ તેમજ નિવૃત્તિમય જીવનને સ્વીકારવાની ભાવનાઓને, સંસ્કારોને વધારતા રહેવું જોઈએ. તો તે સંસાર ભારનો ભારવાહક હોવા છતાં પણ વિશ્રાંતિ પ્રાપ્ત કરીને ક્યારે ય હેરાન પરેશાન ન થતાં અનુપમ આત્મસમાધિને પ્રાપ્ત કરનાર બની શકે છે.

**પ્રશ્ન–૪ : દીક્ષાપર્યાય કે વ્રતપર્યાયની સાથે આરાધના-અનારાધનાની અનેકાંતિકતા કેવી રીતે કહેલ છે ?**

**ઉત્તર–** જોકે માનવભવમાં સંયમપર્યાય અને શ્રાવકવ્રત પર્યાય જેમ વધુ-વધુ થાય તેમ અધિકતમ ત્યાગ-તપ આદિથી આત્માના ક્રોડો ભવોના સંચિત અનંત કર્મોની નિર્જરા થતી રહે છે. વ્રતી શ્રાવક કે મહાવ્રતી શ્રમણનો આત્મા તો જ્ઞાન ભાવિત હોય છે અને જ્ઞાની આત્માને ક્ષણેક્ષણ અનુપમ કર્મ નિર્જરા થતી રહે છે. તેથી દીર્ઘ વ્રત પર્યાયવાળાના સંવર સંયમ અને કર્મનિર્જરા વધતી જાય, આ સામાન્ય સિદ્ધાંત છે. તેમ છતાં અહીં સૂત્ર–૪૧ થી ૪૪ સુધીમાં દર્શાવેલ છે કે સાધકોની પર્યાય અલ્પ હોય તો પણ તેની આરાધના-અનારાધના (વિરાધના) બંને સંભવે છે તથા દીર્ઘ વ્રતસંયમ પર્યાય હોય તોપણ આરાધના-વિરાધના બંને સંભવે છે. આ અનેકાંતિકતામાં જે મુખ્ય હેતુ છે તેને પણ સૂત્રમાં સ્પષ્ટ કરેલ છે. યદ્યપિ દીર્ઘપર્યાયથી કર્મક્ષયની નિરંતર વૃદ્ધિ થાય છે તોપણ આરાધના-વિરાધનાના વિષય–કારણ કંઈક અલગ જ હોય છે. જેમ નોકરીના ઈન્ટરવ્યુમાં કે કોઈપણ ગ્રેડની ફાઈનલ બોર્ડની પરીક્ષામાં પાસ થવું તે વર્ષ ભરની ઉપસ્થિતિ કે માસિક, ત્રિમાસિક પરીક્ષાઓથી થોડું અલગ હોય છે. ઈન્ટરવ્યુમાં ક્યારેક સામાન્ય દેખાતી વ્યક્તિ આગળ નીકળી જાય છે. તે જ રીતે સાધનાની તલ્લીનતા એકાગ્રતા અને અંતર્મુખી અવસ્થા, બાહ્યદષ્ટિની ન્યૂનતા, વર્તમાન સુખ સુવિધાઓમાં નિઃસ્પૃહતા આદિ ગુણ અલ્પ દીક્ષાપર્યાય કે અધિક દીક્ષા–વ્રતપર્યાયની સાથે હોય તો વ્યક્તિ આરાધક બની શકે છે.

આ ઉપરોક્ત ગુણ ન હોય તથા સાધક સાધનામાં ઉત્સાહ વૃદ્ધિના સ્થાને ઉત્સાહ હીન થઈ જતો હોય, જ્યાં ક્યાંય પણ લક્ષ્યને ચૂકી જતો હોય, પરીષહ-ઉપસર્ગોમાં ગ્લાનિભાવની અનુભૂતિ કરતો હોય તો તેને અધિક કે અલ્પકાલીન દીક્ષા–વ્રતપર્યાયમાં આરાધનાની જગ્યાએ વિરાધના જ હાથ લાગે છે. આ પ્રમાણે અહીં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચારેયની આરાધના-વિરાધનાની અનેકાંતિકતા સ્પષ્ટ કરેલ છે.

**પ્રશ્ન–૫ : શું ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકાઓ પોતાના ગુઢઓ, ત્યાગી મહાત્માઓ ઉપર, ખુદ તેમના માતા-પિતા હોવાનો અધિકાર જમાવી શકે છે ?**

**ઉત્તર–** સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચારે ય મોક્ષમાર્ગના પથિક છે, આત્મ સાધનાના સાધક છે. તેઓ પરસ્પર સાધર્મિક નાના મોટા ભાઈ જેવા છે. સાધુ મહાવ્રતધારી છે અને શ્રાવક અણુવ્રતધારી છે. તેથી કોઇ, કોઇના પર અધિકાર જમાવે કે કોઇનો તિરસ્કાર કરે એવું કંઇપણ, કોઇને પણ યોગ્ય નથી. સાધક-સાધક પરસ્પર એક બીજાના સહયોગી બની શકે છે, એક બીજાના સહયોગથી પોતાની સાધનાને બલવતી બનાવી શકે છે. કદાચિત્ કોઈની સાધના અલ્પ બલવતી કે હીન સત્ત્વવાળી દેખાય તો અત્યંત લાગણીપૂર્વક પરમ ભક્તિ અને વિવેક સાથે તેની સાધના બલવતી બને તેવા સહાયક બનવાનો પ્રયત્ન કોઇ પણ સાધક(સાધુ કે શ્રાવક) કરી શકે છે. તેથી જ કવિએ કહ્યું છે–

**માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધઢં.**

આગમ વર્ણનમાં શૈલક રાજર્ષિની અને પાર્શ્વનાથ ભગવાનની અનેક સાધ્વીજીઓની માર્ગ ભૂલેલી અવસ્થા વર્ણિત છે. તોપણ ત્યાં સાધુ-શ્રાવક દ્વારા અધિકાર જમાવવાની કોઇ વાત કરેલ નથી. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૭માં વર્ણિત ૫૦૦ સાધુઓના સ્વામી ગર્ગાચાર્યએ અને તે સમયના શ્રાવકોએ એક-એક સાધુને અધિકાર જમાવી મારી-મારીને સીધા કર્યાનું વર્ણન નથી. પોતાને જ તીર્થંકર કહેવડાવવા છતાં તથા પોતાને સાધુ માનીને પણ ભગવાનની સામે જેમ તેમ બોલનાર તથા બે સાધુની ઘાત કરનાર ગોશાલક ઉપર પણ કોઈએ અધિકાર જમાવવાની વાત કે મા-બાપ થવાનો પ્રયત્ન કર્યો નથી. ગોશાલકનો ઉપાસક અયંપુલ શ્રાવક પણ ગોશાલકને મર્યાદાહીન પ્રવૃત્તિમાં જોઇને તેના પર કંઇ પણ અધિકાર નહીં જમાવીને સ્વયં પાછો ઘરે જવા લાગ્યો. તેથી ધર્મ માર્ગમાં, ધર્મસભામાં કે ગુઢ-શિષ્યના વ્યવહારમાં કોઇ, કોઇના પર અધિકાર જમાવવાની વાત સમજવી ન જોઇએ પરંતુ એક-બીજાની સાધનામાં બની





શકે તેટલું સહયોગી બનવું જોઇએ. શક્ય ન હોય તો ઉપેક્ષા કે આત્મસુરક્ષા કરવી જોઇએ પરંતુ ઘૃણા-નિંદા, તિરસ્કાર, સંઘ બહિસ્કૃતિ, હીન ભાવના, કોઇના જીવન સાથે રમત આદિ પ્રવૃત્તિઓ કોઇપણ ધર્મિષ્ઠે કરવી યોગ્ય ન કહેવાય. એવી પ્રવૃત્તિઓ જે પણ સાધક કરે છે તે તેનું વ્યક્તિગત માન, સંકીર્ણતા, સ્વાર્થ, સ્વજમાવટ, બીજાને નીચા પાડવા આદિ હીન ભાવનાઓનું પરિણામ છે. કોઇપણ સાધક પડતા હોય તેને ઉભા કરવા તે કર્તવ્ય છે પરંતુ ન ઉઠે તો ઠોકરો મારવી, તે કોઇપણ ધર્મીનું તો શું સજ્જનનું કર્તવ્ય પણ નથી. અનેક પ્રકારના લક્ષણોવાળા શ્રાવકોને ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારે અહીં ચાર પ્રકારના સ્વભાવવાળા કે વ્યવહાર કરવાવાળા શ્રાવક બતાવ્યા છે–

**(૧) માતા-પિતા** જેવી હાર્દિક લાગણી યુક્ત આત્મીયતાનો વ્યવહાર કરનારા અને સદા વિકાસમાં સહયોગી બનનારા શ્રાવક. જે રીતે યોગ્ય શિક્ષિત માતાપિતા બાળકને ભૂલ કરે ત્યારે થોડી ઉપેક્ષા, થોડી શિક્ષા, થોડી સમજાવટ, થોડું સંરક્ષણ કરીને પ્રેમથી તેને અવગુણોથી બચાવવાનો અને ગુણોમાં પ્રગતિ કરાવવાનો પ્રયત્ન કરે છે તે જ રીતે કોઇ શ્રમણ સાધક ગુઢ સાંનિધ્યના અભાવમાં કે સાચા સંસ્કારોના અભાવે ક્યાંક માર્ગ ચ્યુત થાય તો શ્રાવક પોતાની શક્તિ અનુસાર, પોતાના સમભાવોની દઢતાનો ખ્યાલ રાખીને, ગુઢ-ભક્તિને સુરક્ષિત રાખીને, ગુઢસન્માન નિભાવીને, વિવેક અને વિચક્ષણતાથી શ્રમણને સન્માર્ગની પ્રેરણા કરે, સન્માર્ગે જોડે, તો તેવી યોગ્યતાવાળા તેમજ વિવેકવાળા શ્રાવક આ શાસ્ત્રકથન અનુસાર માતા-પિતા સમાન કહેવાય છે.

**(૨-૩)** એ જ પ્રમાણે ભાઈ-ભાઈ જેમ એક બીજાના હિતૈષી સહયોગી થાય છે. મિત્ર-મિત્ર એક બીજાના સહયોગી થાય છે. તેવો ભ્રાતૃત્વનો વ્યવહાર કે મિત્રતા જેવો સહયોગી વ્યવહાર કરનારા શ્રાવકોને અહીં સૂત્રમાં (૨) **ભાઈ** સમાન અને (૩) **મિત્ર** સમાન શ્રમણોપાસક કહેલ છે. **(૪)** જેવી રીતે એક વ્યક્તિની અનેક અયોગ્ય પત્નીઓ પરસ્પર શોક્યવૃત્તિયુક્ત રહેતી હોય છે તે જ રીતે કેટલાક શ્રાવક સાધુ-સાધ્વીઓ પ્રતિ રાગ, દ્વેષ, મારું-તારું જેવી વૃત્તિ રાખે છે, કોઇ પોતાના રાગવાળા સાધુ-સાધ્વીઓના મોટા-મોટા દોષ પણ પેટમાં સમાવી લે છે. ભલે ત્યાં વારંવાર મોટા-મોટા ઓપરેશન થાય, રોજ નવા લડાઈ-ઝગડા, ટંટા-ફસાદ થતા હોય, ફાટ-ફૂટ, ફજેતી, ભાગવું, ગચ્છ છોડવો કે ગુઢ વડીલની અવહેલના થતી હોય તે બધી ખોટી પ્રવૃત્તિઓને પેટમાં પચાવી જાય છે અને જેને પરાયા સમજે તેના નાના-નાના દોષને પણ અતિ શિખર પર ચડાવવાનું, નિંદા-ઘૃણાનું અને હીનભાવનાનું વાતાવરણ બનાવવાનું માનસ રાખીને વ્યવહાર કરતા હોય, એવા શ્રાવકોને અહીં શાસ્ત્રમાં

શોક્યવૃત્તિવાળા કે **શોક્યસમાન** શ્રાવકની કોટિમાં કહેલ છે. આ પ્રમાણે અહીં શ્રાવકોને માત્ર માતાપિતા સમાન જ કહેલ નથી કે માતા-પિતાનો રૂઆબ જમાવનારા જ કહેલ નથી પરંતુ જે જેવો વ્યવહાર વિવેક કરનારા હોય તે પ્રમાણે ચાર કક્ષાના શ્રાવક આ સંસારમાં મળી શકે છે, તેમ દર્શાવેલ છે.

પ્રસ્તુત સૂત્રનો આશય જાણીને શ્રાવકોએ પોતે પોતાને કેવા બનાવવા તે બધું શાસ્ત્રકારની અનેકાંતિકતાને સમજીને પોતાની યોગ્યતા અને કક્ષા પ્રાપ્ત કરીને થઈ શકે તેટલી સ્વ-પરની આત્માની ભલાઈની સાધના કરવી જોઈએ, કોઈનું ખરાબ ન કરવું જોઈએ. તિરસ્કાર, નિંદા, ઘૃણાનો વ્યવહાર શાસ્ત્રના નામે કોઈ પામર પ્રાણીની સાથે પણ નહીં કરાય, ત્યારે જિનવાણીના રસિક ભૂલપાત્ર સાધકોની સાથે તેવો વ્યવહાર કરવો ક્યારે ય પણ ઉચિત ન ગણાય.માટે શ્રાવકોએ ઉપરોક્ત કવિની કવિતા જે આગમના મર્મથી ભરેલી છે, તેને જ સ્મૃતિમાં રાખવી જોઈએ કે–

**માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધઢં.**

આગમના આ પાઠનો સાર પણ એ જ છે. અહીં શ્રમણોપાસકના બીજા ચાર પ્રકાર પણ કહેલ છે. સૂત્ર–૪૫ માં કહેલા શ્રાવકના પૂર્વોક્ત ચાર પ્રકારોમાં બાહ્ય વ્યવહારોની પ્રધાનતા છે અને સૂત્ર–૪૬ માં હવે કહેવાના ચાર પ્રકાર વ્યક્તિની પોતાની આંતરિક યોગ્યતાની અપેક્ષાએ કહેલ છે.

**(૧) અરીસા(દર્પણ)સમાન શ્રાવક–** સાધુ-સાધ્વી દ્વારા નિરૂપિત ઉત્સર્ગ કે અપવાદ પરિસ્થિતિના આચારને, ગહન તત્ત્વોને, પ્રવચનના યથાર્થ ભાવોને સમજનારા શ્રાવકને **અરીસા સમાન** કહેલ છે. અરીસામાં જેવી વસ્તુ હોય તેવી જ દેખાય છે તે જ રીતે તે શ્રાવક પણ જેવો જે તત્ત્વનો, ગુઢનો , આગમનો આશય છે તેને તેવો જ યથાર્થ સમજે છે. **(૨) ધ્વજાપતાકા સમાન શ્રાવક–** જે દિશાની હવા હોય તે તરફ ધ્વજાપતાકા લહેરાય છે તે જ રીતે જે શ્રાવક પોતાના જ્ઞાનમાં સ્થિર ન રહે, જેવી દેશના-સંયોગ મળે તે અનુસાર જ પોતાની ચિત્તવૃત્તિ બનાવી લે છે. ગમે ત્યાં ઝૂકતા ચાલે તેને અહીં ધ્વજાપતાકા સમાન શ્રાવક કહેલ છે. **(૩) ઠૂંઠાસમાન શ્રાવક–** જે શ્રાવક કોઈપણ પૂર્વગ્રહમાં, હઠાગ્રહમાં કે પરંપરાની પકડમાં જકડાયેલાં રહે છે, જ્ઞાની, ગીતાર્થ, બહુશ્રુતો દ્વારા સત્ય તત્ત્વ સમજાવવા છતાં પણ સ્વીકારતા નથી. પોતાને વિશાળ જ્ઞાન છે નહીં અને જ્ઞાનીની વાત માને નહીં, ખોટી પકડ છોડે નહીં, તેવા શ્રાવકોને અહીં પાકી ગયેલું અનાજ વાઢી લીધાં પછી ખેતરમાં ઉભેલા નાના-નાના ઠૂંઠા





સમાન કહેલ છે. તેવા શ્રાવક નમ્રતા રહિત સ્વભાવવાળા હોય છે. **(૪) કંટક સમાન શ્રાવક–** જે દુરાગ્રહી શ્રાવક સમજાવનારા ગુઢ સાથે પણ દુર્વચનયુક્ત વ્યવહાર કરે, પોતાની મૂર્ખતા સમજ્યા વગર ગુઢ પર દોષારોપણ કરે તે કંટક સમાન શ્રાવક કહેવાય છે. જેમ કાંટાળી વાડના કાંટા એક તરફથી કાઢે તો બીજી તરફ ખૂંચે છે તેમજ કંટક સમાન પીડાકારી વ્યવહાર કરનારા શ્રાવકોને અહીં તીક્ષ્ણ કંટક સમાન કહેલ છે.

આ રીતે પોતપોતાની માનસિકતા અને ક્ષયોપશમ અનુસાર કોઈ શ્રાવક અરીસા જેવા અને કોઈ કંટક જેવા પણ હોય છે. તે જાણીને શ્રાવકોએ કઈ કોટિમાં આવવું છે તેનો સ્વયં નિર્ણય કરી, સુંદર ક્ષયોપશમ પ્રાપ્ત કરી અને સુંદર પ્રકૃતિ સ્વભાવ બનાવી અરીસા જેવા ઉત્તમ શ્રાવક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**પ્રશ્ન–૬ : દીક્ષા લીધા પછી સાધુ-સાધ્વીઓની દુઃખરૂપ કે સુખરૂપ અવસ્થા ક્યારે કેવી-કેવી રીતે બને છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત ઉદ્દેશકના સૂત્ર–૫૩,૫૪ માં આ વિષયક સ્પષ્ટીકરણ કરેલ છે. જોકે સંયમ સ્થાન સંયમીઓને એકાંત શાશ્વત સુખ પ્રાપ્ત કરાવનાર હોય છે તોપણ ઘણા સાધક પોતાની ચંચળ, અસ્થિર તેમજ અસમ્યક મનોવૃત્તિના કારણે ચાર અવસ્થાઓમાં સંયમ જીવનને દુઃખમય સમજવા લાગે છે અને દુઃખરૂપમાં, દુઃખાનુભૂતિમાં વ્યતીત કરે છે તેમજ કેટલા ય સાધક સુસંયોગ, સુસંસ્કાર તેમજ સ્થિર ચિત્તવૃત્તિના કારણે જીવનભર સંયમની પ્રત્યેક અનુકૂળ-પ્રતિકૂળ અવસ્થાઓમાં સુખી-પરમસુખી રહે છે. પ્રત્યેક ક્ષણે પરમાનંદની અનુભૂતિ કરે છે. આ પ્રકારની અવસ્થાઓ થવામાં મુખ્ય ચાર-ચાર કારણ અહીં દુઃખશય્યા અને સુખશય્યાના નામથી કહેલ છે.

**દુઃખ શય્યા–** સંયમ દુઃખભૂત લાગવાના ચાર કારણ આ પ્રમાણે છે– **(૧)** જિનમતમાં નિર્ગ્રંથ પ્રવચનમાં, સાધ્વાચારમાં કે જીવ આદિ સૂક્ષ્મ તત્ત્વોમાં શ્રદ્ધા, પ્રતીતિ, ઢચિ ઘટવાથી; તત્ત્વો કે સિદ્ધાંતોમાં શંકા, કાંક્ષા આદિ ચિત્તમાં પ્રવેશી જવાથી; આત્મ પરિણામોમાં, સંયમ ઉત્સાહમાં, મનની ચલ-વિચલતા આવી જવાથી સંયમનો આનંદ ખંડિત થાય છે. ત્યારે સમયે-સમયે આત્મા સંયમથી ખિન્ન થઈને દુઃખાનુભૂતિ કરવા લાગે છે. આ રીતે આ પ્રથમ દુઃખ સ્થાન છે. **(૨)** જે પોતાના લાભમાં સંતુષ્ટ રહેતા નથી પરંતુ બીજાના આહાર, શિષ્યાદિ લાભ, માન-સન્માન, જ્ઞાન, યશ-કીર્તિ આદિ જોઈને ઈર્ષ્યા કરે છે, અને તેની પોતાને પ્રાપ્તિ ન થવાથી રાત-દિવસ દુઃખાનુભૂતિ કરે છે, આ બીજી

દુઃખશય્યા છે. **(૩)** માનુષિક સુખોની તથા કામભોગોની સુસુપ્ત કામનાઓ જેની જાગૃત થઈ જાય અને તેના જ સંકલ્પ-વિકલ્પોમાં જે ફસાઇ જાય તો તેને સંયમ જીવન દુઃખકારી, મહા દુઃખકારી લાગે છે, આ ત્રીજી દુઃખશય્યા છે. **(૪)** શરીરની સુખશીલતાવાળી સાંસારિક પ્રવૃત્તિઓમાં પુનઃ મન લોભાઇ જવાથી, ચંચળ થઈ જવાથી, ઈચ્છિત ખાન-પાન, સ્નાન-મર્દન, તેલ-માલિશ, વિલેપન-પીઠી આદિ એશોઆરામની આકાંક્ષા ચિત્તમાં પ્રવિષ્ટ થઈને ઘર કરી જવાથી; તે સાધક સંયમ સાધના સમાચારીને દુઃખમય, કષ્ટપ્રદ સમજવા લાગે છે અને રાત-દિવસ તેના જ વિચારોમાં રહે છે, તે ચોથી દુઃખશય્યા છે.

**સુખશય્યા–** સંયમમાં સદા આનંદિત રહેવાના કારણભૂત ચાર સ્થાન આ પ્રમાણે છે– **(૧)** સંયમ સ્વીકાર્યા પછી ગુઢસાંનિધ્ય તેમજ સુસંસ્કારોની ક્રમશઃ વૃદ્ધિનો અવસર પ્રાપ્ત થયેલ સાધક વીતરાગ વચનોમાં, જિનાગમના તત્ત્વમય કે આચારમય બધા સિદ્ધાંતોમાં પૂર્ણ નિઃશંક તેમજ દઢ આસ્થાવાન રહે છે. તે નિરંતર સંયમમાં રમણ કરતા રહીને સદા સુખાનુભૂતિ અને પરમ આનંદની અનુભૂતિ કરે છે, શ્રમણ નિર્ગ્રંથોની આ પ્રથમ સુખશય્યા છે. **(૨)** જે નિર્ગ્રંથ સંયમપર્યાયમાં પુઢષાર્થ કરતા રહીને સદા પોતાને ઉપલબ્ધ થતા આહાર, પાણી, ઉપકરણ, શિષ્ય, જ્ઞાન આદિના લાભમાં તેમજ માન-સન્માન, પદ- પ્રતિષ્ઠામાં સંતુષ્ટ, પરમ સંતુષ્ટ રહે છે; બીજાના લાભને જોઈને તેના પ્રત્યે અહોભાવ ધારણ કરે છે પરંતુ પોતે તેની અપેક્ષા-ચાહના કરતા નથી તથા તેની ઈર્ષ્યા પણ કરતા નથી અને પોતાના પુઢષાર્થને નિરંતર તપ-સંયમમાં વધારવાનું લક્ષ્ય રાખીને પોતાની સમસ્ત યથાયોગ્ય ઉપલબ્ધિઓમાં સંતુષ્ટ રહીને આનંદ પરમ આનંદમય જીવનની અનુભૂતિ કરે છે, તે નિર્ગ્રંથોની બીજી સુખશય્યા (સુખોમાં જ નિવાસ) છે. **(૩)** સંયમ સ્વીકાર્યા પછી સદા ગુઢ કે આગમ નિર્દેશો પ્રમાણે સંયમ-તપમાં લીન રહીને પોતાની ઈન્દ્રિયોને જ્ઞાન– વૈરાગ્યપૂર્વક વશમાં (અંકુશમાં) રાખે છે; ઈન્દ્રિય વિષયો પ્રત્યે આત્મનિગ્રહ કરે છે, મનની સંપૂર્ણ લગામ જ્ઞાનાંકુશ રૂપે પોતાના હાથમાં રાખીને સદા પરિપૂર્ણ ઈન્દ્રિય સંયમમાં રહે છે. ક્યારે ય પણ ઈન્દ્રિયેચ્છાઓ, વિષયેચ્છાઓને વશીભૂત ન થઈને, હંમેશાં જિનાજ્ઞા અનુસાર સંયમ સમાધિમાં, બ્રહ્મચર્યની ભરતી રૂપ સર્વ સમાચારી નિયમોમાં સતર્ક–સાવધાન રહીને સંયમ ભાવોમાં પરમ આનંદિત રહે છે. ક્યારે ય દૈવિક, માનુષિક, પૌદ્ગલિક સુખોની, કામ-ભોગોની ચાહના-ભાવના પણ કરતા નથી, આ મુનિઓની ત્રીજી સુખશય્યા છે. **(૪)** જે સંયમ ગ્રહણ કર્યા પછી શૂરવીર યોદ્ધાની જેમ કર્મસંગ્રામમાં પોતાને **સજ્જ–સુસજ્જ** રાખે છે. તે એવો આદર્શ સન્મુખ રાખે છે કે તીર્થંકર





આદિ મહાપુઢષો પણ રાજસી વૈભવનો ત્યાગ કરીને સંયમગ્રહણ કર્યા પછી સમસ્ત સુખ સુવિધાઓની ઉપેક્ષા કરીને ઉત્કૃષ્ટ પરાક્રમ સાથે સંયમ તપમાં લીન રહીને કર્મોનો ક્ષય કરવાના લક્ષ્યે જ આગળ વધતા રહીને કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરે છે તો હું પણ કેમ ઉત્સાહપૂર્વક શારીરિક કષ્ટોને, સંયમના પરીષહ-ઉપસર્ગોને સહન ન કરું ? અર્થાત્ મારે પણ આવા મહાપુઢષોના આદર્શને સામે રાખીને કર્મસંગ્રામમાં આવતાં સમસ્ત કષ્ટોને બહુ જ પ્રસન્નતા સાથે, મસ્તી અને અંતરઆનંદ સાથે સહન કરીને, પોતે ગ્રહણ કરેલા સંયમની સુંદર, અનુપમ આરાધના કરવી જોઈએ. આ પ્રમાણેની વિચારધારા, સમજણ તેમજ જ્ઞાન વૈરાગ્ય વાસિત ઉત્સાહપૂર્વક તે સાધક સંયમમાં પરમ આનંદની અનુભૂતિ કરે છે, આ શ્રમણ નિર્ગ્રંથોની ચોથી સુખશય્યા કહેલ છે.

આ દુઃખશય્યા અને સુખશય્યાના સૂત્ર–પ૩,પ૪ પછી સૂત્ર–૬૮ માં સ્પષ્ટ કરવામાં આવેલ છે કે– દીક્ષા લેનારા બધા સરખા હોતા નથી, સરખા બનતા નથી, તેના પણ અનેક વિકલ્પ પોતપોતાના પુઢષાર્થ તેમજ કર્મોદય નિમિત્તક હોય છે જેને ચાર વિકલ્પોમાં દર્શાવેલ છે–(૧) સિંહની જેમ દીક્ષા લે અને સિંહની જેમ પાળે તેવા અર્થાત્ કોઈ ઉત્કૃષ્ટ વૈરાગ્ય અને જ્ઞાનપૂર્વક સંયમ ગ્રહણ કરે છે, અને તે જ લગન સાથે અંત સુધી સફળતા પ્રાપ્ત કરનારા હોય છે. (૨) સિંહની જેમ દીક્ષા લઈને, શિયાળની જેમ સંયમ પાલન કરે અર્થાત્ કોઈ ઉત્કૃષ્ટ વૈરાગ્યપૂર્વક દીક્ષા લે, પણ ક્યારેક કોઈ સંયોગ, સંસ્કાર વૃદ્ધિના અભાવે કે કુસંયોગ કે કર્મોદયને આધીન થઈને શિયાળની જેમ માનસિક, શારીરિક કાયરતાને વશીભૂત થઈને સંયમમાં શિથિલ બની જાય છે, અનેક સંયમ નિયમોના પાલનમાં ઉત્સાહ હીન બની જાય છે, કોઈ સમ્યક્શ્રદ્ધા, પ્રરૂપણાથી પણ ચ્યુત થઈ જાય છે. (૩) શિયાળની જેમ દીક્ષા લઈને સિંહની જેમ સંયમ પાલન કરે છે અર્થાત્ કોઈ બીજાના દબાણથી, વચન-બદ્ધતાએ કે અસહાય થવાથી, ગરીબી કે દુઃખી અવસ્થાથી તેમજ પરેશાનીથી દીક્ષા લઈને સુસંયોગવશાત્ જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ કરીને ઉત્કૃષ્ટ પરિણામોથી શૂરવીરતાપૂર્વક સંયમમાં લીન બની જાય છે અને જીવનના અંત સુધી પણ સફળ આરાધક બની જાય છે. (૪) શિયાળની જેમ સંયમ લઈને શિયાળની જેમ સંયમ કરે અર્થાત્ કોઈ લાચારીથી, પરિસ્થિતિ કે સંયોગવશાત્ દીક્ષા લઈ લે છે અને પછી પણ સામાન્ય પરિણામોથી તથા સામાન્ય વૈરાગ્યથી કે સુસ્તી પૂર્વક સંયમપાલન કરે છે તથા ક્યારેક કોઈ સુપરિણમન, સુસંયોગ ન થતા શિથિલ માનસવાળા બનીને નિમ્નસ્તરીય સંયમનું પાલન કરે છે અને અંતમાં પણ સંયમમાં અસફળ–વિરાધક બની જાય છે.

આ પ્રમાણે સંયમ ગ્રહણ કરનારાઓની વિવિધ અવસ્થાઓને સમ્યક પ્રકારે હૃદયંગમ કરીને પોતાના આત્માનું, સંયમનું હિત ચિંતન કરીને સમ્યક પુરૂષાર્થ દ્વારા આરાધક બનવાનો પ્રયત્ન પ્રત્યેક સાધકે કરવો જોઈએ. જેવી રીતે પ્રત્યેક સમજદાર વિદ્યાર્થીનો પરીક્ષામાં પાસ થવાનો જ મનોરથ તેમજ પ્રયત્ન હોય છે તે જ રીતેનું લક્ષ્ય મોક્ષહેતુક આ સંયમ સાધનાની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે હોવું જોઈએ. ત્યારે સ્વીકારેલ સમસ્ત તપ-સંયમનો પરિશ્રમ સફળતાને પ્રાપ્ત કરી શકશે.

આ જ વિષયને અનુરૂપ સૂત્ર–૮૨માં નિરૂપણ કરતાં બતાવેલ છે કે– **(૧) હ્રી સત્ત્વ–** જે સાધક લોક લાજે કે અપયશ કીર્તિના ચિંતને અથવા ગુઢ વડીલ પારિવારિક તથા અનુરાગી ભક્તવર્ગની લાજ-શરમે માનસિક અધૈર્યને કે પોતાની અંદર ઉઠતા અસત્ત્વમય વિચારોને પ્રવૃત્તિથી કે શરીરથી કંઈ પણ પ્રગટ થવા દેતા નથી અને તેમ કરતાં આત્માને રોકે છે, સંભાળી લે છે, તેને લજ્જાવશ સત્ત્વશીલ બનનારા **હ્રી સત્ત્વ** સાધક કહેલ છે. (૨) **હ્રી મન સત્ત્વ–** જે ઉપરોક્ત અનુસાર લજ્જાવશ પ્રવૃત્તિથી તેમજ શરીરથી સત્ત્વશીલ બની રહેવાની સાથે પોતાના મનની અસત્ત્વતાને પણ પરિવર્તિત કરી લે છે અર્થાત્ સંયમમાં ઉત્પન્ન અધૈર્યના પરિણામોને લજ્જાવશ ધૈર્યમાં પરિણત કરી પ્રવૃત્તિની સાથે મનમાં પણ પૂર્ણ સત્ત્વશીલ ઉત્સાહયુક્ત બનીને સાધનામાં રત રહે છે તે સાધક **હ્રી મન સત્ત્વ** પુરૂષ કહેવાય છે. **(૩) ચલ સત્ત્વ–** જે સાધક પ્રસંગે-પ્રસંગે સંયમ સાધનાની વચ્ચે માનસિક શારીરિક શિથિલતા ધારણ કરી લે છે, પ્રવૃત્તિમાં પણ દીનતાપૂર્વક વિચલિત થઈ જાય છે, કોઈપણ ઉપાયે ધૈર્યને ધારણ કરીને ન રહી શકે અને પોતાના લક્ષ્યથી અસ્થિર બની જાય છે, સાધનામાં શિથિલ-દીન બની જાય છે, ત્યાર પછી તેના માટે લોક લાજ, યશ-અપયશ આદિ બધું ઉપેક્ષિત બની જાય છે, તેવા સાધકને અહીં **ચલ સત્ત્વ** સાધક કહેલ છે. **(૪) સ્થિર સત્ત્વ–** જે સાધક પ્રારંભથી અંત સુધી સ્વતઃ વૈરાગ્ય, સુસંયોગ, સુસંસ્કાર આદિ પુણ્ય સંયોગે સંયમમાં મેઢવત્ અડોલ, અકંપ, સ્થિર, ઉત્સાહી, ધૈર્યસંપન્ન રહીને સમ્યક આરાધના કરે છે તે **સ્થિર સત્ત્વ** સાધક કહેવાય છે. આવા સાધક જ સર્વશ્રેષ્ઠ હોય છે અને જિનશાસનમાં વરિષ્ઠતા પ્રાપ્ત કરી સ્વ-પર-ઉભય કલ્યાણકારી બને છે તેમજ નિર્ગ્રંથ પ્રવચનની અનુપમ પ્રભાવના કરીને પોતાના જીવનને પૂર્ણ સફળ તથા ધન્ય-ધન્ય બનાવી લે છે.

ઉપરોક્ત વિવિધ અનેકાંતિક સંયમ સંબંધી શાસ્ત્રકારોના નિરૂપણની સમ્યક સમીક્ષા–વિચારણા કરીને પ્રત્યેક સાધક પોતાનો સર્વોચ્ચ વિકાસ





સાધે તથા જન્મમરણ અને અનંત દુઃખોના મૂળભૂત અષ્ટ કર્મોથી આત્માને હળુકર્મી યાવત્ પૂર્ણરીતે કર્મ મુક્ત બનાવવામાં પુરૂષાર્થશીલ બને.

**પ્રશ્ન–૭ : શાસ્ત્રમાં દૃષ્ટાંતો સંબંધી વિસ્તૃત વર્ણન કેવી રીતે કરેલ છે ?**

**ઉત્તર–** કોઈપણ વસ્તુ તત્ત્વને સમજાવવામાં કે અઘરા તત્ત્વોને સરળતાથી બુદ્ધિગમ્ય કરાવવામાં તેમજ અલ્પમતિ ક્ષયોપશમવાળાઓને પણ સૂક્ષ્મ કે ગહન તત્ત્વને સહજતાથી, સરળતાથી સમજાવવામાં દૃષ્ટાંત બહુજ ઉપયોગી સિદ્ધ થાય છે. તેની ઉપકારકતાને લક્ષ્યમાં રાખીને અહીં સૂત્ર–૯૨ થી ૯૬ સુધીમાં ઉદાહરણોની વિવિધતાને ભેદ-પ્રભેદો દ્વારા સમજાવેલ છે. જેને જાણીને જ્ઞાની સાધક દૃષ્ટાંત દેવામાં અને દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં કુશળ બને છે. દૃષ્ટાંતોના દૂષણોથી મુક્ત રહીને પોતાના ઉદ્દેશ્યમાં, શ્રોતાને વસ્તુતત્ત્વ સમજાવવામાં સફળ બને છે.

પ્રસ્તુત સૂત્રોમાં દૃષ્ટાંતને માટે **જ્ઞાત** શબ્દનો પ્રયોગ કરેલ છે. જેના માધ્યમે શ્રોતા કે પ્રતિવાદીને સરળતાથી સમ્યગ્જ્ઞાન–સમ્યગ્બોધ થઈ જાય તે **જ્ઞાત** છે. અથવા શ્રોતા તેમજ પ્રતિવાદી જે વાતને જાણતા હોય, જે વાત તેમને અનુભૂત હોય, તેવું કથન કરીને, દૃષ્ટાંત આપીને પોતાના આશયને સમજાવવામાં આવે, તે દૃષ્ટાંત પણ જ્ઞાત હોવાથી તેને જ્ઞાત સંજ્ઞા હોય છે. તેથી અહીં દૃષ્ટાંતના પર્યાયવાચી શબ્દ રૂપ **જ્ઞાત** શબ્દનો પ્રયોગ કરીને દૃષ્ટાંતો–ઉદાહરણોના ભેદ કર્યા છે.

વ્યાખ્યાકારે દૃષ્ટાંતના મૌલિક સરળ ચાર પ્રકાર દર્શાવ્યા છે– **(૧)** સામાન્ય જ્ઞાત(દૃષ્ટાંત)–સાધ્યને સિદ્ધ કરવાને માટે પ્રચલિત, સર્વ સાધારણને સમજાય તેવા તર્કયુક્ત દૃષ્ટાંતનું કથન કરવું. જેમ કે– અહીં અગ્નિ છે કારણ કે ધુમાડો નીકળે છે, જેમ કે– રસોડું. જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ પણ હોય છે અને તળાવમાં ધુમાડો હોતો નથી તો ત્યાં અગ્નિ પણ હોતો નથી. આ તર્કયુક્ત દૃષ્ટાંતને સામાન્ય વ્યક્તિ પણ જાણે છે. **(૨)** આખ્યાનક જ્ઞાત– તેમાં બનેલી ઘટના કે અઘટિત રૂપકનું કથન કરીને પોતાનો આશય સમજાવવામાં આવે છે. જેમ કે– નિદાનનું ફળ અહિતકારી હોય છે, જેમકે– બ્રહ્મદત્ત ચક્રવર્તી. તેઓ નિદાન કરીને ચક્રવર્તી તો બની ગયા હતા પરંતુ ધર્મ પ્રાપ્ત કરી શક્યા ન હતા તેથી મરીને સાતમી નરકે ગયા. આ **ઘટિત** દૃષ્ટાંત છે. **કલ્પિત આખ્યાન–** વૃક્ષ પરથી પાંદડાને ખરતા જોઈને નવી કુંપળો હાસ્ય કરે છે, ત્યારે પાંદડું બોલે છે કે– **મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીયા.** તાત્પર્ય એ છે કે આ શરીર બધાનું નાશવંત છે. કોઈનો ગર્વ અહીં રહેતો નથી.

એક દિવસ બધાને માટીમાં મળવાનો વારો આવશે. **(૩)** ઉપમાન જ્ઞાત– ઉપમા રૂપે દષ્ટાંત આપીને તુલનાયુક્ત કથન કરવું. જેમ કે– તેના હાથ કમળ જેવા છે. તેનું શરીર ગરમીથી માખણની જેમ પીગળે છે. દુબળા-પાતળા વ્યક્તિને જોઇને કહેવું કે તેનું શરીર તો લાકડી જેવું છે. **(૪)** ઉત્પત્તિ જ્ઞાત– કોઇ પૂછે કે તમે ધર્મ કેમ કરો છો ? તો તેનો જવાબ દેવો કે ધર્મ કર્યા વગર કર્મોથી મુક્તિ મળી શકતી નથી. કોઇ પૂછે કે તમે દુકાનદારને આટલાં હજારો રૂપિયા કેમ આપી રહ્યા છો ? તેણે જવાબ આપ્યો કે–રકમ ચૂકવ્યા વગર નવલખો હાર પ્રાપ્ત થઇ શકતો નથી. તો આ ઉપલબ્ધિ–ઉત્પત્તિમૂલક હેતુ દષ્ટાંત છે.

આ સૂત્રોમાં વસ્તુ તત્ત્વ સમજાવવામાં અપાતાં શુદ્ધ-અશુદ્ધની અપેક્ષા ચાર પ્રકારના દષ્ટાંત કહેલ છે– **(૧)** પાપનું ફળ દુઃખદાયક છે, જેમ કે– કાલસૌરિક કસાઇ, માછીમાર આદિ; તે નરકના દુઃખોને પ્રાપ્ત કરે છે. આ સંપૂર્ણ અને સત્યભાવોને કહેનાર દષ્ટાંત છે. તેને **આહરણ જ્ઞાત** કહે છે. **(૨)** એક દેશથી તત્ત્વને કહેનાર દષ્ટાંત. જેમ કે– તેનું મુખ ચંદ્ર સમાન છે. અહીં ચંદ્રની કાંતિ અને સૌમ્યતા શીતળતા માત્રની જ વિવક્ષા છે પરંતુ ચંદ્રની ગોળાઇ આદિ અપેક્ષિત નથી. તેને **આહરણ તદ્દેશ જ્ઞાત** કહે છે. **(૩)** જે દષ્ટાંત પોતાના લક્ષ્ય વિરોધીનું કથન કરનાર હોય. જેમ કે શબ્દ અરૂપી છે તેથી શાશ્વત છે. જેમ કે–ઘટ. અહીં ઘટનું દષ્ટાંત શાશ્વતતા સિદ્ધ કરવામાં આપેલ છે. જ્યારે ઘટ સ્વયં શાશ્વત નથી. તે તો પુરુષકૃત અને વિનાશી પદાર્થ છે. તેને **આહરણ તદ્દોષી જ્ઞાત** કહેલ છે. **(૪)** જે દષ્ટાંત પોતાના લક્ષ્યની સિદ્ધિ કરવાની સાથે લક્ષ્ય સિવાયની પણ સિદ્ધિ કરે. જેમ કે– આત્મા અકર્તા છે કારણ કે અરૂપી છે, જેમકે આકાશ. અહીં આકાશનું દષ્ટાંત લક્ષ્યને સિદ્ધ કરે છે. સાથે જ અન્ય અમાન્ય તત્ત્વની સિદ્ધિ કરે છે કે આકાશ તો અકર્તાની સાથે અભોક્તા પણ છે, તો આત્મા પણ અભોક્તા છે, આવા અમાન્ય તત્ત્વની સિદ્ધિ પણ કરે છે. આ દષ્ટાંત પણ ત્રીજા દષ્ટાંતની જેમ દૂષિત છે, પરંતુ તેનાથી ઓછું દૂષિત છે. તેને **ઉપન્યાસોપનય જ્ઞાત** કહેલ છે.

આ મૌલિક ચાર પ્રકાર દષ્ટાંતના કહ્યા છે. એ ચારેયના ફરી ચાર-ચાર ભેદ શાસ્ત્રકારે કરેલ છે. તે દરેકને વ્યાખ્યાકારે દષ્ટાંત આપીને સમજાવેલ છે. તે બધા દષ્ટાંતો જુદા-જુદા ગુણોની પુષ્ટી કરનારા છે. તેમાંથી કેટલાક દષ્ટાંત મોક્ષ હેતુની પુષ્ટી કરનારા અને કેટલાક દષ્ટાંત શ્રોતા કે પ્રતિવાદીને પોતાનો ખરો આશય સમજાવવામાં ઉપયોગી માત્ર છે. અહીં ચારની સંખ્યામાં સુમેળ થવાથી તે મૂળ–૪ અને ઉત્તર ભેદ–૧૬ નામ નિર્દેશ માત્રથી કહેલ છે.





જિનવાણીનું કુશળતાપૂર્વક નિરૂપણ કરવાની યોગ્યતામાં તે બધા દષ્ટાંત અને તેના પ્રકાર તથા દષ્ટાંત દેવાની રીત, સાધકને અનુભવ વૃદ્ધ બનાવનારા છે. તેથી તે દરેકની જ્ઞેયતા તેમજ ઉપાદેયતા સ્વતઃ સિદ્ધ છે તેમ સમજવું જોઇએ.

તે પ્રભેદોમાં ૧૬ મો ભેદ **હેતુ** કહેલ છે. તેના પણ સૂત્ર–૯૭માં ૪-૪ કરીને કુલ–૧૨ ભેદ બતાવેલ છે. સાધ્યને સિદ્ધ કરવાને માટે હેતુ આપવામાં આવે છે. તેના ભેદ–(૧) સહજ–સરલ હેતુ (૨) અનેક વિશેષણો યુક્ત વિસ્તૃત હેતુ (૩) સાધ્યને સિદ્ધ કરે અને અન્યને પણ સિદ્ધ કરે એવો હેતુ. આવા બેવડા હેતુથી મૂઢતા–ભ્રમ ઉત્પન્ન થાય છે. (૪) આ ઉત્પન્ન થનારા ભ્રમનું નિવારણ કરનારા હેતુ.

ફરી તેનાં– (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન અને (૪) આગમ; આ ચાર પ્રમાણને પણ અહીં હેતુના ભેદમાં કહેલ છે. ફરી તેનાં– (૧) અસ્તિત્વ સિદ્ધ કરનારા અસ્તિરૂપ હેતુ (૨) અસ્તિત્વ સિદ્ધ કરનાર નાસ્તિરૂપ હેતુ (૩) નાસ્તિત્વ સિદ્ધ કરનાર અસ્તિરૂપ હેતુ (૪) નાસ્તિત્વ સિદ્ધ કરનાર નાસ્તિરૂપ હેતુ. જેમ કે– (૧) અહીં અગ્નિ છે, કારણ કે ધૂમાડો છે. (૨) અત્યારે દિવસ છે, કારણ કે અંધકાર થયો નથી. (૩) અહીં અગ્નિ નથી કારણ કે પાણી ભરેલું છે. (૪) અહીં વૃક્ષ નથી, કારણ કે ક્યાંય છાંયો પણ દેખાતો નથી. આ પ્રમાણે હેતુના ઉચ્ચારણનું સાચું જ્ઞાન પણ પોતાના આશયનું સમ્યક નિરૂપણ કરવામાં ઉપયોગી થાય છે. આ જ્ઞાન વક્તા, ઉપદેશક તેમજ શાસન પ્રભાવના કરનારા સાધકોના વચનોની ઉપાદેયતાની સિદ્ધિમાં ઉપયોગી તેમજ મહત્ત્વનું છે.

**પ્રશ્ન–૮ : ચૌભંગીઓ દ્વારા આ ઉદ્દેશકમાં શું સમજાવેલ છે ?**

**ઉત્તર–** પૂર્વ ઉદ્દેશક અનુસાર અહીં પણ બે પ્રકારની ચૌભંગીઓ છે– (૧) માત્ર પુરુષોની ૪૩ ચૌભંગીઓ (૨) પક્ષી, વૃક્ષ, યાન, યુગ્ય(નાની પાલખી), સારથી, હાથી, ઘોડા, પાલખી(લાંબી પહોળી), પુષ્પ અને ઘોડાની ઉપમાથી યુક્ત પુરુષની ૪૮ ચૌભંગીઓ છે અને ફળની ઉપમાથી યુક્ત આચાર્યની બે ચૌભંગીઓ છે. એમ કુલ ૪૩+૪૮+૨ = ૯૩ ચૌભંગીઓ કહેલ છે. જેમાં ઘણી ચૌભંગીઓ અનેકાંતિક સ્વરૂપ દર્શક છે અને ઘણી ગુણસંપન્ન બનવાની પ્રેરક છે. કેટલીક ચૌભંગીઓ વ્યવહાર સૂત્ર આદિમાં આવેલ છે તેની ગણતરી ઉપરોક્ત સંખ્યામાં કરેલ નથી. કારણ કે તેની મૌલિક વિવેચના તે જ સૂત્રોમાં છે. અહીં તો સંખ્યાની દષ્ટિએ પુનઃ સંકલન માત્ર છે, એમ સમજવું. ઉપરોક્ત બધી ચૌભંગીઓની છણાવટ(શ્રેષ્ઠતા આદિ) પૂર્વ ઉદ્દેશોની જેમ સમજી લેવું.

વિશેષમાં સૂત્ર–૨૯માં આચાર્યના ગુણોને ફળોની ઉપમાનો આશય આ પ્રમાણે છે– (૧) આમળા– રોચક હોવાની સાથે ખાટા છે. (૨) દ્રાક્ષ રોચક હોવાની સાથે ખટાશ અને મધુરતા બંનેથી યુક્ત છે. (૩) દૂધ– ખટાશ રહિત અલ્પ મધુર છે અને (૪) ખાંડ– પ્રતિપૂર્ણ મધુર છે કે જે અન્ય ફિક્કા પદાર્થોને પણ મધુર બનાવે છે.

આચાર્ય પણ પોતાના શિષ્યોને રોચક હોય છે તોપણ (૧) કોઈ વાત-વાતમાં ઉગ્રતાથી શિષ્યોને અનુશાસિત કરે છે તેઓ આમળાની ઉપમાવાળા છે. (૨) કોઈ જરૂરી હોય ત્યારે જ કિંચિત્ ઉગ્રતા ધારણ કરે છે, અધિકતમ મધુર વ્યવહાર રાખે છે તેઓ દ્રાક્ષ ફળ જેવા કહેલ છે. (૩) સામાન્ય રૂપે મધુર વ્યવહાર દ્વારા સંઘ સંચાલન કરે છે તેઓ દૂધની ઉપમાવાળા છે. (૪) અત્યંત મધુરતા, આત્મીયતાથી શિષ્યોને એવી રીતે અનુશાસિત કરે છે કે અન્ય અનેક સંત સ્વતઃ શાંત સ્વભાવી, મધુર વ્યવહારી બની જાય છે. એવા આચાર્ય ખાંડ-સાકરની ઉપમાવાળા છે.

**પ્રશ્ન–૯ : સ્થાનાંગ સ્થાન–૩ અને ૪માં પુદ્ગલ અને જીવની ગતિમાં અવરોધ થવામાં રૂક્ષતાનું એક કારણ બંને જગ્યાએ કહેલ છે તેનું શું તાત્પર્ય છે ?**

**ઉત્તર–** સ્થાનાંગ સૂત્રના ૩/૪/૫૩ સૂત્રમાં પુદ્ગલની ગતિમાં અવરોધના ત્રણ કારણ કહ્યા છે. જેમાં એક કારણ રૂક્ષતાથી પણ પુદ્ગલ ગતિનો અવરોધ કહેલ છે. આ કથન લોકની અપેક્ષા છે. પ્રસ્તુત સૂત્ર–૪/૩/૯૧ માં અલોકમાં જીવની અગતિના ચાર કારણ કહ્યા છે. તેમાં પણ રૂક્ષતાનું એક કારણ કહેલ છે. અલોકમાં તો આકાશ સિવાય કંઈ છે જ નહીં તેથી ત્યાંના ક્ષેત્રનું રૂક્ષ હોવું સ્વભાવિક છે અર્થાત્ વાતાવરણની સ્નિગ્ધતાનો ત્યાં સર્વથા અભાવ જ છે, સ્નિગ્ધતા વર્તાવનાર કોઈપણ તત્ત્વ ત્યાં છે જ નહીં; જેવી રીતે સંસારી જીવોમાં સ્નેહ(સ્નિગ્ધગુણ)હોય છે તેથી તે અનેક પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે અને સિદ્ધોમાં સ્નેહના અભાવરૂપ રૂક્ષ ભાવ હોય છે. તેથી તેઓ કોઈ પ્રકારના પુદ્ગલ ગ્રહણ કરતા નથી.

સ્થા. ૩/૪/૫૩ પ્રમાણે લોકમાં પણ જ્યાં વાતાવરણની સ્નિગ્ધતાનો અત્યધિક અભાવ અને રૂક્ષતાની અધિકતા હોય તો ત્યાં પણ પુદ્ગલની ગતિમાં અવરોધ થાય છે. વૈજ્ઞાનિકો પણ કહે છે કે અમુક ક્ષેત્ર એવા આવે છે કે જ્યાં વાતાવરણના કારણે ગતિ અવરુદ્ધ થઈ જાય છે અર્થાત્ જે તે સીમાક્ષેત્ર પછી કે ઊંચાઈ પછી યાંત્રિક વાહન કે વસ્તુ ગતિ કરતાં કરતાં પણ અટકી જાય છે, રોકાઈ જાય છે. તાત્પર્ય એ છે કે ધર્માસ્તિકાય સિવાય પણ ગતિ





સહાયમાં પુદ્ગલ (વાતાવરણની) સ્નિગ્ધતા પણ કામ કરે છે.

જેવી રીતે સિદ્ધોના આત્મા અને સંસારીના આત્મા દ્રવ્યની અપેક્ષા એક સરખા છે, તોપણ સંયોગી કે અસંયોગી અવસ્થાના કારણે બંનેના સ્વભાવમાં ભિન્નતા જોવા મળે છે. તે જ રીતે લોકના આકાશપ્રદેશ અને અલોકના આકાશપ્રદેશોની સ્વભાવ સંબંધી ભિન્નતા છે. લોકના આકાશ પ્રદેશોમાં અનેક તત્ત્વોનો સંયોગ છે અને અલોકના આકાશપ્રદેશ સિદ્ધાત્મા જેવા મિશ્રણતા રહિત છે. અલોકની આ ભિન્નતાને શાસ્ત્રકારે રૂક્ષતા શબ્દથી કહેલ છે, એમ સ્વીકારવું જોઈએ. આપણે આપણા ગામ–નગરોમાં જોઈએ છીએ કે ટ્રેનનો ચાલવાનો અવાજ એક સરખો હોવા છતાં પણ અમુક ૠતુમાં તે એક કીલોમીટર સુધી જ લગભગ સંભળાઈ શકે છે અને અમુક ૠતુમાં ચાર-પાંચ કીલોમીટર સુધી પણ સ્પષ્ટ સંભળાય છે. અહીં પણ પુદ્ગલ ગતિમાં વાતાવરણની રૂક્ષતા બાધકનો સ્થા. ૩/૪/૫૩ નો નિયમ લાગુ પડે છે.

આ પ્રમાણે અહીં કહેલ રૂક્ષતા શબ્દથી રૂક્ષ સ્પર્શને નહીં સમજતા, વાતાવરણની સરસતા-નીરસતા રૂપ તાત્પર્ય સમજવું જોઈએ. જેથી ઉપરોક્ત બંને સૂત્રમાં આવેલ રૂક્ષતાનું તાત્પર્ય થશે કે– (૧) અલોક યાને અલોકાકાશમાં પૂર્ણ નીરસતાના કારણે અરૂપી સિદ્ધ જીવની પણ ગતિ થતી નથી, તે પણ લોકના છેડે અટકી જાય છે. (૨) લોકમાં પણ વાતાવરણમાં જ્યાં સરસતાનો અત્યધિક અભાવ અને નીરસતાની(રૂક્ષતાની) માત્રા અધિક હોય છે ત્યાં સ્થૂલ રૂપી પુદ્ગલની ગતિ પણ અવરોધાય છે.

**પ્રશ્ન–૧૦ : આ ઉદ્દેશકમાં અન્ય કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** પૂર્વોક્ત પ્રશ્નોમાં વર્ણિત વિષય સિવાય અન્ય અનેક વિષયોનું નિરૂપણ આ પ્રમાણે છે– **(૧)** ચાર પ્રકારના શૂરવીર હોય છે– **૧. ક્ષમામાં શૂરા**–તીર્થંકર હોય છે. **૨. તપમાં શૂરા**–અણગાર હોય છે કારણ કે તીર્થંકરોનો છદ્મસ્થકાળ અલ્પ હોય છે અને અણગારોનું દેશોન ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય છે. તેમજ ધન્ના જેવા અણગાર તપમાં શૂરા કહેવાય છે. **૩. દાનમાં શૂરા**– વૈશ્રમણ દેવ, તીર્થંકરોના જન્મ તથા દીક્ષા સમયે ભંડાર ભરે છે. પારણા સમયે સોનૈયાની વૃષ્ટિ કરે છે. **૪. યુદ્ધમાં શૂરા**–વાસુદેવ હોય છે. અપેક્ષા વિશેષે તથા ચારની સંખ્યાની મુખ્યતાએ આ કથન છે. **(૨)** પૃથ્વી, પાણી, વનસ્પતિ અને ત્રસ એ ચાર દ્વિચરમ શરીરી હોય શકે છે અર્થાત્ એક મનુષ્યભવ કરીને મોક્ષે જઈ શકે છે. **(૩)** ચાર શરીર જીવ નીકળી ગયા પછી

રહેતા નથી કે દેખાતા નથી, વિનષ્ટ કે અદશ્ય થઈ જાય છે– વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ. ઔદારિક શરીરનું ક્લેવર જીવ વગર પણ ઘણો સમય રહે છે તેમજ દેખાય છે. **(૪)** બાદર પૃથ્વી, પાણી, વાયુ અને વનસ્પતિકાય એ ચારે ય ઉપપાત(ઉત્પત્તિ) આશ્રી આખાલોકને સ્પર્શ કરે છે. કોઈપણ લોકના એક ચરમાંતથી બીજા ચરમાંત સુધી વાટે વહેતામાં હોય છે, બાદર તેઉકાયમાં એવું હોતું નથી, કારણ કે તેની ઉત્પત્તિ લોકના ચરમાંતમાં થતી નથી. **(૫)** ચારેયનું એક શરીર ચર્મચક્ષુથી દેખાતું નથી. અસંખ્ય શરીર હોય તો દેખાય છે– પૃથ્વી,પાણી,અગ્નિ,વાયુ. વનસ્પતિમાં ફળ તેમજ બીજના એક જીવ પણ દેખાય છે, શરીરની અપેક્ષા.

**(૬)** ગણિતના ચાર પ્રકાર છે– **૧.** સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર. **૨.** વ્યવહાર ગણિત–સંક્ષિપ્તમાં ટૂંકી પદ્ધતિથી હિસાબ કરવો. જેમ કે– ૫૦૦ રૂપિયાની એક ઘડિયાળ આવે તો ૫૦૦ ઘડિયાળના કેટલા રૂપિયા થાય ? એનો ઉત્તર– બંને પાંચડાને ગુણતા ૨૫ થાય તેના આગળ બે+બે = ચાર શૂન્ય રાખી દેવા એટલે ૨,૫૦,૦૦૦/– બે લાખ પચાસ હજાર રૂપિયા ૫૦૦ ઘડિયાળના થયા. **૩.** દોરી, ફૂટપટ્ટી, ગજ વગેરેના માપથી થતું ગણિત **૪.** ત્રૈરાશિક, પંચરાશિક, વર્ગમૂળ વગેરે. બીજા પણ ગણિતના– રેખાગણિત, બીજગણિત, ભંગગણિત, અંકગણિત આદિ પ્રકાર હોય છે પરંતુ અહીં ચારની સંખ્યાની મુખ્યતાથી કથન છે.

**(૭)** દેવલોકમાં ચાર પ્રકાશ કરનારા છે– દેવશરીર, દેવીશરીર, વિમાન અને આભૂષણ. તિરછાલોકમાં ચાર પ્રકાશક– સૂર્ય, ચંદ્ર, મણિ અને અગ્નિ. અહીં પ્રકાશકમાં ચમકતા પદાર્થોની ગણતરી કરી નથી પરંતુ આસપાસ પ્રકાશ-અજવાળું ફેલાવતા પદાર્થ ગણેલ છે.

તે સિવાય અનેક વિષય એવા છે કે જે અન્ય આગમોમાં તથા પૂર્વ-સ્થાનોમાં કહેલા છે. જેમ કે– જુમ્મા, લેશ્યા, આચાર્ય, શિષ્ય, પુરુષ, દેવાગમન, ચાર કારણે લોકમાં ઉદ્યોત-અંધકાર, લોકમાં સમાન–સીધાણમાં, પડિમા, અસ્તિકાય આદિ. તત્સંબંધી વિશ્લેષણ યથાસ્થાન તે-તે સૂત્રમાં કે સ્થાનમાં જોવા જોઈએ.



# સ્થાન–૪ : ઉદ્દેશક–૪

**પ્રશ્ન–૧ : પ્રસ્તુત ઉદ્દેશકમાં મુખ્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** ચારની સંખ્યામાં સમાવિષ્ટ થતા અનેક વિષયોનું અહીં અક્રમિક વર્ણન કરેલ છે. જેમ કે– વિષ, વ્યાધિ–ચિકિત્સા, આસુરી આદિ ભાવના, પ્રવ્રજ્યા, ઉપસર્ગ, કર્મ, ધર્મદ્વાર, આયુષ્યબંધ, વાદ્ય, નૃત્ય, ગીત આદિ; તુલનાત્મક પુરુષની, આચાર્ય-ભિક્ષુ, માતા-પિતાની, આવર્ત-કષાયની કુલ ૬૪ ચૌભંગીઓ તથા માત્ર પુરુષની ૧૫ ચૌભંગીઓ છે અને અન્ય અનેક વિષયોનું વર્ણન છે.

**પ્રશ્ન–૨ : વીંછી અને સર્પ તો ઝેરીલા જંતુ છે જ, પરંતુ દેડકા અને મનુષ્યમાં પણ શું વિષ–ઝેર હોય છે ?**

**ઉત્તર–** વીંછી અને સર્પ તો જાતિ સ્વભાવથી જ કરડે તેવા પ્રાણી છે. તેના સિવાય મધમાખી, ડાંસ, મચ્છર વગેરે પણ કરડવાના સ્વભાવવાળા હોય છે. તે પ્રત્યેકમાં કંઈકને કંઈક વિષ તો હોય જ છે. તે જ કારણે જીવ-જંતુઓ કરડવાથી બળતરા-પીડા આદિ થાય છે. તેમજ વિષનાશક પ્રયોગથી શાંતિ થઈ જાય છે. તે સિવાય મનુષ્ય, દેડકા, ગાય-ભેંસ આદિ ઘણા પ્રાણી સામાન્ય રીતે કરડવાના સ્વભાવવાળા નથી. તેમ છતાં નાના મોટા બધા પ્રાણીઓના મુખ-દાઢા આદિમાં અલ્પાધિક વિષની માત્રા તો હોય જ છે.

અહીં છટ્ઠા સૂત્રમાં ચારની સંખ્યાના કારણે– વીંછી, દેડકો, સર્પ અને મનુષ્ય એ ચારની દાઢાઓનું ઉત્કૃષ્ટ વિષ સામર્થ્ય બતાવ્યું છે. જે ઉત્કૃષ્ટ વિષ ક્યારેક કોઈને માત્ર ક્ષમતાની અપેક્ષાએ હોય છે. પ્રવૃત્તિની અપેક્ષાએ સામાન્ય કે મધ્યમ વિષની પ્રવૃત્તિ હોય છે, ઉત્કૃષ્ટ વિષ પ્રવૃત્તિરૂપ હોતું નથી, તે માત્ર ક્ષમતાની અપેક્ષાએ અહીં સૂત્રમાં બતાવેલ છે.

વીંછી ચૌરેન્દ્રિય પ્રાણી છે તેથી તેનું ઉત્કૃષ્ટ વિષ પંચેન્દ્રિયથી ઓછું હોય છે. દેડકો, સર્પ અને માનવ પંચેન્દ્રિય હોવા છતાં પણ ક્રમશઃ અધિક-અધિક વિકાસવાળા છે તેથી તેનું ઉત્કૃષ્ટ વિષ પણ ક્રમશઃ અધિક-અધિક બતાવેલ છે. જેમ કે– ઉત્કૃષ્ટ વિષ વ્યાપ્ત કરવાની ક્ષમતા (૧) વીંછીની અર્ધ ભરત ક્ષેત્ર પ્રમાણ (૨) દેડકાની ભરતક્ષેત્ર પ્રમાણ (૩) સર્પની જંબૂદ્વીપ ક્ષેત્ર પ્રમાણ અને (૪) મનુષ્યની અઢી દ્વીપ પ્રમાણ. આ ઉત્કૃષ્ટ ક્ષમતાનું પરિમાણ કેવલીગમ્ય છે, છદ્મસ્થોને માટે તે શ્રદ્ધાગમ્ય છે.

**પ્રશ્ન–૩ : ચિકિત્સા, ચિકિત્સક તેમજ મૂલ વ્યાધિ વગેરેના વિષયમાં અહીં શું નિરૂપણ કરેલ છે ?**

**ઉત્તર–** શરીરમાં ઉત્પન્ન સમસ્ત વ્યાધિઓ મૂળમાં ચાર પ્રકારની છે– (૧) વાતજન્ય–વાયુ વિકારથી ઉત્પન્ન (૨) પિત્તજન્ય–પિત્ત વિકારથી ઉત્પન્ન (૩) કફજન્ય–કફના વિકારથી ઉત્પન્ન (૪) સન્નિપાતિક ભેદ–ત્રણેયના વિકારથી ઉત્પન્ન. અર્થાત્ વાત-પિત્ત, વાત-કફ, પિત્ત-કફ અને વાત-પિત્ત-કફ એમ ચારે ય વિકલ્પથી ઉત્પન્ન.

ચિકિત્સા–ઉપચારની સફળતાના ચાર અંગ છે– **(૧) કુશળ વૈદ્ય–** તેના ચાર ગુણ છે– ૧. ચતુરાઈથી કાર્ય કરનાર, ૨. આયુર્વેદ શાસ્ત્રોના પારગામી ૩. નિદાન કરવામાં અનુભવી ૪. પવિત્ર–શરીરથી પવિત્ર અર્થાત્ સ્વચ્છ શરીર, વસ્ત્રાદિવાળા તેમજ વિચારોથી પવિત્ર અર્થાત્ રોગી પ્રત્યે અનુકંપા-ભાવવાળા તેમજ સ્વાર્થ કે દ્વેષ રહિત. **(૨) ઔષધ–**યોગ્ય ગુણસંપન્ન, સુવિધિથી નિષ્પન્ન, દોષ(ગંદકી)રહિત, યોગ્ય માત્રામાં સેવન. **(૩) રોગી–** તેના ચાર ગુણ છે– ૧. ઉપચાર કરાવવા યોગ્ય સંપત્તિથી સંપન્ન, ૨. વૈદ્ય પર વિશ્વાસ કરનાર, ૩. રોગ સંબંધી હકીકત સ્પષ્ટ કરનાર, વૈદ્ય પાસે સત્ય વાત કહેનાર, ૪. યોગ્ય ધૈર્ય રાખનાર, સ્થિરતાથી ઉપચાર કરાવનાર. **(૪) યોગ્ય સેવા–પરિચર્યા કરનાર–** ૧. રોગી પ્રત્યે હિતૈષી, ૨. પોતાના અને રોગીના વસ્ત્ર, શય્યા, શરીરને સ્વચ્છ રાખનાર, ૩. સેવા કરવામાં ચતુર, ૪. રોગીના ચિત્તની આરાધના કરવામાં, તેને પ્રસન્ન રાખવામાં બુદ્ધિશાળી.

**ચિકિત્સકની પ્રથમ ચૌભંગી–** (૧) કોઈ વ્યક્તિ પોતાના કોઈપણ રોગની ચિકિત્સા કરી શકે છે. (૨) કોઈ માત્ર બીજાને દવા બતાવી શકે છે, પોતાના માટે ગભરાઈ જાય છે, કંઈ કરી શકતા નથી. (૩) કોઈ સાવધાનીપૂર્વક સ્વ-પર બંનેની ચિકિત્સા કરી શકે છે. (૪) કોઈ રોગગ્રસ્ત કે અતિ વૃદ્ધ થઈ જવાથી નિવૃત્ત ચિકિત્સક હોય છે તે સ્વ-પર કોઈની ચિકિત્સા કરી શકતા નથી.

**બીજી ચૌભંગી–** (૧) કોઈ માત્ર શલ્ય ચિકિત્સા કરનાર ડોક્ટર હોય છે. (૨) કોઈ માત્ર ઈજાવાળા ભાગ પર ડ્રેસિંગ કરનાર કમ્પાઉન્ડર હોય છે. (૩) કોઈ બંને કામ સ્વયં કરે છે. (૪) કોઈ માત્ર સૂચના આપે છે, કરનારા આસિસ્ટંટ અલગ હોય છે. **ત્રીજી ચૌભંગી–** શલ્ય ચિકિત્સા અને તેની મલમપટ્ટી બાંધવા સંબંધી છે. **ચોથી ચૌભંગી–** શલ્ય ચિકિત્સા અને ઘા રૂઝાવા સુધીની પ્રક્રિયા સંબંધી છે. તાત્પર્ય એ છે કે અલગ-અલગ કાર્ય કરનાર અલગ-અલગ વ્યક્તિ હોય છે અને ક્યાંક થોડું કામ હોવાથી બધું કાર્ય એક જ વ્યક્તિ કરી લે છે. ઘા-ગુમડા પણ કોઈ ચામડીની બહાર પીડા કરનારા અને કોઈ ચામડીની અંદર પીડાકારી હોય છે, તેના ૪ ભાંગા. કોઈમાં અંદર સડો હોય છે તો કોઈમાં બહાર, તેના પણ ૪ ભાંગા.





**આચારાંગ** સૂત્રમાં પણ સચિત્ત અચિત્ત જડીબુટ્ટીઓ સંબંધી ઔષધ ઉપચારનું વર્ણન છે. ત્યાં શુદ્ધ-અશુદ્ધ મંત્રબળથી પણ ઉપચારની ચર્ચા કરવામાં આવી છે.

**વ્યવહારસૂત્ર**માં સર્પ કરડવા પર, જોણ-ઝપટ કરાવવાનો એટલે કે વિષ ઉતારવાના મંત્ર દ્વારા ઉપચાર કરાવવાનો સંકેત કરેલ છે. તેમ કરવું સ્થવિરકલ્પી–સામાન્ય સાધુઓને કલ્પે છે. જિનકલ્પી–પડિમાધારી ભિક્ષુને તેવું કરાવવું નિષિદ્ધ છે. ત્યાં એ પણ સ્પષ્ટ કરેલ છે કે સ્થવિરકલ્પી સાધુને સર્પદંશના તે મંત્ર ઉપચાર કરાવવાનું કોઈપણ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

**બૃહત્કલ્પસૂત્ર**માં રોગ ઉપશાંતિ માટે સ્વમૂત્ર ચિકિત્સા રૂપે પીવા અને માલિશ કરવાનું તથા તાત્કાલિક જરૂરી હોય તો સાધુ-સાધ્વીએ પરસ્પર સ્વમૂત્ર લેવા-દેવાનું પણ કથન છે. જેના પીવા કે લગાવવાના બંને ઉપયોગ કહેલ છે.

**નિશીથસૂત્ર**માં રસોડામાં જામેલા **ધુમાડાથી** પણ ઔષધ ઉપચાર કરવાનો નિર્દેશ છે તથા એ જ શાસ્ત્રમાં ગોબર–છાણ સંબંધી ચિકિત્સાની ચર્ચા પણ છે.

વિશિષ્ટ રોગાતંકમાં ઉપવાસ ચિકિત્સા પણ ઉત્તરાધ્યયન આદિ સૂત્રોમાંથી મળે છે. અનેક અસાધ્ય રોગમાં ઉપવાસ રામબાણ ઔષધ છે. પરંતુ તેમાં પૂર્ણ ધૈર્ય યુક્ત, પુષ્ટ સંસ્કારિત માનસ હોવું અત્યંત આવશ્યક છે. ઉપવાસ ચિકિત્સામાં ઉપવાસની સંખ્યા ૨૧–૩૧–૪૧ સુધી જવાથી આયુષ્ય વધારે હોય તો ગમે તેવી અસાધ્ય બીમારી પણ જડમૂળથી દૂર થઈ જાય છે. નાના-મોટા રોગ પ્રાયઃ ખાવા-પીવાની અશુદ્ધિથી કે વિમાત્રાથી થાય છે. તે તો એક, બે કે ત્રણ ઉપવાસથી પણ મટી જાય છે. આ ઉપવાસ ચિકિત્સામાં ગરમ પાણી સિવાય બધા ખાવા-પીવાના પદાર્થોનો ત્યાગ આવશ્યક હોય છે. ક્યારેક શરીરમાં નબળાઈ, શ્રમનો થાક વગેરે હોય ત્યારે ઉપવાસ ચિકિત્સાનો નિષેધ છે. પેટની ખરાબી કે તાવના ઉપચારમાં પણ ઉપચાર રૂપે એક, બે કે ત્રણ ઉપવાસ પર્યાપ્ત છે અર્થાત્ તેથી રોગમુક્ત થઈ જવાય છે.

આ બધા પ્રકારના રોગોની ઉપવાસ ચિકિત્સામાં ઉપવાસના પારણે ખાવા-પીવાનો વિવેક રાખવો જરૂરી છે. જેટલા ઉપવાસ કર્યા હોય તેટલા દિવસ અતિ તીખું, અતિ ખારું, અતિ મીઠું, અતિ ગરિષ્ટ, અતિ લુખું ન ખાવું જોઈએ. ભૂખ કરતાં ઓછું અને દરેક વસ્તુ એક વખતમાં અલ્પમાત્રામાં લેવી જોઈએ. ઔષધ ભેષજની પણ પરેજી રાખવી જોઈએ. થોડું ઘણું કષ્ટ આવે

તોપણ ધૈર્યથી અને અલ્પાહારથી તેને પાર કરવું જોઈએ. આ પ્રમાણે ધ્યાન રાખવાથી તપસ્યા યુક્ત ચિકિત્સા પારણામાં પણ સફળ–સુખદાયી બને છે. આ સ્થાનાંગ સૂત્રના નવમા સ્થાનમાં રોગોત્પત્તિના ૯ કારણ પણ કહેલ છે, જીવનમાં તે બાબતો ધ્યાન રાખવામાં આવે તો રોગોત્પત્તિથી બચી શકાય છે.

**પ્રશ્ન–૪ : આસુરી, આભિયોગિક, કિલ્વિષિક આદિ ભાવનાઓના વિષયમાં અહીં શું નિરૂપણ કર્યું છે ?**

**ઉત્તર–** ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ મા અધ્યયનમાં આસુરી આદિ ભાવનાઓના વિષયમાં પદ્યાત્મક વર્ણન છે. અહીં તેનું જ ભેદાત્મક કથન છે. અહીં એ કહેલ છે કે સંયમનો ધ્વંશ(દેશ વિનાશ) કરનારી ચાર ભાવનાઓ છે, તે ચાર-ચાર પ્રકારે હોય છે.

**(૧) આસુરી ભાવનાના ચાર પ્રકાર–** ક્રોધશીલતા, કલહશીલતા, લૌકિક આશંસાયુક્ત તપસ્યા, નિમિત્ત બતાવી આજીવિકા કરવાથી જીવ અસુરત્વ કર્મનું ઉપાર્જન કરીને અસુર દેવોમાં કે નરકમાં જાય છે. **(૨) આભિયોગિકી ભાવનાના ચાર પ્રકાર–** સ્વઉત્કર્ષ–સ્વપ્રશંસા, પરનિંદા, ભૂતિકર્મ–રક્ષા-પોટલી વગેરે કૃત્ય, કૌતુક કર્મ–અભિમંત્રિત પાણીથી સ્નાન આદિ કૃત્ય. **(૩) સંમોહી ભાવના–** ઉન્માર્ગ દેશના, મુક્તિમાર્ગમાં અંતરાય, કામભોગોની આકાંક્ષા અને નિદાન કરવું, તેના દ્વારા જીવ મોહકર્મથી ભારે બને છે. **(૪) કિલ્વિષિક ભાવના–** અરિહંતોના અને તેમના ધર્મના અવર્ણવાદ બોલે; આચાર્ય-ઉપાધ્યાય-ગુઢના અવર્ણવાદ કરે; સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલે, નિંદા કરે. આ રીતે ચાર-ચાર પ્રકારની ચારેય ભાવના સંબંધી આચરણ કરવાથી તે તે ભાવનાઓને પુષ્ટ કરીને સાધક વધારેને વધારે સંયમનો વિનાશ(દેશ વિનાશ) કરનારા થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં પાંચમી કાંદર્પિક ભાવના વિશેષ છે. અહીં ૪ સંખ્યાનું પ્રકરણ હોવાથી એક ઓછી કહી છે તથા કાંદર્પિક વૃત્તિથી સંયમનો વિનાશ પણ ન્યૂનતમ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં મોહી ભાવનામાં બાલમરણ–આપઘાત અને લોકનિંદ્ય દોષ, કુશીલ વગેરેનું કથન છે. બાકીની ત્રણ ભાવનાઓનું વર્ણન બંને સ્થળે સમાન છે. વર્ણન ક્રમ પણ બંને સૂત્રોમાં અલગ-અલગ છે. તે પણ નગણ્ય છે, કારણ કે આ ભાવનાઓ કોઈ વિશેષ ક્રમવાળી છે પણ નહીં.

**પ્રશ્ન–૫ : અહીં પ્રવ્રજ્યાના સંબંધમાં શું નિરૂપણ કરેલ છે ?**

**ઉત્તર–** સ્થાન–૩, ઉદ્દેશક–૨ ના સૂત્ર ૧૦ થી ૧૩ સુધીના ચાર સૂત્રોમાં ત્રણ-ત્રણ કરીને ૧૨ પ્રકારની પ્રવ્રજ્યા કહેલ છે. અહીં એ જ ત્રણ-ત્રણમાં





એક ઉમેરીને ચાર-ચાર સંખ્યામાં ૧૬ પ્રકારે પ્રવ્રજ્યા લેવાનું કથન કરેલ છે. (૧-૨) પહેલી, બીજી ચૌભંગીમાં અપ્રતિબદ્ધ પ્રવ્રજ્યા અંતિમ ચોથી કહેલ છે. (૩) ત્રીજી ચૌભંગીમાં અસહાય એકાકી થવાથી લેવાતી દીક્ષા અને (૪) ચોથી ચૌભંગીમાં પ્રલોભનથી લેવાતી દીક્ષા અંતિમ ચોથી કહેલ છે. આ પ્રમાણે પૂર્વોક્ત ૧૨ માં ઉપરોક્ત ૪ ઉમેરવાથી ૧૬ પ્રકારે લેવાતી દીક્ષાનું કથન અહીં સૂત્ર–૬૧ થી ૬૪માં છે.

સૂત્ર–૬૫ માં દીક્ષા લીધા પછીની આચારપ્રવૃત્તિ સંબંધી ૪ પ્રકારની દીક્ષા કહેલ છે– (૧) નટવૃત્તિથી કે પ્રવચન આદિથી પ્રસન્ન કરીને ભિક્ષા પ્રાપ્ત કરનારની પ્રવ્રજ્યા. (૨) બલસામર્થ્ય અને પોતાની પ્રતિષ્ઠા દર્શાવીને ભિક્ષા પ્રાપ્ત કરનારની પ્રવ્રજ્યા. (૩) સિંહવૃત્તિથી બલપૂર્વક ભયભીત કરી રૂઆબ જમાવીને ભિક્ષા લેનારની પ્રવ્રજ્યા. (૪) શિયાળની જેમ દીનતા કરીને રાંક ભિખારીની જેમ ભિક્ષા પ્રાપ્ત કરનારની પ્રવ્રજ્યા. સંયમમાં આ ચારે ય અપ્રશસ્ત, ત્યાજ્યવૃત્તિ, નિંદ્ય પ્રવૃત્તિ છે. બીજી અપેક્ષાએ સિંહસમાન અદીન વૃત્તિથી સંયમ નિયમો પ્રમાણે સહજ પ્રાપ્ત ભિક્ષા ગ્રહણ કરનારની પ્રવ્રજ્યા. એવા અર્થની અપેક્ષાએ તે પ્રશસ્ત પ્રવ્રજ્યા છે.

સૂત્ર–૬૬ માં ખેતીની ઉપમાથી પ્રવ્રજ્યાના પ્રકાર અને સ્વરૂપનું કથન છે– **(૧) વાવિત** પ્રવ્રજ્યા–એકવાર વાવેલા ઘઉં સમાન સામાયિક ચારિત્ર **(૨) પરિવાવિતા** પ્રવ્રજ્યા–એકવાર ઉગેલાને કાઢી ફરી વાવવામાં આવતા ચોખા આદિની જેમ છેદોપસ્થાપનીય ચારિત્ર **(૩) નિંદિતા** પ્રવ્રજ્યા–મુખ્ય ધાન્યની આસપાસના ઘાસને ઉખેડવા સમાન લાગેલા દોષોની શુદ્ધિરૂપ લેવાતી છેદ પ્રાયશ્ચિત્તવાળી દીક્ષા **(૪) પરિનિંદિતા** પ્રવ્રજ્યા– વારંવાર ઘાસ કાઢવા સમાન પુનઃ પુનઃ લેવાતા છેદ પ્રાયશ્ચિત્ત અથવા સંલેખના-સંથારાના સમયે લેવાતું છેદોપસ્થાપનીય ચારિત્ર.

સૂત્ર–૬૭ માં કાપેલા ધાન્યની ઉપમાએ દોષ તેમજ શુદ્ધિની અપેક્ષા ચાર પ્રકારની દીક્ષા કહેલ છે– (૧) કાપીને રાખેલા પૂળાની જેમ અતિચાર દોષ રૂપ કચરો વધારે અને તેની અપેક્ષા સંયમ સાર રૂપ ધાન્ય અલ્પવાળી નિઃસ્સાર પ્રવ્રજ્યા. (૨) બળદો ચાલ્યા પછી મોટો કચરો કાઢી નાંખ્યો હોય પણ ઉપણ્યા વગરના ધાન્ય જેવા સંયમ સારની સાથે અતિચાર મૂળ-ઉત્તરગુણ દોષ યુક્ત દોષ બહુલ પ્રવ્રજ્યા. (૩) ઉપણીને સાફ કરેલા વિખરાયેલા ધાન્ય સમાન અતિચારોની શુદ્ધિ યુક્ત, તેમ છતાં પુનઃ પુનઃ દોષ લાગવાની શક્યતા-વાળી પ્રવ્રજ્યા. (૪) પૂર્ણ સાફ કરેલા ધાન્યના ઢગલા જેવા પરિપૂર્ણ નિરતિચાર

પાલન કરાતી પ્રવ્રજ્યા. આ ચારેયમાં પુંજિત ધાન્ય રૂપ પ્રવ્રજ્યા શ્રેષ્ઠ છે.

આ રીતે ત્રીજા સ્થાન અને ચોથા સ્થાનમાં અનેક પ્રકારની પ્રવ્રજ્યાના સ્વરૂપને સ્પષ્ટ કરેલ છે. આ બધા જ્ઞેય વિકલ્પોમાંથી સાધક હિતાવહ ઉપાદેય વિકલ્પવાળી પ્રવ્રજ્યાના ધારક બનીને સંયમની શુદ્ધ આરાધના કરે એ જ ઉદ્દેશ્ય શાસ્ત્રકારનો આ વર્ણનની સાથે રહેલો છે એમ સમજવું જોઇએ.

**પ્રશ્ન–૬ : ઉપસર્ગ કેટલા પ્રકારે હોઈ શકે છે ?**

**ઉત્તર–** દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ત્રણ પ્રકારે ઉપસર્ગ આવી શકે છે. અહીં ચારની સંખ્યાનું પ્રકરણ હોવાથી પોતાના દ્વારા કે સ્વતઃ આવનારા કષ્ટને ગણવામાં આવેલ છે. એમ ચાર પ્રકારના ઉપસર્ગોના પુનઃ ૪–૪ પ્રકાર (કારણ) પણ દર્શાવેલ છે. **(૧) દેવ સંબંધી ઉપસર્ગ–** ૧. કુતૂહલ–હાસ્ય વિનોદથી, ૨. દ્વેષ–પહેલાંના વેરને કારણે, ૩. પરીક્ષા–ધર્મથી વિચલિત કરવા, ૪. અન્ય કોઈના અનુગ્રહને માટે વગેરેથી દેવો કષ્ટ-ઉપસર્ગ ઉત્પન્ન કરે છે. **(૨) તિર્યંચ સંબંધી ઉપસર્ગ–**પશુ-પક્ષીઓ દ્વારા ઉત્પન્ન થનારા ઉપસર્ગના ૪ કારણ– ૧. ભયભીત થઈને પોતાની સુરક્ષા માટે ૨. પોતાના બચ્ચાની સુરક્ષાના ઉદ્દેશ્યથી ૩. ક્રોધિત થઈને કે દ્વેષથી ૪. ક્ષુધાતુર થઈને પોતાની આહાર પ્રાપ્તિની અભિલાષાથી તિર્યંચ, મનુષ્યોને કે અન્ય પશુ-પક્ષીઓને ઉપસર્ગ કરી શકે છે. **(૩) મનુષ્ય સંબંધી ઉપસર્ગ–**મનુષ્યથી ઉત્પન્ન થનારા કષ્ટ-ઉપસર્ગના ૪ કારણ– ૧. હાસ્ય-વિનોદ, કુતૂહલથી, ૨. ક્રોધાવેશમાં દ્વેષથી, ૩. શંકા નિવારણ હેતુ કે પરીક્ષા માટે, ૪. કુશીલ સેવન–પરસ્ત્રી લંપટપણાથી મનુષ્ય અન્યને કષ્ટ પ્રહાર આદિ કરી શકે છે. **(૪) આત્મ સમુત્થ ઉપસર્ગ–** સ્વતઃ આવનારા કષ્ટોના ૪ પ્રકાર– ૧. ભટકાવાથી ૨. પડી જવાથી ૩. પક્ષઘાત-લકવા આદિથી ૪. સંધિવાતથી–સાંધા જકડાઈ જવાથી. આકસ્મિક ભૂકંપથી, આગ લાગવાથી, વિજળી પડવાથી, દિવાલ-છત પડવાથી. આ બધા ઉપસર્ગ આત્માને વિચલિત ચલ-વિચલ કરનારા છે; આવા ઉપસર્ગો આવે ત્યારે જે ધૈર્યથી પોતાના લક્ષ્યમાં અડોલ, સ્થિર રહે છે તે પરીષહ-ઉપસર્ગ વિજેતા ગણાય છે. આ બધા ઉપસર્ગોની ઉત્પત્તિ ક્યારેક પોતાની કોઈ નાની એવી ભૂલથી અથવા ક્યારેક ભૂલ વગર અશુભ કર્મોદયથી પણ થઈ જાય છે.

**પ્રશ્ન–૭ : શુભકર્મ દુઃખદાયી અને અશુભ કર્મ સુખદાયી કેવી રીતે હોય છે ?**

**ઉત્તર–** શુભ કર્મોદયના નશામાં જીવ વિવિધ પાપાચરણ કરીને તેના પરિણામ સ્વરૂપ દુઃખોની પ્રાપ્તિ કરે છે તો તે અપેક્ષાએ શુભકર્મ દુઃખોની પરંપરાને વધારનાર હોવાથી પરિણામે દુઃખકારક બને છે. તે જ રીતે અશુભ કર્મોના





ઉદયમાં તે નિમિત્તે જીવ બોધ પ્રાપ્ત કરી પુણ્યકર્મ કે ધર્માચરણ કરીને, દુઃખ પરંપરાનો વિનાશ કરીને સુખો પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે વિભિન્ન અપેક્ષાએ અનેક વિકલ્પ કર્મોના બને છે, જેમ કે– (૧) કોઈ શુભ કર્મના ઉદયમાં શુભ બંધ કરે (૨) શુભ કર્મના ઉદયમાં કોઈ અશુભ કર્મબંધ કરે (૩) અશુભ કર્મના ઉદયમાં કોઈ શુભ કર્મોનો બંધ કરે અને (૪) અશુભ કર્મના ઉદયમાં કોઈ અશુભ કર્મબંધ કરે.

(૧) કોઈ શુભકર્મ તત્કાળ સુખદાયી હોય છે. જેમ કે– શાતા વેદનીય. (૨) કોઈ શુભ કર્મ તત્કાળ દુઃખદાયક હોય છે. જેમ કે– ઘ્રાણેન્દ્રિયના સુંદર ક્ષયોપશમવાળાને ક્યાંયથી દુર્ગંધ આવતાં જ તત્કાળ દુઃખાનુભવ થાય છે. (૩) અશુભના ઉદયે તત્કાળ સુખ થાય છે. જેમ કે– પાપ પ્રકૃતિ રૂપ નિદ્રાના ઉદયે ઉંઘ આવતાં સુખશાંતિ મળે છે. (૪) અશુભના ઉદયે તત્કાળ દુઃખ થાય છે, જેમ કે અશાતા વેદનીય કર્મ.

અહીંના આ વર્ણનથી જ પુણ્યાનુબંધી પુણ્ય, પુણ્યાનુબંધી પાપ, પાપાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પાપ; આ ચાર વિકલ્પોની નિષ્પત્તિ થાય છે. જેમ કે કોઈ જીવ પુણ્યોદયથી મહારંભી મહાપરિગ્રહી થાય છે તેમ છતાં તે જ અવસ્થામાં લીન રહેવાથી તે નરકગતિનો મહેમાન બને છે. તો તેના તે પુણ્ય પણ પાપાનુબંધી પુણ્ય કહેવાય છે. આ પ્રમાણે અન્ય વિકલ્પ પણ સમજવા.

**પ્રશ્ન–૮ : જીવ નરક આદિ ચારે ય ગતિનો આયુષ્યબંધ કેવા-કેવા પ્રકારના આચરણોથી કરે છે ?**

**ઉત્તર–** પ્રત્યેક ગતિનું આયુષ્ય બાંધવામાં જીવના ચાર-ચાર પ્રકારના આચરણ કારણભૂત બને છે અર્થાત્ ચાર-ચાર કારણે એક-એક ગતિનું આયુષ્ય બંધાય છે. **(૧) નરકનું આયુષ્ય** બાંધવાના ચાર કારણ–૧. મહાઆરંભના કાર્યોથી ૨. મહાપરિગ્રહ વૃત્તિથી ૩. માંસાહાર કરવાથી ૪. પંચેન્દ્રિય જીવને મારવાથી. આવી પ્રવૃત્તિઓના તીવ્ર પરિણામોમાં જો આયુષ્ય બંધાય તો જીવ નરકનું આયુષ્ય બાંધે છે. આ પ્રમાણે ચારે ય ગતિના આયુબંધમાં સમજવું. **(૨) તિર્યંચનું આયુષ્ય** બાંધવાના ચાર કારણ–૧. માયાચાર–કપટવૃત્તિથી ૨. અતિ માયા–ધૂર્તતા, ઠગવૃત્તિથી ૩. અસત્ય ભાષણથી–વારંવાર જૂઠ બોલવાથી ૪. ખોટા તોલ-ખોટા માપ કે ધોખાબાજી, વિશ્વાસઘાત કરવાથી. **(૩) મનુષ્યનું આયુષ્ય** બાંધવાના ચાર કારણ–૧. ભદ્ર પ્રકૃતિ વડે જીવન જીવવાથી ૨. વિનીતતા–નમ્રતા, લઘુતાની સહજ પ્રકૃતિથી ૩. અનુકંપાયુક્ત માનસ–

દુઃખી જીવને જોઈને તેના પ્રત્યે સહજ અનુકંપાભાવ રહેવાથી અને શક્તિ અનુસાર તેની તન, મન, ધન કોઈ પણ રીતે સેવા કરવાથી. ૪. ગુણવાન અને સુખસંપન્ન જીવો પ્રત્યે ઈર્ષા, મત્સરભાવ ન રાખતાં આવા પુણ્યવાન જીવો પ્રત્યે સહજ અહોભાવ આનંદભાવ રાખવાથી. એવી વ્યવહાર પ્રકૃતિવાળા જીવ એવા જ પરિણામોમાં આયુષ્ય બંધ કરે તો મનુષ્યનું આયુષ્ય બાંધે. **(૪) દેવનું આયુષ્ય** બાંધવાના ચાર કારણ–૧. સરાગ સંયમ– ગુણસ્થાન ૬ થી ૧૦ સુધીના શ્રમણ પર્યાયથી ૨. પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક જીવનથી. ૩. અજ્ઞાનની સાથે વિવિધ તપ-ત્યાગ કરવાથી ૪. પરવશપણે કષ્ટ ભોગવવાથી અર્થાત્ ભૂખ-તરસ સહન કરવાથી અને પરવશે બ્રહ્મચર્ય પાળવાથી. આ ચાર અવસ્થાઓમાં પરિણામ શુભ હોય તો દેવનું આયુષ્ય બંધાય છે.

આખી જિંદગીમાં આયુષ્યનો બંધ એક જ વખત થાય છે. જીવની પ્રવૃત્તિઓ, પરિણતીઓ જીવનમાં અનેક રીતે બદલતી રહે છે. સંયોગવશ, ભવિતવ્યતાવશ કોઈ પણ પ્રવૃત્તિના પરિણામોના સમયે આયુષ્ય બંધાઈ શકે છે. જેમ કે– ગોશાલકે સાધુઓને બાળી નાંખવાના સમયે આયુબંધ ન કર્યો હતો પરંતુ અન્ય તપ કે શુભ પરિણામોના સમયે આયુષ્યબંધ કર્યો હતો. તેથી મુનિ ઘાતક હોવા છતાં પણ સ્વર્ગનું આયુષ્ય બાંધ્યુ. પરદેશી રાજાએ સંપૂર્ણ જીવનની મહાપાપમય પ્રવૃત્તિઓના સમયે આયુષ્ય બાંધ્યુ ન હતું પરંતુ અલ્પ ધર્માચરણના સમયે દેવાયુષ્યનો બંધ કર્યો હતો. જ્ઞાતાસૂત્ર વર્ણિત કંડરીક મુનિએ હજાર વર્ષ સંયમ પાલન કર્યુ અને અંતમાં ત્રણ દિવસને માટે સંયમ છોડીને રાજા બન્યા અને તે દરમિયાન સાતમી નરકનું આયુષ્ય બાંધી લીધું.

આયુષ્ય બંધની આ પ્રમાણેની સ્થિતિને જાણીને સાધકોએ જીવનમાં સદા-સર્વદા સાવધાન રહીને ધર્માચરણોની આરાધનામાં તલ્લીન રહેવું જોઈએ. નહીંતર ક્યારેક ક્ષણિક દુષ્પરિણામોમાં અશુભ આયુબંધ થઈ શકે છે. જેમ કે ક્ષણિક ક્રોધમાં આચાર્ય મરીને દષ્ટિવિષ ચંડકૌશિક સર્પ બની ગયા હતા. તેઓની વર્ષોનો સંયમ અને આચાર્યપદની સાધના વિનષ્ટ થઈ ગઈ હતી.

### પ્રશ્ન–૯ : ધર્મના દ્વાર કેટલા કહ્યા છે અને તેનું તાત્પર્ય શું છે ?

**ઉત્તર–** આત્મામાં ધર્મનો પ્રારંભ કે ધર્મમાં પ્રવેશ જે માધ્યમથી થાય છે તેને દ્વાર કહેવાય છે. વ્યવહારમાં ધર્મનો પ્રારંભ ગુરુદર્શન, પર્યુપાસના, ઉપદેશ-શ્રવણ, વ્રત-પ્રત્યાખ્યાન ગ્રહણ કરવાથી થાય છે. પરંતુ અહીં સૂત્રમાં ક્ષમા આદિ ગુણો દ્વારા ધર્મપ્રવેશ થવાથી તે ગુણોને ધર્મદ્વાર રૂપે કહ્યા છે. ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન–૩માં સરળતા ગુણથી આત્મશુદ્ધિ થવાનું કહેલ છે અને તે





શુદ્ધ બનેલા આત્મામાં ધર્મ ટકે છે તેમ કહેલ છે. અહીં ધર્મના ૪ દ્વાર આ પ્રમાણે કહ્યા છે– ક્ષમા, સરળતા, નિર્લોભતા અને નમ્રતા. વાસ્તવમાં આ ગુણો હોય તો જ ધર્મપ્રવેશ રૂપ સમ્યક્ત્વ અવસ્થા અર્થાત્ ચોથું ગુણસ્થાન રહી શકે છે, યથા– (૧) જો કોઈ **ક્ષમાભાવ**ના અભાવમાં વેર વિરોધ વૃત્તિની વૃદ્ધિ કરે તો અનંતાનુબંધી કષાયનો ઉદય થવાથી જે ધર્મનું પ્રારંભ સ્થાન કે દ્વાર રૂપ ચોથું ગુણસ્થાન છે તે જ નષ્ટ થઈ જાય છે અને જીવ પ્રથમ ગુણસ્થાને ચાલ્યો જાય છે. (૨) **સરળતા**ના અભાવમાં વ્યક્તિ કપટ–માયાચારની વૃદ્ધિ કરે છે. તો માયાની અધિકતાથી પણ તે જીવ સમ્યક્ત્વનો નાશ કરી મિથ્યાત્વને પ્રાપ્ત કરે છે. જેમ કે– મલ્લિનાથ ભગવાનના જીવે પૂર્વભવમાં ઉત્કૃષ્ટ સંયમ-તપથી અનુત્તરવિમાન પ્રાપ્ત કર્યું, પરંતુ સંયમ-તપમાં પણ વારંવાર માયાચરણ કરવાથી મિથ્યાત્વ ગુણસ્થાને પહોંચીને સ્ત્રીવેદનો બંધ કર્યો હતો. (૩) **નિર્લોભતા** ગુણની જગ્યાએ લોભ-પરિગ્રહવૃત્તિ વધારે હોય તો તે મહા-પરિગ્રહી જીવ નરકાયુ બાંધે છે. તેના માટે પણ ધર્મના ચોથા ગુણસ્થાન રૂપ દ્વારમાંથી તે જીવ બહાર નીકળીને મિથ્યાત્વમાં જાય છે, ત્યારે જ નરકાયુનો બંધ કરે છે. (૪) **નમ્રતા** રૂપ વિનય ગુણને દશવૈકાલિક સૂત્રમાં ધર્મનું મૂળ કહેલ છે. જેમ મૂળ ન રહે તો વૃક્ષ ન રહી શકે તેમજ આત્મામાં વિનયગુણનો નાશ થતાં બધા ગુણો ધીરે-ધીરે વિલુપ્ત થઈ જાય છે. આ કારણે અહીં એ ચાર ગુણોને ધર્મદ્વાર કહેલ છે, જે સહજ સમજી શકાય તેમ છે.

**ધર્મપ્રજ્ઞપ્તિ ગ્રંથમાં–** દાન, શીલ, તપ અને ભાવના એ ચારેયને ધર્મદ્વાર કહેલ છે પરંતુ આ ચોથા સ્થાનમાં તેનું કથન નથી. વાસ્તવમાં તે ધર્મના પ્રવેશ દ્વાર નહીં પણ શ્રેષ્ઠ ધર્માચરણ રૂપ મોક્ષ દ્વાર છે તેમ સમજવું જોઈએ. કારણ કે અભયદાન-સુપાત્રદાન, બ્રહ્મચર્ય–સ્વદાર સંતોષ, આભ્યંતર-બાહ્યતપ અને ૧૨ ભાવનાઓ એ દરેક મોક્ષસાધનાની આરાધના કરાવનાર છે માટે તે મોક્ષના દ્વાર કહી શકાય છે. ઉપરોક્ત સૂત્રમાં કહેલા સરળતા આદિ ગુણધર્મ ટકવાની ભૂમિકા રૂપ છે તેથી તેને ધર્મના દ્વાર કહેવા ઉચિત છે.

### પ્રશ્ન–૧૦ : આ શાસ્ત્રમાં સાંસ્કૃતિક વિષય વર્ણન કેવી રીતે છે અને તે વર્ણનનો ઉદ્દેશ્ય શું છે ?

**ઉત્તર–** અન્ય શાસ્ત્ર ભગવતી સૂત્ર, રાજપ્રશ્નીય સૂત્ર આદિમાં દેવો દ્વારા વિવિધ પ્રકારના નાટક–નૃત્ય આદિ કરવાનું અને શ્રમણ નિર્ગ્રંથોને દેખાડવાનું વર્ણન છે. પ્રસ્તુત શાસ્ત્રમાં ચારની સંખ્યામાં સમાવિષ્ટ થતાં વાદ્ય, નૃત્ય, ગેય, નાટક, માળા, અલંકાર તથા કાવ્યના ચાર-ચાર ભેદ કહેલ છે. જેમ કે–

**(૧) વાદ્યના ૪ પ્રકાર–** તત–તારવાળા, વિતત–ચર્માવનદ્ધ, ઘન–કાંસા આદિ ધાતુ નિર્મિત અને ઝુષિર–પોલાણવાળા. **(૨) નૃત્યના ૪ પ્રકાર–** ૧. અટકી-અટકીને મંદ મંદ નૃત્ય કરવું, ૨. સંગીત સાથે નૃત્ય કરવું, ૩. પોતે ગાતા ગાતા નૃત્ય કરવું, ૪. વિવિધ ચેષ્ટાઓ પ્રદર્શિત કરીને નૃત્ય કરવું. **(૩) સંગીતના ૪ પ્રકાર–** ૧. પ્રારંભમાં મધુર ગાવું પછી ઊંચા અવાજે ગાવું. ૨. પદ્ય–છંદ વગેરે ઉત્તમ સ્વરે ગાવું અને વચ્ચે ઊંચા સ્વરે ગાવું. ૩. મંદ મંદ સ્વરે ગાવું કે ગીતનો સ્વર નીચે નીચે લઈ જવો. ૪. ધીમા ધીમા સ્વરે ગીતને પૂર્ણ કરવું અર્થાત્ અંતમાં મંદ મંદતમ સ્વરે પૂર્ણ કરવું. **(૪) નાટકના ૪ પ્રકાર–** ૧. કોઈ નાની-મોટી ઘટનાનો અભિનય કરવો. ૨. રામાયણ, મહાભારત આદિનું નાટક કરવું. ૩. રાજા, મંત્રી આદિનો અભિનય કરવો. ૪. દેશકાળ અનુરૂપ વેશભૂષાનું પ્રદર્શન કરવું અથવા માનવ જીવનની વિભિન્ન અવસ્થાઓનો અભિનય કરવો. **(૫) માળાના ૪ પ્રકાર–** ૧. ગૂંથીને બનેલી ૨. ચારે બાજુ લપેટીને બનેલી ૩.જડતર કરેલી ૪. ગુચ્છા લટકાવેલી. **(૬) અલંકારના ૪ પ્રકાર** ૧. વિભિન્ન વસ્ત્રોથી શરીરને સજાવવું. ૨. વાળને જુદી જુદી રીતે સજાવવા. ૩. માળાઓથી શરીર સજાવવું. ૪. સોના-ચાંદી વગેરેના આભૂષણોથી શરીરને સજાવવું. **(૭) કાવ્યના ૪ પ્રકાર–** ૧. ગદ્ય રચનાને પદ્યની લયથી બોલવું. ૨. દોહરા, શ્લોકને સુંદર સ્વરે ગાવા. ૩. કથાનકને ઢાળ-ચોપાઈ રૂપે ગાવા. ૪. ભજન, સ્તવન, રાગ-રાગિણીમાં ગાવા.

આ વર્ણનોમાંથી કોઈક તો ધર્મ પ્રભાવનામાં ઉપયોગી બની શકે છે અને કોઈક માત્ર ૪ ની સંખ્યાના પ્રકરણમાં અનુરૂપ વિષય સાથે કહેલ છે તેમ સમજવું.

**પ્રશ્ન–૧૧ : આ ઉદ્દેશકમાં ચૌભંગીઓનું વર્ણન કેવી રીતે છે ?**

**ઉત્તર–** ઉપરોક્ત પ્રશ્નોત્તરોના વિષય સિવાય કુલ ૭૯ ચૌભંગીઓ આ ઉદ્દેશકમાં છે. જેમાં ૧૫ માત્ર પુરુષોની કહેલ છે અને ૬૪ ચૌભંગીઓ ઉપમા સાથે પુરુષોની, આચાર્યની અને ભિક્ષાચરોની, માતા-પિતા તેમજ રાજાની પણ કહેલી છે. પંદર પુરુષની ચૌભંગીઓ પ્રાયઃ પુરુષોના વિકલ્પ સ્વરૂપ દર્શક છે તેમજ શ્રેષ્ઠ ભાંગા સમાન પુરુષને કે શ્રમણને યોગ્ય ગુણસંપન્ન, અનુકંપાવાન તેમજ પરિગ્રહ અને આસક્તિથી મુક્ત બનવાની પ્રેરણા છે તથા વક્તા હોવાની સાથે શુદ્ધ ગવેષણા ગુણયુક્ત હોવાની તેમજ પહેલાં અને પછી મિત્રતા નિભાવનારા બનવાની પ્રેરણા પણ ધ્વનિત થાય છે.

ઉપમાની ૬૪ ચૌભંગીઓમાં સૂત્ર–૧૩, ૧૪ માં વ્રણ જેવા પ્રપીડક





દુઃખદાયક પુરુષ ન બનવાનું, સૂત્ર–૨૩ થી ૨૭માં વાદળાની ઉપમાથી કથની અને કરણી બંનેથી ઉપકારક બનવાનું નિરૂપણ છે. અહીં વાદળા અને પુરુષની ચૌભંગીઓમાં ગર્જના, વીજળી અને વરસવા સંબંધી બધા વિકલ્પવાળા વાદળા હોવાનું કહેલ છે. તેથી એવો એકાંત નિયમ બનતો નથી કે **ગાજ્યા મેઘ વરસે નહીં.** સૂત્ર ૨૮માં મેઘ સાથે માતા-પિતાને ઉપમિત કરીને સંતાનના સંરક્ષક થવાનો અને સૂત્ર ૨૯માં મેઘ સાથે રાજાને ઉપમિત કરીને પ્રજાના પક્ષપાત રહિત પરિપૂર્ણ પાલક થવાનો સંદેશ આપેલ છે.

ચાર પ્રકારના કરંડિયાની ઉપમાએ આચાર્યને શેઠ અને રાજાના, સોના તથા રત્નના કરંડિયા સમાન બહુગુણ સંપન્ન અને સર્વગુણસંપન્ન હોવાનું કહેલ છે. વેશ્યા અને ચાંડાલની છાબડી જેવા થવાનો નિષેધ દર્શાવ્યો છે. વૃક્ષની ઉપમાથી આચાર્યને જાતિવાન, ગુણવાન અને વિશાળ ગુણસંપન્ન, યોગ્ય શિષ્ય સંપદાયુક્ત શ્રેષ્ઠ–શ્રેષ્ઠતમ બતાવ્યા છે.

મચ્છની ઉપમાએ ભિક્ષુઓને ભિક્ષા માટે સર્વત્ર યોગ્ય ક્ષેત્રમાં ભ્રમણશીલ થવાનું કહેલ છે, એમ નહીં કે માત્ર નજીક જ ગોચરી કરે કે માત્ર દૂર જ કરે. પક્ષીની ઉપમા દ્વારા ભિક્ષુને ભિક્ષા, વિહાર આદિ આવશ્યક કાર્યને માટે ભ્રમણશીલ થવાનું અને આળસુ ન બનવાનું કહેલ છે તથા સંયમના નિષ્પ્રયોજન, એટલે કે મન પડે તેમ ભ્રમણ ન કરવાનો સંકેત પણ આપેલ છે. શેષ ગોળા, ચટાઈ, ધારદાર પદાર્થ, ઉદક, ઉદધિ, તરવૈયા(તરનારા)વગેરેની ઉપમાથી પુરુષ (શ્રમણો)ને સંયમમાં શુદ્ધ, શ્રેષ્ઠ, પુરુષાર્થશીલ, દઢ મનોબળી, કર્મક્ષય કરવામાં શૂરવીર બનવાની પ્રેરણા આપેલ છે.

સૂત્ર–૮૦ થી ૮૬ સુધીમાં કુંભની, કુંભ અને ઢાંકણાની ઉપમા દ્વારા ગુણોથી પરિપૂર્ણ બનવાની, અન્યને જ્ઞાનદાતા બનવાની તથા વાણી અને હૃદય (મન) બંનેથી મધુર, સત્ય, સરળ અને પરોપકારી તથા પવિત્ર આચરણ-વાળા અમૃતકુંભ, અમૃતના ઢાંકણ સમાન બનવાની પ્રેરણા આપેલ છે. સૂત્ર–૧૩૭માં અંતિમ ચૌભંગી કષાયને આવર્તની ઉપમા આપીને બતાવેલ છે કે ખરાવર્ત સમાન ક્રોધમાં, ઉન્નતાવર્ત સમાન માનમાં, ગૂઢાવર્ત સમાન માયામાં અને આમિષાવર્ત સમાન લોભમાં પ્રવિષ્ટ વ્યક્તિની ગતિ નરકની થાય છે. ખરાવર્ત– પાણીમાં આવતા વમળ. ઉન્નતાવર્ત– આકાશમાં ઊંચે ચઢનાર વંટોળીયો. ગૂઢાવર્ત– કિનારા વિનાના ગોળ ચક્ર. આમિષાવર્ત– માંસ માટે ઉપર ઘૂમતા આમિષભક્ષી પક્ષી.

આ રીતે પ્રસ્તુત ચોથા સ્થાનમાં સેંકડો ચૌભંગીઓ અનેકાંતિક તત્ત્વોની

પુષ્ટી કરનાર તથા શ્રેષ્ઠ ગુણસંપન્ન માનવ કે શ્રેષ્ઠ સંયમ આરાધક શ્રમણ બનવાની પ્રેરણા સાથે અનેક જ્ઞેય તત્ત્વોનો બોધ કરાવનારી છે.

**પ્રશ્ન–૧૨ : આ ઉદ્દેશકમાં અન્ય પણ કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** આ ઉદ્દેશકમાં નિરૂપિત અન્ય અનેક વિષય આ પ્રમાણે છે– **(૧)** સંસારના પ્રાણી પ્રાપ્ત સુખભોગોના સંરક્ષણ અને અપ્રાપ્તની ગવેષણામાં ભટકતા રહે છે. **(૨)** નારકીનો આહાર અત્યંત ગરમ કે શીત પુદ્‌ગલોનો, તિર્યંચનો આહાર ખાવામાં મુશ્કેલ કે પચવામાં મુશ્કેલ, પરેશાનીદાયક તેમજ માંસની ઉપમાવાળો કહેલ છે. મનુષ્યનો આહાર અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ચાર પ્રકારે કહેલ છે. દેવોનો આહાર મનોજ્ઞ વર્ણાદિ યુક્ત પુદ્‌ગલોના સાર ગ્રહણ રૂપ હોય છે. તેઓ પોતાને યથાસમય ઈચ્છા થતાં પુદ્‌ગલોમાંથી સાર ખેંચી લે છે. તેમને કવલાહાર(મુખથી ખાવાનું) હોતું નથી. **(૩)** કુંપળ, પત્ર, પુષ્પ અને ફળની નિષ્પતિ એ પણ વૃક્ષની એક પ્રકારની વિકુર્વણા છે અર્થાત્ આવા નવા-નવા રૂપો વૃક્ષ પેદા કરે છે. આ તેની ઔદારિક શરીર રૂપ વિકુર્વણા છે, વૈક્રિય લબ્ધિવાળી ન સમજવી. **(૪) મેઘ–**દશહજાર વર્ષ સુધી ભૂમિમાં સરસતા રહે એવો વરસાદ કરનાર પુષ્કલ સંવર્તક મેઘ છે. એ જ પ્રમાણે પદ્યુમ્ન મેઘથી ૧૦૦૦ વર્ષ, જીમૂત મેઘથી ૧૦ વર્ષ અને જિમ્હ મેઘથી અનેક વખત વરસે ત્યારે ૧ વર્ષ ભૂમિમાં સરસતા રહે છે. **(૫)** ચારે ય જાતિના દેવ અને પાંચમા મનુષ્ય અને એ પ્રમાણે ચારેયની દેવીઓ અને મનુષ્યાણીઓ તે પાંચે ય મર્યાદાહીનતાએ કોઈપણ દેવ કે પુરુષ, કોઈપણ દેવી કે સ્ત્રીની સાથે અબ્રહ્મ સેવન કરી શકે છે. મોહકર્મના તીવ્ર ઉદયની વિડંબણાથી એવું બધું જ સંભવી શકે છે પરંતુ તેવું ક્યારેક જ બને છે. **(૬)** સ્વાભાવિક કામભોગ ૪ પ્રકારે છે– દેવોના શ્રૃંગારિક, મનુષ્યોના કારુણિક ક્ષણવિનાશી(અશુચિમય), તિર્યંચોના બીભત્સ(ઘૃણાસ્પદ), નારકીઓના અત્યંત દારુણ દુઃખદાયક. વાસ્તવમાં નારકીઓમાં મૈથુન સંયોગ છે જ નહીં, વિડંબના માત્ર કે દૈવિક દુઃખમય ઉપદ્રવિક છે. તોપણ ૪ સંખ્યાના ક્રમમાં તેનું પણ કથન સાપેક્ષ કરેલ છે. **(૭)** શ્રમણસંઘના ૪ વિભાગ કે ઘટક કહેલ છે– સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. મોક્ષ પ્રત્યે સમ્યક શ્રમની સાધના કરનારા હોવાથી એ ચારે ય જિનશાસનના પ્રમુખ ઘટક છે. એ ચારેયના કીર્તિમાન ધર્માચરણથી સંઘ એટલે ભગવાનનું શાસન શોભાયમાન રહે છે. **(૮)** વ્યક્તિઓમાં બુદ્ધિની અલ્પતા વિશાલતા વિભિન્ન પ્રકારની હોય છે. અહીં ચાર પ્રકારની ઉપમા સહિત બુદ્ધિ કહેલ છે– ઘડાના પાણી જેટલી સીમિત, ખાડાના પાણી જેટલી,





તળાવના પાણી જેટલી વિસ્તૃત અને સમુદ્રના પાણી જેટલી અપરિમિત બુદ્ધિ-વાળી વ્યક્તિ પણ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી હોય છે. જેમ કે– અભયકુમાર, બીરબલ. **(૯)** બેઈન્દ્રિયની હિંસા કરનાર વ્યક્તિ ચાર પ્રકારનો અસંયમ કરે છે– ૧-૨. સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિયના સુખનો વિયોગ અને ૩-૪. બંને ઈન્દ્રિય સંબંધી દુઃખના સંયોગ એમ ચાર પ્રકારનો અસંયમ થાય છે તથા બેઈન્દ્રિયની હિંસા નહીં કરનાર ૪ પ્રકારનો સંયમ કરે છે– ૧-૨. બંને ઈન્દ્રિય સંબંધી દુઃખ સંયોગ કરતા નથી. ૩-૪. અને સુખનો વિયોગ કરતા નથી. એ જ વિધિએ તેઈન્દ્રિય પ્રતિ ૬–૬ પ્રકારના સંયમ-અસંયમ તથા ચૌરેન્દ્રિયને માટે ૮–૮ પ્રકારના તેમજ પંચેન્દ્રિયને માટે ૧૦–૧૦ પ્રકારના સંયમ-અસંયમ સમજી લેવા. પ્રસ્તુતમાં ચાર સંખ્યા સંબંધી બેઈન્દ્રિયનું જ કથન છે. ૬–૮–૧૦ સંખ્યાવાળા તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયનું કથન આગળના સ્થાનોમાં છે. **(૧૦)** ચાર પ્રકારની પ્રકૃતિ રાખવાથી અનેક ગુણોનો વિનાશ થઈ જાય છે– ૧. ક્રોધી પ્રકૃતિથી ૨. ઈર્ષ્યાની–બદલાની પ્રકૃતિથી ૩. કૃતઘ્ની પ્રકૃતિથી અર્થાત્ ઉપકાર ન માનવાથી કે ઉપકારનો બદલો અપકાર દ્વારા દેવાથી ૪. ખોટી દુરાગ્રહની પ્રકૃતિથી. અથવા તેનો બીજો અર્થ–ક્રોધી, ઈર્ષ્યાળુ, કૃતઘ્ની અને દુરાગ્રહી વ્યક્તિ બીજાના ગુણોને જોઈ શકતા પણ નથી અને સ્વીકારી શકતા પણ નથી પરંતુ ઉપેક્ષા કરે છે. **(૧૧)** ચાર પ્રકારે અનેક ગુણોની વૃદ્ધિ થાય છે– ૧. કાર્યનો વારંવાર અભ્યાસ થવાથી. ૨. ગુરુ-વડીલની મનોભાવના અનુસાર નમ્રતાપૂર્વક પ્રવૃત્તિ કરવાથી. ૩. નિઃસ્વાર્થ વૃત્તિથી પરોપકારના કાર્ય કરવાથી અર્થાત્ સહજ રીતે અન્યને મદદરૂપ બનવાથી. ૪. ઉપકારીના ઉપકારને પૂર્ણપણે સ્મૃતિમાં રાખીને તેનાથી ઉઋણ થવાનું કે તેને કામ આવવાનું સદા લક્ષ રાખવાથી. **(૧૨)** જેવી રીતે મનુષ્યની ઉત્પત્તિ પહેલાં ગર્ભ અને ગર્ભકાળ હોય છે, તે જ રીતે (વરસાદની પહેલાં વાદળા આદિ રૂપે) પાણીનો ગર્ભ અને ગર્ભકાળ હોય છે– ઝાકળ, ધુમ્મસ, ઓસ, કરા પડવા, અતિઠંડી, અતિ ગરમી; એ પાણીના ગર્ભરૂપ છે. **હેમક** નામનો જલગર્ભ મહા માસમાં, **બાદલ સમૂહ** નામનો જલગર્ભ ફાગણ માસમાં, **શીતોષ્ણ** નામનો જલગર્ભ ચૈત્ર માસમાં અને **પંચરૂપિક** નામનો જલગર્ભ વૈશાખ માસમાં હોય છે. ગાજ, વીજ, જલ, વાયુ અને મેઘ એ પાંચેયથી યુક્ત વૃષ્ટિ કરનાર જલગર્ભને પંચરૂપિક કહેલ છે. **(૧૩)** મનુષ્યાણી ૪ પ્રકારના ગર્ભ ધારણ કરે છે– સ્ત્રી, પુરુષ, નપુંસક અને માંસપિંડ રૂપ. ચોથો પ્રકાર વાસ્તવમાં કોઈ જીવયુક્ત ગર્ભ નથી. લોકવ્યવહાર માત્રથી કે ચારની સંખ્યાની

અપેક્ષાએ તેનું ગર્ભરૂપમાં કથન થયું છે, એવું વ્યાખ્યામાં ટીકાકારે દર્શાવેલ છે. **(૧૪)** બાવીસમા તીર્થંકરની ૪૦૦ ચૌદપૂર્વી(જિન નહીં પણ જિનસરીખા સર્વાક્ષર સન્નિપાતી) શ્રમણ સંપદા હતી. ભગવાન મહાવીર સ્વામીની ૪૦૦ અજેયવાદી સંપદા હતી. **(૧૫)** લોકમાં લવણ(મીઠા) જેવા, મદિરા જેવા, દૂધ જેવા અને ઘી જેવા સ્વાદવાળા પાણીના એક એક સમુદ્ર છે. સ્વાભાવિક પાણી જેવા પાણીવાળા ત્રણ સમુદ્ર છે– કાલોદધિ, પુષ્કર અને સ્વયંભૂરમણ સમુદ્ર. શેષ બધા અસંખ્ય સમુદ્ર ઈક્ષુરસ જેવા સ્વાદ સમાન પાણીવાળા છે.

અહીં અન્ય પણ અનેક વિષય છે કે જેનું વર્ણન મુખ્યતઃ અન્ય આગમોમાં છે. જેમ કે– વાદી સમવસરણ, સંજ્ઞા, જીવભેદ, ગતાગત, ક્રિયા, દેવવિમાન વર્ણ, દેવ અવગાહના, સમુદ્ઘાત, દેવ વિમાનના આકાર આદિ.

આ રીતે અનેક આધ્યાત્મિક, તાત્ત્વિક, નૈતિક તથા સાંસ્કૃતિક, તેમજ ભૂગોળ-ખગોલ સંબંધી વિષયો સાથે આ ચોથું સ્થાન ચાર ઉદ્દેશકોના વિભાગથી પૂર્ણ થાય છે.

# સ્થાન–૫ : ઉદ્દેશક–૧ થી ૩

## પ્રશ્ન–૧ : આ સ્થાનનો પરિચય શું છે ?

**ઉત્તર–** આ પાંચમા સ્થાનમાં ૫-૫ ની સંખ્યાવાળા તત્ત્વોના વિષયોનું સંકલન છે. સંખ્યાના કારણે અહીં આચાર શાસ્ત્રોક્ત અનેક વિષયોનું પુનર્કથન છે, તેમ છતાં કેટલાક મહત્વશીલ આચાર વિષય પણ છે જેનું અન્યત્ર કોઈ આગમમાં કથન નથી. ૨૦૦ જેટલા સૂત્રો અને ત્રણ ઉદ્દેશકોમાં આ સ્થાનનું વિષય વિભાજન છે. વિભાજનમાં પૂર્વાનુસાર કોઈ પણ વિષય ક્રમ નથી, અક્રમિક વર્ણન પદ્ધતિનું જ અનુસરણ છે.

## પ્રશ્ન–૨ : પૃથ્વીકાય વગેરે પાંચ સ્થાવરોના કોઈ માલિક દેવ હોય છે ?

**ઉત્તર–** અહીં ઉદ્દેશક–૧, સૂત્ર–૧૪,૧૫માં પાંચ સ્થાવરકાયના અપ્રસિદ્ધ પાંચ નામ કહેલ છે, જે તેમના અધિપતિ–માલિક દેવોના નામ સાથે સંબંધિત છે. જેવી રીતે સાત નરકોના નામ ઘમ્મા, વંશા આદિ અપ્રસિદ્ધ છે પરંતુ રત્નપ્રભા આદિ ગોત્ર પ્રસિદ્ધ છે. તેવી જ રીતે પાંચ સ્થાવરના પૃથ્વીકાય આદિ ગોત્ર પ્રસિદ્ધ છે. અપ્રસિદ્ધ નામ– (૧) ઈંદીથાવરકાય (૨) બંભીથાવરકાય (૩) સપ્પિ-થાવરકાય (૪) સમ્મતિથાવરકાય (૫) પ્રજાપતિ(પયાવચ્ચ) થાવરકાય. પાંચ





અધિપતિના નામ– ઈન્દ્ર, બ્રહ્મ, શિલ્પ, સન્મતિ અને પ્રજાપતિ. એ નામ અને અધિપતિ ક્રમશઃ પૃથ્વીકાય, અપ્કાય આદિના સમજવા.

સંપૂર્ણ તિરછાલોકના અધિપતિ શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર છે. જંબૂદ્વીપના મેઢથી દક્ષિણાર્ધ તિરછાલોક શક્રેન્દ્રની તથા ઉત્તરાર્ધ તિરછાલોક ઈશાનેન્દ્રની માલિકીમાં આવે છે. તેમાં પણ ચાર-ચાર લોકપાલોના આધિપત્યનું વિભાજન છે. તે સિવાય અલગ-અલગ ક્ષેત્રોમાં ચક્રવર્તી, વાસુદેવ-બળદેવ મહારાજા, સામાન્ય રાજા આદિનો અધિકાર વિભાજિત થાય છે. નદી, પર્વત, દ્રહ, તીર્થ, ગુફા આદિ અનેક સ્થાનોના સ્વતંત્ર અધિપતિ દેવ અલગ-અલગ વિભાજિત છે. તોપણ જંબુદ્વીપ આદિ બધા દ્વીપ સમુદ્રોના માલિક દેવ અલગ હોય જ છે. બસ, એ જ રીતે શક્રેન્દ્ર-ઈશાનેન્દ્ર અને તેના લોકપાલોની માલિકી સર્વત્ર હોવા છતાં પણ પાંચ સ્થાવરકાયની માલિકીના દેવોના પાંચ નામ અહીં જે છે તેમના વિષય પાંચ સ્થાવર રૂપે સ્વતંત્ર છે એમ સમજી લેવું. તેમાં પણ ફરી માલિકી વિભાજન શક્ય છે, જેમ કે– અપ્કાયના અધિપતિ બ્રહ્મ છે તોપણ અનેક તીર્થો, જળાશયો, લોકના બધા સમુદ્રોના માલિક દેવ અલગ હોય જ છે.

## પ્રશ્ન–૩ : અવધિજ્ઞાન જ્યારે કોઈને પુણ્ય સંયોગે–શુભસંયોગે ઉત્પન્ન થાય છે તો પછી કોઈને તત્કાલ નષ્ટ કેમ થઈ જાય છે ?

**ઉત્તર–** છદ્મસ્થોનું જ્ઞાન ક્ષાયિક હોતું નથી પરંતુ ક્ષાયોપશમિક જ્ઞાન હોય છે, તેમાં અવધિજ્ઞાન પણ ક્ષાયોપશમિક જ્ઞાન છે. ક્ષયોપશમની વિવિધ મર્યાદાઓ હોય છે. જેમ કે ગોખેલું શ્રુતજ્ઞાન સવારે યાદ કરે અને સાંજે ભુલાઈ જાય. કોઈએ સરખું યાદ કર્યુ હોય અને પુનરાવર્તન ન કરે તો ૨, ૪ કે ૧૦ દિવસમાં પણ વિસ્મૃત કે વિકૃત થઈ જાય છે. મિથ્યાત્વ આદિ વિશેષ પાપ પ્રકૃતિઓના ઉદયે પરિણામોની કલુષિતતા વગેરેથી પણ ક્ષાયોપશમિક જ્ઞાન દેશ કે સર્વથી વિનષ્ટ થઈ શકે છે. એવા જ કેટલાક કારણે અહીં અવધિજ્ઞાન તત્કાલ વિનષ્ટ થવાનું નિરૂપણ કરેલ છે. જેમાં વ્યક્તિની ગંભીરતાનો અભાવ અને કુતૂહલ માનસતાના મુખ્ય કારણ દર્શાવેલ છે, જેમ કે– (૧) સાધક અવધિજ્ઞાનના માધ્યમે વિશાળ પૃથ્વી, દ્વીપસમુદ્ર પણ જોઈ શકે છે. જેમાં ચારે તરફ પોતાની કલ્પનાથી અત્યધિક જળ, જળાશય, નદીઓ, સમુદ્ર વગેરે જોઈને આશ્ચર્યાન્વિત, અત્યધિક આશ્ચર્યાન્વિત કે ભયભીત થઈ જાય તો તેનું ઉત્પન્ન થયેલું તે અવધિ-જ્ઞાન તત્કાલ નષ્ટ થઈ જાય છે. એ જ રીતે (૨) સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે કે ચાતુર્માસકાળમાં આ પૃથ્વીને જ્યાં જુઓ ત્યાં, જેવા રંગની પૃથ્વી હોય છે તેવા જ રંગના નાના-નાના હજારો કંથવા, કંથવાઓના ઢગલા કલ્પનાતીત

રૂપે જોઈને આશ્ચર્યાન્વિત આદિ થવાથી. (૩) ઘણા જ મોટા મોટા સર્પ,અજગર ૧,૨,૫ કે ૨૫ કી.મી. જેટલા લાંબા જોઈને કુતૂહલમાં આવી જવાથી કે ભયભીત થઈ જવાથી. (૪) મહર્દ્ધિક, મહાસુખી, દેવોની મહાન ઋદ્ધિને જોઈને વિસ્મિત, આશ્ચર્યાન્વિત થઈ જવાથી. (૫) આ જમીનની અંદર અમાપ કલ્પનાતીત ધન, સંપત્તિ, નિધાન, રત્ન, ઝવેરાત, સોના, ચાંદી, દાટેલું ધન જોઈને વિસ્મિત થઈ જવાથી; તે ગંભીરતા રહિત વિસ્મિત થનાર વ્યક્તિનું અવધિજ્ઞાન નષ્ટ થઈ જાય છે.

અહીં આગળના સૂત્ર–૧૭માં બતાવેલ છે કે કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થાય ત્યારે ઉપરોક્ત પાંચે ય દશ્ય જોવા છતાં પણ નષ્ટ થતાં નથી. કારણ કે તે ક્ષાયિક જ્ઞાન ઉત્પન્ન થયા પછી અવિનાશી હોય છે તથા કેવળીને મોહનીય કર્મ વિનષ્ટ થઈ જવાથી આશ્ચર્ય, વિસ્મય, ભય વગેરે હોતાં નથી. તેઓ સાગરવર ગંભીર હોય છે.

તાત્પર્ય એ છે કે સાધકે સાધનાની સફળતાની સાથે તથા તપ-સંયમમાં ઘોર પરાક્રમની સાથે જ્ઞાનમય ગંભીરતા પણ હાંસિલ કરવી જોઈએ. આ ગંભીરતા ગુણ જ્ઞાન અધ્યયન તેમજ સંસ્કાર વૃદ્ધિથી પુષ્ટતર બની શકે છે, એ વાતનું સાધકે જ્ઞાન તેમજ લક્ષ્ય પણ રાખવું જોઈએ.

**પ્રશ્ન–૪ : આચાર્ય–ઉપાધ્યાય પદયુક્ત ગચ્છમાં સંગઠન કે વિઘટનના કારણ કયા-કયા હોઈ શકે છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત પથમ ઉદ્દેશકમાં સંગઠન-વિઘટનના ૫-૫ કારણ આ પ્રમાણે બતાવેલ છે– (૧) આચાર્ય–ઉપાધ્યાય પોતાના ગચ્છમાં આજ્ઞાનું તેમજ ધારણાઓનું સમ્યક સંચાલન ન કરે, આળસ, પ્રમાદ કે ઉપેક્ષા કરે અથવા તો ડરપોક વૃત્તિથી ચાલે. (૨) ગચ્છમાં નાના-મોટાના પરસ્પર વિનય, વંદન-વ્યવહારનું સમ્યક સંચાલન ન કરે. (૩) સૂત્ર-અર્થ-પરમાર્થની યથાસમય યથાયોગ્ય શિષ્યોને વાચના દેવાની સમ્યક વ્યવસ્થા ન કરે, અન્ય કાર્યોમાં વ્યસ્ત રહે, યોગ્ય જિજ્ઞાસુ શિષ્યોની જિજ્ઞાસા, અધ્યયન લાગણીની સંતુષ્ટી ન કરે. (૪) ગચ્છમાં બીમાર, નવદીક્ષિત સાધુઓની સેવા, સાર-સંભાળની સમ્યક વ્યવસ્થા ન કરે. (૫) વિચારણા કરવા યોગ્ય ગંભીર કે વિવાદાસ્પદ વિષયોમાં ગચ્છના અન્ય ગીતાર્થ, બહુશ્રુત, સ્થવિર આદિ સાથે સમ્યક સલાહ, વિચારણા કર્યા વગર સ્વેચ્છાએ જ નિર્ણય કરી લે.

આ પ્રમાણે આચાર્ય, ઉપાધ્યાય આદિ પદવીધરોની કર્તવ્યનિષ્ઠાના અભાવના કારણે તેમજ વિચક્ષણતા-વિવેક ચૂકી જવાથી ગચ્છના સંગઠનમાં





ખલેલ પહોંચે છે. પરસ્પર ક્લેશ વિવાદ પક્ષ-વિપક્ષની સ્થિતિઓનું નિર્માણ અને ક્રમશઃ વૃદ્ધિ થાય છે અને એક દિવસ ગચ્છ છિન્ન-ભિન્ન થઈ જાય છે.

તેનાથી વિપરીત જો– (૧) આચાર્ય ઉપાધ્યાય પોતાના ગચ્છમાં આજ્ઞા, ધારણાઓનું સમ્યક સંચાલન કરવાનું લક્ષ્ય રાખે. (૨) નાના-મોટામાં વિનય-વંદન વ્યવહારનું સમ્યક પાલન કરાવે. (૩) સૂત્ર-અર્થ-પરમાર્થની વાચના લેવા-દેવાની યથાસમય સમ્યક વ્યવસ્થા રાખે. (૪) નવદીક્ષિતની યથાર્થ સાર-સંભાળ લે તથા વૃદ્ધ–બીમાર શ્રમણોની સમ્યક રીતે સેવા-આરાધનાની વ્યવસ્થાનું ધ્યાન રાખે. (૫) ક્યારે ય કોઈ ગંભીર પ્રસંગ, ગુંચવણ ઉપસ્થિત થાય ત્યારે ગચ્છના જે પણ જવાબદારી નિભાવનાર શ્રમણ કે સ્થવિર હોય તેને પૂછીને સલાહ–વિમર્શ કરીને વિવેકપૂર્વક નિર્ણય કરે. આ પ્રમાણે ગચ્છના પદવી-ધરોની બુદ્ધિમતા, વિચક્ષણતા, સમ્યક સંચાલન વ્યવસ્થાથી ગચ્છમાં સુસંગઠન, શાંતિ-સમાધિ તેમજ પરસ્પર પ્રેમ, મૈત્રીભાવ, આત્મીયતા, સહાનુભૂતિ આદિની વૃદ્ધિ થાય છે અને ગચ્છવાસી સાધકોની સાધનાનું પ્રસન્નભાવો સાથે સમ્યક આરાધન થાય છે. જેનાથી ગચ્છનો બહુમુખી વિકાસ થાય છે, તેમજ જિનશાસનની સુંદર પ્રભાવના થાય છે.

ઉપલક્ષણથી ગચ્છમાં આચાર્ય-ઉપાધ્યાય સિવાય અન્ય પદવીધર કે પ્રભુત્વ રાખનાર સંત મન પડે તેમ કરે, ઉપરોક્ત વ્યવસ્થા–અધ્યયન, વિનય વ્યવહાર, જિનાજ્ઞાનું ધ્યાન ન રાખે તોપણ ગચ્છમાં, સંઘમાં વિઘટનની સ્થિતિ પેદા થાય છે. તેથી ગચ્છમાં આચાર્ય, ઉપાધ્યાય સિવાય પણ અન્ય પદવીધર કે જવાબદાર શ્રમણોએ પણ સૂત્રોક્ત વ્યવસ્થા, સંચાલનની સૂચનાઓનું સમ્યક પાલન કરીને પોતાના ગચ્છની, જિનશાસનની પ્રતિષ્ઠા સાચવવાનું કર્તવ્યપાલન કરવું જરૂરી બને છે.

**પ્રશ્ન–૫ : કષ્ટ-ઉપસર્ગ આવે ત્યારે કેવા પ્રકારની મનોવૃત્તિથી સમ્યક રીતે સહન કરી શકાય છે ?**

**ઉત્તર–** છદ્મસ્થ સાધકોએ આ પ્રમાણે મનોમાનસ બનાવવું જોઈએ કે– (૧) આ કષ્ટ દેનાર પુઢષ પોતાના ઉદય કર્મથી પ્રેરિત થઈને ઉન્મત–પાગલ જેવો છે તેથી આક્રોશ કરી રહેલ છે, હીલના-નિંદા, તિરસ્કાર કરે છે, ધમકી આપે છે, બંધન, રુંધન, છેદન, ભેદન આદિ કરે છે અથવા ઉપકરણ છીનવે છે, ચોરીને લઈ જાય છે. આ બિચારો સ્વયં પોતાના કર્મોથી પરાધીન છે એમ વિચારીને તેના પ્રત્યે ઉપેક્ષાભાવ રાખે, વિષમભાવ ન થવા દે. (૨) આ પુઢષ યક્ષાવિષ્ટ છે તેથી જ તે આવો વ્યવહાર કરે છે તેમ સમજીને ઉપેક્ષાભાવે સહન કરે.

(૩) મારા જ કોઈ પૂર્વના અશુભકર્મ ઉદયમાં આવી રહ્યા છે ત્યારે આ પુરુષ આવો વ્યવહાર કરે છે એમ સમજીને સમ્યક ભાવે સહન કરે. (૪) જો હું આ સંકટને સમ્યક ભાવે સહન ન કરીને અશુભ સંકલ્પ-વિકલ્પ કરીશ તો મને શું ફાયદો થશે ? મને જ નવા પાપકર્મોનો બંધ થશે, એમ વિચારી સમ્યક પ્રકારે સહન કરે. (૫) આ ઉપસ્થિત કષ્ટ-પ્રસંગને સમ્યક પ્રકારે સહન કરી લેવાથી મને કર્મોની નિર્જરા–ક્ષયનો મહાન લાભ સહજ પ્રાપ્ત થશે. આ આવેલી આપત્તિ તો મને મહાન કર્મક્ષયનો લાભ પ્રાપ્ત કરાવવા માટે જ ઉપસ્થિત થઈ છે; તેનું સમ્યક સ્વાગત કરી લેવું એ જ હિતાવહ છે, એમ વિચારી કષ્ટ ઉપસર્ગોને સમ્યક ભાવે સહન કરવા જોઈએ.

ત્યાર પછીના સૂત્રમાં બતાવેલ છે કે કેવળજ્ઞાની પણ નીચેના લક્ષ્યોથી આવેલા કષ્ટ-ઉપસર્ગોને સમ્યક ભાવે સહન કરે છે, જેમ કે– (૧) આ પુરુષ ખેદ ખિન્ન ચિત્તવાળો છે. (૨) ઉન્મત્ત ચિત્તવાળો છે. (૩) યક્ષાવિષ્ટ વ્યક્તિ છે એમ જાણીને સમ્યક ભાવે સહન કરે છે. (૪) મારા જ પૂર્વકૃત અશુભ કર્મોના ઉદયે આ પુરુષ આવો વ્યવહાર કરે છે, એવા ભાવો સન્મુખ રાખી કેવળી પણ સહન કરે છે. (૫) હું આવેલા કષ્ટોને સમ્યક રૂપે સહન કરીશ તો તેને જોઈને, પ્રેરણા લઈને અન્ય સામાન્ય છદ્મસ્થ સાધક ઉત્સાહપૂર્વક આદર્શ સામે રાખીને ઉપસર્ગોને સમ્યક રૂપે સહન કરશે, એવા ભાવોથી પણ કેવળી કષ્ટોને સમ્યક રૂપે સહન કરે છે.

અશાતા વેદનીય કર્મનો ઉદય ૧૪મા ગુણસ્થાન સુધી હોય છે. તેથી કેવળીને પણ કષ્ટ ઉપસર્ગ આવી શકે છે.

**પ્રશ્ન–૬ : હેતુ-અહેતુના ૮ સૂત્રો દ્વારા શું સમજાવ્યું છે ?**

**ઉત્તર–** હેતુ = આશ્રવ. હેઉણા = આશ્રવથી નિષ્પન્ન સંસાર ભ્રમણ. અહેઉં = સંવર. અહેઉણા = સંવરથી પ્રાપ્ત સંસારથી મુક્તિ. **સૂત્ર–૧, ૨ :** (૧) કેટલાક મિથ્યાદષ્ટિ જીવ આશ્રવ અને આશ્રવના પરિણામ રૂપ સંસાર ભ્રમણને જાણતા નથી. (૨) સમજતા નથી. (૩) શ્રદ્ધા કરતા નથી. (૪) ત્યાગ કરતા નથી. જેનાથી (૫) અજ્ઞાન મરણે મરે છે. **સૂત્ર–૩, ૪ :** કેટલાક સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ જીવ આશ્રવ અને સંસાર ભ્રમણને– (૧) જાણે છે (૨) સમજે છે (૩) શ્રદ્ધા કરે છે (૪) ત્યાગરૂપ દેશ આચરણ કરે છે, જેનાથી તેઓ (૫) છદ્મસ્થ મરણે મરે છે. **સૂત્ર–૫, ૬ :** કેટલાક સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ સંવર અને મોક્ષને પૂર્ણપણે જાણતા નથી, સમજતા નથી, શ્રદ્ધા કરતા નથી, આચરણ કરતા નથી, જેનાથી તેઓ છદ્મસ્થ મરણે મરે છે.





**સૂત્ર–૭, ૮ :** કેટલાક સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ જીવોને– સંવર અને મોક્ષનું પરિપૂર્ણ જ્ઞાન, સમજ, શ્રદ્ધાન તેમજ આચરણ હોય છે, જેનાથી તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી કેવલી મરણે મરે છે.

પ્રથમ બે સૂત્રમાં મિથ્યાદષ્ટિનું અજ્ઞાન મરણ કહેલ છે. ત્યાર પછી ૪ સૂત્રમાં સમ્યગ્દષ્ટિ દેશત્યાગીનું છદ્મસ્થ મરણ કહેલ છે. અંતિમ બે સૂત્રમાં સમ્યગ્દષ્ટિ સર્વજ્ઞાતા-દષ્ટા અને ત્યાગીને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે, તેઓ કેવલીમરણથી મરે છે અને મોક્ષે જાય છે. ***॥ ઈતિ પ્રથમ ઉદ્દેશક ॥***

**પ્રશ્ન–૭ : શું સાધુ-સાધ્વી ચાતુર્માસમાં વિહાર કરી શકે છે ? મોટી નદીઓને નાવા આદિથી પાર કરી શકે છે ?**

**ઉત્તર–** સામાન્ય સંયમવિધિ પ્રમાણે સાધુ-સાધ્વીએ ચાતુર્માસના ચાર મહિના એક સ્થાને જ રહેવાનું હોય છે, વિહાર કરાતો નથી; આ ધ્રુવ માર્ગ છે. વિશેષ પરિસ્થિતિમાં અપવાદ માર્ગે વિહાર કરી શકાય છે, એવું અહીં બીજા ઉદ્દેશકના સૂત્ર ૨,૩માં બતાવેલ છે. પ્રથમ સૂત્રમાં વિશેષ પરિસ્થિતિમાં મોટી નદીઓને નૌકા આદિથી પાર કરવાનું પણ અપવાદમાર્ગે સૂચન કરેલ છે. સામાન્ય ધ્રુવ-માર્ગ પ્રમાણે તો સાધુ-સાધ્વી સચિત્ત પાણીનો અનંતર પરંપર સંઘટ્ટો–સ્પર્શ પણ કરી શકતા નથી.

જીવન વ્યવહારની ઉપસ્થિત થનારી અનેક પરિસ્થિતિઓના અનુભવ દ્વારા અહીં ૫–૫ ની સંખ્યાના માધ્યમે નૌકાવિહાર અને ચાતુર્માસમાં વિહારના કારણ દર્શાવેલ છે–

**નૌકાવિહારના પાંચ કારણ–** (૧) કોઈપણ પ્રકારના પશુ કે રાજ્ય આદિનો ભય ઉપસ્થિત થતાં અન્ય માર્ગ કે ઉપાય ન હોય ત્યારે. (૨) વિચરણ ક્ષેત્રમાં દુર્ભિક્ષ અર્થાત્ ભિક્ષા મળવી દુર્લભ થઈ ગઈ હોય અને અન્ય કોઈ માર્ગ કે ઉપાય શક્ય ન હોય ત્યારે. (૩) કોઈ નદીમાં ફેંકી દે ત્યારે તે અથાગ જળને પાર કરવા માટે નાવનો સંયોગ હોય ત્યારે. (૪) આગળથી પાણીની ભરતી આવવાની હોય અને અન્ય કોઈ ઉપાય સુરક્ષાનો ન હોય ત્યારે. (૫) અનાર્ય લોકોના ઉપદ્રવની પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો.

આ પાંચ કારણે ગંગા, યમુના જેવી મોટી નદીઓ નૌકાથી પાર કરી શકાય છે. સામાન્ય રીતે વિહારમાં જરૂરી હોય તો મહિનામાં માત્ર એકાદ વાર આ નદીઓને જ્યાં પાણીની ઊંડાઈ ઓછી હોય તો પગપાળા ચાલીને તથા પાણીની ઊંડાઈ વધારે હોય તો નૌકાથી જઈને પાર કરી શકાય છે. પરંતુ ઉપરોક્ત પાંચ કારણે બીજી, ત્રીજી વાર પણ નૌકાથી પાર કરી શકાય છે.

સકારણ નૌકા વાપરવાનું કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી. પાણીના જીવોની વિરાધના આદિનું પ્રાયશ્ચિત્ત આવે છે.

**ચાતુર્માસમાં વિહાર કરવાના કારણ–** (૧–૫) નૌકાવિહાર માટે કહેલા પાંચે ય કારણ–ભયથી યાવત્ અનાર્યોના ઉપદ્રવથી. (૬–૮) જ્ઞાન, દર્શન, ચારિત્રના અત્યાવશ્યક હેતુથી ગુઢ આજ્ઞા થતાં. (૯) આચાર્ય ઉપાધ્યાય કાળ કરી જતાં જો અત્યાવશ્યક બને અને ગુઢ વડીલની આજ્ઞા હોય તો અથવા અન્ય આચાર્ય-ઉપાધ્યાય વડીલની નિશ્રા લેવા માટે.(પોતાની યોગ્યતા પ્રમુખ બનીને રહેવાની ન હોય ત્યારે.) (૧૦) આચાર્ય-ઉપાધ્યાયની વિશિષ્ટ સેવા શુશ્રૂષા માટે અથવા તેમની આજ્ઞાથી સંઘમાં ક્યાંય પણ સેવામાં જવાનું થાય તો. આ કારણોએ ગુઢ આજ્ઞા, વડીલોની સલાહ–નિર્ણયપૂર્વક ચાતુર્માસમાં વિહાર કરવો પડે તો તેનું પ્રાયશ્ચિત્ત નથી. જો કોઈ જીવ વિરાધના થાય તો તેનું પ્રાયશ્ચિત્ત લેવામાં આવે છે.

**પ્રશ્ન–૮ : શું રાજમહેલોમાં સાધુ-સાધ્વી જઈ શકે છે ?**

**ઉત્તર–** મૂર્ધાભિષિક્ત અર્થાત્ અનેક રાજાઓ દ્વારા સ્વીકાર્ય એવા મોટા રાજા ચક્રવર્તી, માંડલિક રાજા વગેરેને ત્યાં ગોચરી આદિ જવા કે તેમના નિવાસની, ખાન-પાનની આસપાસ રહેવા આદિ પ્રવૃત્તિનો સાધુ માટે છેદ સૂત્રોમાં નિષેધ તેમજ પ્રાયશ્ચિત્ત કહેલ છે. પરંતુ સામાન્ય નાના-નાના રાજાઓના વિષયમાં આવો નિયમ નથી. તેથી અહીં સૂત્ર–૫માં રાજ અંતઃપુર અર્થાત્ રાજભવનમાં જવાના કેટલાક નિમિત્ત કારણ દર્શાવેલ છે. જેમ કે– (૧) નગરમાં પ્રવેશ કરવાના રસ્તા બધા બંધ હોય, ભિક્ષા માટે જવા-આવવાની મુશ્કેલી હોય તો રાજાને અલ્પકાલીન માર્ગ ખોલવાનું નિવેદન કરવા માટે સાધુને રાજભવનમાં રાજા પાસે પહોંચવું પડે છે. (૨) રાજાના મકાન–શય્યા, સંથારા લીધેલા હોય તો તેને પાછા સોંપવા કે આજ્ઞા સોંપવા જરૂરી હોય ત્યારે જવું. (૩) રાજભવન પાસેથી નીકળતાં દુષ્ટ પ્રાણી–હાથી, ઘોડા વગેરે ઉન્મત્ત થઈને આવે ત્યારે તત્કાળ સુરક્ષા માટે રાજભવનમાં આશ્રય લેવા માટે. (૪) કોઈ જબરદસ્તી પકડીને કે ધકેલીને રાજભવનમાં લઈ જાય ત્યારે. (૫) રાજા સ્વયં સપરિવાર જ્યાં સાધુ બેઠા હોય ત્યાં આવીને, ઘેરીને બેસી જાય.

અહીં ૪ કારણ પરિસ્થિતિવશ રાજમહેલમાં પ્રવેશવાના દર્શાવેલ છે અને પાંચની સંખ્યાનું પ્રકરણ હોવાથી પાંચમો બોલ રાજા-રાણીઓ તેમજ પરિષદથી ઘેરાયેલા હોવાથી રાજસભામાં રાજાની વચ્ચે હોવાનું ગણેલ છે. આ સાપેક્ષ સંયોજિત બોલ છે.





અહીં રાજ અંતઃપુર એટલે રાણીઓનો સ્વતંત્ર મહેલ એમ અર્થ ન કરતાં રાજમહેલ–રાજભવન અર્થ કરવો સુસંગત છે. રાજમહેલની સીમાનો કોઈપણ વિભાગ હોય તે સીમામાં પ્રવેશવાથી રાજમહેલ પ્રવેશ ગણાય છે. રાણીઓનો રાણીવાસ તો રાજમાર્ગથી રાજમહેલની સીમાની અંદર યોગ્ય સુરક્ષિત સ્થાનમાં હોય છે. તેને માટે અહીંના બધા બોલ–શય્યા સંસ્તારક પાછા આપવા, ઉન્મત્ત પશુ માર્ગમાં આવે વગેરે ઘટિત થવું દુઃશક્ય છે.

**પ્રશ્ન–૯ : સ્ત્રીઓ પુરુષની સાથે સંવાસ ન કરવા છતાં પણ ગર્ભ ધારણ કરી શકે છે અને પુરુષની સાથે સંવાસ કરવા છતાં પણ ગર્ભ ધારણ કરતી નથી, તેના શું કારણો છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત ઉદ્દેશકમાં સૂત્ર–૬ થી ૯ સુધી આ વિષયમાં નિરૂપણ કરેલ છે, તદનુસાર બંને પ્રકારના કારણો આ પ્રમાણે છે–

**(૧) પુરુષ સંવાસ વગર ગર્ભ રહેવાના કારણો–** (૧) સ્ત્રી અયોગ્ય રીતે, અયોગ્ય સ્થાને બેસી જાય અને ત્યાં પૂર્વસ્થિત પુરુષ વીર્ય પુદ્ગલ સ્ત્રીની યોનિમાં પ્રવેશી જાય. (૨) શુક્ર સંસક્ત વસ્ત્ર સ્ત્રી યોનિમાં પ્રવેશી જાય. (૩) સ્ત્રી સ્વયં વીર્ય પુદ્ગલોને યોનિમાં પ્રવિષ્ટ કરે. (૪) અન્ય કોઈ વ્યક્તિ સ્ત્રીની યોનિમાં વીર્ય પુદ્ગલ કોઈ પણ રીતે પ્રવિષ્ટ કરી દે.(૫) નદી, જળાશય આદિમાં સ્નાન કરતાં કે તરતી વખતે જલમાં રહેલા વીર્ય પુદ્ગલ સ્ત્રી યોનિમાં પ્રવિષ્ટ થઈ જાય. આ પાંચ કારણે અર્થાત્ એવા સંયોગોથી કદાચિત્ સ્ત્રી ગર્ભ ધારણ કરી શકે છે.

**(૨) પુરુષ સંવાસ થવા છતાં પણ ગર્ભ ન રહેવાના કારણો–** (૧) સ્ત્રી યૌવન અપ્રાપ્ત અર્થાત્ બાલિકા હોય. (૨) અતિક્રાંત યૌવના અર્થાત્ યૌવનકાળ સમાપ્ત થઈ ગયો હોય. (૩) જન્મથી વંધ્યા સ્ત્રી હોય. (૪) સ્ત્રી રોગથી પીડિત હોય. (૫) સંવાસ સમયે સ્ત્રી વ્યગ્રચિત્ત, શોકમય ચિત્તવાળી હોય. (૬) નિત્ય રજસ્વલા રહેતી હોય. (૭) ઋતુમતિ થતી જ ન હોય. (૮) ગર્ભાશય જ નષ્ટ થઈ ગયું હોય. (૯) ગર્ભાશયની ક્ષમતા ક્ષીણ થઈ ગઈ હોય. (૧૦) જો સ્ત્રી અનંગ કામક્રીડા પણ કરતી હોય. (૧૧) યોગ્ય સમયે યોગ્ય સંવાસ પૂર્તિ ન થતી હોય. (૧૧) યોનિમાં પ્રવેશેલા વીર્ય પુદ્ગલ કોઈ રોગાદિના કારણે તત્કાળ વિનષ્ટ થઈ જતાં હોય. (૧૩) સ્ત્રીનાં રજકણ પિત્ત કોપિત થયેલ હોય. (૧૪) દૈવિક પ્રયોગે કે કોઈ શ્રાપથી સ્ત્રી ગર્ભ ધારણને યોગ્ય ન રહી હોય. (૧૫) સંતાનપ્રાપ્તિને અયોગ્ય તીવ્ર અંતરાય કર્મ બાંધેલ હોય. આ પંદર કારણે પુરુષ સંવાસ થવા છતાં પણ સ્ત્રી ગર્ભધારણ કરી શકતી નથી.

## પ્રશ્ન–૧૦ : શું સાધુ-સાધ્વી એક મકાનમાં સાથે રહી શકે છે ?

**ઉત્તર–** બ્રહ્મચર્યની વાડ અનુસાર સાધુ-સાધ્વી અલગ-અલગ જ વિચરણ કરે છે અને અલગ-અલગ મકાનોમાં અમુક સીમા મર્યાદાના અંતરે જ રહે છે, એ જ ધ્રુવમાર્ગ છે. તેમ છતાં વિશેષ પરિસ્થિતિવશ સંયમ, શીલ તેમજ અન્ય સુરક્ષા નિમિત્તે એક રાત્રિ કે અમુક સમય સુધી યોગ્ય વિવેક સાથે અર્થાત્ યોગ્ય સાક્ષી કે સૂચનપૂર્વક એક સ્થાને કે એક મકાનમાં રહી શકે છે.

પ્રસ્તુત પ્રકરણમાં સૂત્ર–૧૦ માં એ પરિસ્થિતિઓનું વિવરણ આપેલ છે. જેમ કે– (૧) જો ક્યારે ય કોઈ અનિવાર્ય પ્રસંગવશ સાધુ-સાધ્વીને નિર્જન, લાંબા રસ્તાવાળી અટવીમાં વિહારનો સંયોગ થઈ ગયો હોય તો ત્યાં એક જ સ્થાને–મકાનમાં વિવેકપૂર્વક રહી શકાય છે. (૨) કોઈ પણ ગામ, નગર કે કોઈ પણ નાની-મોટી વસ્તીમાં બંને પહોંચી ગયા હોય ત્યારે ત્યાં એકને રહેવાનું મકાન મળ્યું હોય અને એકને પ્રયત્ન કરવા છતાં પણ મકાન ન મળ્યું હોય તો એવા સમયે એક જ સ્થાને બંને સાથે રહી શકે છે. (૩) ગામ આદિ નજીકમાં ન હોય ત્યારે કોઈ મંદિર, ધર્મશાળા, સ્કૂલ આદિ એક જ સ્થાન હોય અને બીજી કોઈ વસ્તી ન હોય તો ત્યાં એકની પછી બીજા પણ સંધ્યા સમયે પહોંચી જાય તો એક સ્થાનમાં બંને સાથે રહી શકે છે. (૪) ચોર, લૂંટારાના ઉપદ્રવની પૂર્ણ શક્યતા દેખાતી હોય તો સાધ્વીઓના સંરક્ષણાર્થે બંને એક સાથે રહી શકે છે. (૫) ગુંડા, બદમાશોની સાધ્વીઓને હેરાન કરવાની કે શીલભ્રષ્ટ કરવાની શક્યતા દેખાતી હોય તો એવા સમયે સાધ્વીઓના સંરક્ષણાર્થે બંને સાથે રહી શકે છે.

આ ઉપરોક્ત પરિસ્થિતિઓ અનાયાસ ઉપસ્થિત થઈ જાય, અશક્ય, અપરિહાર્ય સ્થિતિ ઉભી થઈ જાય ત્યારની અપેક્ષા સમજવી જોઈએ. આવી ઘટનાનું પછી ક્યારે ય પણ અનાવશ્યક અનુકરણ કે ધારો–પરંપરા ચલાવવી ન જોઈએ. સામાન્ય રીતે તો ધ્રુવમાર્ગ અનુસાર સાધુ-સાધ્વીએ અલગ-અલગ જ વિહાર અને નિવાસ કરવો જોઈએ.

સૂત્ર–૧૧ માં કહ્યું છે કે– ખેદ ખિન્નતા યુક્ત ચિત્તથી, ઉન્મત ચિત્તથી, યક્ષાવિષ્ટ પાગલપણું ઈત્યાદિથી યુક્ત શ્રમણ વસ્ત્ર રહિત બનીને પરેશાન થઈ રહેલ હોય તો એવા સમયે સાધ્વી તેને અંકુશમાં રાખે, સંરક્ષણ કરે અને તેમ કરતાં તે સાધુને પોતાની પાસે(સાથે) રાખવા પણ પડે તો જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરનારી નહીં કહેવાય. નાની ઉંમરના બાળકને સાધ્વીએ દીક્ષા આપી હોય તો તેને પણ સાધ્વી પોતાની સાથે રાખી શકે છે.





ઉપરોક્ત ચિત્ત વિભ્રમ આદિથી સાધ્વી હેરાન પરેશાન હોય તો શ્રમણ તેનું સંરક્ષણ આદિ કરીને તે સાધ્વીને પોતાની પાસે રાખીને સાર-સંભાળ કરી શકે છે. આ રીતે સાધુ-સાધ્વી બંને પ્રસંગોપાત પૂર્ણ હિંમત સાથે એક બીજાને પૂરક–સહયોગી બની શકે છે.

આગળ સૂત્ર–૬૧ માં કહેલ છે કે– (૧) કોઈ પશુ-પક્ષી, સાધ્વી ઉપર આક્રમણ કરી રહેલ હોય તો સાધુ તે સાધ્વીને પકડીને કે સહારો આપીને બચાવી શકે છે. (૨) ઊંચા-નીચા વિષમ સ્થાનેથી સાધ્વી લપસી જાય કે નીચે પડે તેવા સમયે સાધુ તેને સહારો આપીને કે પકડીને સંભાળી શકે છે. (૩) કીચડમાં કે પાણીમાં પડતી સાધ્વીને (૪) નાવામાં ચડતી-ઉતરતી સાધ્વીને સાધુ સહારો દઈ શકે છે, પકડીને સંભાળી શકે છે.

આ અપવાદના વિધાનોથી સ્પષ્ટ છે કે જૈન સંયમ સાધનાના નિયમ-ઉપનિયમ દઢતાવાળા તેમજ અનુશાસનબદ્ધ હોવા છતાં પણ સમય સંયોગની પરિસ્થિતિને માટે વિવેકથી પરિપૂર્ણ પણ છે. અવ્યવહારિક જેવા લાગતાં નિયમો સાથે પણ સમયે પરિપૂર્ણ વ્યવહારિકતા જોડાયેલી છે. સાધુ-સાધ્વીનું જીવન પરસ્પર નિકટતાની અત્યધિક પરહેજીવાળું છે, તે પણ બ્રહ્મચર્યની વાડ રૂપ હિતાવહ છે. તેમ છતાં પ્રસંગોપાત એક બીજા પ્રત્યે પૂર્ણ આત્મીયતાથી ભરેલું છે. જેમ કે– નદીમાં કે જળપ્રવાહમાં વહેતી સાધ્વીને પકડીને બહાર કાઢવી, કાંટાની તીવ્ર વેદનાના સમયે પરસ્પર એક બીજાના પગમાંથી કુશળતા પૂર્વક કાંટો કાઢી દેવો. પાગલતા કે પ્રેતાત્માથી પરાભૂત સાધ્વીને અગ્લાનભાવે પૂર્ણ સંરક્ષણ દેવું, નિયંત્રણમાં રાખવી આદિ વ્યવહાર પરમ પવિત્રતા યુક્ત વિવેકના દ્યોતક છે.

## પ્રશ્ન–૧૧ : જીવને ધર્મ પ્રાપ્ત થવો સુલભ અને દુર્લભ કેવી રીતે બને છે ?

**ઉત્તર–** પાંચની સંખ્યાનું પ્રકરણ હોવાથી અહીં દુર્લભબોધિ અને સુલભબોધિ થવાના પાંચ-પાંચ કારણ કહ્યા છે, યથા– (૧) તીર્થંકર ભગવાનના (૨) તીર્થંકર પ્રરૂપિત ધર્મના (૩) આચાર્ય-ઉપાધ્યાયના (૪) ચતુર્વિધ સંઘના તથા (૫) તપ સંયમના આચરણથી બનેલા દેવોના; આ બધાના અવર્ણવાદ બોલે, નિંદા-તિરસ્કાર કે આશાતના કરે તો તેના પરિણામ સ્વરૂપે જીવ પરભવમાં કે ભવોભવમાં દુર્લભ બોધિ બને છે. તેનાથી વિપરીત જે ઉપરોક્ત પાંચેયના ગુણગાન કરે છે, સન્માન, યશ-કીર્તિ તેમજ સમ્યક આરાધના કરે તો તે આગળ ના ભવમાં સુલભબોધિ બને છે.

## પ્રશ્ન–૧૨ : આચાર્ય સ્વયં ગચ્છને છોડીને જઈ શકે છે ?

**ઉત્તર–** આચાર્ય તો સંઘના શ્રેષ્ઠ સાધુઓમાંથી ચૂંટાયેલા પ્રથમ કક્ષાના શ્રમણ હોય છે. આગમજ્ઞાન, બુદ્ધિ, તેજસ્વિતા તેમજ અનેક પુણ્ય પુંજથી સંપન્ન હોય છે. છતાં પણ ક્યારેક કોઈ કર્મ ઉદય સંયોગ બની જાય છે, પુણ્યાંશ ઘટી જાય છે, અનાદેય નામકર્મ આગળ આવી જાય છે, વેદમોહ કર્મનો તીવ્રોદય થઈ શકે છે; ક્યારેક કોઈના ઉપકારનું આવશ્યક નિમિત્ત ઊભું થઈ જાય છે, ક્યારેક પ્રાયઃ બધા શિષ્યોના અવળા, અવિનયયુક્ત વ્યવહાર થઈ જાય તો એવી અનેક પરિસ્થિતિઓના કારણે આચાર્યને પણ પદ ત્યાગ કરી, અન્ય ગણમાં કે સંસારમાં જવાનું બની શકે છે.

તેના માટે સૂત્ર–૬૩માં પાંચ કારણ શાસ્ત્રકારે દર્શાવ્યા છે– (૧) આચાર્ય પોતાના ગણમાં આજ્ઞા-ધારણનું સમ્યક સંચાલન કરી ન શક્યા હોય (૨) વિનય વ્યવસ્થા કે અનુશાસન પણ સમ્યક ચલાવી ન શકતા હોય (૩) આચાર્ય પોતાના શ્રુતજ્ઞાનનું દાન-પ્રદાન યથાસમયે શિષ્યોને ન આપી રહ્યા હોય અર્થાત્ કોઈ લેવાની ઉત્કંઠા રાખતા નથી તો આચાર્યનો સ્વગણનો ત્યાગ કરી અન્ય ગણમાં જવાનો સંકલ્પ–માનસ બને છે (૪) આચાર્ય સ્વયં સાધ્વી કે સ્ત્રીમાં મોહાસક્ત બની ગયા હોય, નિકાચિત કે તીવ્ર મોહોદયનું નિવારણ શક્ય ન હોય તો તેઓ પદનો, ગણનો ત્યાગ કરી દે છે અર્થાત્ સંસારમાં ચાલ્યા જાય છે. (૫) કોઈ મિત્ર કે પારિવારિક સાધુ ગણ છોડીને ચાલ્યા ગયા હોય, તેના ઉપકારને માટે સાથ-સહકારને માટે આચાર્ય ગચ્છ અને પદનો ત્યાગ કરીને તેની પાસે ચાલ્યા જાય છે. ***॥ ઈતિ બીજો ઉદ્દેશક ॥***

**પ્રશ્ન–૧૩ : સાધુ-સાધ્વી લોચ તો કરે જ છે પરંતુ ૧૦ મુંડન કયા છે ?**

**ઉત્તર**–મુંડન બે પ્રકારના હોય છે– દ્રવ્યમુંડન અને ભાવમુંડન. દ્રવ્યમુંડન એક જ શિરમુંડન છે અને ભાવમુંડન ૯ કહેલ છે– (૧થી૫) પાંચ ઈન્દ્રિયોની આસક્તિને ઘટાડવી અને ઈન્દ્રિયોની ચંચળતાને સીમિત કરવી, જ્ઞાનાંકુશમાં રાખવી, જિનાજ્ઞા અનુસાર જ ઈન્દ્રિયોનો ઉપયોગ કરવો, સંયમ નિયમોથી વિપરીત કે બાહ્ય વિષયોમાં ઈન્દ્રિયોને ન લગાડવી, જવા ન દેવી. આ રીતે પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો,(તેને સ્વવશમાં, કંટ્રોલમાં રાખવી) આ પાંચ પ્રકારના ભાવમુંડન છે. (૬થી૯) ક્રોધાદિ ચાર કષાય સંસારની, કર્મોની વૃદ્ધિ કરાવનાર અવગુણ છે, અનાદિ અભ્યસ્ત છે, તેનાથી આત્માને સુરક્ષિત રાખવો અર્થાત્ તે કષાયોને આત્મામાં આવવા ન દેવા અને આત્મામાં જામેલા હોય તો જ્ઞાન, વૈરાગ્ય, ચિંતન, અભ્યાસથી તેને પૂર્ણ રીતે કાઢી નાંખવા. તેની જગ્યાએ ક્રમશઃ ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ ગુણોની વૃદ્ધિ કરવી, જેનાથી કષાયોને રહેવાનું સ્થાન જ ન મળે. આ ક્રોધાદિ કષાયોનું નિષ્કાસન, તે ચાર





પ્રકારના ભાવમુંડન છે. સાધુ-સાધ્વીને આત્મકલ્યાણમાં શિરમુંડન જેટલું જરૂરી છે તેનાથી પણ ૯ પ્રકારના ભાવમુંડનની આવશ્યકતા અનેકગુણી વધી જાય છે. સત્ય તો એ છે કે આ નવ પ્રકારના મુંડનમાં સફળતા પ્રાપ્ત કરનારાઓનું જ શિરમુંડન સફળ થાય છે અને આ નવમુંડન કર્યા વગર અર્થાત્ ઈન્દ્રિયોને વશ થઈ મન પડે તેમ વર્તે અને કષાયોથી ભારે બનતા રહે તો તેનું શિરમુંડન ઉદ્દેશપૂર્તિ કરનારું બનતું નથી. તેવા સાધકનું તે શિરમુંડન નિષ્ફળ થઈ જાય છે. તેથી દસ મુંડનની સુમેળ યુક્ત સાધના સાધુ-સાધ્વીઓએ કરવી જરૂરી છે. આ ૧૦ પ્રકારના મુંડનોને એક સાથે અહીં સૂત્ર–૮ અને ૯ માં કહેલ છે.

**પ્રશ્ન–૧૪ : સંયમધર્મના પાલનમાં ગુરુ-શિષ્યાદિ સિવાય કોને ઉપકારી ગણવામાં આવે છે ?**

**ઉત્તર**–અહીં સૂત્ર–૨૪ માં પાંચની સંખ્યામાં વિસ્તારની અપેક્ષા સંયમમાં ૧૦ નો ઉપકાર–નિશ્રા–સહાયકતા સ્વીકારેલ છે. **(૧) પૃથ્વી**–ઊભા રહેવા, બેસવા, ચાલવા(ગોચરી, વિહાર આદિમાં) ઉપયોગી થાય છે. **(૨) પાણી**– વસ્ત્ર ધોવા, તૃષા શાંત કરવા, શરીરની શુદ્ધિ વગેરેમાં પાણીની ઉપયોગિતા છે. **(૩) અગ્નિ**– ખાદ્યપદાર્થ અગ્નિમાં પકાવેલા જ અધિકતમ ઉપયોગી થાય છે. **(૪) વાયુ**– શ્વાસ રૂપમાં અને ગરમીની શાંતિમાં વાયુની અત્યંત આવશ્યકતા હોય છે. **(૫) વનસ્પતિ**– ઘાસ, પાટ, વસ્ત્ર, ઔષધ આદિ અનેક આવશ્યક પદાર્થો આપતી વનસ્પતિ પણ અત્યંત ઉપયોગી છે. **(૬) ત્રસકાય**– પશુઓથી પ્રાપ્ત દૂધ, દહીં આદિ, ઊનના વસ્ત્ર, રજોહરણ આદિમાં પંચેન્દ્રિય– ત્રસકાય ઉપયોગી છે તથા દેવ, મનુષ્ય પણ સંયમ સાધનામાં, જિનશાસનની પ્રભાવનામાં ઉપયોગી બને છે. **(૭) ગણ**– ગચ્છના સાધુ-સાધ્વી, શિષ્ય-શિષ્યાઓ તથા પદવીધર શ્રમણ એ બધા સંયમમાં સહયોગી તેમજ ઉપકારી બને છે. **(૮) રાજા**– જે રાજ્યમાં રાજા સંયમ પાલન કરવા માટે વિચરણ કરવા દે છે તે રાજાનો ઉપકાર ગણેલ છે. **(૯) ગૃહસ્થ**– શ્રાવક-શ્રાવિકા એવં અન્ય ગૃહસ્થ પણ આહાર, મકાન, વસ્ત્ર આદિના પ્રદાતા હોવાથી સંયમમાં ઉપકારી સ્વીકારેલ છે. **(૧૦) શરીર**– આપણું આ મનુષ્ય શરીર પણ સંયમ સાધનામાં મુખ્ય ઉપકારી ગણેલ છે, અન્ય ગતિઓમાં સંયમ સાધનાનો અભાવ છે.

આ પ્રમાણે ૧૦ ની નિશ્રાથી, આલંબનથી, સહકારથી સંયમની સફળતા સુલભ બને છે.

**પ્રશ્ન–૧૫ : પ્રસ્તુતમાં અચેલનું શું તાત્પર્ય છે અને તેને પ્રશંસનીય કેવી રીતે કહેલ છે ?**

**ઉત્તર**–કોઈપણ શબ્દના અનેક અર્થ થાય છે. તેમાંથી પ્રસંગાનુકૂળ અર્થ ગ્રહણ કરાય છે. અચેલ શબ્દના શાસ્ત્રમાં બે પ્રકારે અર્થ મળે છે– (૧) વસ્ત્રોનો ત્યાગ કરીને નિર્વસ્ત્ર રહેનાર શ્રમણ પણ અચેલ હોય છે અને (૨) પ્રથમ તથા અંતિમ તીર્થંકરોના શ્રમણોને મર્યાદિત બતાવેલા માપ પ્રમાણે, અત્યંત અલ્પ ઉપધિ રાખવાના કારણે અચેલ ધર્મના પાલક શાસ્ત્રમાં કહેલ છે. આ વિષયમાં મહાશ્રમણ કેશીગૌતમનો સંવાદ પણ ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન–૨૩ નો પ્રસિદ્ધ છે.

પ્રસ્તુત સૂત્ર–૩૩ માં મર્યાદિત ઉપધિ રાખનાર શ્રમણની પ્રધાનતાએ અચેલધર્મને પ્રશસ્ત કહેલ છે. તેમ છતાં નિર્વસ્ત્રતાનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. પ્રશસ્તતાના પાંચ કારણ આ પ્રમાણે બતાવેલ છે– (૧) અચેલ ધર્મી શ્રમણોને ઉપધિ ઉપકરણ ઓછા હોવાથી પ્રતિલેખનાનું કાર્ય અલ્પ હોય છે. (૨) તે સંત હંમેશા હળવાફૂલ રહે છે, કંઈપણ વધારે રાખવું, લેવું-ઉપાડવું તેઓને હોતું નથી. (૩) વધારે સામાન ન હોવાથી લોકોને કોઈ પ્રકારનો સંદેહ થતો નથી, તેથી અલ્પ ઉપધિ રૂપ અચેલધર્મ પાલક શ્રમણોનો વેશ જ વિશ્વસ્ત હોય છે. (૪) અલ્પ ઉપકરણ, વસ્ત્ર-પાત્ર અલ્પ હોવાથી સહજ રીતે કેટલું ય તપ થતું રહે છે. ઠંડી, ગરમી આદિ અનેક પ્રતિકૂળતાને સહેવાનો સહજ મોકો મળે છે. જેનાથી દ્રવ્યભાવ બંને પ્રકારે તપની વૃદ્ધિ થાય છે. (૫) વિપુલ ઈન્દ્રિય નિગ્રહ થાય છે. સાધન-ઉપકરણના અભાવમાં કે અલ્પતામાં ડગલેને પગલે મન તથા ઈન્દ્રિયોને વશમાં રાખવાનો સંયોગ મળે છે. આ પ્રમાણે ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં અચેલધર્મ(અલ્પ ઉપકરણ રૂપ ધર્મ) પણ પ્રશસ્ત છે અને સંપૂર્ણ વસ્ત્ર આદિનો ત્યાગ કરીને અચેલ જિનકલ્પ આદિ સાધના પણ પ્રશસ્ત કહેલ છે.

અહીં એ સમજવું જરૂરી છે કે એકાંત રૂપે નિર્વસ્ત્રને જ અચેલ માનવું અને તેના વગર મુક્તિ સાધના નથી એમ સમજવું, તે અયથાર્થ છે.

**પ્રશ્ન–૧૬ : પ્રત્યાખ્યાન કરવાની સાથે કયા-કયા વિવેક રાખવા આવશ્યક છે ?**

**ઉત્તર**–પ્રત્યેક આચરણનું મહત્ત્વ તેની સાથેના વિવેકથી અત્યધિક વધી જાય છે. પ્રત્યાખ્યાન–ત્યાગ સ્વયં શ્રેષ્ઠ છે. તોપણ તેની શ્રેષ્ઠતા સહવર્તી ગુણોથી ખૂબ વધી જાય છે. પ્રસ્તુતમાં એ સહયોગી ગુણોને પાંચની સંખ્યામાં કહેલ છે, જેમ કે– (૧) પ્રત્યાખ્યાન પ્રત્યે શ્રદ્ધા, જ્ઞાન, રુચિ, સમજ બરાબર હોવી જોઈએ. (૨) વ્રત-નિયમ, ત્યાગ-પ્રત્યાખ્યાનને ગ્રહણ કરતી વખતે ઊભા થવું,





હાથ જોડી, મસ્તક નમાવી, વિનયાવનત બની જવું જોઈએ. (૩) પ્રત્યાખ્યાનને માટે સમ્યક વચનોથી નિવેદન તથા પ્રત્યાખ્યાન પાઠનું સમ્યક શ્રવણ કે ઉચ્ચારણ થવું જોઈએ અને અંતમાં 'વોસિરામિ' પદનું ઉચ્ચારણ કરવું જોઈએ. (૪) પ્રતિજ્ઞા અનુસાર યથાર્થ પાલન અંત સુધી થવું જોઈએ. (૫) પ્રત્યાખ્યાન પાલન કરતી વખતે દીનતા, ખેદ, લાચારીના ભાવો ન કરતાં અહોભાવ, પ્રસન્નતા, આનંદાનુભૂતિના પવિત્ર પરિણામ હોવા જોઈએ. આ રીતે આ પાંચ વાતોનો વિવેક રાખવાથી કરવામાં આવતાં પ્રત્યાખ્યાનોની સમ્યક આરાધના થાય છે.

**પ્રશ્ન–૧૭ : પાંચ પ્રતિક્રમણ કયા-કયા છે ?**

**ઉત્તર**– સૂત્ર બાવનમાં પાંચ પ્રતિક્રમણ આ પ્રમાણે કહેલ છે– (૧) આશ્રવદ્વાર પ્રતિક્રમણ– હિંસાદિ પાપોનું પ્રતિક્રમણ. તેને જ અવ્રતનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. (૨) મિથ્યાત્વનું પ્રતિક્રમણ– અન્યત્ર પરંપરામાં તેનો ક્રમ પ્રથમ છે અને અવ્રતનો ક્રમ બીજો છે. આવો ક્રમ ભેદ સમજભ્રમથી કે કોઈપણ કારણથી થઈ જાય છે. (૩) કષાયનું પ્રતિક્રમણ (૪) યોગનું પ્રતિક્રમણ (૫) ભાવોનું(અશુભ ભાવોનું) પ્રતિક્રમણ. તેના સ્થાને પરંપરામાં પ્રમાદભાવોનું પ્રતિક્રમણ ગણાય છે. પરંપરામાં ગણાતા પાંચ પ્રતિક્રમણ– મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગનું પ્રતિક્રમણ. બંનેમાં ઉચ્ચારણ માત્રનો ભેદ છે, ભાવાર્થ બંનેમાં લગભગ એક જેવો થઈ જાય છે.

**પ્રશ્ન–૧૮ : સૂત્રોની વાચના લેવા-દેવાના લાભ કયા કયા છે ?**

**ઉત્તર**– સૂત્ર–૫૩, ૫૪માં ક્રમશઃ સૂત્રાર્થ વાચના દેવાના અને સૂત્રાર્થ ગ્રહણ કરવાના ૫–૫ લાભ–ઉદ્દેશ્ય દર્શાવેલ છે– (૧) જિનશાસનમાં, સંઘમાં શ્રુત-જ્ઞાન અને શ્રુતજ્ઞાનીઓની પરંપરા અવિચ્છિન્ન ચાલુ રહે. (૨) જ્ઞાન અને જ્ઞાનીની પોતાની સંપદા વૃદ્ધિને માટે અર્થાત્ અધિકતમ શિષ્ય જ્ઞાનસંપન્ન બને, બહુશ્રુત બને અને જેનાથી તેઓ સ્વ-પર તથા સંઘના ઉપકારક બને. (૩) શિષ્યો પ્રત્યે કર્તવ્યપાલનની સાથે સહજ ઉપકારની ભાવનાથી. (૪) સ્વાધ્યાય આદાન-પ્રદાનમાં આભ્યંતર તપ દ્વારા કર્મોની નિર્જરાના હેતુથી. (૫) વાચના દેવાથી પોતાના જ્ઞાનની સ્મૃતિ તાજી રહેશે તેમજ પરસ્પર ચર્ચા વિચારણાથી પોતાનું શ્રુતજ્ઞાન પુષ્ટ-પુષ્ટતર બનશે. આ વાચના દેવાના શુભ હેતુ કહેલ છે. સાધકોને વાચના દેવામાં આવા આગમિક પવિત્ર હેતુ અંતર માનસમાં રાખવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

શ્રુતની વાચના લેવાના મુખ્ય હેતુ આ પ્રમાણે છે– (૧) પોતાના આગમ જ્ઞાનની વૃદ્ધિ તેમજ પુષ્ટિને માટે. (૨) જ્ઞાનની વૃદ્ધિથી સમ્યક શ્રદ્ધાની પુષ્ટિ

થશે તે માટે. (૩) સમ્યક જ્ઞાનમય આચાર શુદ્ધિ હેતુ અર્થાત્ ચારિત્રની સમ્યક આરાધનામાં આગમજ્ઞાન અત્યંત ઉપકારક થાય છે તેથી ચારિત્રની આરાધના અર્થે પણ સદા અધ્યયનશીલ રહેવું. (૪) શાસ્ત્રોનું વિશાળ જ્ઞાન કરીને તેને સમ્યક રૂપે પરિણમાવનાર સ્વ-પરને કદાગ્રહ આદિથી સુરક્ષિત કરવામાં સમર્થ બને છે અને સાચામાર્ગ તથા સાચા તત્ત્વના આગમાધારે યુકિતપૂર્વક નિર્ણાયક બને છે. તેથી કદાગ્રહ આદિથી સુરક્ષિત રહેવા, અન્યને રાખી શકવાની યોગ્યતા પ્રાપ્ત કરવાના હેતુથી અધ્યયન કરવું કેમ કે આગમ જ્ઞાન વૃદ્ધિ, અનુભવ વૃદ્ધિથી વ્યક્તિ અનેક સમસ્યાઓનો ઉકેલ કાઢવામાં સમર્થ બને છે. (૫) આગમોનો વારંવાર સ્વાધ્યાય, વાચના, વિચારણાથી યથાર્થ વાસ્તવિક ગૂઢાર્થ રહસ્યોની ઉપલબ્ધિ થાય છે. તેના માટે નિરંતર શ્રુત અધ્યયનમાં યથાસમય રત રહેવું જોઈએ. આ પ્રમાણે આ બે સૂત્રોથી ૧૦ બોલોમાં શ્રુત અધ્યયનના ઉદ્દેશ્ય તેમજ અનુપમ લાભના અનેક મુદા સંગ્રહિત કરેલા છે.

**પ્રશ્ન–૧૯ : અન્ય પણ કયા-કયા તત્ત્વોનું આ સ્થાનમાં નિરૂપણ છે?**

**ઉત્તર–** આ સ્થાનના ત્રણે ય ઉદ્દેશકોમાં મુખ્ય ચર્ચિત વિષયો સિવાય પણ અનેક વિષય સંકલિત છે. જેમ કે– **(૧)** મધ્યમના ૨૨ તીર્થંકરોના શાસનમાં પાંચ સુગમ છે– ૧. ધર્મતત્ત્વોનું નિરૂપણ કરવું ૨. ભેદાનુભેદ દ્વારા સમજાવવું ૩. સરળતાથી સહજ સમજી જવું ૪. પરીષહ–ઉપસર્ગોને સહન કરવા ૫. સંયમનું યથાર્થ પાલન કરવું. પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં આ પાંચે ય દુર્ગમ–મુશ્કેલ હોય છે તેમ સમજી લેવું. **(૨)** પાંચ પ્રકારની સરળતા અર્થાત્ સંયમ સ્થાન છે– ૧. શ્રેષ્ઠ સરળતા ૨. નમ્રતા ૩. લઘુતા ૪. ક્ષમા ૫. નિષ્પરિગ્રહિતા–નિર્લોભતા. **(૩)** શક્રેન્દ્રની આભ્યંતર પરિષદના દેવોની તથા ઈશાનેન્દ્રની આભ્યંતર પરિષદની દેવીઓની સ્થિતિ ૫–૫ પલ્યોપમની હોય છે. **(૪)** પ્રતિઘાત–અવરોધ પાંચ છે– ૧. અશુભ પરિણામોથી શુભગતિનો પ્રતિઘાત, ૨. તપ આદિથી ઉદીરણા કરીને કર્મસ્થિતિનો પ્રતિઘાત, ૩. આલોચના, પ્રતિક્રમણ, આત્મનિંદા, ગર્હાથી કર્મબંધનો પ્રતિઘાત, ૪. અશાતા વેદનીયના ઉદયે પ્રાપ્ત સુખભોગોમાં પ્રતિઘાત, ૫. અંતરાય કર્મના ઉદયે શુભનામ કર્મવાળા સુંદર સુડોળ શરીરથી પણ પરાક્રમ કરવાના અભાવ રૂપ ઉપઘાત. આ રીતે પાંચની સંખ્યામાં પ્રતિઘાત કહેલ છે. **(૫)** માનવની આજીવિકાના પાંચ પ્રકાર– ૧. બ્રાહ્મણ આદિ જાતિ નિમિત્તક આજીવિકા, ૨. ક્ષત્રિય આદિ કુળ નિમિત્તે રાજ્ય સત્તા યુક્ત આજીવિકા, ૩. કૃષિ કર્મ આદિથી આજીવિકા, ૪. દરજી, સુતાર, કુંભાર આદિ શિલ્પકળાથી આજીવિકા, ૫. સાધુ-સંન્યાસી





આદિ લિંગ–વેશભૂષાના માધ્યમથી આજીવિકા. આ રીતે સંસારમાં પ્રત્યેક પ્રાણીઓને ઉદરપૂર્તિ રૂપ આજીવિકા કોઇ પણ રીતે કરવી આવશ્યક બને છે. **(૬)** રાજચિન્હ પાંચ કહેલ છે– તલવાર, છત્ર, મુગટ, મોજડી, ચામર. **(૭)** કેવળીના પાંચ અનુત્તર ગુણ છે– અનુત્તર જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ,પરાક્રમ. **(૮)** ૨૪ માંથી ૧૪ તીર્થંકરોનાં પાંચે ય કલ્યાણક એક-એક નક્ષત્રમાં જ થયા હતા. શેષ ૧૦ તીર્થંકરોના પાંચે ય કલ્યાણક અનેક નક્ષત્રોમાં થયા હતા. પાંચનું જ અહીં કથન હોવાથી, તે અપ્રાસંગિક કથન અહીં છોડી દીધેલ છે. તે તે નક્ષત્રો જન્માદિ સમયે આકાશમંડળમાં ચંદ્રની સાથે સીધાણમાં પોતાના સીમા ક્ષેત્રની અપેક્ષાએ રહે છે, ભ્રમણગતિ કરે છે ત્યારે તે નક્ષત્રનો યોગ કહેવાય છે. **(૯)** ચમરેન્દ્રની પાંચ અગ્રમહિષીઓનાં નામ–કાલી, રાજી, રજની, વિદ્યુત, મેઘા. બલીન્દ્રની પાંચ અગ્રમહિષીઓ–શુંભા, નિશુંભા, રંભા, નિરંભા, મદના.

ભવનપતિ તથા વૈમાનિક ઈન્દ્રોને ૭–૭ પ્રકારની સેના હોય છે. અહીં પાંચ સંખ્યાને અનુરૂપ પાંચ-પાંચ સેનાનું કથન છે. નર્તક સેના અને ગંધર્વ (ગાયક) સેનાને વર્જેલ છે. અપેક્ષાએ યુદ્ધને યોગ્ય પાંચ સેના જ હોય છે, બાકીની બે સેના તો ઋદ્ધિ રૂપ હોય છે. પ્રસ્તુત શાસ્ત્રમાં સેનાઓના અધિપતિઓના નામ બતાવેલ છે. પાંચ-પાંચ નામ પાંચમા સ્થાનમાં અને બાકીના બે નામ સાતમા સ્થાનમાં કહેલ છે.

અહીં દેવેન્દ્રોની સેનામાં જે પશુઓનાં નામ છે તે પ્રમાણે દેવ તેવા રૂપોની વિકુર્વણા કરીને રહે છે. વાસ્તવમાં દેવલોકમાં જાનવર હોતાં નથી.

પાયદળ સેનામાં બધાની સાત-સાત કક્ષાઓ કહેલ છે અને કક્ષાઓમાં દેવોની સંખ્યા પણ નક્કી હોય છે. તે સંખ્યા પણ સાતમા સ્થાનના સૂત્ર–૧૧૪ થી ૧૧૯ સુધી બતાવેલ છે. તેમાં વિશેષતા એ છે કે પ્રથમ કક્ષાથી બીજી કક્ષામાં બમણા દેવ હોય છે, એમ ત્રીજીમાં બીજી કક્ષાથી બમણા યાવત્ છટ્ઠી કક્ષાથી સાતમી કક્ષામાં બમણા દેવ હોય છે.

આ રીતે અહીં ભવનપતિ અને વૈમાનિક ઈન્દ્રોની સેનાઓ વગેરેનું કથન છે. નામોમાં વિશેષતા એ છે કે નવનિકાયમાં દક્ષિણના ૯ ઈન્દ્રોના સેના અધિપતિઓના નામ એક સરખા છે અને ઉત્તરના પણ બધા સેના અધિપતિઓના નામ એક સરખા છે.

સેનામાં ભવનપતિઓમાં ચોથી સેના મહિષોની છે અને વૈમાનિકોમાં તેની જગ્યાએ બળદોની સેના છે. બાકી દરેક(છએ) સેના સરખી છે. ***॥ ઈતિ પ્રથમોદ્દેશક ॥***

**(૧૧) પાંચ આશ્રવ**–મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ. **પાંચ સંવર**– સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય, અયોગ(શુભયોગ). **(૧૨)** પરિજ્ઞા– જ્ઞ પરિજ્ઞા અને ત્યાગ પરિજ્ઞા. ૧. સંયમ યોગ્ય આવશ્યક ઉપધિનું પરિજ્ઞાન તેમજ મમત્વ ત્યાગ, ૨. શય્યા, સંસ્તારક અને મકાન સંબંધી કલ્પ-અકલ્પનું પરિજ્ઞાન તેમજ આસક્તિ ત્યાગ, ૩. કષાય સ્વરૂપ અને ફળ આદિનું પરિજ્ઞાન તેમજ કષાયોનો લક્ષ્યપૂર્વક ત્યાગ અને વિવેક, ૪. યોગ પરિજ્ઞાન– મન, વચન, કાયાના શુભાશુભનું પરિજ્ઞાન તથા તેમાંથી નિવૃત્તિ, ૫. આહાર અને પાણીની નિર્દોષતાઓનું તેમજ સ્વ-પરના હિતાવહ આહારની મર્યાદાનું પરિજ્ઞાન તેમજ સ્વાદવૃત્તિનો અને માંડલાના પાંચ દોષોનો તેમજ કુલ ૪૭ દોષોનો પરિત્યાગ કરવો. એમ ઉભય પ્રકારની પરિજ્ઞાને અહીં પાંચથી સંબંધિત કરીને બતાવેલ છે. જેમાંથી ત્રણમાં આસક્તિ ત્યાગ અને બેમાં નિગ્રહરૂપ ત્યાગ છે. **(૧૩)** સંયમી વ્યક્તિ જાગૃત અવસ્થામાં હોય છે ત્યારે તેના ઈન્દ્રિય વિષય સુપ્ત રહે છે કારણ કે તે ઈન્દ્રિય નિગ્રહમાં પૂર્ણ સાવધાની રાખે છે. સંયમી જ્યારે સૂએ છે, નિદ્રા સમયે તેની સાવધાની સતર્કતા સુપ્ત થઈ જાય છે. જેથી તે સમયે તેની પાંચે ય ઈન્દ્રિયોના વિષયો જાગૃત રહે છે. ઊંઘમાં સ્વપ્નમાં કંઈપણ બની શકે છે. **(૧૪)** પાંચ ઉપઘાત– ઉદ્‌ગમ, ઉત્પાદના, એષણાદોષ સેવન. ઉપકરણોનું અનાવશ્યક પરિકર્મ, અકલ્પનીય ઉપકરણનો ઉપયોગ; તે પાંચેયથી સંયમનો ઉપઘાત, નુકસાન કે વિનાશ થાય છે. તેના પ્રતિપક્ષમાં **પાંચ વિશોધિ** સંયમના વિકાસ કહેલ છે. તેમાં એષણાના ૪૭ દોષ ટાળવાથી, નિષ્પ્રયોજન ઉપકરણોનું પરિકર્મ ન કરવાથી તેમજ **આગમોક્ત ઉપકરણ જ** રાખવાથી સંયમની સદા પ્રગતિ, વિકાસ-વિશોધિ થાય છે. **(૧૫)** પાંચ આશ્રવ અને પાંચ સંવર– આ બંને ય પાંચ ઈન્દ્રિય સંબંધી કહેલ છે. **(૧૬)** એકેન્દ્રિયની હિંસાનો ત્યાગ કરનાર પાંચ પ્રકારનો સંયમ કરે છે– પૃથ્વીકાય સંયમ યાવત્ વનસ્પતિકાય સંયમ. પંચેન્દ્રિયની હિંસાનો ત્યાગ કરનાર પાંચ પ્રકારનો સંયમ કરે છે– શ્રોતેન્દ્રિય સંયમ યાવત્ સ્પર્શેન્દ્રિય સંયમ. તે જ રીતે એકેન્દ્રિય, પંચેન્દ્રિયની હિંસા કરનાર પાંચ પ્રકારનો અસંયમ–વ્યાઘાત કરે છે. સર્વ પ્રાણીઓની હિંસા ત્યાગ કરવામાં અને હિંસા કરવામાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સંયમ અને અસંયમ પાંચ-પાંચ પ્રકારનો કહેવો. **(૧૭)** ઋષભદેવ ભગવાન, ભરત ચક્રવર્તી, બાહુબલિ, બ્રાહ્મી, સુંદરી. એ પાંચેયની અવગાહના ૫૦૦ ધનુષની હતી. **(૧૮)** ઊંઘમાં સૂતેલી વ્યક્તિ પાંચ કારણે જાગૃત થાય છે– અવાજ સાંભળીને, કોઈના સ્પર્શથી કે ટકરાવાથી, ભોજન પરિણત થઈ જતાં ભૂખ લાગવાથી, નિદ્રાના કર્મનો ક્ષય





થવાથી અર્થાત ઊંઘ પૂરી થઈ જવાથી અને સ્વપ્ન જોવાથી(ક્ષુબ્ધ થવાથી કે સ્વપ્ન પૂરું થવાથી)**॥ ઈતિ બીજો ઉદ્દેશક ॥**

**(૧૯)** વાયુના પાંચ પ્રકાર– પૂર્વ વાયુ યાવત્ ઉત્તરવાયુ , પાંચમો વિદિશવાયુ– વિદિશામાં ચાલતો પવન. અચિત્તવાયુના પાંચ પ્રકાર– ૧. ભૂમિ પર જોર-જોરથી પગ પછાડવાથી ઉત્પન્ન ૨. શંખ વગેરે ફૂંકવાથી ઉત્પન્ન ૩. યંત્રપીલણ થવાથી ઉત્પન્ન ૪. શરીરની અંદર ઉત્પન્ન ૫. સ્વતઃ સંમૂર્ચ્છિમ ઉત્પન્ન વાયુ. આ અચિત્ત વાયુ અલ્પકાળ પછી સ્વતઃ સચિત્ત થઈ જાય છે. **(૨૦)** નિધિ પાંચ છે– પુત્ર, મિત્ર, શિલ્પ, ધન અને ધાન્ય. **(૨૧)** દ્રવ્ય અને ભાવશુચિના પાંચ પ્રકાર– માટીથી વાસણોની, પાણીથી શરીર, વસ્ત્રાદિની, અગ્નિથી સોના, ચાંદી આદિ ધાતુઓની, મંત્રથી પાપોની(દોષોની) કે વાતાવરણની, બ્રહ્મચર્યથી આત્માની શુદ્ધિ થાય છે. **(૨૨)** છદ્મસ્થ જીવ– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીર રહિત જીવ અને પરમાણુને પૂર્ણ રીતે જાણી દેખી શકતા નથી, માત્ર શ્રુતજ્ઞાનના આધારે જાણે છે; કેવળજ્ઞાની પૂર્ણ રૂપે જાણે-દેખે છે. **(૨૩)** યાચકના પાંચ પ્રકાર– અતિથિરૂપ યાચક, કૃપણરૂપ યાચક, બ્રાહ્મણ રૂપ યાચક, કૂતરા યાચક(પશુ), શ્રમણ યાચક. માંગવાની કે અપેક્ષા રાખવાની અપેક્ષાએ આ પાંચેયને યાચક કહેલ છે. બીજો અર્થ– એ પાંચના દાનની પ્રશંસા કરીને યાચના કરનાર. પ્રથમ અર્થ વધારે યોગ્ય જણાય છે. **(૨૪)** પાંચ ઉત્કલ (પ્રધાન)– આરક્ષક દંડપ્રધાન, રાજ્યમાં પ્રધાન કર્મચારી, ચોરોમાં પ્રધાન– સરદાર, અમુક દેશ-વિદેશમાં પ્રધાન અને પાંચેયમાં એટલે બધા વિષયોમાં પ્રધાન. **(૨૫)** છેદનના પાંચ પ્રકાર– ઉત્પાદ પર્યાયની અપેક્ષા વિભાજન, વ્યય પર્યાયની અપેક્ષા વિભાજન, કર્મબંધની અપેક્ષા વિભાજન, પ્રદેશની અપેક્ષા વિભાજન, તલવારથી વિભાજન **(૨૬)** આનંતર્ય પાંચ છે– ઉત્પાદ, વ્યય પ્રદેશોની સંલગ્નતા, સમયની નિરંતરતા, સામાન્ય નિરંતરતા(વિશેષની વિવક્ષા વિના), શ્રામણ્ય આનંતર્ય–શ્રેણીની અપેક્ષા. **(૨૭)** અનંત પાંચ– નામ, સ્થાપના, દ્રવ્ય, ગણના, પ્રદેશ. બીજી રીતે– એક દિશામાં શ્રેણી પ્રદેશ અનંત, બે દિશામાં શ્રેણી પ્રદેશ, વિસ્તાર યુક્ત એક દિશા, સર્વદિશા વિસ્તાર, શાશ્વત અનંત–અનાદિ અનંત. **(૨૮)** પાંચ તીર્થંકરોએ રાજા બન્યા વગર દીક્ષા લીધી હતી– વાસુપૂજ્ય, મલ્લિનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ, મહાવીર સ્વામી. **(૨૯)** પાંચ નક્ષત્રોનાં પાંચ તારાવિમાન છે– ધનિષ્ઠા, રોહિણી, પુનર્વસુ, હસ્ત, વિશાખા નક્ષત્ર.

આ સિવાય અન્ય આગમોમાં વર્ણવેલા તથા અહીં પણ પૂર્વ સ્થાનોમાં

વર્ણવેલા અનેકાનેક વિષય છે. જેમ કે– મહાવ્રત, અણુવ્રત, ઈન્દ્રિય વિષય, સદ્‌ગતિ-દુર્ગતિ, પડિમા, વર્ણાદિ, યતિધર્મ, તપ, અભિગ્રહ, આસન, વૈયાવૃત્ય, વિસંભોગ, પ્રાયશ્ચિત્ત, નિષદ્યા, જ્યોતિષી દેવ, પરિચારણા, અગ્રમહિષી, દંડ, ક્રિયા, વ્યવહાર, કર્મ, પ્રતિસંલીનતા, ચારિત્ર, તૃણ વનસ્પતિ, પંચાચાર, ક્ષેત્ર-પર્વત-દ્રહ, અતિશય, ઋદ્ધિ, અસ્તિકાય, જીવ, નિયંઠા ભેદ, પાંચ વસ્ત્ર, પાંચ રજોહરણ, નરકાવાસ, અનુત્તરવિમાન, સમિતિ, ધાન્ય યોનિ, મત્સ્ય–ભિક્ષુ ઉપમા, સંવત્સર,નિર્વાણમાર્ગ, જ્ઞાન, સ્વાધ્યાય. દેવલોક, દ્વીપ, નદી આદિ. ત્રણે ય ઉદ્દેશોના અધિકતમ વિષય અન્ય શાસ્ત્રોમાં વર્ણવેલા છે. તેની ચર્ચા વિચારણા ત્યાં કરવામાં આવશે.

# સ્થાન–૬

**પ્રશ્ન–૧ : આ સ્થાનનો પરિચય શું છે ?**

**ઉત્તર–** આ સ્થાનમાં છ ની સંખ્યા સાથે સંબંધિત વિષયોનું નિરૂપણ છે. તેમાં અન્ય કોઈ વિભાજન–ઉદ્દેશક આદિ નથી. સીધું જ ૧૨૧ સૂત્રોમાં વર્ણન કરેલ છે. વર્ણન વિષય અક્રમિક જ છે, કોઈ નિશ્ચિત્ત વિષયક્રમ નથી.

**પ્રશ્ન–૨ : શ્રમણ-શ્રમણીઓમાં કોણ સંઘાડા પ્રમુખ બનીને વિચરણ કરી શકે છે ?**

**ઉત્તર–** આ સ્થાનના પ્રથમ સૂત્રમાં ગણ ધારણ કરીને(૨, ૪, ૫ સાધુઓને લઈને) વિચરણ કરનારને છ ગુણોના ધારક હોવાનું કહેલ છે, યથા–

**(૧) શ્રદ્ધાવાન–** દૃઢ શ્રદ્ધાવાળા. જિનશાસન, જિનાગમ અને ગુર્વાજ્ઞામાં દૃઢ અડોલ, અકંપ આસ્થાવાન હોવા જોઈએ. કોઈની વાતોમાં ફોસલાઈ ન જાય. **(૨) સત્ય પુરુષ–** સત્યનિષ્ઠ, કોઈની ખોટી હા માં હા ન કરે. નીતિવાન, ઈમાનદાર, જૂઠ-કપટ, છળ-પ્રપંચથી મુક્ત, યથાર્થ વચન પ્રયોગ કરનાર તેમજ યથાર્થ જ આચરણ કરનાર. સત્ય માર્ગ નહીં છોડનારા, સદા સત્ય માર્ગે જ ચાલનારા. **(૩) મેહાવી–** બુદ્ધિમાન, કુશળ, વિચક્ષણતા આદિ ગુણોવાળા, સમયજ્ઞ અને વિવેકયુક્ત નિર્ણય કરવામાં સમર્થ. **(૪) બહુશ્રુત-ગીતાર્થ** સાધુ-સાધ્વી બંનેની અપેક્ષા આ ગુણો કહેલ છે. તેથી જે સમયે જેટલા શાસ્ત્ર ઉપલબ્ધ હોય તેનું સમ્યક અધ્યયન કરી તેમાં પારંગત બનનાર, અર્થ પરમાર્થની ચર્ચા-વિચારણા દ્વારા તત્ત્વોને, આચારોને સમજેલા સાધક તથા અમુક જરૂરી વ્યવહાર સૂત્ર નિર્દિષ્ટ આગમોને સૂત્ર, અર્થ, ઉભય રીતે કંઠસ્થ ધારણ કરનાર શ્રમણ-શ્રમણી





બહુશ્રુત થાય છે. **કંઠસ્થ સૂત્ર ધારણમાં–** આવશ્યક, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, આચારાંગ, નિશીથ સૂત્ર, સૂયગડાંગ સૂત્ર અને ત્રણ છેદ સૂત્ર. આ ક્રમથી પાંચ કે નવ શાસ્ત્રને ધારણ કરનાર, જઘન્ય તેમજ મધ્યમ બહુશ્રુત ભાષ્ય અનુસાર ગણવામાં આવેલ છે. ઉત્કૃષ્ટમાં ૯ પૂર્વ થી ૧૪ પૂર્વજ્ઞાની લેવાય છે. **(૫) શક્તિવાન–** સામર્થ્યશાળી. શરીરથી સ્વસ્થ તેમજ દૃઢ સંહનનવાળા. રોગોથી આક્રાંત, કાયર, ડરપોક સ્વભાવવાળા ન હોવા જોઈએ. નીડર સ્વભાવી હોવા જોઈએ અર્થાત્ શારીરિક તેમજ માનસિક ક્ષમતાથી યુક્ત હોવા જોઈએ. **(૬) અલ્પાધિકરણ–** ક્લેશ, કષાય, કદાગ્રહથી રહિત પ્રકૃતિવાળા, મધુરભાષી, મિલનસાર, નિઃસ્વાર્થ પરોપકારી, બીજાના મનને જીતી શકે તેવા તેમજ કષાયોથી સદા દૂર રહેનાર હોવા જોઈએ.

ઉપરોક્ત ગુણોથી સંપન્ન સાધુ પોતાની નિશ્રામાં અન્ય શ્રમણોને અને સાધ્વી અન્ય શ્રમણીઓને લઈને સંઘાડાની મુખ્યતા ધારણ કરીને વિચરણ કરી શકે છે અને તેમનું વિચરણ સ્વ-પરને માટે તેમજ જનતાને માટે તથા જિનશાસનને માટે હિતાવહ–પરમ હિતાવહ થાય છે.

તેથી સાધકોએ, અભ્યાસી શ્રમણોએ, પ્રારંભથી પોતાને આ પ્રકારની યોગ્યતા તેમજ ગુણોથી સંપન્ન બનવા-બનાવવા માટે ઉદ્યમશીલ રહેવું જોઈએ. તે ઉપરાંત કોઈ શ્રમણને ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન–૩૨ કે દશવૈકાલિક ચૂલિકા અનુસાર અથવા આચારાંગ, સૂયગડાંગ સૂત્ર નિર્દિષ્ટ સપરિસ્થિતિક એકલવિહાર કરવાની આવશ્યકતા પડે તો તેને પણ ઉપરોક્ત છ ગુણોથી સંપન્નતાની પોતાની યોગ્યતાનું પૂર્ણ નિરીક્ષણ કરી લેવું જોઈએ. આ શાસ્ત્રમાં આગળ આઠમા સ્થાનમાં એવા એકલવિહાર કરનારાને માટે આ ૬ ગુણો સહિત બે ગુણ નવા જોડીને આઠ ગુણસંપન્ન હોવાનું કહેલ છે. **(૭) ધૈર્યવાન–** કોઈપણ કષ્ટમય સ્થિતિ આવે ત્યારે ધૈર્ય રાખીને શાંતિપૂર્વક તેને પાર કરી શકનાર, કોઈપણ ઉતાવળા નિર્ણય નહીં કરતાં ગંભીરતાથી માનસિક સંતુલન રાખી શકનાર, સહનશીલ સ્વભાવવાળા હોવા જોઈએ. એકલા રહેવામાં આ વિશેષ ગુણ આવશ્યક કહેલ છે. **(૮) વીર્ય સંપન્ન–** અદમ્ય ઉત્સાહી, હિંમતવાન, પુરુષાર્થી, દૃઢ મનોબળવાળા હોવું; તે પણ એકલવિહાર કરનાર માટે વિશેષ ગુણ આવશ્યક છે.

આ બે ગુણ એકાકી હોવાને માટે વિશેષ કહેવાનું તાત્પર્ય એ છે કે પોતાની સંપૂર્ણ જવાબદારી એકલા ઉપર આવી જાય છે– શરીરની, સ્વાવલંબી રહેવાની, સંયમ મર્યાદાઓને નિભાવવાની, કોઈનો વ્યવહાર પ્રતિકૂળ હોય, કોઈ અપમાન-તિરસ્કાર કરે, મકાન આદિ ન આપે. એવી અનેક પરિસ્થિતિઓમાં

ધીરજ અને ઉત્સાહપૂર્વક એકાકીપણામાં સંતુષ્ટ રહેવાનું હોય છે. ગચ્છગત સાધુ ભલે મોટા તરીકેનું કર્તવ્ય નિભાવે અર્થાત્ સંઘાડા પ્રમુખ બનીને જવાબ-દારી નિભાવે તો પણ તેની સાથેના સંત દરેક કાર્યમાં સહયોગી બની શકે છે. તેથી અંતિમ બે ગુણોને છોડીને, પ્રારંભના ૬ ગુણોના ધારક થવાનું જ છટ્ઠા સ્થાનમાં કહેલ છે.

અહીં ત્રીજો બોલ શક્તિવાનનો છે, તેમાં શારીરિક શક્તિની પ્રધાનતા છે અને આઠમો બોલ વીર્ય સંપન્નનો છે તેમાં ઉત્સાહ, હિંમત આદિ ભાવોની પ્રધાનતા છે. તેથી બંને બોલોનું અલગ-અલગ કથન યથાર્થ છે, એમ સમજવું.

પ્રાચીન વ્યાખ્યાકારોએ ૬ ગુણોના જે અર્થ કર્યા છે તેમાં બહુશ્રુતનો આશય, જઘન્ય–મધ્યમ બહુશ્રુત કરેલ છે. જ્યારે એકલવિહારમાં તે જ ગુણથી ૯ પૂર્વી યાવત્ ૧૪ પૂર્વી હોવા જરૂરી છે એવો અર્થ કરેલ છે. તે કારણે પરંપરામાં એકલવિહારનો વિચ્છેદ થયાનું કહેવાય છે તથા એકલવિહારી સંત જિનાજ્ઞા વિપરીત, અકલ્પનીય વિહારવાળા કહેવાય છે. વાસ્તવમાં તેવું કથન કરવું તે અધૂરા જ્ઞાનનું પરિણામ છે તથા એકાંત નિષેધ કરવો ઉત્સૂત્ર પ્રરૂપણા દોષ યુક્ત પણ છે, કારણ કે ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, સૂયગડાંગ આદિ સૂત્રોમાં સાધુના એકલવિહારનું સ્પષ્ટ કથન છે અને તેમાં કલ્યાણ થવાનું પણ સ્વીકારેલ છે. તેથી છ ગુણોનો અર્થ બંને સ્થળે એક સરખો કરવો જ ન્યાય યુક્ત હોય છે અને તેમ કરતાં અતિ પ્રરૂપણાનો દોષ પણ ન લાગે.

**પ્રશ્ન–૩ : સાધુ-સાધ્વી કાળ કરી જાય ત્યારે સાધર્મિક સંત-સતી શું કરી શકે છે ?**

**ઉત્તર–** (૧) સાધર્મિક સાધુ-સાધ્વી તે મૃત શરીરને અંદરના રૂમમાંથી બહારના રૂમમાં લાવી શકે છે. (૨) ત્યાર બાદ તેનાથી પણ બહાર ઘરના ચોક, ચબૂતરા આદિમાં લાવીને રાખી શકે છે. (૩) આખી રાત્રિ રાખવું પડે તો તેની સાર-સંભાળ–દેખરેખ રાખી શકે છે. (૪) આખી રાત જાગરણ કરી શકે છે. (૫) પરિચર્યા માટે શ્રમણોને આજ્ઞા આપી શકે છે. (૬) અંતમાં ઉઠાવીને મૌનપૂર્વક ગામની બહાર લઈ જઈને વિસર્જિત કરી શકે છે. ગૃહસ્થ કોઈ પણ સંભાળનાર હોય તો તેમને સોંપી શકે છે, એવું છેદસૂત્રમાં વર્ણન છે.

**પ્રશ્ન–૪ : પ્રસ્તુતમાં અશક્ય અને દુર્લભ શું શું દર્શાવેલ છે ?**

**ઉત્તર–** છ ની સંખ્યાનું વર્ણન હોવાથી અહીં ૬ અશક્ય કાર્ય અને ૬ ની દુર્લભતા કહેલ છે. **અશક્ય કાર્ય–** (૧) જીવને અજીવ કરવા (૨) અજીવને જીવ કરવા (૩) એક સમયમાં બે ભાષા બોલવી (૪) પોતાના બાંધેલા કર્મનું વેદન





કરું કે ન કરું તેનો નિશ્ચય કરવો (૫) પરમાણુ પુદ્ગલનું છેદન-ભેદન કરવું કે અગ્નિમાં બાળવા (૬) લોકની બહાર અલોકમાં જવું. આ કાર્ય સંસારમાં કોઈ પણ પ્રાણી, દેવતા, કેવલી આદિ કરી શકતા નથી. **દુર્લભબોલ– (૧)** મનુષ્ય ભવ– સર્વ જીવોના અલ્પબહુત્વમાં સંજ્ઞી મનુષ્ય સૌથી થોડા છે. **(૨)** આર્ય-ક્ષેત્ર– ભરત ક્ષેત્રમાં સાડા પચીસ દેશ આર્યક્ષેત્ર છે, શેષ ૩૧,૯૭૪ાા (એકત્રીસ હજાર નવસો સાડા ચુમોતેર) અનાર્ય ક્ષેત્ર છે. ભૂમિની અપેક્ષા આ ક્ષેત્ર નિશ્ચિત છે. તેમાં ઉત્પન્ન થનાર ક્ષેત્રની અપેક્ષા આર્ય-અનાર્ય કહેવાય છે. **(૩)** સુકુલ– અહીં ઊંચ-નીચનું કથન નથી, પણ ઉત્તમ કુળનું સૂચન છે. **(૪)** ધર્મશ્રવણ– કેવળી પ્રરૂપિત ધર્મનો શ્રવણ–સંયોગ મળવો દુર્લભ છે. **(૫)** શ્રદ્ધા–શ્રુતજ્ઞાન, સિદ્ધાંતના તત્ત્વોમાં સમ્યક સ્થિર શ્રદ્ધા **(૬)** સમ્યક આચાર– શ્રદ્ધા, પ્રતીતિ, ઢચિ, નિષ્ઠા, ભક્તિ સાથે સર્વજ્ઞોક્ત શ્રમણ આચાર કે શ્રાવકાચારનું યથાર્થ પાલન. આગળના સ્થાનોમાં તથા ઉત્તરાધ્યયન સૂત્રમાં દસ બોલોની દુર્લભતા કહેલ છે. સંખ્યા પ્રકરણના કારણે અહીં શેષ ચારનો સમાવેશ સમજી લેવો.

**પ્રશ્ન–૫ : આત્માર્થી-અનાત્માર્થી હોવાથી શું હાનિ-લાભ થાય છે ?**

**ઉત્તર–** આત્મ સાધનામાં, આત્મ ભાવોમાં, મોક્ષ પ્રાપ્તિના લક્ષ્યમાં સંયમના નિયમોમાં સાવધાન, ધર્મી આત્માઓનું મુખ્ય પ્રયોજન મોક્ષ પ્રાપ્તિ–સંપૂર્ણ કર્મક્ષયનું છે. પોતાના લક્ષ્યમાં, પ્રયોજનમાં જે સાવધાન–તલ્લીન હોય છે તે મોક્ષાર્થી સાધક **આત્માર્થી** કહેવાય છે. **અનાત્માર્થી–** જે સાધનામાં ઉપસ્થિત થઈને પણ લોકસંજ્ઞામાં; જ્ઞાન, માન, પૂજા, પ્રતિષ્ઠાની અપેક્ષામાં પ્રવાહિત, પુદ્ગલાનંદી, ઐહિક સુખાન્વેષી, ઈન્દ્રિય નિગ્રહમાં તથા કષાય નિગ્રહમાં અસાવધાન–સતર્કતા રહિત; નિષ્પરિગ્રહતા, નિઃસ્પૃહતા, નિર્મમત્વની સાધનામાં અલક્ષ્ય કે સુસ્ત લક્ષ્યવાળા હોય છે તેને અનાત્માર્થી કહે છે. અર્થાત્ ધર્મપુઢષાર્થ, ધર્મ સાધના, આરાધનાને માટે પરિપૂર્ણ પાત્રતાની મૂળ ભૂમિકાવાળા સાધક આત્માર્થી કહેવાય અને તે પાત્રતાની અપૂર્ણ પરિપક્વતાવાળા સાધક અનાત્માર્થી કહેવાય છે.

પ્રસ્તુતમાં સૂત્ર–૩૦ માં એ બતાવેલ છે કે પુણ્યથી પ્રાપ્ત ૬ બોલ આત્માર્થી માટે હિતકર થાય છે અર્થાત્ આત્માર્થી તેની પ્રાપ્તિના નિમિત્તે પોતાના આત્માનું હિત જ કરે છે, કર્મનિર્જરા, સંયમ, સંવર જ પ્રાપ્ત કરે છે. તેમના નિમિત્તે તેઓ કર્મબંધ, મોહ-માયા, માન-અભિમાન કરતા નથી. જ્યારે અનાત્માર્થી એ જ પ્રાપ્ત પુણ્ય સામગ્રીના નિમિત્તે અહંભાવ, મોહમાયા કે

કર્મબંધ વધારીને પોતાનું અહિત કરે છે, તે છ બોલ આ પ્રમાણે છે– (૧) સંયમ પર્યાય– સંયમજીવન (૨) શિષ્ય સમુદાય–સંપ્રદાય (૩) શ્રુતજ્ઞાન સંપન્નતા (૪) તપસ્યા (૫) અંતરાય રહિત લાભ (૬) પૂજા-સત્કાર. આત્માર્થી વ્યક્તિ આ ૬ના સંયોગમાં પણ આત્મવિકાસ વધારે છે, સંયમ સાધનાને પુષ્ટ કરે છે. જ્યારે આત્માર્થીપણાની ભૂમિકા ન હોવાથી અનાત્માર્થી વ્યક્તિ તેના નિમિત્તે કે દુઢપયોગથી અવગુણો અને કર્મોની વૃદ્ધિ કરી લે છે. તેથી શાસ્ત્રકારે એ દર્શાવેલ છે કે તે ૬ સ્થાન આત્માર્થીને માટે હિતકારી, સુખકારી, કલ્યાણકારી બને છે અને અનાત્માર્થીને માટે તે જ સ્થાન અહિતકારી, દુઃખકારી અને અકલ્યાણકારી બને છે.

આ આગમ તત્ત્વને સમજીને પ્રત્યેક સાધકે તપ-સંયમની સાધનાની સાથે સંયમની મૂળ ભૂમિકા રૂપ શુદ્ધિ તેમજ ગુણોના સમ્યક પરિણમનની પાત્રતા; જ્ઞાન, વૈરાગ્ય, અનુપ્રેક્ષા દ્વારા પ્રાપ્ત કરતા રહેવી જોઈએ.

**પ્રશ્ન–૬ : પ્રમાદ અને પ્રમાદ પ્રતિલેખન કયા કહેલ છે ?**

**ઉત્તર–** પ્રસ્તુતમાં સૂત્ર–૪૧માં પ્રમાદના છ પ્રકાર કહેલ છે– (૧) નશીલા પદાર્થનું સેવન એ પ્રમાદ છે. તેમાં મદિરા, ધૂમ્રપાન આદિનો સમાવેશ છે. (૨) નિદ્રા રૂપ પ્રમાદ– તેમાં આત્માનું જ્ઞાન અને ભાન સુષુપ્ત થઈ જાય છે, જાગૃત રહેતો નથી. (૩) વિષય પ્રમાદ– ઈન્દ્રિય વિષયોની આસક્તિ. (૪) કષાય પ્રમાદ–કષાયોની પ્રવૃતિ. (૫) જુગાર– આ પણ વિવેક નાશક હોવાથી પ્રમાદ રૂપ છે. (અન્યત્ર ગાથામાં પાંચમો પ્રમાદ **વિકથા** કહેલ છે.) (૬) છટ્ઠો બોલ શ્રમણોની શ્રમણચર્યા સાથે સંબંધિત છે–પ્રમાદ પ્રતિલેખન. છ ની સંખ્યાના કારણે છટ્ઠો પ્રમાદ અહીં કહેલ છે. મુખ્ય સાંસારિક જીવોના પાંચ પ્રમાદ જ સમજવા. શ્રમણાચારમાં પ્રતિલેખનાની પ્રવૃત્તિ અહિંસાની પુષ્ટિ કરનારી આવશ્યક ક્રિયા–દિનચર્યા છે. તે પ્રતિલેખનાના અનેક નિયમો છે. જેનું યથાર્થ પાલન ન કરવું, અયોગ્ય રીતે પ્રતિલેખન કરવું તે પ્રતિલેખન કાર્યમાં પ્રમાદ–ઉપેક્ષાવૃત્તિ છે.

આ પ્રમાદના સૂત્ર પછીના સૂત્રોમાં પ્રતિલેખના સંબંધી ૬–૬ પ્રમાદ તથા અપ્રમાદોનું કથન કરેલ છે. પ્રતિલેખનમાં અવિધિના સેવનને પ્રમાદ કહેલ છે અને વિધિના પાલનને અપ્રમાદ કહેલ છે. તે બધા દોષ-નિયમ ઉત્તરાધ્યયન સૂત્ર આદિમાં વિસ્તારથી કહેલ છે. અહીં માત્ર ૬ ની સંખ્યાના કથન છે. એ વિષયની વિસ્તૃત વિચારણા ત્યાં કરવામાં આવશે.

**પ્રશ્ન–૭ : મહિનાઓમાં અને વર્ષમાં તિથિ ઘટે છે કે વધે છે ?**





**ઉત્તર–** પ્રસ્તુતમાં સૂત્ર–૮૮, ૮૯ માં બતાવેલ છે કે વર્ષમાં ૬ તિથિઓ ઘટે છે અને ૬ તિથિઓ વધે છે. આગમમાં સંવત્સર–માસ પાંચ પ્રકારના કહ્યા છે, તેમાંથી ૩૦ દિવસનો મહિનો અને ૩૬૦ દિવસનું વર્ષ ઋતુ સંવત્સરની અપેક્ષા હોય છે. આ ઋતુ સંવત્સરની અપેક્ષા સૂર્ય સંવત્સરમાં ૬ દિવસ વધે છે અને ચંદ્ર સંવત્સરમાં ૬ દિવસ ઘટે છે અર્થાત્ સૂર્ય સંવત્સર ૩૬૬ દિવસનું હોય છે અને ચંદ્ર સંવત્સર ૩૫૪ દિવસનું હોય છે. આ સ્થૂલ ગણિતથી સમજવું. સૂક્ષ્મ ગણિતથી થોડી મિનિટ આદિ ન્યૂનાધિક હોય શકે છે, તેને પરિપૂર્ણ ૬ દિવસ તરીકે સ્વીકારી લેવાય છે.

આ તિથિ વધ-ઘટનું અહીં સંક્ષિપ્ત કથન છે. લૌકિક પંચાંગમાં ચંદ્ર સંવત્સરમાં તિથિ સંકલનાની વિધિ થોડી જુદી છે. તેમાં વર્ષમાં ૧૪ તિથિ ઘટે છે અને ૮ તિથિ વધે છે. કુલ મળીને ૬ તિથિ ઘટે તે આગમ સાથે મેળ પડી જાય છે અર્થાત્ લૌકિક પંચાંગ અનુસાર પણ આગમોક્ત ૩૫૪ દિવસનું ચંદ્ર સંવત્સર થઈ જાય છે. સૂર્ય સંવત્સરની અપેક્ષા પંચાંગમાં તારીખ લખાય છે. તેમાં પણ વર્ષમાં ૬ દિવસ ઋતુ સંવત્સરની અપેક્ષા અધિક હોય છે. જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી ૩૬૬ દિવસ થઈ જાય છે. આ રીતે આગમોક્ત ૬ તિથિ વધવાનો સુમેળ પણ થઈ જાય છે.

પ્રસ્તુત સૂત્રમાં કયા મહિનાના કયા પક્ષમાં તિથિ વધે-ઘટે છે, તે માસ-પક્ષનો પણ ખુલાસો કર્યો છે. યથા– ભાદરવો, કારતક, પોષ, ફાગણ, વૈશાખ અને અષાઢ મહિનાના કૃષ્ણપક્ષમાં ચંદ્ર સંવત્સરમાં તિથિ ઘટે છે અને સૂર્ય સંવત્સરમાં એ જ મહિનાના શુક્લપક્ષમાં તિથિ વધે છે. અહીં તિથિનું નામ સ્પષ્ટ આપેલ નથી. તિથિ બનાવવા વગેરેનું સૂક્ષ્મ ગણિત વિવરણ જૈનાગમોમાં ઉપલબ્ધ રહ્યું નથી. જે કંઈ પણ જ્યોતિષ સંબંધી વર્ણન ઉપલબ્ધ છે તે પ્રકીર્ણ રૂપે છે. પરિપૂર્ણ વિસ્તૃત સૂક્ષ્મ–આંતર સૂક્ષ્મ ગણિત સિદ્ધિ વિચ્છિન્ન છે તથા લૌકિક પંચાંગના પ્રાયઃ વિધાન આગમના સંકેત વિધાનોના પૂરક જ છે, વિરોધી નથી.

આજથી ૧૨૦૦–૧૩૦૦ વર્ષ પહેલાં પણ આ જ સ્થિતિ હતી. અનેક આચાર્યોએ વિચારણા કરીને પર્વ તિથિઓના નિર્ણયમાં લૌકિક પંચાંગને સ્વીકાર્ય, માન્ય કર્યું હતું. જેની આધારિત ગાથા આ પ્રમાણે છે–

***વિસમે સમય વિસેસે, કરણ ગહ ચાર વાર રિક્ખાણં ।***
***પવ્વ તિહીણ ય સમ્મં, પસાહગં વિગલિયં સુત્તં ॥૧॥***
***તો પવ્વાઈ વિરોહં નાઊણ, સવ્વેહિં ગીય સૂરિહિં ।***
***આગમ મૂલમિણં પિ ય, તો લોઈય ટિપ્પણયં પગયં ॥૨॥***

પ્રસ્તુત ગાથાઓનું હાર્દ એ છે કે સમયની વિષમતાના કારણે પર્વ તિથિઓનું સમ્યક નિર્ણાયક આગમશ્રુત વિચ્છિન્ન(ઓછું) થઈ ગયું અર્થાત્ અપૂર્ણ રહી ગયું છે. જેથી આગમ આધારે પર્વાદિનો સમ્યક સુમેળ થઈ શકતો નથી. તેથી લૌકિક પંચાંગ પણ આગમના મૌલિક સિદ્ધાંતોના પૂરક જ છે, એવું માનીને અનેક ગીતાર્થ–બહુશ્રુત આચાર્યોએ મળીને લૌકિક પંચાંગને જ આપણા પર્વ તિથિઓ વગેરેના નિર્ણયને માટે સ્વીકાર્યું છે. તેથી આજે પણ લૌકિક પંચાંગ પ્રમાણે જ તિથિઓનો સ્વીકાર કરવામાં આવે છે. માત્ર ગુજરાત પ્રાંતીય શ્રમણ પોતાનું જૈન પંચાંગ અજ્ઞાત સમયથી સ્વતંત્ર બનાવે છે. તેઓ પણ મૌલિક આધાર સહયોગ તો લૌકિક પંચાંગનો લે જ છે.

**પ્રશ્ન–૮ : અન્ય પણ બીજા કયા-કયા વિષયોનું અહીં નિરૂપણ છે ?**

**ઉત્તર–** ઉપરોક્ત વિષયો સિવાય અનેક વિષય આ સ્થાનમાં ૬ ની સંખ્યાના માધ્યમથી સંકલિત છે તથા અન્ય આગમમાં આવેલા વિષય પણ ઘણા છે. જેમ કે– **(૧) ૠદ્ધિવાન મનુષ્ય–૬ :** તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, જંઘાચારણ–વિદ્યાચારણ, વિદ્યાધર. **ૠદ્ધિ રહિત મનુષ્ય–૬ :** હેમવય આદિ ૬ યુગલિક ક્ષેત્રના મનુષ્ય.

**(૨) જાતિ આર્ય–૬ :** અહીં જાતિના ૬ અપ્રચલિત નામ કહ્યા છે– અંબાષ્ટ, કલન્દ, વૈદેહ, વૈદિક, હરિત, ચુંચુગ. આ નામ ઘમ્મા, વંશા આદિ નરકના નામોની જેમ અર્થ રહિત તેમજ અપ્રચલિત છે. **કુલ આર્ય–** ઉગ્રકુલ, ભોગકુલ, રાજન્ય કુલ, ઈક્ષ્વાકુકુલ, જ્ઞાતકુલ, કૌરવકુલ. આ કુલ પ્રસિદ્ધ અને લોકમાં પ્રચલિત છે.

**(૩) પાગલ કે ઉન્મત્ત(મતિ વિભ્રાંત) થવાના ૬ કારણ–** ૧. અરિહંતોના અવર્ણવાદ(નિંદા–આશાતના) કરવાથી. ૨. અરિહંતોના ધર્મના, સિદ્ધાંતોના અવર્ણવાદ કરવાથી. ૩. આચાર્ય–ઉપાધ્યાય આદિના અવર્ણવાદ કરવાથી. ૪. ચતુર્વિધ સંઘની, જિનશાસનની હીલના-નિંદા કરવાથી. ૫. પ્રેતાત્માના પ્રવેશથી. ૬. મોહનીય કર્મના ઉદયે, માથાની બીમારીથી પાગલ થઈ જવાથી. અહીં એક કારણ પૂર્વ કર્મોદયને સંબંધિત કહેલ છે અને ૪ કારણ દૂષિત પ્રવૃત્તિ રૂપ કહેલ છે અને એક કારણ ઉપદ્રવ નિમિત્તક કહેલ છે.

**(૪) વિવાદના દૂષણ–૬ :** ૧. વાદમાં ખરો તર્ક કે ઉત્તર ન આવે તો સમય વ્યતીત કરવા મુખ્ય વિષયથી દૂર રહેવું. ૨. ઉત્તર આવે તો ધૈર્ય રાખ્યા વગર જલદી વિવાદમાં ઉતરવું. ૩. પ્રમુખ વ્યક્તિને પોતાની કરી લેવી. ૪. પોતાના જ અભિમાનમાં પ્રમુખની ઉપેક્ષા કરવી, પ્રતિકૂળ વચન બોલવા. ૫. પ્રમુખને સેવાથી ઉપકૃત કરવા. ૬. નિર્ણાયકોમાં કોઈ એક પોતાના પક્ષવાળામાંથી





રાખવો. એવા દૂષિત હારજીતવાળા વાદ આત્મસાધકો માટે ત્યાજ્ય છે. તત્ત્વ નિર્ણયાર્થ વાદ કરવો સુવાદ છે, અતિ જરૂરી હોય ત્યારે ઉપાદેય પણ છે. ક્યારેક જબરદસ્તીથી આવી પડે તો હારજીતનો વાદ પણ કરવો પડે છે. તે સપરિસ્થિતિક અપરિહાર્ય હોય તો પોતાની ક્ષમતાનુસાર કરવામાં આવે છે અને તેના નિમિત્તે સંયમ મર્યાદા દૂષિત બને તો યથાયોગ્ય આલોચના પ્રાયશ્ચિત્ત પણ કરાય છે.

**(૫) ક્ષુદ્ર પ્રાણીના ૬ પ્રકાર–** નાના, બુદ્ધિવગરના, અહિતકર કે પીડાકારી આદિ અનેક અપેક્ષાએ તેને ક્ષુદ્ર પ્રાણી–જીવજંતુ કહેલ છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, તેઉકાય, વાયુકાય.

**(૬) મેઢથી દક્ષિણ તરફ પ્રથમ નરકના ૬ નરકાવાસ–** લોલ, લોલુપ, ઉદગ્ધ, નિર્દગ્ધ, જરક, પ્રજરક. એ એક દિશાના મોટા નરકાવાસોના નામ છે. ચોથી નરકમાં કુલ ૬ મોટા નરકાવાસ છે– આર, વાર, માર, રૌર, રૌઢક, ખાડખડ. પાંચમા દેવલોકમાં ૬ પ્રતર–પાથડા છે– અરજ, વિરજ, નીરજ, નિર્મલ, વિતિમિર, વિશુદ્ધ. તે પ્રતરોના(૬ ખંડોના) નામ છે.

**(૭) અભિચન્દ્ર કુલકર**ની અવગાહના ૬૦૦ ધનુષ્યની હતી. ભરત ચક્રવર્તી ૬ લાખ પૂર્વ વર્ષ પર્યંત મહારાજા પદે રહ્યા. પાર્શ્વનાથ ભગવાનના ૬૦૦ વાદી હતા. વાસુપૂજ્ય ભગવાને ૬૦૦ પુરૂષો સાથે દીક્ષા લીધી હતી. ચંદ્રપ્રભ તીર્થંકર ૬ મહિના છદ્મસ્થ રહ્યા હતા પછી સર્વજ્ઞ બન્યા હતા.

**(૮) તેઈન્દ્રિયની હિંસાથી** ૬ પ્રકારનો અસંયમ થાય છે– (૧–૩)ત્રણ ઈન્દ્રિયોના વિષય સુખનો નાશ અને (૪–૬) ત્રણ ઈન્દ્રિયના દુઃખનો સંયોગ કરાવવા રૂપ અસંયમ થાય છે. **તેઈન્દ્રિયની હિંસાનો ત્યાગ કરવાથી ૬ પ્રકારનો સંયમ થાય છે–** (૧થી૩) ત્રણ ઈન્દ્રિય વિષય સુખનો અવિનાશ અને (૪થી૬) ત્રણ ઈન્દ્રિય વિષય સંબંધી દુઃખના અસંયોગરૂપ ૬ પ્રકારનો સંયમ થાય છે. **(૯) છ ૠતુના નામ–** (૧) પ્રાવૃટૠતુ(શ્રાવણ, ભાદરવો) (૨) વર્ષાૠતુ (આસો, કારતક) (૩) શરદૠતુ(માગસર,પોષ) (૪) હેમંતૠતુ (મહા, ફાગણ) (૫) વસંતૠતુ(ચૈત્ર, વૈશાખ) (૬) ગ્રીષ્મૠતુ(જેઠ, અષાઢ).

**(૧૦) ભગવાન મહાવીર સ્વામીની** દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ ત્રણે ય છઠની તપસ્યામાં થયા હતા.

**(૧૧) ભોજનનાં ૬ પરિણામ–** ૧. મનોજ્ઞ લાગે ૨. સ્વાદિષ્ટ લાગે ૩. લોહી, ધાતુ આદિ રૂપે પરિણમે ૪. તેને પરિપુષ્ટ કરે ૫. બળ વધારે ૬. ઉત્સાહ વધારે.

**(૧૨) વિષના છ પ્રકાર–** ૧. વિંછી આદિના ડંખથી કે કુતરા વગેરે કરડવાથી

૨. ખાવાથી પેટમાં જવાથી પરિણમન થનારું ૩. ચામડી પર સ્પર્શથી અસર કરનાર ૪. માંસ સુધી અસરકારક ૫. લોહીમાં અસરકારક ૬. હાડકાં આદિમાં અસરકારક. આ સર્વ વિષ પરિણમનના પ્રકાર છે.

**(૧૩) પ્રશ્નના ૬ પ્રકાર–** ૧. સંશય પ્રશ્ન–શંકા નિવારણ માટે ૨. બીજાને હરાવવા, અપમાનિત કરવા માટેના પ્રશ્ન ૩. સૂત્ર–શ્લોકના અર્થ સમજવા માટે કરાતા પ્રશ્ન ૪. અનુકૂળ–કુશળ ક્ષેમ પૃચ્છા રૂપ પ્રશ્ન. ૫. જાણવા છતાં પણ બીજાના ઉપકાર અર્થે કરાતા પ્રશ્ન. ૬. પોતાના વિશ્વાસ, સંતુષ્ઠી માટે જાણવા છતાં દઢતા કરવા રૂપ પ્રશ્ન પૂછવા.

**(૧૪) છ મહિનાનો વિરહ–** ૧. બધા ઈન્દ્રોનો ૨. સાતમી નરકનો ૩. સિદ્ધોમાં અને ૪. ચમરચંચા રાજધાનીમાં ઉત્કૃષ્ટ છ મહિનાના વિરહકાળ પછી કોઈને કોઈ જીવ જરૂર ઉત્પન્ન થાય છે. જઘન્ય વિરહ સર્વત્ર અંતર્મુહૂર્તનો થાય છે, સિદ્ધોમાં જઘન્ય ૧ સમયનો વિરહ હોય છે.

**(૧૫) પ્રતિક્રમણના ૬ પ્રકાર–** ૧. ઉચ્ચાર– મળવિસર્જન પછી ઈર્યાવહિ રૂપ પ્રતિક્રમણ. ૨. લઘુનીત પરઠવાનું પ્રતિક્રમણ. ૩. ઈત્વરિક– દેવસી, રાઈય, પક્ખી આદિ પ્રતિક્રમણ. ૪. યાવત્કથિત સંલેખના સંથારા સમયે કરાતું આજીવનનું પ્રતિક્રમણ. ૫. મિચ્છામિ દુક્કડં રૂપ સામાન્ય ભૂલનું પ્રતિક્રમણ. ૬. સ્વપ્ન સંબંધી પ્રતિક્રમણ. છ સંખ્યાની મુખ્યતાએ આ સાપેક્ષ કથન છે.

**(૧૬)** શક્રેન્દ્રના સોમ અને યમ લોકપાલની ૬ અગ્રમહિષીઓ છે. ઈશાનેન્દ્રની મધ્યમ પરિષદના દેવોની ૬ પલ્યોપમની સ્થિતિ છે. દિશાકુમારેન્દ્રની ૬ અગ્રમહિષીઓ– રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપવતી, રૂપકાંતા, રૂપપ્રભા. વિદ્યુત્કુમારેન્દ્રની ૬ અગ્રમહિષીઓ– અલા, શક્રા, શતેરા, સૌદામિની,ઈન્દ્રા, ઘનવિદ્યુતા. ધરણેન્દ્રની ૬ અગ્રમહિષીઓ– અલા આદિ. ભૂતાનંદની ૬ અગ્રમહિષીઓ– રૂપા આદિ. ઉત્તરના બધા ઈન્દ્રોની અગ્રમહિષીઓનાં નામ સમાન છે અને દક્ષિણના નવે ય ઈન્દ્રોની અગ્રમહિષીઓનાં નામ સમાન છે. નવનિકાયના દેવેન્દ્રોના ૬ હજાર સામાનિક દેવ હોય છે.

અન્ય આગમોમાં આવેલા અહીં સંકલિત વિષય– સાધ્વીને સહારો આપવો, જ્ઞાન અક્ષમતા, જીવભેદ, ઈન્દ્રિય વિષય, પ્રાયશ્ચિત્ત, કાળ, સંઘયણ, સંસ્થાન, લોકસંસ્થિતિ, દિશા, આહાર, લેશ્યા, જાતિના ભેદ, તપ, ગોચરી, નક્ષત્ર, ક્ષેત્ર, પર્વત, નદી, દ્રહ, કૂટ, અવગ્રહ, અવધિજ્ઞાન, અવચન, પ્રસ્તાર, પલિમંથુ, કલ્પસ્થિતિ ઈત્યાદિ વિષય અન્યત્ર આગમમાં હોવા છતાં પણ અહીં ૬ ની સંખ્યાના કારણે સંકલન કરેલ છે.



# સ્થાન–૭

**પ્રશ્ન–૧ : આ સાતમા સ્થાનનો પરિચય શું છે ?**

**ઉત્તર–** આ સ્થાનમાં સાતની સંખ્યાવાળા વિષયોનું નિરૂપણ છે. તેમાં ઉદ્દેશક નથી. અન્ય શાસ્ત્રોમાં વર્ણિત વિષય પણ અહીં સંખ્યાના નિમિત્તે કહેલ છે.

**પ્રશ્ન–૨ : કોઈપણ સાધુ પોતાના ગુરુનો ત્યાગ કેમ કરે છે ?**

**ઉત્તર–** અહીં પ્રથમ સૂત્રમાં ગચ્છ છોડીને અન્ય ગચ્છમાં જવાના ૬ કારણ બતાવીને સાતમું કારણ એકલા જ રહીને સાધના કરવા માટે ગચ્છ ત્યાગવાનું કારણ બતાવ્યું છે, જેમ કે– (૧) આચાર રુચિ ગચ્છથી પૂર્ણ બદલાઈ જાય. (૨) થોડી રુચિ અલગ થઈ જાય. (૩) અનેક પ્રશ્નોના સમાધાન ન મળવાથી. (૪) થોડા પ્રશ્નોનાં સમાધાન ન મળવાથી. (૫) શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવાની રુચિમાં અસંતોષ થવાથી. (૬) શ્રુતજ્ઞાન દેવાની રુચિમાં સંતોષ ન થવાથી. (૭) કર્મ-સંયોગથી અને સ્વભાવનો મેળ ન થવાથી એકલવિહાર કરવા માટે. તે-તે કારણે વ્યક્તિનું ચિત્ત ઉઠી જાય ત્યારે તે થોડો સમય પ્રતીક્ષા કરે છે, વિચારે છે અને એક સમયે નિર્ણય કરીને આજ્ઞા લઈને અથવા આજ્ઞા લીધા વગર, કહીને કે કહ્યા વગર એમ કોઈપણ રીતે ગચ્છમાંથી નીકળી જાય છે અને જેને એકલા ન રહેવું હોય તે અન્ય ગચ્છમાં ભળી જાય છે.

આમાં આગમ એટલું જ જણાવે છે કે જો જ્ઞાન, દર્શન, ચારિત્ર કે ચિત્ત સમાધિ તેમજ સંયમ આરાધનાની વૃદ્ધિ થાય; ભવિષ્ય ઉજ્જવળ બને તો તેનું જવું પ્રશસ્ત છે તથા તેમાં આજ્ઞાનું ઉલ્લંઘન પણ નથી. જોકે ગચ્છ છોડીને જવાવાળો નમ્રતાથી નિવેદન કરીને આજ્ઞા લઈને જાય અને કોઈપણ ગચ્છવાળા તેને આજ્ઞા લઈને સ્વીકારે તો તે પણ આગમ સંમત છે. એને વિધિ પૂર્વક ગચ્છ ત્યાગ કહેવાય છે અને તેનું કોઈ પ્રાયશ્ચિત્ત પણ આવતું નથી.

**પ્રશ્ન–૩ : વિભંગજ્ઞાન કેટલા પ્રકારે હોય છે ?**

**ઉત્તર–** પ્રસ્તુતમાં ગૃહત્યાગી અન્ય મતાવલંબી સંન્યાસીને સાધનાથી ઉત્પન્ન થતા વિભંગ જ્ઞાનના ૭ પ્રકાર કહ્યા છે– (૧) કોઈને એક દિશાનું વિભંગજ્ઞાન થાય છે. તે આખોલોક એક દિશામાં હોવાની પ્રરૂપણા કરે છે, અન્ય દિશાનો નિષેધ કરે છે. (૨) પાંચ દિશા અને તેમાં પ્રથમ દેવલોક સુધીનું વિભંગજ્ઞાન થાય છે ત્યારે તે લોકને એટલો જ માનવા લાગે છે. (૩) સમસ્ત જીવોને વિભંગ જ્ઞાનથી હિંસાદિ પાપ કરતાં, ખાતાં-પીતાં ક્રિયાઓ કરતાં જુવે છે, જીવો કર્મબંધ

કરે છે તે દેખાતું નથી, તેથી તે એવી પ્રરૂપણા કરે છે કે જીવ ક્રિયાઓથી આવૃત્ત છે પરંતુ કર્મથી આવૃત્ત નથી, એટલે કે તે કર્મનો અસ્વીકાર કરે છે. (૪) વૈક્રિયલબ્ધિથી દેવોને પુદ્‌ગલ લઈને રૂપ બનાવતાં જોઈને વિભંગજ્ઞાની એમ માની લે છે કે જુઓ આ દેવ પુદ્‌ગલ લઈને જીવોને બનાવે છે તેથી જીવ પુદ્‌ગલ નિર્મિત જ હોય છે. (૫) વૈક્રિયથી રૂપ બનાવતાં જોતા નથી તેથી જીવોને પુદ્‌ગલ નિર્મિત માનતા નથી. (૬) દેખાતાં રૂપોની વિક્રિયા કરતાં જોઈને એમ માને છે કે જીવ રૂપી છે, દેખાય છે. (૭) વાયુ સંયોગે પુદ્‌ગલોને કંપિત થતાં જોઈને એમ માને છે કે લોકમાં બધાં જીવ જ છે, અજીવ કંઈ છે જ નહિ.

તાત્પર્ય એ છે કે પોતાના એક દેશ વિભંગજ્ઞાનને મિથ્યાત્વના કારણે સર્વજ્ઞાન માની લેવાનો ભ્રમ થાય છે. સમ્યગ્ દૃષ્ટિને પણ એક દેશ અવધિજ્ઞાન હોય છે પરંતુ તેને તેમાં સર્વજ્ઞાનનો ભ્રમ થતો નથી. સમ્યગ્ દૃષ્ટિ એમ માને છે કે લોક વિશાળ છે પરંતુ મને થોડુંક જ અવધિજ્ઞાન થયું છે, જેમાં મર્યાદિત જ દેખાય છે. તે અન્ય વિષયને શ્રુતજ્ઞાનથી જાણે છે અને શ્રદ્ધા કરે છે.

**પ્રશ્ન–૪ : કેવળી અને છદ્મસ્થની ઓળખ શું છે ?**

**ઉત્તર–** કેવળી અને છદ્મસ્થને ઓળખવાના અહીં ૭–૭ બોલ કહ્યા છે– (૧થી૩) કોઈ હિંસા, જૂઠ કે અદત્તનું સેવન કરે, તે છદ્મસ્થ છે. (૪) શબ્દાદિ પાંચે ય ઈન્દ્રિયના વિષયોની આસક્તિ, રાગદ્વેષ કરે તે છદ્મસ્થ છે, કારણ કે કેવલી આસક્તિ આદિથી પૂર્ણતઃ મુક્ત હોય છે. (૫) પૂજા-સત્કારની ઈચ્છા હોય તે છદ્મસ્થ છે. કેવલીને કોઈ ચાહના હોતી નથી, તે સહજભાવે વિચરણ કરે છે. (૬) કોઈ વસ્તુ સાવદ્ય છે, દોષ યુક્ત છે એમ જાણવા છતાં છદ્મસ્થ તેને ગ્રહણ–સેવન કરે છે, તે છદ્મસ્થ છે. (૭) જેવું કથન કરે તેવી પ્રવૃત્તિ ન કરે તે છદ્મસ્થ છે. કેવલીને કથન અને આચરણનો ભેદ હોતો નથી. કેવલીને પરિપૂર્ણ જ્ઞાન હોય છે, મોહકર્મ કે ચાર ઘાતીકર્મ હોતાં નથી, તેથી સૂત્રમાં કહેલ છદ્મસ્થ યોગ્ય ૭ પ્રકારના આચરણ તેઓ કરતા નથી.

**પ્રશ્ન–૫ : મનુષ્ય જાતિના મૂળ ગોત્ર અને તેના પ્રકાર કયા છે ?**

**ઉત્તર–** આ સ્થાનના સૂત્ર–૨૧ થી ૨૭ સુધીમાં મૂળગોત્ર ૭ અને તેના ૭–૭ પ્રકાર એમ ૪૯ ગોત્રોના નામ બતાવેલ છે. તેમાંથી કેટલાક તો પ્રચલિત છે અને કેટલાક અપરિચિત જેવા છે. મૂળગોત્ર–૧. કાશ્યપ ૨. ગૌતમ ૩. વત્સ ૪. કુત્સ ૫. કૌશિક ૬. માંડવ્ય ૭. વશિષ્ટ. તેના ઉદાહરણ– (૧) કાશ્યપ– ૨૨ તીર્થંકરો (૨૦મા, ૨૧મા છોડીને) (૨) ગૌતમ– ૨ તીર્થંકર તથા ઈન્દ્રભૂતિ આદિ ત્રણ ગણધર (૩) વત્સ–શય્યંભવાચાર્ય (૪) કુત્સ–શિવભૂતિ આદિ





(૫) કૌશિક– રોહગુપ્ત નિન્હવ આદિ (૬) માંડવ્ય– મંડુ ઋષિના વંશજ (૭) વશિષ્ટ– છઠ્ઠા, સાતમા ગણધર. ૪૯ ગોત્રોના નામોમાં ૭ તો આ જ છે, ૪૨ નામ સૂત્રમાં બીજા પણ દર્શાવેલ છે.

**પ્રશ્ન–૬ : શું આયુષ્ય તૂટી શકે છે ?**

**ઉત્તર–** આયુષ્ય કર્મ બે પ્રકારે બંધાય છે– સોપક્રમી અને નિઢપક્રમી. (૧) સોપક્રમીનો મતલબ એ છે કે જે ગમે ત્યારે નિમિત્ત મળતાં તે તૂટી શકે છે. (૨) નિઢપક્રમીનો મતલબ સ્પષ્ટ છે કે તેમાં કોઈપણ નિમિત્તે ઉપક્રમથી ઘટ-વધ થતી નથી, જેટલું આયુષ્ય બાંધીને જીવ આવ્યો છે તેટલું પૂઢં ચાલશે. ખરેખર આયુષ્ય તૂટવાની કે તૂટી શકવાની વાત સત્ય છે. સોપક્રમી આયુષ્ય તૂટી શકે છે. તે ક્યારે તૂટે છે તેની એક સીમા છે કે જેટલું સોપક્રમી આયુષ્ય જીવ બાંધીને લાવ્યો છે તેનો બે તૃતીયાંશ ભાગ વીત્યા પછી જ ગમે ત્યારે તે તૂટી શકે છે, તેની પહેલાં તૂટતું નથી. જેમ કે કોઈ વ્યક્તિ ૯૦ વર્ષનું સોપક્રમી આયુષ્ય બાંધીને લાવ્યો છે તો તે ૬૦ વર્ષની ઉંમર સુધી તૂટશે નહીં. ત્યાર પછી ગમે ત્યારે કોઈ પણ નિમિત્ત મળે તો તૂટી શકે છે અને નિમિત્ત ન મળે તો તે સોપક્રમી આયુષ્ય પણ ૯૦ વર્ષ સુધી ચાલી શકે છે. અહીં સૂત્રમાં સોપક્રમી આયુષ્ય તૂટવાના ૭ કારણ દર્શાવેલ છે– (૧) પરિણામોથી–ભયથી કે તીવ્ર રાગદ્વેષના પરિણામે, તીવ્ર હર્ષ-શોકના પરિણામે. (૨) શસ્ત્ર આદિના નિમિત્તે, આત્મઘાત કરવાના પ્રયત્નથી. (૩) આહારથી–અતિ આહારથી કે આહાર ત્યાગથી. (૪) રોગની તીવ્ર વેદનાથી. (૫) પડી જવાથી, ટકકર લાગવાથી. (૬) સર્પાદિ કરડે કે અન્ય હિંસક પશુના ભક્ષણ આદિથી. (૭) શ્વાસ નિરોધથી. અન્ય પણ અનેક પ્રકાર થઈ શકે છે, તેનો આ ૭ માં સમાવેશ સમજી લેવો.

નિઢપક્રમી આયુષ્ય બાંધીને આવનારનું આયુષ્ય કોઈપણ નિમિત્તોથી તૂટતું નથી. ક્યારેક કાકતાલી ન્યાય લાગી શકે છે, જેમ કે ગજસુકુમાલ મુનિ. અહીં વિશેષ એ જાણવા યોગ્ય છે કે ચરમશરીરી જીવ, ચક્રવર્તી, તીર્થંકર આદિ ૬૩ શ્લાઘ્ય પુઢષ, યુગલિક મનુષ્ય, દેવતા-નારકી; આ સર્વે ય નિઢપક્રમી આયુષ્યવાળા જ હોય છે. તેના સિવાયના જીવ બંને પ્રકારના આયુષ્યવાળા હોય છે. તેમાં કોણ કેવું આયુષ્ય લાવ્યું છે ? તે છદ્મસ્થનો જાણવાનો વિષય નથી; વિશિષ્ટ જ્ઞાની, કેવળજ્ઞાની તે જાણે છે.

**પ્રશ્ન–૭ : નિહ્નવ કોને કહે છે ? તે કોણ અને ક્યારે થયા છે ?**

**ઉત્તર–** જે તીર્થંકર પ્રરૂપિત તત્ત્વને, પોતાના મિથ્યાભિનિવેષને વશ થઈને અસ્વીકાર કરી, તેને મિથ્યા કહે છે. તેમાં પોતાની બુદ્ધિ કે તર્કના અહંથી

હીનાધિક પ્રરૂપણ કરે, તીર્થંકરની કે આગમ ગુંથન કરનાર ગણધર કે આચાર્યોની ભૂલ થયાનું કહે અને પોતાને મન પડે તે પ્રરૂપણા, પ્રચાર, મતપ્રવર્તન તેમજ સ્વચ્છંદ આચરણ કરે, આવા લક્ષણોવાળા સાધક નિહ્નવ કહેવાય છે. આ સ્થાનના સૂત્ર ૧૩૧ માં આવા ૭ નિહ્નવોનાં નામ, તેમની માન્યતા અને તેનામાં નિહ્નવતા ઉત્પત્તિનું અને તેના પ્રવર્તન કરવાના સ્થળનું નામ સૂચિત કરેલ છે. તે સર્વે ભગવાન મહાવીરના શાસનમાં થયા છે. વ્યાખ્યામાં તે સાતે નિહ્નવોની ઘટનાનું વિસ્તૃત વર્ણન છે.

## સાત નિહ્નવ :–

| નામ | વિષય | સમય |
|---|---|---|
| ૧. જમાલી | કાર્ય પ્રતિક્ષણ થતું નથી | ભગવાનના કેવળ જ્ઞાનના ૧૪ વર્ષ પછી |
| ૨. તિષ્યગુપ્ત | જીવના ચરમપ્રદેશમાં જ જીવત્વ | વીર નિર્વાણના ૧૪ વર્ષ પછી |
| ૩. આષાઢ | બધું જ અવ્યક્ત | વીર નિર્વાણના ૨૧૪ વર્ષ પછી |
| ૪. અશ્વમિત્ર | બધું જ ક્ષણિક, વિનાશી | વીર નિર્વાણના ૨૨૦ વર્ષ પછી |
| ૫. ગંગ | એક સમયમાં બે ક્રિયાનો અનુભવ | વીર નિર્વાણના ૨૨૮ વર્ષ પછી |
| ૬. ષડુલૂક (રોહગુપ્ત) | જીવ,અજીવ, મિશ્ર એમ ત્રણરાશિ | વીર નિર્વાણના ૫૫૪ વર્ષ પછી |
| ૭. ગોષ્ઠામાહિલ | કર્મબદ્ધ નહીં, સ્પૃષ્ટ માત્ર | વીર નિર્વાણના ૫૮૪ વર્ષ પછી |

વીર નિર્વાણ અને ગણધરોના નિર્વાણ પછીના આ નામો કદાચ દેવર્ધિગણિ દ્વારા થયેલા લેખન સમયે આ શાસ્ત્રમાં સંપાદિત કરેલ હોય તેમ સમજી લેવું જોઈએ.

## સાતેયના મત અને સમન્વય-સમાધાન–

**(૧)** કાર્ય માત્ર અંતમાં થાય છે, કરતી વખતે કાર્ય થતું નથી, પૂર્ણ થઈ જાય ત્યારે કાર્ય થાય છે. જેમ કે– વસ્ત્ર બનાવવાનું ચાલુ છે ત્યાં સુધી વસ્ત્ર થતું નથી, પૂઢં બની જાય ત્યારે વસ્ત્ર કહેવાય છે. તેથી અંતમાં જ કાર્ય થાય છે આ સત્ય છે. જ્યારે ભગવાનનો સિદ્ધાંત છે કે કાર્ય કરવાની પ્રત્યેક ક્ષણ દેશતઃ તે કાર્ય થાય જ છે અને તે લક્ષિત સંપૂર્ણ કાર્યની પૂર્ણતા અંતમાં થાય છે તો અન્ય સમયોમાં પણ કાર્યનું અંશતઃ થવું સ્વીકારવું જ જોઈએ. અંશતઃ થશે તો જ પૂર્ણતાને પ્રાપ્ત કરશે. **(૨)** જીવના અંતિમ પ્રદેશ શરીરમાંથી નીકળે છે ત્યાં સુધી તેમાં હલન-ચલન જીવત્વ જોવામાં આવે છે, તેને જોઈને કોઈ માની લે કે વાસ્તવમાં અંતિમ પ્રદેશોમાં જ જીવત્વ છે, અન્ય પ્રદેશોમાં નથી; કારણ કે તે નીકળી જવા છતાં અંતિમ પ્રદેશોના અસ્તિત્વથી જીવત્વ લક્ષણ દેખાય છે.





આવી પ્રરૂપણા માત્ર એકાંતિક અને મૂર્ખતાપૂર્ણ અજ્ઞાન-મિથ્યાત્વના નશાની છે. બધા આત્મપ્રદેશોમાં અને સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત જીવમાં સર્વત્ર ચેતનત્વ જીવત્વ શક્તિ હોય છે તેથી ચરમ, મધ્યમ આદિના કોઈપણ આત્મપ્રદેશ હોય તે જ્યાં સુધી શરીરમાં રહેશે તે બધાથી ચેતનત્વ ગુણ હલનચલન આદિ રહેશે. **(૩)** બધું જ સંદેહશીલ છે, કોણ સાધુ છે અને કોણ દેવતા આવીને સાધુના શરીરમાં રહે છે, તેનો નિર્ણય થઈ શકતો નથી. તેથી કોઈને સાધુ સમજવા, વંદન કરવા યોગ્ય નથી. એનું **સમાધાન** એ છે કે કદાચિત્ કોઈ ઘટના બની જાય તોપણ સાવધાનીથી વર્તવું જોઈએ, નહિ કે બધો જ વ્યવહાર બંધ કરી દેવાય. જેમ કે– ક્યારે ય કોઈ ભોજનથી વિષ પરિણમન થઈ જાય કે કોઈ વ્યાપારમાં નુકસાન થઈ જાય તો માણસો પોતાના વેપાર કે ખાવાનું બંધ નહીં કરે. એક નોકર વિશ્વાસ જમાવી ધોખાબાજી–દગો કરીને ભાગી જાય તો ક્યારે ય કોઈ નોકર રાખે જ નહીં એવું થતું નથી પરંતુ સાવધાની તથા અનુભવ વધારીને બધા કાર્ય યથાયોગ્ય કરાય છે. તેથી એક દેવ સાધુ રૂપમાં ૬ મહિના શરીરમાં રહી ગયા અને શિષ્યોને અભ્યાસ કરાવી ગયા પછી શિષ્યોને ખબર પડી કે પોતાના આચાર્ય કાલધર્મ પામી દેવ થઈને પોતાના જુના શરીરમાં છ માસ રહ્યા હતા. તે આચાર્ય નહોતા પણ દેવ હતા. દેવને સંયમી વંદના કરે નહિ. તેથી કોણ સાધુ અને કોણ દેવ એવા સંદેહથી બધા સાધુઓનો વ્યવહાર બંધ કરી દેવો, સદા શંકાયુક્ત જ રહેવું, તે ઉચિત નથી. **(૪)** પ્રત્યેક વસ્તુની પર્યાય ક્ષણ વિનાશી હોય છે, પરિવર્તિત થતી રહે છે; તેને તેટલા રૂપમાં જ ન માને પણ પ્રત્યેક દ્રવ્યને જ ક્ષણ વિનાશી માની લેતાં કહેવું કે પર્યાય પણ દ્રવ્યની જ હોય છે, તેથી બધા દ્રવ્ય, વસ્તુ, પદાર્થ ક્ષણ વિનાશી છે અને બીજા નવા ઉત્પન્ન થઈ જાય છે. આ પણ મિથ્યાત્વ-અજ્ઞાનના ઉદયના જોરથી ભ્રમિત માન્યતા છે. વાસ્તવમાં પર્યાયનું સ્વરૂપ અલગ છે અને દ્રવ્યનું અસ્તિત્વ અલગ છે. જેમ કે– સોનાના એક આભૂષણમાંથી બીજા, ત્રીજા આભૂષણ બનાવી લેવાથી સોનાનો નાશ થતો નથી. તેવી જ રીતે પર્યાય બદલવાથી કે નષ્ટ થવાથી દ્રવ્ય તો શાશ્વત અને દીર્ઘ પર્યાયમાં રહી શકે છે, તેનો ક્ષણમાં નાશ થવો એકાંત રૂપે માની લેવું, તે યોગ્ય નથી. જેમ કે– કોઈ સાધુ બન્યા અને એક સમય પછી તેનું સાધુત્વ નષ્ટ નહીં થાય, તે જીવનભર પણ સાધુ રહી શકે છે પરંતુ તેની પર્યાય(સ્વરૂપ) પરિવર્તિત થતી રહે છે. આ ચોથા નિહ્નવની માન્યતા પ્રમાણે તો બીજા સમયે કોઈ સાધુ જ નથી રહેતા. વાસ્તવમાં તેમ માનવું અનુભવ કે વ્યવહારથી વિઢદ્ધ થાય છે. **(૫)** એક

સમયમાં બે ક્રિયાઓનો અનુભવ થાય છે. ભગવાનનો સિદ્ધાંત એ છે કે સ્થૂલરૂપે ભલે એક સમયમાં અનેક ક્રિયા થતી દેખાય છે તોપણ સૂક્ષ્મ એક સમયમાં આત્મા એક જ ક્રિયાનો અનુભવ કરે છે. એક સમયમાં એક જ ઉપયોગ હોય છે. ક્ષયોપશમ જ્ઞાન અસંખ્ય સમયના અંતર્મુહૂર્તનું હોય છે અર્થાત્ આપણી ગ્રહણ શક્તિ સૂક્ષ્મ સમયની હોતી નથી. અસંખ્ય સમયના અંતર્મુહૂર્તની જ આપણી ઉપયોગની ક્ષમતા હોય છે. સ્વયં તીર્થંકર પણ પોતાના અવધિજ્ઞાનથી પોતાના વાટે વહેતાના ૧, ૨ કે ૩ સમયના કાળની ક્રિયાનો અનુભવ કરતા નથી, અંતર્મુહૂર્તનું ગર્ભ સંહરણ કાર્ય જે દેવ દ્વારા ક્ષણમાત્રમાં કરાય છે તેને અવધિજ્ઞાની તીર્થંકર જાણે દેખે છે. કારણ કે તે આપણી દષ્ટિએ દેવ ક્ષણભરમાં કરે છે પરંતુ વાસ્તવમાં સૂક્ષ્મદષ્ટિથી અસંખ્ય સમય દેવને પણ લાગી જાય છે. તેથી સાર એ છે કે એક સમયમાં અનેક ક્રિયાઓ સાથે થઈ શકે છે પરંતુ જીવને એક સમયમાં અનુભવ કે ઉપયોગ એક જ ક્રિયાનો થાય છે. પાણીમાં તડકાના સ્થાને ઉભેલી વ્યક્તિને ગરમી-ઠંડી બંનેનો અનુભવ સ્થૂલ દષ્ટિએ એક સાથે થાય છે પરંતુ સૂક્ષ્મ દષ્ટિએ તો આત્મ ઉપયોગ પરિવર્તિત થતો રહે છે. અનેક સૂક્ષ્મ અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત સાથે મળીને એક સેકંડ થાય છે એમ સમજી લઈએ તો એ સહજ સમજાઈ જાય છે કે ગરમીની અનુભૂતિ(ઉપયોગ)નું અંતર્મુહૂર્ત અલગ હોય છે અને ઠંડીની અનુભૂતિનો સમય અલગ હોય છે. જેમ કે– આપણે કંઈક સાંભળવામાં કે જોવામાં કે બોલવામાં તલ્લીન હોય ત્યારે કોઈ ત્યાં આવીને ચાલ્યા જાય કે કંઈક બોલીને અટકી જાય તો આપણું ધ્યાન અન્યમાં હોવાથી તે રૂપ આંખોથી પસાર થવા છતાં પણ અને તે શબ્દ કાનમાં પડવા છતાં પણ, આપણને તેનું કંઈપણ ભાન-જ્ઞાન હોતું નથી. તેમજ જીવનો ઉપયોગ સૂક્ષ્મ અસંખ્ય સમયના અંતર્મુહૂર્તની એક-એક વસ્તુમાં ક્રિયામાં જ રહે છે. ક્રિયાઓ શરીરમાં, આત્મામાં ભલે એક સાથે અનેક પણ ચાલતી રહે, જેમ કે– આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે લખીએ પણ છીએ, જોઈએ પણ છીએ, સાંભળીએ પણ છીએ; ઈન્દ્રિયો કોઈ બંધ થઈ જતી નથી. તે સમયે મુખમાં ખાદ્યપદાર્થ હોય તો તેનો રસાસ્વાદ પણ લઈ રહ્યા હોય, તોપણ આત્મ ઉપયોગ કોઈ તરફ મુખ્ય, કોઈ તરફ ગૌણ થતો રહે છે. જે સૂક્ષ્મ અંતર્મુહૂર્ત પ્રમાણ ૧–૧ વિષયનો જ હોય છે. આ સ્પષ્ટ ધ્રુવ સિદ્ધાંત જિનમતનો છે.

**(૬)** ગરોળીની પૂંછ તૂટી જતાં ગરોળી પોતાનો જીવ લઈને ભાગી જાય છે તોપણ પૂંછમાં હલનચલન દેખાય છે, તે અજીવ પણ નથી, જીવ પણ નથી;





તેથી તે ત્રીજી વસ્તુ નોજીવ-નોઅજીવ રૂપ છે. આ રીતે લોકમાં ત્રણ પદાર્થોની રાશિ છે– જીવરાશિ, અજીવરાશિ અને નોજીવનોઅજીવ રાશિ. આ છટ્ઠા નિહ્નવનો મત છે. જૈન મતાનુસાર રાશિ બે જ છે– જીવરાશિ અને અજીવરાશિ. અજીવરાશિમાં જીવ રહિત સમસ્ત પુદ્‌ગલ અને ધર્માસ્તિકાય આદિ તત્ત્વ ગ્રહિત થાય છે. જીવરાશિમાં શરીર યુક્ત સંસારી અને શરીર મુક્ત સિદ્ધ બધાનો સમાવેશ થાય છે. ગરોળીના આત્મપ્રદેશ, કપાયેલી પૂંછમાં પણ જોડાયેલા જ રહે છે. જ્યાં સુધી તે જોડાયેલા આત્મપ્રદેશ પૂંછમાં રહે છે ત્યાં સુધી તે હલે છે. થોડા સમય પછી તે કપાયેલા શરીરના બધા આત્મપ્રદેશ ગરોળીના મૂળ શરીરમાં ચાલ્યા જાય છે ત્યારે તે વિભાગ પૂર્ણ જીવરહિત અજીવરાશિમાં ગણવામાં આવે છે, તેથી ત્રીજી રાશિ કહેવી યોગ્ય નથી. **(૭)** જેવી રીતે– ૧. સૂકી દિવાલ ઉપર સૂકી રેતી લાગી જાય તો તે શીઘ્ર પવન લાગવા આદિથી દૂર થઈ જાય છે તેવી જ રીતે કેટલાક કર્મ આત્માને અલ્પ સ્પર્શ કરે છે તે શીઘ્ર નષ્ટ થઈ જાય છે. ૨. ભીની દિવાલ ઉપર સુકી રેતી લાગી જાય તો થોડા સમય પછી અથવા થોડી મહેનતે નીકળી જાય છે, તેમ કેટલાક કર્મ આત્માને સ્પર્શ કરીને બંધાય છે તે થોડા સમય પછી કાલાંતરે ક્ષય થઈ જાય છે. ૩. જેવી રીતે ભીની માટી ભીની દિવાલ ઉપર જોરથી ફેંકતા ચોંટી જાય છે અને સુકાઈ જતાં દિવાલ પરથી સહજ નીકળતી નથી. તે જ રીતે કેટલાક કર્મ આત્મપ્રદેશોને સ્પર્શીને ગાઢ રીતે બંધાઈ જાય છે. તે લાંબા સમયે સ્થિતિ પૂર્ણ થતાં ક્ષય થાય છે. આ રીતે બધા પ્રકારના કર્મ સ્પર્શ માત્રથી આત્માની સાથે લાગે છે. આત્માના બધા પ્રદેશોમાં એકમેક રૂપે બંધાતા નથી. આ સાતમા નિહ્નવનું કથન છે. વાસ્તવમાં કર્મ આત્માની સાથે બધા પ્રદેશોમાં એકીભૂત રૂપે બંધાઈને રહે છે તોપણ તેનું પોતાનું અસ્તિત્વ અલગ રહે જ છે. જેમ કે– લોઢાનો ગોળો અગ્નિમાં તપાવીને લાલ ચોળ કર્યો હોય, લોઢાના કણેકણમાં અગ્નિ એકમેક થઈ ગયો હોય તોપણ યથાસમય લોઢું અને અગ્નિ અલગ થઈ શકે છે, લોહપિંડમાંથી અગ્નિ સમાપ્ત થઈ જાય છે. આ જ રીતે કર્મ આત્મપ્રદેશોમાં એકમેક થઈને રહેવા છતાં પણ એક સમયે સ્થિતિ પૂર્ણ થતાં અલગ થઈ જાય છે અને એક દિવસ સંપૂર્ણ કર્મોનો ક્ષય થઈને કર્મ રહિત આત્મા સિદ્ધ સ્વરૂપી બની જાય છે. જેવી રીતે સંપૂર્ણ અગ્નિ શાંત થઈ જતાં શુદ્ધ લોઢાનો ગોળો પોતાના અસ્તિત્વમાં અગ્નિ રહિત દશામાં આવી જાય છે.

આ સાત નિહ્નવોમાંથી જમાલી, રોહગુપ્ત અને ગોષ્ઠામાહિલ ક્રમશઃ પહેલા, છટ્ઠા, સાતમા નિહ્નવ જીવનભર પોતાના આગ્રહયુક્ત મતમાં રહ્યા

હતા. બાકીના ચાર નિહ્નવોએ કોઇના દ્વારા બોધ પામીને આલોચના-પ્રાયશ્ચિત્ત કરીને પુનઃ ભગવાનના શાસનનો સ્વીકાર કરી લીધો હતો.

આજે પણ જે લોકો પોતાની બુદ્ધિનો કે તર્કનો અહં કરીને જિનેશ્વર–ભાષિત, આગમથી અનુમત કોઇ પણ તત્ત્વ કે સિદ્ધાંતનો પોતાની સ્વચ્છંદ મતિથી અસ્વીકાર કરે અને તે પ્રમાણે પ્રરૂપણ કરે, તો તેવા લોકો નિહ્નવની કોટીમાં ગણાવા યોગ્ય બને છે. જેમ કે– ૧. કોઇ કહે કે પાણી-અગ્નિને જીવ કહેવા અયથાર્થ છે. ૨. કોઇ નિર્જીવ પાણી આદિ માટે ફરી સચિત્ત થવાની ઉપેક્ષા કરતાં કહે છે કે શું મડદા પણ ક્યારેય જીવતાં થાય છે ? અર્થાત્ થતાં નથી. તો અચિત્ત પાણી ક્યારે ય પણ સચિત્ત થઇ શકતું નથી. તેને સચિત્ત થવાનું કહેવું ખોટું છે. ૩. કોઇ કહે છે કે સંયમ સાધનાથી કેવલી બની જાય ત્યારે તેને બધું ધર્મ તત્ત્વોનું જ્ઞાન ભલે માનો, પરંતુ આખી દુનિયાના કીડાને જોવા કે ગણવાની વાત વ્યર્થ છે. આખા જગતના પાપીઓને જોવાથી શું મતલબ છે ? એવું બધું સારુ-ખરાબ જાણવા-જોવાથી કેવળીને કોઇ મતલબ નથી, તેમજ આ પ્રકારના સર્વજ્ઞનો અર્થ કરવો તે પણ માત્ર અતિશયોક્તિ છે વગેરે. આ રીતે આજના પોતાને વધારે વિદ્વાન માનનારા આગમ તત્ત્વોની ઉપેક્ષા કરીને સ્વમતિના અહંથી જેમ તેમ પ્રરૂપણા કરે તો તે તેની અજ્ઞાનદશા જ સમજવી જોઇએ. તે લોકો નિહ્નવની કોટિમાં ગણાશે. વાસ્તવમાં આગમ તત્ત્વોને સર્વોપરી પ્રામાણિક માનીને શ્રદ્ધાપૂર્વક સમજવાનો જ પ્રયત્ન કરવો જોઇએ. તે સિવાય ખોટી મનમાની પ્રરૂપણાના મીઠા લોભામણા ચક્કરમાં ન આવવું જોઇએ. સાત નિહ્નવોની ઉત્પત્તિ સંબંધી ઘટનાઓનાં કથાનકો છેલ્લે પરિશિષ્ટ–૨માં આપ્યા છે.

**પ્રશ્ન–૮ : આ સ્થાનમાં અન્ય કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** સાતની સંખ્યા સંબંધી અન્ય આગમોમાં આવેલા અને નહીં આવેલા અનેક વિષય આ સ્થાનમાં સંગ્રહિત છે, તે આ પ્રમાણે છે– **(૧)** આચારાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં પ્રારંભના સાત અધ્યયન ઉદ્દેશક યુક્ત છે, તેને અહીં સૂત્ર–૧૦ માં સાત મહા અધ્યયન કહેલ છે. તદનંતર આઠથી ચૌદ સુધીના અધ્યયનો ઉદ્દેશક રહિત નાના છે, તેને સાત નાના અધ્યયનોની સમૂહરૂપ સપ્તતિકા કહેલ છે અને એક-એક અધ્યયનને પ્રથમ સપ્તતિકા કે સત્તિકય કહેવાય છે. આ કથન વિભાગ નંદીસૂત્ર અને સમવાયાંગ સૂત્રના આચારાંગ પરિચયમાં નથી. ત્યાં બીજા શ્રુતસ્કંધના સીધા ૧૬ અધ્યયન માત્ર કહેલ છે. સપ્તતિકા, સત્તિકય કે ચૂલિકા રૂપ કોઇ કથન ત્યાં બંને શાસ્ત્રોમાં નથી. તાત્પર્ય





એ છે કે– આચારાંગ સૂત્રના ઉપલબ્ધ બે શ્રુતસ્કંધ સિવાય બધા વિભાગો નંદીસૂત્રની રચના પછીના કરેલા નામકરણ રૂપે છે, એમ સ્વીકારવું જોઇએ. **(૨)** સાતે નરકના પૃથ્વીપિંડ અલગ-અલગ છે. પ્રત્યેક પૃથ્વીની નીચે ઘનોદધિ છે. તે સાતેયની નીચે ઘનવાત છે. સાતે ય ઘનવાયની નીચે તનુવાય છે અને સાતે ય તનુવાયની નીચે આકાશ છે. સાતમી નરકના આકાશની પછી લોકાંત થઇ જાય છે. ત્યાંથી પછી અલોકના આકાશનો પ્રારંભ થાય છે. **(૩)** સાત પુદ્ગલ સંસ્થાન– દીર્ઘ, હ્રસ્વ, ગોળ, ત્રિકોણ, ચોરસ, ઘનાકાર, પરિમંડળ (એટલે કે ચૂડી આકારે.) **(૪)** સાત નય– નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત. **(૫)** પ્રથમ વિમલ વાહન કુલકરના સમયે સાત પ્રકારનાં કલ્પવૃક્ષ મનુષ્યોના ઉપયોગમાં આવતા હતા. જ્યારે કુલ દસ વૃક્ષોમાંથી ૪ પ્રકારનાં વૃક્ષો રહેતા નથી અને ૬ પ્રકારનાં વૃક્ષો જ શેષ રહે છે ત્યારે સાતમા પ્રકારનાં વૃક્ષોની ઉત્પતિ સ્વતઃ કે દેવકૃત થાય છે. તેનાથી નષ્ટ થયેલા ૪ પ્રકારનાં વૃક્ષોનાં પ્રયોજનની હીનાધિક પૂર્તિ થાય છે. વ્યાખ્યામાં સાતમા પ્રકારના વૃક્ષને દેવાધિષ્ઠિત કહેલ છે. તેથી તે એક વૃક્ષને માટે જ સૂત્રમાં કલ્પવૃક્ષ શબ્દનો પ્રયોગ કરેલ છે. વિચ્છિન્ન ગયેલાં ૪ વૃક્ષોનાં નામ– ૧. ત્રુટિતાંગા– વાજિંત્ર દેનારા. ૨. દીપાંગા–દીપક જેવો પ્રકાશ કરનારા. ૩. જ્યોતિરંગા– સૂર્યસમાન પ્રકાશ, અગ્નિ સમાન ઉષ્ણતા આપનાર . ૪. ગેહા-ગારા– ઘર રૂપે ઉપયોગમાં આવનારા. **(૬)** દુષમકાળના ૭ લક્ષણ– ૧. અકાલ-વૃષ્ટિ ૨. સમયે અનાવૃષ્ટિ ૩. અસાધુઓની વિશેષ પૂજા-પ્રતિષ્ઠા ૪. સાધુઓનું અલ્પ સન્માન. ૫. ગુઢજનો પ્રત્યે લોકોનો અભાવ કે વિરોધ ભાવ. ૬. લોકોમાં માનસિક દુઃખોની વૃદ્ધિ, વચન વ્યવહાર સંબંધી પીડા વૃદ્ધિ– વાચિક દુઃખ. તેના પ્રતિપક્ષી સાત ભાવોને સુષમકાળનાં લક્ષણ સમજવાં. **(૭)** બારમા ચક્રવર્તી બ્રહ્મદત્તની અવગાહના સાત ધનુષ હતી. આયુષ્ય ૭૦૦ વર્ષનું હતું અને મરીને સાતમી નરકે ઉત્પન્ન થયા. **(૮)** દર્શન સાત– સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન, મિશ્રદર્શન તથા ચક્ષુ આદિ ૪ દર્શન. **(૯)** વિકથા સાત– (૧–૪) સ્ત્રી આદિ ચાર અને (૫) કઢણરસ યુક્ત કથા કે વાર્તાલાપ (૬–૭) દર્શન અને ચારિત્રનો વિનાશ કરનારી કથા અર્થાત્ દર્શન, ચારિત્રમાં ઠેસ પહોંચે, સ્ખલના આવે તેવી કથાઓ-ચર્ચાઓ. આવી વિકથાઓ આત્મસાધક માટે ત્યાજ્ય છે તેમજ આવી કથાઓ કરનારાનો સંગ પણ ન કરવો જોઇએ. **(૧૦)** શક્રેન્દ્રના વઢણ લોકપાલની અને ઈશાનેન્દ્રના સોમ અને યમ લોકપાલની સાત-સાત અગ્રમહિષી છે. **(૧૧)** નંદીશ્વર દ્વીપની અંદરની તરફ સાત દ્વીપ

છે અને સાત સમુદ્ર છે. ૧. જંબુદ્વીપ ૨. ધાતકીખંડ દ્વીપ ૩. પુષ્કરવર દ્વીપ ૪. વઢણવર દ્વીપ ૫. ક્ષીરવર દ્વીપ ૬. ઘૃતવર દ્વીપ ૭. ક્ષોદવર દ્વીપ તથા સાત સમુદ્ર– ૧. લવણ સમુદ્ર ૨. કાલોદધિ સમુદ્ર ૩. પુષ્કરોદ સમુદ્ર ૪. વઢણોદ સમુદ્ર ૫. ક્ષીરોદ સમુદ્ર ૬. ઘૃતોદ સમુદ્ર ૭. ક્ષોદોદ સમુદ્ર. આ સાત દ્વીપ અને સાત સમુદ્ર ક્રમશઃ એક દ્વીપ એક સમુદ્ર એ રીતે રહેલા છે. **(૧૨)** વચનના સાત પ્રકાર– ૧. આલાપ–સ્પષ્ટ બોલવું ૨. અનાલાપ–અલ્પ કે અપૂર્ણ બોલવું. ૩. ઉલ્લાપ–દીનતાયુક્ત બોલવું. ૪. અનુલ્લાપ–વારંવાર બોલવું. ૫. સંલાપ–પરસ્પર બોલવું. ૬. પ્રલાપ–નિરર્થક બોલવું, બકવાસ કરવો. ૭. વિપ્રલાપ–વિરુદ્ધ વચન બોલવું, વિવિધ પ્રકારે બકવાસ કરવો. **(૧૩)** બેઇન્દ્રિય જીવોની મુખ્ય કુલકોટી સાત લાખ છે, તેની યોનિ ૨ લાખ છે.

તે સિવાય અન્ય આગમોમાં આવેલા વિષય આ પ્રમાણે છે– અંડજ આદિ સાત યોનિ અને તેની ગતાગત, આચાર્ય, આહારાદિ સંબંધી પડિમા, ભિક્ષુ પડિમા, નરકના નામ-ગોત્ર, વાયુના પ્રકાર, ભય, સ્વર વિસ્તાર, આસન, ક્ષેત્ર, દ્વીપ, પર્વત, નદી, કુલકર, ચક્રવર્તીના ૧૪ રત્ન, જીવભેદ, કર્મ, જ્ઞાનની ક્ષમતા, સંયમ-અસંયમ, આરંભ, ધાન્ય યોનિ, દેવોની સ્થિતિ આદિ, સાત શ્રેણી, દેવોની સેના, સાત વિનય વિસ્તાર, સમુદ્ઘાત, નક્ષત્ર, પુદ્ગલ આદિ. તેનું વિસ્તૃત વર્ણન યથાસ્થાને કરવામાં આવશે.

# ✵ સ્થાન–૮ ✵

**પ્રશ્ન–૧ : આ સ્થાનનો પરિચય શું છે ?**

**ઉત્તર–** આ સ્થાનમાં આઠ સંખ્યા સાથે સંબંધિત અનેક વિષયોનું સંકલન છે. ઉદ્દેશક વિભાગ નથી. કુલ ૧૨૨ સૂત્રોમાંથી અન્ય આગમોમાં વર્ણિત વિષય અનેક છે, તોપણ કોઈ આગમમાં ન આવ્યા હોય તેવા નૂતન વિષય પણ છે.

**પ્રશ્ન–૨ : પોતાના નાના કે મોટા ગુપ્ત દોષોની આલોચના-પ્રાયશ્ચિત્તનું મહત્ત્વ કેવી રીતે સમજાવેલ છે ?**

**ઉત્તર–** સાતમા સ્થાન(અધ્યાય)માં દોષોના આલોચના-પ્રાયશ્ચિત્ત કરવાની કે નહીં કરવાની અંતર માનસ સ્થિતિ દર્શાવેલ છે. તે જ કથન અહીં આઠની સંખ્યાથી કરેલ છે. વિશેષમાં અહીં આઠમો બોલ એ બતાવેલ છે કે મારા ગુઢ આચાર્યને અવધિજ્ઞાન ઉત્પન્ન થશે તો તેઓ મારા દોષને જાણી લેશે. તેથી મારે સ્વતઃ આલોચના કરી લેવી શ્રેષ્ઠ છે, ગુપ્ત તો રહેવાનું નથી. આઠ-આઠ





કારણ આલોચના કરવાના કે ન કરવાના કથન પછી અહીં તે બંનેની આંતર સ્થિતિને દષ્ટાંત દ્વારા કે ઉપમા દ્વારા પ્રગટ કરીને ભાવિ પરિણામ પણ દર્શાવેલ છે. (૧) **દોષને છુપાવનાર–** જેવી રીતે લોકની અનેક પ્રકારની અગ્નિ, અગ્નિની મોટી-મોટી ભટ્ટીઓ આદિ સદા અંદર ને અંદર બળતી રહે છે તેવી રીતે તે દોષી વ્યક્તિ અંદરમાં શોક, ભય, ખેદ, આદિથી બળતો જ રહે છે. કોઈ કંઈ ધીમેથી વાતો કરતા હોય તો તે શંકા કરશે કે આ લોકો મારી જ વાતો કરતા હશે.

અહીંથી શુદ્ધિ કર્યા વિના મૃત્યુ થાય તો તે અત્યંત સામાન્ય દેવ બને છે. ત્યાંના આભિયોગિક દેવો પણ તેનું સન્માન જાળવતા નથી, વળી સમયે-સમયે તે તિરસ્કૃત થાય છે. ત્યાં તે કંઈ બોલે તો ૪–૫ દેવ ઉઠીને કહે કે હે આર્યપુત્ર ! આપનો બકવાસ બંધ કરો, વધારે હવે બોલો મા, ચુપચાપ બેસી જાઓ વગેરે. ત્યાંથી પણ મરીને માનવલોકમાં દીન, દરિદ્ર, ભિખારી વગેરે હલકા કુળમાં જન્મ લઈને કુરૂપ, હીનસ્વર, અનાદેય વચનવાળા થઈને સન્માન ને બદલે તિરસ્કાર પામે છે.

**(૨)** તેના પ્રતિપક્ષમાં વર્ણન કરતાં બતાવેલ છે કે પોતાના દોષોને માટે સમયે સાવધાન થઈને આલોચના પ્રાયશ્ચિત્ત કરીને સરળતા, નમ્રતા, લઘુતા ધારણ કરનારા આત્મશુદ્ધિ સાથે કાળ કરીને દેવલોકમાં ઉચ્ચસ્થાનને પ્રાપ્ત કરી મહર્દ્ધિક દેવ બને છે. દૈવી સુખોને ભોગવતાં તેઓ અત્યધિક સન્માન પ્રાપ્ત કરે છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી માનવ જન્મ પ્રાપ્ત કરે છે. ત્યારે અહીં પણ ઋદ્ધિ સંપન્ન શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થાય છે અને સુખપૂર્વક, સન્માનયુક્ત જીવન વ્યતીત કરે છે.

આ રીતે ઉભય પ્રકારના પરિણામ બતાવીને એ સમજાવેલ છે કે સાધક જીવનમાં થયેલ સ્ખલનાઓને વધારે છુપાવવાનો પ્રયત્ન ન કરીને પવિત્ર ભાવે આલોચના પ્રાયશ્ચિત્ત શુદ્ધિ કરી લેવી જોઈએ.

**આ સૂત્રમાં આવતા અઘરા શબ્દોના અર્થ– આઉક્ખએણં–** આયુષ્યકર્મના પ્રદેશોનો ક્ષય. **ભવક્ખએણં–** ભવ યોગ્ય ગતિ-જાતિ આદિ અનુબંધોનો ક્ષય. **ઠિઈક્ખએણં–** આયુષ્યની સ્થિતિ બંધનો ક્ષય. **અંતકુલ–** ક્ષુદ્રકુલ–મ્લેચ્છ કુલ. **પંતકુલ–** ચાંડાળ વગેરે. **તુચ્છકુલ–** નાનું ઘર, નાનો પરિવાર, તુચ્છ વિચારનાર. **દરિદ્રકુલ–** ગરીબ નિર્ધન કુળ. **ભિક્ખાગકુલ–** માંગીને ખાનાર કુળ. **કિવણકુલ–** ખાન-પાન, રહેણી-કરણીમાં કંજુસાઈ કરનાર કુળ. **દિવ્ય પ્રભા–** દેવસંબંધી માહાત્મ્ય. **દિવ્યછાયા–** સુંદર શરીરાકૃતિ. **દિવ્યઅર્ચિ–** **શરીરમાંથી** નીકળતાં કિરણો(તેજોમય જ્યોતિ). **દિવ્યતેજ–** શરીરની રોનક

કાંતિ. **દિવ્ય લેશ્યા–** શુકલ આદિ લેશ્યા. **ઉજ્જોવેમાણા–** સ્થૂળ વસ્તુઓને પ્રકાશિત કરનાર. **પભાસેમાણે–** સૂક્ષ્મ વસ્તુઓને પણ ઉદ્યોતિત કરનાર.

**પ્રશ્ન–૩ : આયુર્વેદ શાસ્ત્રોના વિષયમાં અહીં શું દર્શાવેલ છે ?**

**ઉત્તર–** અહીં સૂત્ર–૩૦ માં બતાવેલ છે કે આયુર્વેદના આઠ શાસ્ત્ર છે– **(૧)** કુમારભૃત્ય શાસ્ત્ર–તેમાં બાળકોની સાર-સંભાળ અને બાલરોગોની ચિકિત્સા બતાવેલ છે. **(૨)** કાયચિકિત્સા શાસ્ત્ર– તેમાં તાવ, કોઢ વગેરે શારીરિક રોગોના, કાન, નાક, મુખના રોગોના અનેકવિધ ઈલાજ બતાવેલ છે. **(૩)** શાલાક્ય શાસ્ત્ર– તેમાં લોખંડના સળીયા ગરમ કરીને તેના દ્વારા ઈલાજ કરવાના વિધાન છે. **(૪)** શલ્ય હત્યા શાસ્ત્ર– તેમાં શરીરમાં લાગેલા તીર, ભાલા આદિના ઘાવ રૂઝાવવાની વિધિ, ઓપરેશન વગેરે શલ્ય ચિકિત્સાનું વર્ણન છે. **(૫)** જંગોલી શાસ્ત્ર– તેમાં સર્પ, વીંછી આદિના વિષની ચિકિત્સાનું વર્ણન છે. **(૬)** ભૂતવિદ્યા શાસ્ત્ર–તેમાં પ્રેતાત્માના કષ્ટ સંબંધી ચિકિત્સા, ઉપસર્ગના ઉપશમન, શાંતિકર્મ આદિનું વર્ણન છે. **(૭)** ક્ષારતંત્ર શાસ્ત્ર– તેમાં ભસ્મ, પિષ્ટી(પ્રવાલ પિષ્ટી) આદિ દ્વારા શારીરિક બલવૃદ્ધિની ચિકિત્સા બતાવેલ છે. **(૮)** રસાયણ શાસ્ત્ર– તેમાં રસધાતુ કે કલ્પ, પરપટી(બહુસાધિત ઔષધ) આદિ ચિકિત્સાનું વર્ણન છે. આ ગ્રંથ વૈદ્યો પાસે કે મોટા પુસ્તક વિક્રેતાઓ પાસે તેમજ વિશાળ સાર્વજનિક પુસ્તકાલયોમાં હોય છે.

**પ્રશ્ન–૪ : અહીં ૫૬ દિશાકુમારી દેવીઓ સંબંધી શું નિરૂપણ છે ?**

**ઉત્તર–** રુચકવર દ્વીપમાં વચ્ચે રુચકવર પર્વત ચૂડીના આકારે ગોળ છે. તેના ઉપરે ચારે ય દિશામાં આઠ-આઠ કૂટ પર આઠ-આઠ દિશાકુમારી દેવીઓ પોતાના ભવનમાં રહે છે. તેનું આયુષ્ય એક પલ્યોપમનું હોય છે. તે જ પર્વતની ચાર વિદિશાઓમાં એક-એક એમ ચાર તથા પર્વતની પહોળાઈની વચ્ચે ચારે ય દિશામાં એક-એક એમ બંને મળી આઠ થાય છે. આ પ્રમાણે ૮×૫ = ૪૦ દિશાકુમારી દેવીઓ રુચકપર્વત ઉપર હોય છે. આઠ ઉર્ધ્વલોકમાં મેરુપર્વતના નંદનવનમાં આઠ કૂટો પર પોતાના ભવનમાં રહે છે અને ૮ અધોલોકમાં પોતાના ભવનોમાં હોય છે. એમ કુલ–૪૦+૮+૮ = ૫૬ દિશાકુમારી દેવીઓ કહેલ છે. દિશાકુમારી ભવનપતિની જાતિની હોવાથી તથા દિશાઓ વિદિશાઓમાં નિવાસ હોવાથી તે દિશાકુમારી દેવીઓ કહેવાય છે. તેમાંથી કોઈકને વિદ્યુત્કુમારી દેવીઓ પણ પૂર્વસ્થાનમાં કહેલ છે.

**પ્રશ્ન–૫ : દીક્ષા લીધા પછી આત્મોન્નતિ માટે તેમજ શ્રેષ્ઠતમ શ્રામણ્ય અવસ્થા પ્રાપ્ત કરવા માટે શ્રમણોએ શું શું ધ્યાન રાખવું જોઈએ ?**





**ઉત્તર–** ઉન્નત સંયમ જીવનની આરાધના અને શ્રેષ્ઠ શ્રામણ્ય ભાવની પ્રાપ્તિના ઈચ્છુક શ્રમણો માટે પોતાના આત્માને સંયમમાં સંસ્કારિત તેમજ પુષ્ટ કરવાના સ્થાન સૂત્ર–૧૦૬માં આ પ્રમાણે દર્શાવેલ છે– **(૧)** અશ્રુતપૂર્વ ધર્મ વિષયોને સાંભળવા સદા તત્પર રહેવું જોઈએ. **(૨)** સાંભળેલા તત્ત્વોમાં અવગાહન તેમજ વિશિષ્ટ અર્થ, પરમાર્થ, રહસ્ય ચર્ચા વિચારણા સહિત સમજવામાં તત્પર રહેવું જોઈએ. **(૩)** સંયમ અને વિવેક દ્વારા નવા કર્મોને આવતાં અધિકતમ રોકવા જોઈએ અર્થાત્ નવા કર્મબંધ ન થાય તેનું સદા ધ્યાન રાખવું જોઈએ. કષાય અને યોગ પ્રવર્તનમાં પૂર્ણ સાવધાન રહેવું તથા ઈન્દ્રિય વિષયોમાં રાગદ્વેષથી બચીને તટસ્થ તેમજ વિરક્ત ભાવે રહેવું જોઈએ. **(૪)** તપસ્યા દ્વારા કે સ્વાધ્યાય-ધ્યાન દ્વારા કર્મોને ખપાવવા તત્પર રહેવું જોઈએ અર્થાત્ ક્ષમતા–શક્તિ પ્રમાણે સદા તપસ્યાની વૃદ્ધિ કરતા રહેવું જોઈએ. **(૫)** સંયમભાવોમાં સુસ્ત થયેલા શિષ્યો કે સાધર્મિકોને ઊંચે ઉઠાવવામાં સદા સહાયભૂત બનતા રહેવું જોઈએ. **(૬)** નવદીક્ષિતને સર્વ પ્રકારે શિક્ષિત કરવામાં પૂર્ણ ઉદ્યમવંત અને કર્તવ્યનિષ્ઠ રહેવું જોઈએ. **(૭)** બીમાર, વૃદ્ધ, અશક્ત શ્રમણોની સેવા-પરિચર્યા, ગ્લાનિ કર્યા વિના રુચિપૂર્વક અને ઉત્સાહપૂર્વક કરવાનું માનસ રાખવું જોઈએ. **(૮)** સાધર્મિકોમાં ક્યાંય પણ કષાય-ક્લેશ, અશાંતિ, વિવાદ, અસમંજસ વગેરે દેખાય તો તેનું વિવેક, વિચક્ષણતા, નિષ્પક્ષતા તેમજ હિતભાવે કુશળતાપૂર્વક નિવારણ કરવામાં તત્પર રહેવું જોઈએ.

આ રીતે આત્માનો સંયમ અભ્યાસ વધારનાર અને આત્મામાં ગુણોની પુષ્ટી કરનાર સાધક સ્વ-પર કલ્યાણકારી તેમજ જિનશાસનના ઉપકારક બનીને, યશસ્વી સંયમ જીવનથી આરાધક બને છે યાવત્ મુક્તિનો અધિકારી બને છે.

**પ્રશ્ન–૬ : ચૈત્યવૃક્ષ એટલે શું ? તે ક્યાં હોય છે ?**

**ઉત્તર–** આગમોમાં ચૈત્યવૃક્ષનું વર્ણન બે પ્રકારે આવે છે– (૧) તીર્થંકરોને જે વૃક્ષ નીચે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે તેને ચૈત્યવૃક્ષ કહેલ છે. શ્રી સમવાયાંગ સૂત્રમાં ૨૪ તીર્થંકરોના ૨૪ ચૈત્યવૃક્ષ અલગ-અલગ જાતિના બતાવેલ છે. (૨) પ્રસ્તુતમાં બીજા પ્રકારના ચૈત્યવૃક્ષ વ્યંતરદેવોની અપેક્ષાએ કહેલ છે. આ વૃક્ષ દેવોના ચિત્તને પ્રસન્ન કરનાર, તેમની પોતાની પસંદગીના અલગ-અલગ પ્રકારના હોય છે. જેમ કે– ૧. પિશાચનું કદંબ વૃક્ષ ૨. યક્ષનું વડ વૃક્ષ ૩. ભૂતનું તુલસી ૪. રાક્ષસનું કંડક ૫. કિન્નરનું અશોકવૃક્ષ ૬. કિંપુરુષનું ચંપક ૭. મહોરગનું નાગવૃક્ષ ૮. ગંધર્વ દેવોનું તિંદુક વૃક્ષ. આ પ્રમાણે અહીં આઠ વ્યંતર જાતિના દેવોના પ્રિય વૃક્ષોને ચૈત્યવૃક્ષો કહેલ છે. તે દેવો મનુષ્યલોકમાં ભ્રમણ

કરીને તે-તે વૃક્ષો પર થોડો સમય નિવાસ કરે છે અને મનુષ્યો દ્વારા પોતાની કુતૂહલ પ્રકૃતિનું પોષણ કરે છે. જેમ બાળકો અમુક સમયે રમતગમત મનોરંજન માટે ક્રીડા સ્થાનોમાં જાય છે, ભ્રમણ કરે છે, મનોવિનોદ કરે છે અને પાછા પોતાની ઘરે આવી જાય છે. તેવી જ રીતે આ દેવો પણ વારંવાર માનવલોકમાં આવતા રહે છે. આ બધા દેવોને અવધિજ્ઞાન તો હોય જ છે પરંતુ અલ્પ મર્યાદાવાળા અવધિજ્ઞાની અને અલ્પ ઉંમરવાળા દેવ જ કુતૂહલ વૃત્તિથી માનવલોકમાં ભ્રમણ કરે છે. અર્થાત્ ૧૦,૨૦,૪૦,૫૦,૬૦ કે ૮૦ હજાર વર્ષની ઉંમરવાળા. અધિક ઉંમરવાળા અને અધિક મર્યાદાના અવધિ-જ્ઞાનવાળા નિષ્કારણ અહીં માનવલોકમાં ભટકતા નથી. જેમ કે બાલ્યવય પછી વ્યક્તિ ખેલકૂદ મનોરંજનથી નિવૃત્ત થઈ જાય છે અને પોતાના સંસાર વ્યવહારમાં લાગી જાય છે. તે જ રીતે પ્રૌઢ ઉંમરના દેવ ગંભીરતાથી પોતાના સ્થાનમાં પ્રાપ્ત સુખભોગોમાં લીન રહે છે.

**પ્રશ્ન–૭ : આ સ્થાનમાં અન્ય પણ કયા-કયા વિષયોનું નિરૂપણ છે ?**

**ઉત્તર–** ઉપરોક્ત પ્રશ્નોત્તરો સિવાય અહીં સંકેત રૂપે અનેક વિષય આઠની સંખ્યાએ દર્શાવેલ છે તથા અન્ય આગમો કે પ્રસ્તુત સૂત્રના સ્થાનોમાં કહેલ વિષય પણ આઠ સંખ્યાની અંતર્ગત અહીં સમાવિષ્ટ કરેલ છે, જેમ કે– **(૧)** આઠ મદ–જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ, ઐશ્વર્યમદ. **(૨)** અક્રિયાવાદી આઠ મત– ૧. અદ્વૈતવાદ–બધું એક બ્રહ્મ જ છે, બાકી આખું જગત મિથ્યા છે. ૨. દ્વૈતવાદ–એકને પણ અનેક માનનાર સામાન્ય ધર્મનો નિષેધ કરીને વિશેષધર્મોને માનનારા. ૩. મિતવાદી–આત્માને પરિમિત માનનાર, સંખ્યાથી પણ અને અવગાહનાથી પણ તંદુલ(ચોખા) પ્રમાણ, અંગૂઠા પ્રમાણ આદિ માનનાર. ૪. નિર્મિતવાદી– ઈશ્વરકૃત સૃષ્ટિને માનનાર. ૫. સાતાવાદી–સુખથી સુખ મળે છે તેથી ખાઓ-પીઓ, મોજ કરો, સુખથી રહો એવી માન્યતાવાળા. ૬. સમુચ્છેદવાદી– ક્ષણિકવાદી, દરેક વસ્તુ બીજી ક્ષણે બદલાઈ જાય છે, એમ માનનારા. વાસ્તવમાં વસ્તુ નહીં પર્યાય બદલે છે. ૭. નિત્યવાદી–બધું જ અવિનાશી છે એમ માનનાર. ૮. અસત્પરલોક વાદી–પરલોક કે મોક્ષ કંઈપણ ન માનનાર.

**(૩)** આઠ પ્રકારના નિમિત્ત શાસ્ત્ર– ૧. ભૌમ–ભૂમિસંબંધી શુભાશુભ લક્ષણ બતાવનાર. ૨. ઉત્પાદ–ઉપદ્રવ, અશુભ લક્ષણોના શુભાશુભ ફળ બતાવનાર. ૩. સ્વપ્ન–વિવિધ સ્વપ્ન સંબંધી ફળ દર્શાવવાવાળા. ૪. અંતરિક્ષ–આકાશમાં થતાં લક્ષણો પરિવર્તનોનાં શુભાશુભ ફળ બતાવનાર તથા ચંદ્ર, ગ્રહ અને





નક્ષત્રોના યોગ સંબંધી શુભાશુભ ફળ બતાવનાર. ૫. અંગ–શરીરના અંગો-પાંગના આકાર પરથી શુભાશુભ પરિણામ બતાવનાર. ૬. વિવિધ સ્વર–ઉચ્ચારણો પરથી શુભાશુભ પરિણામ બતાવનાર. ૭. લક્ષણ–હાથ-પગની રેખાઓથી પરિણામ બતાવનાર. ૮. વ્યંજન–તલ, મસા આદિ અનેક શરીરના ચિહ્નો પરથી પરિણામ બતાવનાર. આ આઠ મહા નિમિત્તશાસ્ત્ર કહેલ છે અથવા તો નિમિત્તશાસ્ત્રમાં આ આઠ વિષયોના નિરૂપણનો સમાવેશ હોય છે.

સંયમ સાધનામાં આ તત્ત્વો માત્ર જ્ઞેય એવં અનુભવ વૃદ્ધિ તેમજ સાધુ સંઘની સુરક્ષા માટે ઉપાદેય છે. લૌકિક રુચિએ આ શાસ્ત્રોનાં જ્ઞાન કે ઉપયોગનો શ્રમણો માટે નિષેધ કરેલ છે. કારણ કે સંયમ જીવનમાં સંવર, નિર્જરા અને આત્મકલ્યાણ સાધનાની જ મુખ્યતા હોય છે. **(૪) શક્રેન્દ્ર–** ઈશાનેન્દ્રને આઠ-આઠ અગ્રમહિષીઓ હોય છે. **(૫)** આઠ મહાગ્રહ–ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, બૃહસ્પતિ, અંગારક, શનિશ્ચર, રાહુ-કેતુ એ નવ છે પરંતુ અહીં આઠની સંખ્યામાં રાહુ-કેતુ એ બંને એકમાં સમાવિષ્ટ છે. **(૬)** ભરત રાજાની આઠ પાટ સુધી બધા રાજા દીક્ષા લઈને મોક્ષે ગયા હતા. પાર્શ્વનાથ ભગવાનના ૮ ગણ અને ૮ ગણધર હતા. ૨૨મા તીર્થંકરના શાસનમાં નિરંતર ૮ પાટ મોક્ષે ગયા અને તેમના કેવલજ્ઞાનના ૧૨ વર્ષ થછી મોક્ષે જવાની શરૂઆત થઈ હતી. ભગવાન મહાવીર સ્વામી પાસે ૮ રાજાઓએ સમયાંતરે દીક્ષા લીધી હતી– ૧. વીરાંગદ ૨. વીરયશ ૩. સંજય ૪.એણેયક(પરદેશી રાજાની પરંપરાના) ૫.શ્વેત ૬. શિવ ૭. ઉદાયન ૮. શંખ–કાશીવર્ધન(અલક્ષ રાજા). કથાનકોમાં ઉદાયનરાજાને અંતિમ મોક્ષગામી રાજા કહેવામાં આવે છે. અહીં ક્રમમાં આઠમા અને અંતિમ મોક્ષગામી રાજા શંખના નામે કહેલ છે. એમાં ક્યાંક ક્રમની ભૂલ હોઈ શકે છે. આગામી ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકર મહાપદ્મ પાસે આઠ રાજા દીક્ષિત થશે– ૧. પદ્મ ૨. પદ્મગુલ્મ ૩. નલિન ૪. નલિનગુલ્મ ૫. પદ્મધ્વજ ૬. ધનુર્ધ્વજ ૭. કનકરથ ૮. ભરત. અરિષ્ટનેમિ ભગવાનની ૮૦૦ વાદી સંપદા હતી. ભગવાન મહાવીર સ્વામીના ૮૦૦ સાધુ અનુત્તર વિમાનમાં ગયા.

**(૭)** ઉપમાકાળ **આઠ** છે– પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્ગલ પરાવર્તન, સંપૂર્ણ અતીતકાળ, સંપૂર્ણ અનાગતકાળ, સર્વકાળ. **(૮)** મધ્યપ્રદેશ–રુચકપ્રદેશ આઠ હોય છે– ધર્માસ્તિકાયના, અધર્માસ્તિકાયના, આકાશાસ્તિકાયના અને જીવના. **(૯)** આઠ ગતિ– ૧ થી ૪. નરકાદિ ચારગતિ ૫. સિદ્ધગતિ ૬. ગુરુગતિ–પરમાણુ આદિની સ્વાભાવિક ગતિ. ૭. પ્રણોદન ગતિ– વાયુ આદિથી પ્રેરિત ગતિ. ૮. પ્રાગભારગતિ– બીજાના દબાણ–ભારથી

બળદ-ઘોડા વગેરેની ગતિ. **(૧૦)** માગધ દેશમાં ૮૦૦૦ ધનુષ પ્રમાણનું યોજન પ્રચલિત છે. અન્યત્ર ઓછું વધારે પણ પ્રચલન થતું રહે છે. **(૧૧)** કૃષ્ણ વાસુદેવની આઠ પટ્ટરાણીઓ દીક્ષા લઈને મોક્ષે ગઈ. મહાવિદેહ ક્ષેત્રની આઠ-આઠ વિજયમાં આઠ તીર્થંકર, આઠ ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ જન્મે છે. અહીં વિજયોની યોગ્યતાની અપેક્ષાએ કહેલ છે પરંતુ જન્મેલા તો અનેક તીર્થંકર આદિ હોય છે. તથા પ્રવર્તમાન ચક્રવર્તી વાસુદેવ બલદેવ ઉત્કૃષ્ટ પદે ૭–૭ જ હોય છે. તીર્થંકર માત્ર ઉત્કૃષ્ટ પદે ૮–૮ હોઈ શકે છે. (૮–૮ વિજયોમાં) **(૧૨)** સિદ્ધશિલાનાં આઠ નામ– ૧. ઈષત્ ૨. ઈષત્ પ્રાગભારા ૩. તનુ ૪. તનુતનુ ૫. સિદ્ધિ ૬. સિદ્ધાલય ૭. મુક્તિ ૮. મુક્તાલય. **(૧૩)** તેઈન્દ્રિયની ૮ લાખ કુલ કોટી કહેલ છે.

તે સિવાય અન્ય શાસ્ત્રો–સ્થાનોમાં વર્ણિત વિષય અહીં આ પ્રમાણે છે– જ્ઞાનક્ષમતા, વનસ્પતિ વિભાગ, આલોચકની યોગ્યતા, પ્રાયશ્ચિત્ત આઠ, સંયમ-અસંયમ, આઠ સૂક્ષ્મ, આહાર, કૃષ્ણરાજિ, પૂર્વ વસ્તુ, લોકાંતિક, કાંગણિ રત્ન, દ્વીપ-સમુદ્ર, જંબૂવૃક્ષ, ગુફા, કૂટ, પર્વત, વિજય આદિ. દેવલોક, પડિમા, જીવ-પ્રકાર, જ્યોતિષ મંડળ, નક્ષત્રદ્વાર, કર્મસ્થિતિબંધ, પુદ્‌ગલ, સ્કંધ વગેરે વિષયોનું સંક્ષિપ્ત વર્ણન છે. તેનું વિસ્તૃત વર્ણન અન્ય શાસ્ત્રોમાં કરવામાં આવશે.

# સ્થાન–૯

**પ્રશ્ન–૧ : આ સ્થાનનો પરિચય શું છે ?**

**ઉત્તર–** આ સ્થાનમાં ૯ ની સંખ્યાના આધારે વિષયોનું નિરૂપણ છે. જેમાં કેટલા ય નવા તેમજ કેટલા ય અન્ય શાસ્ત્રોમાં વર્ણવેલા વિષયો સંગ્રહિત છે. આ અધ્યયનમાં વિભાગ રૂપ ઉદ્દેશક આદિ નથી.

**પ્રશ્ન–૨ : દીક્ષા આપ્યા પછી થોડા સમયમાં કોઈપણ સંઘવાળા પોતાના જ સાધુ-સાધ્વીને કેમ અલગ કરે છે ?**

**ઉત્તર–** આ સ્થાનના પ્રથમ સૂત્રમાં આ વિષયમાં માર્ગદર્શન આપેલ છે કે નવ પ્રકારની વિપરીત વૃત્તિ અર્થાત્ અસભ્યતા, અવિનય-આશાતના કે સ્વચ્છંદતા કરનાર શ્રમણને પોતાની નિશ્રાથી સંઘથી મુક્ત કરી શકાય છે– (૧) આચાર્યને પ્રતિકૂળ આચરણ કરનાર. (૨થી૬) તે જ રીતે ઉપાધ્યાય, સ્થવિર, કુલ(એક ગુરુનો સમુદાય), ગણ(કુલોનો સમૂહ), સંઘ(ગણોનો સમૂહ) પ્રત્યે પ્રતિકૂળ





આચરણ કરનાર અર્થાત્ અનુશાસન નહિ સ્વીકારનાર, મનફાવે તેમ વાચિક, કાયિક અયોગ્ય પ્રવૃત્તિ કરનાર. (૭થી૯) જ્ઞાન, દર્શન, ચારિત્રની વિપરીત વાચિક, કાયિક આચરણ કરનાર અર્થાત્ મિથ્યા પ્રરૂપણ અને મર્યાદા ભંગ કરનાર. આ નવ પ્રકારની સ્વચ્છંદ વૃત્તિવાળા શ્રમણ ગચ્છમાં રહીને સ્વ-પર ઉભયનું અહિત કરનાર તેમજ અહિતકારી આદર્શરૂપ બને છે. તેને તટસ્થ ભાવે હિતાવહ શબ્દોમાં સૂચન કરીને નિષ્કષાય વ્યવહાર સાથે, આહારાદિ સંભોગ વિચ્છેદનો, નિશ્રાથી–ગચ્છથી મુક્ત કરવાનો નિર્ણય સ્પષ્ટ કહી દેવામાં આવે છે.

ત્યાર પછી તે અસહાય થવાથી કે ગૃહસ્થ બની જવાથી ગુસ્સો, નિંદા વગેરે કંઈ પણ કરે તો સંઘના શ્રમણ આદિ પોતાના સંયમભાવોમાં, મર્યાદામાં રહીને ઉપેક્ષાભાવે સ્વ-પર આત્મસંયમ કેળવીને રહે. તેના પ્રત્યે હીનભાવ, તિરસ્કારભાવ, નિંદાભાવ અને અહિતકારી વ્યવહારોથી બચીને, અનુકંપાભાવે ઉદાર મનોવૃતિથી ઉપેક્ષા ભાવે રહે; તેનાં વ્યવહારોને ભૂલીને સ્વમાં લીન રહેવાનું જ લક્ષ્ય રાખે. તેમજ આત્મસાધકે પડેલાને પાટુ મારવાની મનોવૃત્તિ ક્યારે ય પણ ન રાખવી પરંતુ ગમે તેમ તેનું હિત થાય, તેને સુબુદ્ધિ આવે એવા ભાવ રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આગમ શ્રી જ્ઞાતાસૂત્ર અને નિરયાવલિકા સૂત્રના વર્ણન પ્રમાણે પાર્શ્વ નાથ ભગવાનની અનેક સાધ્વીઓ પોતાની દૂષિત પ્રકૃતિ–પ્રવૃત્તિથી ગચ્છ મુક્ત બની હતી અને તેઓ શાંતિથી અન્ય સજ્જનો દ્વારા પ્રદત્ત ઉપાશ્રય-સ્થાનોમાં રહીને પોતાની પ્રકૃતિ–પ્રવૃત્તિનું પોષણ કરવા છતાં પણ તપ-સંયમનું પાલન કરી દોષોની શુદ્ધિ કર્યા વિના, વિરાધક બનીને પણ દેવગતિમાં જઈને એક ભવ કરીને મુક્તિ પામશે. આવા સ્પષ્ટ આગમ વર્ણનને જોતાં કોઈ પણ ધર્મી આત્માઓનો તિરસ્કાર કરવો તો કોઈને પણ યોગ્ય થતો નથી અને સંત-સતીજીઓએ તો ત્રણ કરણ, ત્રણ યોગથી પવિત્રહૃદયી રહેવું એ જ તેઓને માટે જિનાજ્ઞાનો ધ્રુવમાર્ગ છે.

**પ્રશ્ન–૩ : બ્રહ્મચારી પુરુષે બ્રહ્મચર્યની રક્ષા માટે કઈ-કઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ ?**

**ઉત્તર–** શાસ્ત્રોમાં અનેક સ્થાને આ સંબંધી અનેક પ્રકારના વિધાન તેમજ નિષેધ છે. તે બધા નિયમોનું યથાયોગ્ય ધ્યાન અવશ્ય રાખવું જોઈએ. ખાસ કરીને એક સાથે બ્રહ્મચર્યની ૯ ગુપ્તિ, ૯ અગુપ્તિ વિગતવાર અહીં આ સ્થાનમાં બતાવેલ છે. આવશ્યક સૂત્રમાં શ્રમણ સૂત્રના ચોથા પાઠમાં અને

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૧ માં પણ ૯ ગુપ્તિ(નવવાડ)નું સંક્ષિપ્ત સૂચન છે. ઉત્તરાધ્યયન અધ્યયન–૧૬માં બ્રહ્મચર્યના ૧૦ સમાધિ સ્થાનોનું વિસ્તારથી વર્ણન છે. પ્રસ્તુત સ્થાન વર્ણિત નવવાડ રૂપ સુરક્ષા સ્થાનો આ પ્રમાણે છે– **(૧)** બ્રહ્મચારી સાધુ-સાધ્વીએ ગૃહસ્થ તેમજ તેમના સામાનથી રહિત સ્થાને રહેવું જોઈએ તેમજ સ્ત્રી(પુરુષ), પશુ, નપુંસક યુક્ત મકાનમાં રહેવું ન જોઈએ. તેમાં જ તેના સંયમ તથા બ્રહ્મચર્યની સમાધિ રહે છે અર્થાત્ સમ્યક આરાધના થાય છે. **(૨)** બ્રહ્મચારી સાધુએ સ્ત્રી સંબંધી અને સાધ્વીઓએ પુરુષ સંબંધી કથાવાર્તા ન કરવી અર્થાત્ તેના હાવ-ભાવ, રૂપ-રંગ, બોલી-ચાલી, વસ્ત્ર આભૂષણ, શ્રૃંગાર આદિ સંબંધી સારા-ખરાબની ચર્ચા-વાર્તા તથા તે સંબંધી ચિંતન-વિચારણા પણ કરવી નહીં તથા સ્ત્રીઓ સાથે બેસીને વાતોમાં સમય ન વિતાવવો. **(૩)** સ્ત્રીઓની સાથે એક આસન પર સાધુએ બેસવું નહીં અથવા જ્યાં સ્ત્રી અધિક સમય બેઠી હોય તે સ્થાને તેના ઉઠયા પછી થોડા સમય સુધી બેસવું નહીં તેમજ સ્ત્રી સંબંધી બધા સ્થાનો વર્જવા. જેમ કે– જ્યાં સ્ત્રીઓ વારંવાર આવીને તડકામાં કે હવામાં બેસતી હોય તે સ્થાને સાધુએ ન બેસવાનું ધ્યાન રાખવું જોઈએ, સ્ત્રીઓ જ્યાં વારંવાર લઘુશંકા માટે આવતી હોય ત્યાં સાધુએ લઘુશંકા માટે કે પરઠવા ન જવું. સ્ત્રીઓની વડીનીતની સ્થંડિલ ભૂમિમાં સાધુએ વડીનીત માટે ન જવું. એ જ પ્રમાણે સાધ્વીઓએ પુરુષ સંબંધી ઉપયોગી તે-તે સ્થાનો વર્જવા. આ કથન માટે મૂળ પાઠનું વાક્ય છે– **णो इत्थिठाणाइं सेवित्ता भवइ ।** **(૪)** સ્ત્રીના અંગોપાંગોને, શરીરના મનોહર તેમજ મનોરમ અવયવોને– હાથ, પગ, આંખ, મુખ, રૂપ-રંગ આદિ એકીટસે રાગભાવે જુએ નહીં. તે જ રીતે સાધ્વી પુરુષના શરીરને, તેનાં અંગોપાંગોને નીરખે નહીં; વારંવાર કે વધારે સમય સુધી ધારી ધારીને જુએ નહીં; સહજ દૃષ્ટિ પડે તો પણ તત્કાલ નજર પાછી ખેંચી લેવી જોઈએ. **(૫)** હંમેશાં કે વારંવાર સરસ સ્વાદિષ્ટ ગરિષ્ટ પદાર્થોનું સેવન ન કરવું જોઈએ. હંમેશાં ગરિષ્ટ ભોજન કરતા રહેવાથી અને ક્યારેક-ક્યારેક પણ તપસ્યા ન કરવાથી વિકારોની વૃદ્ધિ થાય છે. જેનું નિવારણ કરવું કઠિન થાય છે. તેથી ઉત્તરાધ્યયન અધ્યયન–૧૭માં ''હંમેશા ગરિષ્ટ ભોજન કરતા રહીને જે વચ્ચે-વચ્ચે ઉપવાસ વગેરે તપ ન કરતા હોય તેવા શ્રમણને પાપીશ્રમણ કહેલ છે.'' કારણ કે તેમ કરવાથી માનસિક તેમજ ઈન્દ્રિય વિકારોથી બ્રહ્મચર્યની સમાધિ ભંગ થાય છે. **(૬)** સરસ કે નીરસ કોઈપણ આહાર ઠાંસી-ઠાંસીને ન ખાવો જોઈએ. સાધુ-સાધ્વીએ સદા ઉણોદરી તપ કરવું જોઈએ અર્થાત્ ભૂખથી ઓછું





ખાવું જોઈએ. ક્યારેક કોઈ કારણે એમ ખાવું પડે તો પણ હંમેશાં કે વારંવાર તેમ ન કરવું જોઈએ તેમજ તપસ્યા કરવાનું લક્ષ્ય અવશ્ય રાખવું જોઈએ. **(૭)** ગૃહસ્થ જીવન સંબંધી પોતાના સુખભોગોનું સ્મરણ ન કરવું જોઈએ અને અન્યની પાસે પોતાના સંસારી સુખ સુવિધાની, સ્ત્રી-પુત્ર પરિવારની મોહભરી વાતો ન કરવી. **(૮)** સાધુ-સાધ્વી વાજિંત્ર વગેરે અનેક પ્રકારના શબ્દોને સાંભળવામાં અને દર્શનીય સ્થળોને જોવામાં આસક્ત ન થાય અર્થાત્ શ્રોતેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયને સંયમમાં રાખે, મન પર નિયંત્રણ રાખે તથા પોતાની પ્રશંસા, યશ કીર્તિના અભિલાષી ન બને. તેના માટે મૂળપાઠ છે– **णो सद्दाणुवाई, णो रूवाणुवाई णो सिलोगाणुवाई भवइ ।** **(૯) णो सायासोक्ख पडिबद्धे यावि भवइ ।** સાધુ-સાધ્વી સદા સુખશીલતાથી જ ન રહે અર્થાત્ સુખે-સુખે રહેવું, ખાવું-પીવું, આનંદ કરવો, ક્યારે ય ઉપવાસ પોરસી વગેરે ન કરવા, ઠંડી-ગરમી વગેરે સહન ન કરવા; એમ ન કરે. થોડી પણ તપ-ત્યાગની ટેવ રાખે તેમજ કંઈક કષ્ટ સહિષ્ણુ બનવાનો અભ્યાસ કરતા રહેવું જોઈએ. જોકે સાધુ જીવનમાં ડગલે ને પગલે કષ્ટ સહિષ્ણુતા જોડાયેલ છે, જેમ કે– વહેલા ઉઠવું, રાત્રિમાં સ્વાધ્યાય કરવો, સૂર્યોદય પહેલાં પ્રતિક્રમણ કરવું, ઠંડી-ગરમીમાં ગોચરી લાવીને જ વાપરવી, વાહન-પગરખાંનો ઉપયોગ ન કરવો, પગપાળા ચાલીને ગ્રામાનુગ્રામ વિહાર કરતા રહેવું, રાત્રે ચૌવિહાર કરવો, લોચ કરવો, વડીલોને વંદન કરવા, આદર આપવો, વિનય કરવો, પંખો ન કરવો, અગ્નિનો તાપ ન કરવો આદિ. તોપણ વ્યક્તિની માનસવૃત્તિ, સુખશીલતા અને સગવડતા વાદી ન બને તે માટે બ્રહ્મચર્ય સુરક્ષાના આ નિયમમાં સુખ પ્રતિબદ્ધ થવાનો નિષેધ કરેલ છે.

**સમીક્ષા–** ઉત્તરાધ્યયન સૂત્રમાં ત્રણ બોલ વિશેષ છે, યથા–(૧) ભીંત, પડદા વગેરેની અંદરથી સ્ત્રી પુરુષના હાસ્ય, કુજિત રુદન, ગીત આદિના વિવિધ શબ્દ, અવાજો સંભળાય તેવા સ્થાનમાં બ્રહ્મચારી બેસે કે રહે નહીં. (૨) શરીર તથા ઉપકરણોની વિભૂષા, સજાવટ, શૃંગારના કાર્ય કરે નહીં અર્થાત્ ઉદાસીન ભાવે સંયમ અર્થે શરીરને અને શરીર રક્ષા અર્થે કે લજ્જાર્થે વસ્ત્રોને તેમજ પાત્રોને ધારણ કરે . તાત્પર્ય એ છે કે ક્યાંય પણ વિભૂષા વૃત્તિનું માનસ ન રાખે એટલે કે સુંદર– સુંદરતમ દેખાવાની તેમજ ટીપટોપ રહેવાની વિચારધારા ન રાખે, માત્ર વ્યવસ્થિત વેશભૂષાથી વિવેક સાથે વસ્ત્રાદિ ઉપકરણોને રાખે અને ઉપયોગમાં લે. (૩) શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શમાં આસક્ત ન થાય, સારા પર રાગ અને ખરાબ પર દ્વેષ ન કરે. કોઈમાં ખુશ, કોઈમાં નાખુશ ન થાય પરંતુ

વિરક્તભાવે અનુકૂળ-પ્રતિકૂળ સહજપ્રાપ્ત શબ્દાદિના સંયોગમાં તટસ્થભાવ, સમભાવ રાખે. કોઈપણ ઈન્દ્રિય વિષયોની લાલસા ન રાખે, તેને માટે ભ્રમણ ન કરે પરંતુ શરીરના નિર્વાહ માટે તેમજ સંયમના નિર્વાહ માટે તથા જિનાજ્ઞાનુસાર જ પ્રત્યેક પ્રવૃત્તિ કરે. આ રીતે ઉત્તરાધ્યયન સૂત્રમાં શબ્દાદિ પાંચે ય ઈન્દ્રિયના વિષયોનું કથન સ્પષ્ટ કરેલ છે. જ્યારે પ્રસ્તુતમાં શબ્દ–રૂપ બે વિષયોના કથનની સાથે ત્રીજો શબ્દ પોતાની શ્લાઘા-પૂજા પ્રશંસાની ઈચ્છા ન કરવાનું છે. તેથી શાબ્દિક હીનાધિકતા સાથે આ બોલ બંને શાસ્ત્રોમાં છે.

બે બોલ ઉત્તરાધ્યયન સૂત્રમાં વિશેષ છે– (૧) હાસ્ય, કુજિત આદિના શબ્દ શ્રવણ યુક્ત સ્થાનનો નિષેધ તેમજ (૨) વિભૂષાવૃત્તિનો નિષેધ. પ્રસ્તુત સૂત્રમાં પણ ઉત્તરાધ્યયન સૂત્રથી એક બોલ વિશેષ છે– સુખશીલતાથી રહેવાની વૃત્તિનો નિષેધ. એમ કુલ ૧૧–૧૨ સુરક્ષા સ્થાનોનું બંને સૂત્રોમાં મળીને કથન છે. તે સિવાય પણ સાવધાનીઓ રાખવાના હેતુથી શાસ્ત્રોમાં વિવિધ કથન છે, જેની વિચારણા યથાસ્થાને કરવામાં આવશે.

**પ્રશ્ન–૪ : સામાન્ય રીતે રોગોત્પત્તિ કયા-કયા કારણે થાય છે ?**

**ઉત્તર–** માણસની પોતાની ભૂલથી, વિવેકજ્ઞાનના તેમજ યોગ્ય આચરણના અભાવે અનેક રોગો ઉત્પન્ન થાય છે. પ્રસ્તુત સ્થાનના સૂત્ર–૧૨ માં નવ કારણ રોગોત્પત્તિના કહેલ છે. જેમ કે– **(૧) ભોજનની અધિકતાથી–** ભોજનની અધિકતા અનેક પ્રકારે થઈ શકે છે–એક જ વખતે મનપસંદ વસ્તુ કે બીજા સાથે હરીફાઈ કરવામાં અત્યધિક ખાવું, શરીર–પેટની અનુકૂળતા ન હોવા છતાં પણ ખાતાં રહેવું, જરૂર વગર કે ભૂખ વગર માત્ર ઈચ્છા થવાથી અથવા બીજાના આગ્રહથી વારંવાર ખાવું, એક સાથે અનેક વસ્તુઓ ખાવી કે જેમાં ક્યારેક કોઈ પદાર્થ વિરોધી સ્વભાવના પણ ખાવામાં આવી જાય છે. તેથી સીમિત દ્રવ્ય, અલ્પ માત્રામાં તેમજ ઓછી વાર, ભૂખ લાગે ત્યારે અથવા શરીરની આવશ્યકતા હોય ત્યારે ખાવું. તે નિરોગી રહેવાનો સુંદર ઉપાય છે. **(૨) વધારે બેઠા રહેવાથી કે ઉભા રહેવાથી–**શરીરના યોગ્ય સંચાલન માટે અંગોપાંગોનું હલન-ચલન જરૂરી છે. કોઈપણ એક આસને સતત કલાકો સુધી એમ ને એમ રહેવાથી ક્યારેક શરીરની પ્રક્રિયાઓનું સમ્યક સંચાલન ન થવાથી અર્થાત્ તેમાં અવરોધ પેદા થવાથી અંગોપાંગોમાં, સ્નાયુઓમાં, હાડકાના સાંધામાં તકલીફ ઉભી થાય છે તેથી આસનનો વિવેક રાખવો જોઈએ. **(૩–૪) અતિ નિદ્રા અતિ જાગરણ–** સ્વસ્થ રહેવા માટે વિશ્રામ–નિદ્રાની જરૂર હોય છે પરંતુ તેની પણ મર્યાદા રાખવી જરૂરી છે. પ્રત્યેક વ્યક્તિને પોતાના શ્રમ





જીવનની અનુકૂળતા તેમજ અવસ્થાની અનુકૂળતા પ્રમાણે સૂવાનો વિવેક રાખવો આવશ્યક હોય છે.

બે, ત્રણ વર્ષના બાળકો માટે કોઈ નિયમ ન હોય. વિદ્યાર્થી જીવનમાં સામાન્ય રીતે ન્યૂનતમ ૬ કલાક તથા અધિકતમ ૧૦ કલાક સમજવા. યુવા-પ્રૌઢ અવસ્થામાં છ થી આઠ કલાક સૂવું સ્વાસ્થ્યપ્રદ રહે છે. આત્મસાધનામાં રત સાધકો માટે તેના નિરંતર અભ્યાસ અને માનસ પરિણતિ પ્રમાણે એક પ્રહર–ત્રણ કલાકની નિદ્રાથી પણ વિશિષ્ટ સાધકોનું કામ ચાલી શકે છે તેમજ સામાન્ય પણે બે પ્રહર–છ કલાકની નિદ્રા પણ અનેક સાધકો માટે પુરતી છે. અતિશ્રમ, વિહાર આદિ કારણે અધિકતમ આઠ કલાક નિદ્રા ક્યારેક થઈ શકે છે. ખાસ કરીને સાધનાશીલ સાધકોએ અધિકતમ અપ્રમત્ત દશામાં એટલે સ્વાધ્યાય, ધ્યાનમાં લીન રહેવાનું હોય છે. તેમ છતાં ન્યૂનતમ ૩ કલાક વિશ્રામ– નિદ્રા કરવી ઔદારિક શરીર સ્વભાવે તેઓને પણ યોગ્ય હોય છે. તીર્થંકર જેવા વિશિષ્ટ સાધકો માટે નિદ્રા લેવાનો કોઈ ન્યૂનતમ નિયમ પણ હોતો નથી.

સામાન્ય વ્યક્તિને કદાચિત્ એક બે દિવસ-રાત નિદ્રા ન કરીને જાગરણ કરવું પડે તોપણ શરીર સંચાલન ચાલી શકે છે. અતિજાગરણ પણ નિરંતર થઈ જવાથી તે અનેક રોગોત્પત્તિનું કારણ બની શકે છે. અતિ નિદ્રા લેવાથી પણ શરીરના આવશ્યક સંચાલનોમાં અવરોધ થાય છે. પાચન શક્તિના વ્યવસ્થિત સંચાલન માટે શરીરના હલનચલનની અનેક પ્રક્રિયાઓ જરૂરી છે. જ્યારે અધિક ઉંઘવાથી તેમાં અવ્યવસ્થા થાય છે અને તે રોગોત્પત્તિમાં નિમિત્ત ભૂત બને છે. તેથી સાર એ છે કે વિવેક યુક્ત યોગ્ય મર્યાદાને ધ્યાનમાં રાખીને જ નિદ્રા તેમજ જાગરણ કરવું, એ નીરોગી રહેવા માટે શ્રેયસ્કર થાય છે

**(૫-૬) મલ-મૂત્રની બાધાને રોકવાથી–** શરીરમાં પાચનતંત્રની સ્વસ્થતાથી મલમૂત્રનો વિસર્જન સંકેત સ્વતઃ થઈ જાય છે. તેમાં અમુક સીમિત સમયની જ અવધારણ ક્ષમતા શરીરના અવયવોની હોય જ છે. શરીરની બાધાઓ રોકવાથી અનેક વિચિત્ર રોગો ઉત્પન્ન થઈ શકે છે. તેથી વ્યક્તિએ પોતાના શરીર સ્વભાવ અને સમયાનુસાર શૌચનિવૃત્તિની કે લઘુશંકા નિવૃત્તિની સુવિધાનું ધ્યાન અવશ્ય રાખવું જોઈએ.સાધુ જીવનમાં ગમના ગમનના કાર્ય પ્રાયઃ દિવસે કરવાના હોય છે. તેમાં શારીરિક બાધા ક્યારે ક્યાં થઈ જાય તેને માટે શાસ્ત્રમાં પહેલેથી જ સ્પષ્ટ સૂચના કરેલ છે કે સાધુ જ્યાં પણ રહે ત્યાં આસપાસમાં મળમૂત્ર વિસર્જનની, પરઠવાની જગ્યાનું સૌપ્રથમ આવશ્યક રૂપે નિરીક્ષણ–પ્રતિલેખન કરી લે. તેથી ક્યારે ય મલ-મૂત્રની બાધા થતાં તેને

અનાવશ્યક રોકવી ન પડે. **(૭) અતિ ચાલવાથી–** શરીરની પોતાની જે ક્ષમતા હોય તેનું ધ્યાન રાખીને મર્યાદાયુક્ત જ ચાલવું જોઈએ. તેની મર્યાદા દરેક વ્યક્તિની ક્ષમતા પોતાના અભ્યાસ પ્રમાણે હોય છે. વિચાર્યા વગર કોઈ પણ નિમિત્તે મર્યાદાતીત ૩૦,૪૦,૫૦ કે ૭૦ કિલોમીટર ચાલવાથી મુશ્કેલી ઉભી થઈ શકે છે. તેથી ચાલવામાં વિવેકયુક્ત નિર્ણય કરવો જોઈએ. **(૮) ભોજનની પ્રતિકૂળતાથી–**રાત્રિભોજન આદિ કોઈ કારણે અયોગ્ય પદાર્થ ભોજનમાં આવી જવાથી, ખાદ્યપદાર્થ વાસી થવાથી તેમાં વિકૃતિ થઈ ગઈ હોય, સડી ગયો હોય કે લીલ-ફૂગ ઉત્પન્ન થઈ ગઈ હોય; કીડી, માખી આદિ જીવયુક્ત થઈ જાય કે ઝેરી થઈ જાય તેવા પદાર્થ ખાવામાં આવી જવાથી અનેક પ્રકારની બીમારીઓ ઉત્પન્ન થઈ શકે છે. સમયસર ખાવા ન મળે, ભૂખથી પીડાવું પડે કે પોતાની આદત પ્રમાણે અથવા શરીરની આવશ્યકતા અનુસાર આહાર-પાણી, ઔષધ-ભેષજ વગેરે ન મળે; આવી ભોજનની પ્રતિકૂળતાઓથી પણ રોગોત્પત્તિ થાય છે. તેથી સામાન્ય રીતે વ્યક્તિએ પોતાની ભોજનની સુવ્યવસ્થાનું, સમયનું કે આહારની આવશ્યક માત્રાનું તથા પદાર્થનું વિવેકપૂર્વક ધ્યાન રાખવું જોઈએ. **(૯) ઈન્દ્રિયોનો–શરીરના અવયવોનો અતિ ઉપયોગ અથવા દુરૂપયોગ કરવાથી–** અતિ વાજિંત્ર શ્રવણ, અતિ નાટક, સિનેમા, ટી.વી. જોવા, અતિ સુગંધી પદાર્થોનો પ્રયોગ, અતિ ભાષણ, અતિ માત્રામાં પંખા, કૂલર, એ.સી.નો ઉપયોગ, અતિ અગ્નિતાપ, અતિ કામભોગ સેવન, અતિ માનસિક ચિંતા, શોક આદિ. આ બધો ઈન્દ્રિયોનો અતિ ઉપયોગ અને દુરૂપયોગ પણ રોગોત્પત્તિમાં કારણભૂત બને છે. તેથી તે સર્વ પ્રવૃત્તિઓમાં વિવેકજ્ઞાન અને મર્યાદાયુક્ત વ્યવહારનું ધ્યાન રાખવું જોઈએ.

સામાન્યપણે ૯ ની સંખ્યાના અંતર્ગત આ કારણો કહેલ છે. અન્ય પણ અનેક કારણ હોઈ શકે છે તેનો સમાવેશ એમાં યથાયોગ્ય કરી લેવો જોઈએ.

વિશેષમાં વ્યક્તિના શુભાશુભ કર્મોદય જ રોગી-નીરોગી થવામાં મુખ્ય ઉપાદાન કારણ બને છે. જેનાથી ક્યારેક ભૂલો કરવા છતાં પણ રોગ ન આવે અને ક્યારેક ભૂલો ન કરવા છતાં પણ રોગ આવી જાય તેમ બને છે. તેમ છતાં સામાન્ય રીતે શરીર સ્વભાવની અપેક્ષાએ સૂત્રોક્ત આ વાતોનું ધ્યાન રાખવાથી વ્યક્તિ અનેક રોગોથી બચીને સ્વસ્થ રહી શકે છે. વ્યવહાર સાપેક્ષતાની અપેક્ષાએ કહેલા એ નિમિત્ત કારણો પણ મહત્વશીલ તો છે જ. તેથી શાસ્ત્રમાં પ્રસંગાનુસાર તેનો સંકેત કરેલ છે. સાધકના સાધના જીવનમાં પણ સ્વસ્થ રહેવું, સાધનાની સફળતામાં અત્યંત મહત્ત્વનું છે. તેથી આત્મ સાધકોએ પણ આ બાબતોનો પોતાના ક્ષયોપશમ પ્રમાણે અવશ્ય વિવેક રાખવો જોઈએ.





**પ્રશ્ન–૫ : આપણી દેખાતી દુનિયામાં જે અનેક દિશાઓમાં સમુદ્ર છે તે જ જંબૂદ્વીપની ચારે બાજુવાળો લવણ સમુદ્ર છે કે અન્ય ?**

**ઉત્તર–** આપણને દેખાતી દુનિયાના બધા જ દ્વીપ-ખંડ જંબૂદ્વીપના ભરતક્ષેત્રીય વિભાગ છે. તેની વચ્ચે કે આસપાસ જે પણ સમુદ્ર છે તે જૈનાગમોમાં કથિત લવણ સમુદ્ર રૂપ નથી પરંતુ કોઈક નદીઓના પાણીના ભળવારૂપ છે અને કોઈક સમુદ્રખંડ લવણ સમુદ્રનું પાણી જંબૂદ્વીપમાં ભરાઈ જવાથી બનેલા છે. જંબૂદ્વીપના કિનારે ચારેબાજુ ગોળાકાર આઠ યોજન(હજારો કિલોમીટર) ઉંચી જગતી છે જે બાર યોજન પહોળી છે. તેથી જૈનાગમ કથિત લવણ સમુદ્ર તો તે વિશાળ જગતીની બહાર છે.

તો પ્રશ્ન થાય છે કે જંબૂદ્વીપની અંદરના વિભાગમાં આવેલા સમુદ્રોનું પાણી લવણ સમુદ્ર જેવું જ ખારું કેમ છે ? પ્રસ્તુત અધ્યયનના સૂત્ર–૧૭ થી સ્પષ્ટ થાય છે કે– જેવી રીતે કોઈ બહુ મોટા ડેમની ચારે બાજુ પાણી આવવાના તથા બહાર નીકળવાના અનેક શ્રોત હોય છે બસ એ જ રીતે જંબૂદ્વીપ અને લવણસમુદ્રની વચ્ચે હજારો યોજન જાડી અને ઉંચી જગતી છે તો પણ તેમાં નીચેથી નદીઓના પાણી જવાના અનેક માર્ગ છે. મોટી નદીઓની અપેક્ષા આખી જગતીમાં ૧૪ મોટા માર્ગ છે જેમાંથી મોટી નદીઓ લવણ સમુદ્રમાં જઈને મળે છે અને તે માર્ગ જઘન્ય ૬૨.૫ યોજનની વિશાળતાથી લઈને ઉત્કૃષ્ટ ૫૦૦ યોજનના વિસ્તારવાળા છે. તેના સિવાય પણ કેટલાક માર્ગ ચારે તરફ જગ્યાએ જગ્યાએ છે. લવણ સમુદ્રમાં ભરતી આવે ત્યારે તે માર્ગોમાંથી પાણી જંબૂદ્વીપની અંદર ભરત એરવત ક્ષેત્રમાં પ્રવેશે છે, ઘટતું-વધતું રહે છે. તેનાથી આગમોક્ત માગધ, વરદામ અને પ્રભાસ નામના ત્રણ મોટા તીર્થસ્થાન નિર્મિત છે અને જે દેવાધિષ્ઠિત છે તથા આપણી ચારે બાજુ દેખાતા ખારા પાણીના સમુદ્ર પણ તે જ પ્રવિષ્ટ પાણીના પ્રભાવે છે. પ્રસ્તુત સૂત્રમાં આ બતાવેલ છે કે તે માર્ગો દ્વારા લવણ સમુદ્રથી જંબૂદ્વીપમાં ઉત્કૃષ્ટ ૯ યોજન(ઉત્સેધાંગુલ પ્રમાણે) મોટા મચ્છ પ્રવેશી શકે છે. જઘન્ય-મધ્યમની અપેક્ષા અનેક નાના-મોટા મચ્છ લવણ સમુદ્રથી જંબૂદ્વીપમાં આ માર્ગોથી પ્રવેશ કરતા રહે છે.

**પ્રશ્ન–૬ : વિગય કોને કહે છે અને તે વિગય પદાર્થ કયા-કયા છે ?**

**ઉત્તર–** પાચનતંત્રમાં ઓછી મહેનતે શરીરમાં વધારે પુષ્ટિ કરનાર પદાર્થોને જૈનાગમોમાં વિગય કહે છે. આ શાસ્ત્રમાં સંખ્યાના પ્રસંગે અનેક સ્થાને વિગયોનું અલગ-અલગ અપેક્ષાએ કથન થયેલ છે. તેવી જ રીતે આ ૯ મા સ્થાનમાં બધા વિગયોનું એક સાથે સંકલન કરેલ છે. જેમ કે– ૧. દૂધ ૨. દહીં

૩. માખણ ૪. ઘૃત ૫. તેલ ૬.ગોળ ૭. મધ ૮. મદ્ય ૯. માંસ. પૂર્વના સ્થાનોમાં ૧. ચાર મહા વિગય ૨. ચાર ગૌરસ વિગય ૩. ચાર સ્નિગ્ધ વિગય તેમજ પાંચ વિગયોનું કથન છે. તે બધા મળીને નવની સંખ્યા થાય છે.

અહીં કહેલ ગોળ શબ્દથી શેરડીના રસથી બનતા ગોળ, સાકર, ખડી સાકર, ખાંડ આદિ બધા પ્રકારોનું ગ્રહણ થઈ જાય છે. મહાવિગયમાં કહેલા બે પદાર્થ મદ્ય-માંસ અખાદ્ય તથા મનુષ્ય માટે ત્યાજ્ય તેમજ આ ભવ-પરભવ માટે અહિતકારક પદાર્થ કહેલ છે. માખણ અને મધ એ બે મહાવિગયોને સર્વથા ત્યાજ્ય ગણેલ નથી. તેને સાધુ-સાધ્વીઓને માટે ઔષધપ્રયોગ રૂપે આગમમાં ગ્રાહ્ય કહેલ છે. ચાર ગોરસ વિગયમાં પશુજન્ય દૂધ, દહીં, માખણ અને ઘૃતને ગણેલ છે. સ્નેહ વિગયની અંદર ચીકણા પદાર્થની અપેક્ષા ઘૃત, તેલ, માખણ તેમજ ચરબીને ગણાવેલ છે. એ ચારમાંથી ચરબીને અહીં નવ વિગય પદાર્થોમાં ગણેલ નથી. તેમાં સંખ્યા સિવાયનું અન્ય કોઈ કારણ નથી. તેથી અપેક્ષાએ કુલ ૧૦ વિગય થઈ જાય છે.

### પ્રશ્ન–૭ : પુણ્ય કેટલા છે અને તેનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર–** પ્રસ્તુત સૂત્ર ૨૪માં નવ પ્રકારના પુણ્ય કહેલ છે. પુણ્ય શબ્દનો પ્રયોગ જૈન સાહિત્યમાં ૩ પ્રકારે અર્થાત્ ત્રણ અર્થમાં થયેલ છે, જેમ કે– **(૧) પુણ્ય પ્રકૃતિ**–કર્મની ૧૪૮ પ્રકૃતિઓમાં જે શુભ ફળદાયી છે તે પુણ્ય કર્મ પ્રકૃતિરૂપ ગણાયેલી છે અને જે અશુભ ફળદાયી છે તે પાપ પ્રકૃતિ ગણાયેલી છે. ચાર ઘાતિકર્મોની બધી પ્રકૃતિઓ પાપ પ્રકૃતિ રૂપ ગણાયેલી છે. શેષ ચાર અઘાતિ કર્મોની પ્રકૃતિઓમાં બંને પ્રકારની પ્રકૃતિઓ છે. જેમ કે– ૧. શાતા-અશાતા વેદનીય ૨. દેવાયુ-નરકાયુ ૩. શુભનામ-અશુભનામ ૪. ઉચ્ચગોત્ર-નીચગોત્ર.

**(૨) પુણ્ય પ્રવૃત્તિ–** જે પ્રવૃત્તિમાં બીજાને સુખ પહોંચાડવાનો ઉદ્દેશ્ય હોય જે પ્રવૃત્તિમાં આત્માના પરિણામ શુભ હોય છે તેમજ જે પ્રવૃત્તિથી આત્મામાં શુભ કર્મબંધની અર્થાત્ પુણ્યપ્રકૃતિ બંધની મુખ્યતા હોય છે; તે બધી પ્રવૃત્તિઓ પુણ્ય પ્રવૃત્તિઓ કહેવાય છે. અપેક્ષાએ પ્રસ્તુત સૂત્રમાં એ પુણ્ય પ્રવૃત્તિઓને નવ ભેદોમાં સમાવિષ્ટ કરીને નવ પ્રકારના પુણ્ય અર્થાત્ નવ પ્રકારની પુણ્ય પ્રવૃત્તિઓ કહેલ છે.

**(૩) પુણ્યબંધ–પુણ્યપ્રકૃતિબંધ–** જીવને પ્રતિ સમય પ્રત્યેક પ્રવૃત્તિમાં કર્મબંધ થતા રહે છે. પ્રથમ ગુણસ્થાનથી નવમા ગુણસ્થાન સુધીના બધા જીવોને સાત કર્મનો બંધ નિરંતર થતો જ રહે છે અને આયુષ્ય કર્મનો બંધ તો પ્રત્યેક જીવને જીવનભરમાં એક જ વાર થાય છે. આ અપેક્ષાએ મિથ્યાદષ્ટિ, સમ્યક્દષ્ટિ,





શ્રમણોપાસક અને ૯મા ગુણસ્થાન સુધીના શ્રમણોને કર્મપ્રકૃતિના બંધની અપેક્ષા પુણ્યપ્રકૃતિનો બંધ અને પાપપ્રકૃતિનો બંધ અલ્પાધિક દરેક પ્રવૃત્તિઓમાં થતો જ રહે છે અર્થાત્ નવ પ્રકારની પ્રસ્તુત સૂત્રોક્ત પુણ્ય પ્રવૃત્તિ અને અઢાર પ્રકારની પાપોની પ્રવૃત્તિ તથા વ્રત-પ્રત્યાખ્યાનયુક્ત શ્રાવક-સાધુની સંવર, નિર્જરાની પ્રવૃત્તિ; તેમ દરેક પ્રવૃત્તિના સમયે પણ બંને પ્રકારે બંધ થતો રહે છે. તેમ છતાં તેમાં અલગ-અલગ વિશેષતા હોય છે. જેમ કે – (૧) પ્રસ્તુત ૯ પુણ્ય કાર્યોમાં પુણ્યપ્રકૃતિ બંધની મુખ્યતા હોય છે, પાપપ્રકૃતિ બંધની ગૌણતા હોય છે. (૨) ૧૮ પાપની પ્રવૃત્તિઓમાં પાપપ્રકૃતિ બંધની મુખ્યતા–અધિકતા હોય છે અને પુણ્ય કર્મપ્રકૃતિ બંધની ન્યૂનતા-ગૌણતા હોય છે. (૩) ધાર્મિક અનુષ્ઠાનોમાં વ્રત, મહાવ્રત આદિમાં કર્મ નિર્જરાની મુખ્યતા હોય છે. સાથે જ બંધ વિભાગમાં પુણ્ય પ્રકૃતિ બંધની અધિકતા અને પાપ કર્મપ્રકૃતિની ન્યૂનતા હોય છે. આ રીતે પ્રકૃતિબંધની અપેક્ષા પુણ્યનું સ્વરૂપ સમજવું.

**પ્રતિપ્રશ્ન–** પુણ્યના કાર્યમાં પાપ પ્રકૃતિનો બંધ કેમ ? પાપ કાર્યોમાં પુણ્ય પ્રકૃતિનો બંધ કેમ ? અને ધર્મની પ્રવૃત્તિઓમાં સંવર, નિર્જરાની સાથે પુણ્ય અને પાપ પ્રકૃતિઓનો બંધ કેમ થાય છે ?

**સમાધાન–** નવમા ગુણસ્થાન સુધી જીવના સૂક્ષ્મ કે સ્થૂલ રૂપે કષાય ઉદય ચાલુ રહે છે, યોગ પ્રવૃત્તિ પણ ચાલુ રહે છે, જેનાથી કેટલાય જીવોને સુખદુઃખ પહોંચે છે. સંસારની પાપ પ્રવૃત્તિઓ કરવા છતાં પણ જીવ કેટલાય પારિવારિક કર્મચારી જીવોને સુખ પહોંચાડતા રહે છે અને પુણ્યની પ્રવૃત્તિઓ કરવા છતાં પણ જીવ તે પ્રવૃત્તિઓથી કેટલાય જીવોને કષ્ટ પણ પહોંચાડે છે. આરંભ-સમારંભની પ્રવૃત્તિઓમાં યોગજન્ય ગમનાગમન આદિ પ્રવૃત્તિઓમાં સૂક્ષ્મ સ્થૂલ રૂપે હિંસા પણ થાય છે. તે કારણે જ ઉપરોક્ત સાપેક્ષ કથન કરેલ છે કે પુણ્ય આદિ ત્રણે ય પ્રકારની પ્રવૃત્તિઓમાં પણ બંને પ્રકારે કર્મ પ્રકૃતિબંધ થતા રહે છે.

પ્રસ્તુતમાં પુણ્ય પ્રવૃત્તિઓ ૯ પ્રકારની કહેલ છે– **(૧) અન્ન પુણ્ય–** આહારની ઈચ્છાવાળા જીવોને ભોજન સામગ્રી દેવી, યથા–પરદેશી રાજાની જેમ દાનશાળા ચલાવવી, હંમેશાં પક્ષીઓને ચણ નાંખવી, પશુઓને ઘાસ આપવું, ગાય, કુતરાને રોટલી દેવી ઈત્યાદિ અન્ન પુણ્યની પ્રવૃત્તિ છે. **(૨) પાન પુણ્ય–** તૃષાતુર પ્રાણીઓને પાણી પીવડાવવું, પરબ ચલાવવી, પશુઓ માટે પાણીની કુંડીઓ ભરાવવી, દુષ્કાળના સમયે ગલીઓમાં કે ઘરોમાં પાણી પહોંચાડવું, ઈત્યાદિ પણ પુણ્યની પ્રવૃત્તિઓ છે. **(૩) લયનપુણ્ય–** મકાનનું

દાન, ઘરબાર વિનાના લોકો માટે ઘર બનાવવા કે તેમાં મદદ કરવી, રાહગીરો માટે માર્ગોમાં, જંગલમાં વિશ્રામસ્થાન બનાવવા, સામાજિક પૌષધશાળા કે ધર્મસ્થાનક વગેરે બનાવવા કે ત્યાં મદદ કરવી. (૪) શયનપુણ્ય– બેસવા, સૂવાના સાધનોનું દાન કરવું, ગાદલાં, રજાઈ, શાલ, ચાદર, પલંગ આદિનું દાન કરવું, ગરીબોને વહેંચવા. (૫) વસ્ત્રપુણ્ય– પહેરવા ઓઢવાના કપડાનું દાન, સ્કૂલ ડ્રેસ, શિયાળામાં સ્વેટર આદિનું વિતરણ કરવું કે ઘરે માંગવા આવેલા ગરીબ ભિખારી વગેરે લોકોને નવા-જુના વસ્ત્રો દેવા. (૬થી૮) મન વચન કાયાપુણ્ય– જીવો પ્રત્યે શુભ– પવિત્રભાવ, અનુકંપાભાવ, આદરભાવ, અહોભાવ રાખવો તે મનપુણ્ય. પ્રાણીઓને આનંદ થાય તેવો મનોજ્ઞ તેમજ અનુકૂળ વચન પ્રયોગ કરવો. આવો, પધારો વગેરે સન્માન સૂચક શબ્દોનો પ્રયોગ કરવો તે વચન પુણ્ય છે. શરીર દ્વારા બીજાને અશક્ત, રોગી, વૃદ્ધ વગેરેને સાથ સહકાર આપવો. માર્ગ ભૂલેલાને રસ્તો બતાવવો કે તેના ગંતવ્ય સ્થાને પહોંચાડવા આદિ કાયપુણ્ય છે. (૯) નમસ્કારપુણ્ય–માતા, પિતા, વડીલને નમસ્કાર કરવા. ઘરે આવેલા મહેમાનને, રસ્તામાં સાધર્મિક અથવા પરિચિત મળે તો તેમને નમસ્કાર કરવા, તે નમસ્કાર પુણ્ય છે.

આ નવ પ્રકારના કાર્યોમાં અનુકંપાભાવોની, નિઃસ્વાર્થભાવોની, નમ્ર ભાવોની તેમજ પ્રેમ–મૈત્રીભાવોની આત્મામાં પુષ્ટી થાય છે. આવા કાર્યો અનેક જીવોને સુખશાતા પહોંચાડનાર છે. જેનાથી મુખ્ય રૂપે શુભકર્મોનો બંધ થાય છે તેથી તેને પુણ્યકાર્ય, પુણ્યપ્રવૃત્તિઓ કહેલ છે.

**પ્રશ્ન–૮ : પાપશ્રુત કોને કહેવાય છે અને તે કેટલા છે ?**

**ઉત્તર–** જેનાથી સાંસારિક વૃત્તિઓનું પોષણ થાય છે, જે વિકથારૂપ છે, જેનાથી રાગભાવોની કે દ્વેષભાવોની વૃદ્ધિ થાય છે તે પાપશ્રુત કહેવાય છે અથવા જે મિથ્યાત્વીએ બનાવેલા હોય, મિથ્યાત્વ પ્રેરક કે પાપકાર્યોના પ્રેરક હોય તે મિથ્યાશાસ્ત્ર પણ પાપશ્રુત કહેવાય છે. પ્રસ્તુત સ્થાનના સૂત્ર–૨૬માં નવ પાપશ્રુત પ્રસંગ કહેલ છે. આઠમા સ્થાનમાં સૂત્ર–૨૬ માં ૮ મહાનિમિત્ત કહેલ છે અને સમવાયાંગ સૂત્રના ૨૯મા સમવાયમાં ૨૯ પાપશ્રુત કહેલ છે. આ ત્રણેયમાં પરસ્પર થોડીક સમાનતા અને થોડીક ભિન્નતા છે. પ્રસ્તુતમાં નવ પાપશ્રુત પ્રસંગ આ રીતે કહેલ છે– (૧) ઉત્પાતશ્રુત– પ્રકૃતિ વિપ્લવ કે રાષ્ટ્ર વિપ્લવ સૂચક શાસ્ત્ર. (૨) નિમિત્તશ્રુત–ભૂત,ભવિષ્ય, વર્તમાનના ફળ સૂચક શાસ્ત્ર. (૩) મંત્રશ્રુત–મંત્ર-વિદ્યા પ્રતિપાદક શાસ્ત્ર. (૪) આખ્યાયિક શ્રુત– મનોરંજક કથા, વિકથા, રાસ આદિના આખ્યાનકારક શાસ્ત્ર.(૫) ચિકિત્સા





શ્રુત– રોગનિવારક ઔષધિદર્શક આયુર્વેદ આદિ શાસ્ત્ર. (૬) કલાશ્રુત– સ્ત્રી પુરુષની કલાઓ બતાવનાર શાસ્ત્ર. (૭) આવરણશ્રુત– મકાન બનાવવા સંબંધી વાસ્તુવિદ્યા શાસ્ત્ર. (૮) અજ્ઞાનશાસ્ત્ર–નૃત્ય, નાટક, સંગીત આદિના શાસ્ત્ર. ઇન્દ્રિય પોષક કે આસક્તિમૂલક કારણે તેને અજ્ઞાનશ્રુત કહેલ છે. (૯) મિથ્યા પ્રવચનશ્રુત–મિથ્યામત પ્રવર્તક શાસ્ત્ર. તે શાસ્ત્રોથી આત્મકલ્યાણના ભાવોની ઉત્પત્તિ કે વૃદ્ધિ ન થતા માત્ર સંસારી રુચિ અને મોહભાવોની વૃદ્ધિ થાય છે, તે અપેક્ષાએ તેને પાપશ્રુત પ્રસંગ કહેલ છે.

**પ્રશ્ન–૯ : વિશેષજ્ઞ કેટલા પ્રકારના હોય છે ?**

**ઉત્તર–** કોઈપણ વિષયના સર્વાંગી જ્ઞાતા અને તત્સંબંધી સંપૂર્ણ સમાધાન કર્તા વ્યક્તિ વિશેષજ્ઞ કહેવાય છે, પ્રસ્તુતમાં ૯ વિશેષજ્ઞ–નિપુણ પુરુષ કહેલ છે– (૧) સંખ્યા નૈપુણિક–ગણિતશાસ્ત્રના વિશેષજ્ઞ. (૨) નિમિત્ત નૈપુણિક– જ્યોતિષ ગણિતના હાનિ-લાભ, ભૂત-ભાવિના કથન કરવામાં, સમજાવવામાં નિપુણ. (૩) કાય નૈપુણિક– જીવ વિજ્ઞાનના વિશેષજ્ઞ. (૪) પુરાણ નૈપુણિક– પુરાણ શાસ્ત્ર, ઇતિહાસ શાસ્ત્રમાં નિપુણ. (૫) પારહસ્તિક નૈપુણિક– સ્વભાવથી જ બધા કાર્યોમાં દક્ષ. (૬) પરપંડિત નૈપુણિક– અનેક શાસ્ત્રોમાં(સ્વમત-પરમતમાં) પ્રવીણ. (૭) વાદી–શાસ્ત્રાર્થ કરવામાં કુશળ. (૮) ભૂતિકર્મ નૈપુણિક– રક્ષા પોટલી આદિ દ્વારા તાવ, યક્ષાવેશ આદિનું નિવારણ કરનાર. (૯) ચિકિત્સા નિપુણ– કુશળ વૈદ્ય–ડોકટર. તેમાં પણ અલગ-અલગ વિષયના નિપુણ– વિશેષજ્ઞ હોય છે.

**પ્રશ્ન–૧૦ : ભગવાન મહાવીર સ્વામીના સમયમાં કેટલા ગણ હતા ?**

**ઉત્તર–** ભગવાનનું શાસન અવિભક્ત શ્રમણોવાળું હોય છે. બધા જ શ્રમણ એક જ અનુશાસનમાં ગણાય છે તેમ છતાં અધ્યયન અને અધ્યાપનની વ્યવસ્થા દષ્ટિએ જેટલા ગણધર હોય છે તેટલા ગણ બનાવી લેવાય છે. કદાચિત્ ગણધરો કરતાં ગણની સંખ્યા ઓછી પણ હોય છે ત્યારે એક ગણના શ્રમણોની અધ્યાપન વ્યવસ્થા બે ગણધર મળીને ચલાવે છે. આગામી ચોવીસીમાં પણ પ્રથમ તીર્થંકર પદ્મનાભ(શ્રેણિકના જીવ) ના શાસનમાં ૯ ગણ અને ૧૧ ગણધરો થશે, ભગવાન મહાવીરના ૧૧ માંથી પ્રથમ ૭ ગણધરોને એક-એક સ્વતંત્ર ગણ હતો. આઠમા નવમા ગણધરનો મળીને એક ગણ હતો અને દસમા અગિયારમા ગણધરનો પણ એક ગણ હતો. આ ગણોમાં બધા સાધુઓનો સમાવેશ થઈ જતો હતો. નવી દીક્ષા થતાં તીર્થંકર ગણધર તેનો યથાયોગ્ય ગણમાં સમાવેશ કરી લેતા હતા. સાધ્વીઓની પણ અધ્યયન-અધ્યાપન વગેરેની વ્યવસ્થા માટે વિભાજનની

આવશ્યકતા સ્વતઃ સિદ્ધ છે પરંતુ તેનું વર્ણન ઉપલબ્ધ નથી. મહાવીર સ્વામીના ૯ ગણોના નામ પ્રસ્તુત સૂત્ર–૨૮માં કહેલ છે. તે નામકરણ કયા આધારે કરેલ છે તેનો ખુલાસો મળતો નથી. નામકરણ ક્ષેત્રકાળ કે વ્યક્તિના માનસ પ્રમાણે હોઈ શકે છે– જાતિથી, ગોત્રથી, પિતા-માતાના નામના અનુકરણથી; ગામ-નગરથી કે અન્ય કોઈ રીતે પણ થઈ શકે છે. પ્રસ્તુતમાં કહેલા ૯ ગણોનાં નામ– (૧) ગોદાસ ગણ (૨) ઉત્તરબલિસ્સહ ગણ (૩) ઉદ્દેહ ગણ (૪) ચારણ ગણ (૫) ઉદ્દવાદિક ગણ (૬) વિશ્વવાદિક ગણ (૭) કામર્દ્ધિ ગણ (૮) માનવ ગણ (૯) કોટિક ગણ.

**પ્રશ્ન–૧૧ : નવકોટિ શુદ્ધ આહાર-પાણી કોને કહે છે ?**

**ઉત્તર–** આહાર ૯ પ્રકારની પ્રક્રિયાથી અશુદ્ધ બની શકે છે. તે ૯ પ્રકારથી અશુદ્ધ કે અકલ્પનીય ન બનેલો આહાર નવકોટિ પરિશુદ્ધ આહાર કહેવાય છે. નવ દોષ પ્રક્રિયા આ પ્રમાણે છે– **(૧થી૩)** સાધુને માટે જીવો હણાયા હોય અર્થાત્ સચિત્ત પદાર્થને સાધુને માટે અચિત્ત કર્યો હોય, કરાવ્યો હોય, અનુમોદના કરી હોય. **(૪થી૬)** સાધુને માટે સચિત્ત-અચિત્ત પદાર્થ રાંધ્યા હોય, પરિપક્વ કર્યા હોય, કરાવ્યા હોય, અનુમોદના કરી હોય. **(૭થી૯)** સાધુને માટે ખરીદયા હોય, ખરીદાવ્યા હોય, ખરીદવાની અનુમોદના કરી હોય(સહાયક બન્યા હોય). આવા સાધુના ઉદ્દેશ્યભાવે કે મિશ્રિતભાવે થયેલો આહાર નવકોટિએ અશુદ્ધ હોય છે એ નવમાંથી કોઈપણ પ્રક્રિયા સાધુ માટે કરેલ ન હોય, સાધુના ઉદ્દેશ્ય–સંકલ્પ વગર માત્ર ગૃહસ્થને માટે જ બધી પ્રક્રિયાઓ થઈ હોય તો તે આહાર નવકોટિ પરિશુદ્ધ આહાર કહેવાય છે. અહીં આરંભ, હિંસા અને ક્રીત દોષની પ્રધાનતાએ કથન કરેલ છે. અન્ય અપેક્ષાથી ઉદ્ગમ, ઉત્પાદન, એષણાના સમસ્ત દોષોથી પરિશુદ્ધ તથા પરિભોગેષણા–માંડલાના પાંચ દોષથી પરિશુદ્ધ આહાર કરવાનું કથન અન્ય અનેક જગ્યાએ આગમોમાં થયેલ છે. તેથી બધા વિધાનોના સમન્વય પૂર્વક સાધુએ પોતાના સંયમાચારની સમ્યક આરાધના કરવી જોઈએ.

**પ્રશ્ન–૧૨ : આયુષ્ય પ્રમાણે અન્ય કેટલાય પરિણામો થાય છે, તે કયા છે ?**

**ઉત્તર–** જીવે જેવું આયુષ્ય બાંધ્યું છે એ જ પ્રમાણે ત્યાં તે પહોંચે છે અને જ્યાંનું આયુષ્ય ભોગવી રહ્યા છે, તેના સ્વભાવ પ્રમાણે તે આગામી આયુ સંબંધી બંધ કરે છે. આ બધી બાબતોનો સંગ્રહ કરીને પ્રસ્તુત સ્થાનના સૂત્ર–૩૬માં આયુષ્ય સંબંધી સ્વભાવ–પરિણામના નવ પ્રકાર કહેલ છે– **(૧) ગતિ પરિણામ–** જે ગતિનું આયુષ્ય બાંધ્યુ છે તે આયુષ્ય કર્મ તેને તે ગતિમાં





પહોંચાડી દે છે. **(૨) ગતિ બંધન પરિણામ–** જે ગતિનું આયુષ્ય જીવ ભોગવી રહ્યો છે ત્યાંના સ્વભાવ પ્રમાણે આગળની ગતિનો આયુબંધ થશે. જેમ કે– નરકાયુ ભોગવતા નારકી જીવો પોતાના સ્વભાવ પ્રમાણે મનુષ્ય-તિર્યંચના આયુનો બંધ કરે છે. તેઓ દેવાયુનો બંધ કરતા નથી. **(૩) સ્થિતિ પરિણામ–** જેટલી સ્થિતિનો આયુષ્યબંધ કર્યો હોય તદનુસાર જીવ પહોંચે છે. જેમ કે– નરકગતિમાં ૩ સાગરોપમનું આયુષ્ય બાંધ્યુ છે તો તે આયુષ્ય પ્રથમ નરક પાર કરાવી બીજી નરકના તે આયુષ્ય સ્થાન સુધી પહોંચાડી દે છે. તે આયુષ્ય કર્મના સ્થિતિ પરિણામ–સ્વભાવ છે. **(૪) સ્થિતિબંધ પરિણામ–** જે આયુને જીવ ભોગવી રહ્યો છે તેના સ્વભાવ પ્રમાણે જ આયુષ્યની સ્થિતિનો બંધ કરે છે. જેમ કે– તિર્યંચ પંચેન્દ્રિય જો દેવાયુનો બંધ કરે તો તિર્યંચાયુના સ્વભાવ પ્રમાણે ઉત્કૃષ્ટ ૧૮ સાગરોપમનો બંધ કરે છે, નરકાયુનો બંધ કરે તો ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનો બંધ કરી શકે છે. **(૫થી૭) ઉર્ધ્વ ગૌરવ આદિ પરિણામ–** જીવ પોતાના સ્થાનથી ઉપરની દિશામાં, નીચે કે તિર્ચ્છા જે દિશામાં જવા યોગ્ય આયુષ્યનો બંધ કર્યો હોય, તે જ દિશામાં ગમન કરે છે. આ આયુષ્યના ઉર્ધ્વ આદિ ગૌરવ પરિણામ–સ્વભાવ કહેલ છે. **(૮–૯) દીર્ઘ હ્રસ્વ ગૌરવ પરિણામ–** જીવે જેટલો દૂરનો કે નજીકનો આયુબંધ કર્યો છે અર્થાત્ જે સ્થાન નિશ્ચિત કરીને આયુષ્ય બાંધ્યુ છે તે આયુષ્યનો સ્વભાવ દીર્ઘ કે હ્રસ્વ ગૌરવ (ગતિ) પરિણામ કહેવાય છે. તાત્પર્ય એ છે કે આયુષ્યબંધની સાથે તેનાથી સંબંધિત આ બધા પરિણામ–સ્વભાવ પણ નિયત થઈ જાય છે. અહીં તેને ૯ની સંખ્યાએ કહેલ છે.

છઠ્ઠા સ્થાનમાં ૬ પ્રકારના આયુષ્ય પરિણામ(બંધ) પણ કહેલ છે તે આનાથી જુદા જ પ્રકારના છે. તેથી તે ભેદોની અપેક્ષા અને અહીંના બોલોની અપેક્ષા ભિન્ન છે, એમ સમજવું જોઈએ. સંખ્યા સંબંધી આ પ્રકરણોમાં અપેક્ષા ભેદે પ્રકારોની ભિન્નતા અનેક બોલોમાં કહેલ છે. તેને સાપેક્ષ અનેકાંતિક કથન સમજી લેવું જોઈએ.

**પ્રશ્ન–૧૩ : ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં કયા-કયા જીવોએ તીર્થંકર નામ ગોત્ર કર્મનો બંધ કર્યો હતો ?**

**ઉત્તર–** ભગવાનના શાસનમાં ૯ જીવોએ તીર્થંકર નામગોત્ર કર્મનો બંધ કર્યો હતો. તે બધા એક ભવ કરીને બીજા ભવમાં તીર્થંકર બનશે. તેમનાં નામ– (૧) શ્રેણિક રાજા (૨) સુપાર્શ્વ–ભગવાનના કાકા (૩) ઉદાયન રાજા–શ્રેણિકનો પૌત્ર

અને કોણિકનો પુત્ર (૪) પોટ્ટિલ અણગાર (સાધ્વીજી)–જ્ઞાતાસૂત્રમાં વર્ણિત (૫) દઢાયુ–સર્વાનુભૂતિ નામના પાંચમા તીર્થંકર બનશે. તેનો પરિચય અપ્રાપ્ત છે. (૬) શંખ– આ પણ અજ્ઞાત છે, સાતમા તીર્થંકર બનશે. ભગવાનના પ્રમુખ શ્રાવક શંખ હતા, તે તો મહાવિદેહ ક્ષેત્રમાંથી મુક્તિ પ્રાપ્ત કરશે. (૭) શતક– એના વિષયમાં ટીકામાં સ્પષ્ટ કરેલ છે કે પુષ્કલીનું જ અપરનામ શતક હતું. તે શતકીર્તિ નામના દસમા તીર્થંકર બનશે. (૮) સુલસા– તે સારથીની પત્નિ હતી. તેના સમ્યક્ત્વની પરીક્ષા દેવે કરી હતી. ૩૨ ગુટિકા આપી હતી. એક સાથે ખાવાથી તેમને ૩૨ પુત્ર થયા હતા. આગામી ચોવીસીમાં નિર્મમ નામના સોળમા તીર્થંકર થશે. (૯) રેવતી– ભગવાનને માટે સિંહા અણગારને બીજોરા પાક વહોરાવનાર શ્રાવિકા હતી. ચિત્રગુપ્ત નામના સત્તરમા તીર્થંકર બનશે.

શ્રેણિક રાજાએ તીર્થંકર નામકર્મ બાંધવા યોગ્ય બે મુખ્ય કાર્ય કર્યા હતા– (૧) જીવોની દયા પાળી, પોતાના રાજ્યમાં પંચેન્દ્રિય વધનો નિષેધ કર્યો હતો.(૨) દીક્ષાની દલાલી–પ્રેરણા કરી અને પોતાની ૨૩ રાણીઓને પણ દીક્ષાની સહર્ષ સ્વીકૃતિ આપી હતી. તે નરકાયુ બાંધી ચુક્યા હતા, તેથી પ્રથમ નરકમાંથી નીકળીને આગામી ચોવીસીમાં મહાપદ્મ નામના પ્રથમ તીર્થંકર થશે. તેમને આયુષ્ય, દીક્ષાપર્યાય વગેરે ભગવાન મહાવીરની સમાન જ હશે. ૧૧ ગણધર, ૯ ગણ હશે. દીક્ષાની પહેલાં રાજા થશે. ત્યારે તેના બે દેવ પૂર્ણભદ્ર અને માણિભદ્ર સેવામાં રહીને સેનાના કાર્યો કરશે. છદ્મસ્થકાળ અને કેવળ જ્ઞાનપર્યાય પણ મહાવીર સ્વામી પ્રમાણે જ હશે. પરીષહ-ઉપસર્ગોની, ગોશાલક-જમાલીની સમાનતા કહેલ નથી. ઉત્સર્પિણીના બીજા આરાના ત્રણ વર્ષ સાડા આઠ મહિના વીત્યા બાદ મહાપદ્મ તીર્થંકરનો જન્મ થશે અને ૭૫ વર્ષ સાડા આઠ મહિના પૂર્ણ થશે ત્યારે તે નિર્વાણ પામશે. આ નવ ભાવી તીર્થંકરો સિવાય પણ અન્ય કેટલાક (૯) જીવોનું કથન સૂત્ર–૫૩માં છે તે બધા જીવ આગામી ભવમાં મનુષ્ય બનીને ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરીને મોક્ષે જશે. તે આ પ્રમાણે છે– ૧. કૃષ્ણ વાસુદેવ–આગામી ઉત્સર્પિણીમાં ૧૨મા(મતાંતરે ૧૩મા) તીર્થંકર થશે. ૨. કૃષ્ણના ભાઈ બલરામ– ૧૩મા(મતાંતરે ૧૪મા)તીર્થંકર થશે. ૩. ઉદક પેઢાલ પુત્ર–સૂયગડાંગ સૂત્રમાં એનું વર્ણન છે. ૪થી૫. પોટ્ટિલ અને શતક– તે પણ મધ્યમ તીર્થંકર બનીને ચાતુર્યામ ધર્મનું નિરૂપણ કરશે. ૬. દાસક– અજ્ઞાત છે. કૃષ્ણ વાસુદેવના પુત્ર દાસક મુનિ તો મોક્ષે ગયા છે. ૭. સત્યકી– વિદ્યાધર રાજા હતા. ૮. અંબડ– એ મહાવિદેહ ક્ષેત્રમાં ચાતુર્યામ





ધર્મનું નિરૂપણ કરીને મોક્ષે જશે, તીર્થંકર નહીં બનશે. તેથી તીર્થંકર બનનાર અંબડ અન્ય સમજવા જે આગામી ઉત્સર્પિણીમાં તીર્થંકર બનશે. ૯. સુપાર્શ્વા આર્યા– પાર્શ્વનાથના શાસનના સાધ્વી હતા.

અહીં ૯ ની સંખ્યા માત્રથી એ ૯+૯=૧૮ જીવોના ભાવીનું કથન છે. જીવન વર્ણન કે પરિચય બધાનો મળતો નથી. અમુકનું વર્ણન બીજા શાસ્ત્રોમાં મળે છે. ટીકાકારના સમયે પણ કેટલાકના જીવન વર્ણનની પરંપરા પ્રાપ્ત ન હતી. શાસ્ત્રલેખનના ૬૦૦ વર્ષ પછી એટલે કે વીરનિર્વાણના ૧૬૦૦ વર્ષ પછી ટીકાકાર થયા હતા.

**પ્રશ્ન–૧૪ : અન્ય કયા-કયા વિષયોનો નિર્દેશ આ સ્થાનમાં કર્યો છે?**

**ઉત્તર–** ઉપરોક્ત પ્રશ્નોત્તર સિવાય પણ અનેક નૂતન વિષયોનો સંકેત અહીં ૯ ની સંખ્યાના અનુસંધાનમાં કરેલ છે. જેમ કે– **(૧)** આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનાં નવ અધ્યયનોને જ બ્રહ્મચર્ય સંજ્ઞા આપેલ છે અને કહેલ છે કે नव ब भचेरा पण्णत्ता । નવ અધ્યયનના નામ–૧. શસ્ત્રપરિજ્ઞા ૨. લોક વિજય ૩. શીતોષ્ણીય ૪. સમ્યક્ત્વ ૫. આવંતી ૬. ધૂત ૭. વિમોક્ષ ૮. ઉપધાન ૯. મહાપરિજ્ઞા. અહીં કહેલ નવમું મહાપરિજ્ઞા અધ્યયન વિચ્છેદ ગયું છે, અનુપલબ્ધ છે. આચારાંગ સૂત્રમાં આ નામથી સાતમું અધ્યયન વિચ્છેદ થવાનો ઉલ્લેખ છે અને આઠમું વિમોક્ષ તથા નવમું ઉપધાન શ્રુત અધ્યયન ઉપલબ્ધ છે. અહીં ક્રમ ભિન્નતા કેમ થઈ છે તેનું કારણ અજ્ઞાત છે. ભૂલથી કે જાણીને વિચ્છિન્ન થયેલ અધ્યયનને અંતિમ દર્શાવેલ હોય, એવી શક્યતા છે.

**(૨)** ચોથા તીર્થંકરનું શાસન નવ લાખ ક્રોડ સાગરોપમ પ્રમાણ ચાલ્યુ હતું. પાર્શ્વનાથ ભગવાનની અવગાહના ૯ હાથ પ્રમાણ હતી. વિમલવાહન કુલકર ૯૦૦ ધનુષ ઊંચા હતા. આ અવસર્પિણી કાળનો ૯ ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી ધર્મ પ્રવર્તન થયું હતું. એટલા સમય સુધી યુગલિક કાળ હોવાથી ધર્માચરણ પ્રવર્તન ન હતું.

**(૩)** નવ તત્ત્વો કહેવામાં આવ્યાં છે– જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. **૧.** જ્ઞાન તેમજ ઉપયોગથી યુક્ત સુખદુઃખનો અનુભવ કરનાર ચેતના સ્વભાવી તત્ત્વ **જીવ** છે. **૨.** ચેતના લક્ષણ રહિત જીવ સિવાયના જડ પદાર્થ **અજીવ** છે. **૩.** બીજાને સુખ પહોંચાડવાની મનોવૃત્તિથી કરવામાં આવતી પ્રવૃત્તિ **પુણ્ય** તત્ત્વ છે. **૪.** સૂત્રોક્ત ૧૮ પાપોનું આચરણ, બીજાને કષ્ટ પીડા દેવાની મનોવૃત્તિનું આચરણ **પાપ** તત્ત્વ છે.

પુણ્ય પ્રવૃત્તિનું પરિણામ જીવને શુભ મળે છે અને પાપ પ્રવૃત્તિનું પરિણામ જીવને અશુભ થાય છે. **૫.** આશ્રવ– પુણ્ય અને પાપની પ્રવૃત્તિઓથી આત્મામાં કર્મોના આગમનનું જે માધ્યમ–માર્ગ બને છે, પુદ્‌ગલોનું આગમન થાય છે તે **આશ્રવ** તત્ત્વ છે. **૬.** શુભાશુભ કર્મોના આશ્રવને વ્રત પ્રત્યાખ્યાન નિવૃત્તિ દ્વારા રોકવા એ **સંવર** તત્ત્વ છે. **૭.** આવેલા કર્મવર્ગણાના પુદ્‌ગલોનું આત્મા સાથે પ્રકૃતિ આદિ રૂપે બંધાવું તે **બંધ** તત્ત્વ છે. **૮.** આત્મામાં બંધાયેલા કર્મોને બાહ્ય-આભ્યંતર તપ તેમજ શુભ ભાવો દ્વારા હીનાધિક અંશમાં ક્ષય કરવા, આત્માથી દૂર કરવા તે **નિર્જરા** તત્ત્વ છે. **૯.** કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને આત્માને સદાને માટે કર્મથી મુક્ત કરવો તે **મોક્ષ** તત્ત્વ છે. આ નવ તત્ત્વોનું સંક્ષિપ્ત કે વિસ્તૃત જ્ઞાન સંયોગ અનુસાર કરતા રહેવું જોઈએ અને તેની આગમાનુસાર યથાર્થ શ્રદ્ધા-નિષ્ઠા પણ રાખવી જોઈએ. કારણ કે આ તત્ત્વોનું સમ્યક જ્ઞાન અને સમ્યક શ્રદ્ધા થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ તેમજ સુરક્ષા(સ્થાયિત્વ) શક્ય બને છે અને સમ્યક્ત્વ થાય તો જ દેશવિરતિ તેમજ સંયમ આચરણ સફળ થાય છે. તેથી ધર્મિષ્ઠ આત્માઓએ આ તત્ત્વોનું જ્ઞાન અવશ્ય કરવું જોઈએ.

**(૪)** ઔદારિક શરીરના ૯ શ્રોતસ્થાન–છિદ્રવાળા સ્થાન છે– બે કાન, બે આંખ, બે નાસિકા છિદ્ર, મુખ, મૂત્રેન્દ્રિય તેમજ અપાનદ્વાર(મલદ્વાર). **(૫)** ઈશાનેન્દ્રના વઢણ લોકપાલને નવ અગ્રમહિષી છે. ઈશાનેન્દ્રની અગ્રમહિષીની સ્થિતિ ૯ પલ્યોપમની હોય છે. ઈશાન દેવલોકમાં પરિગ્રહિતા દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૯ પલ્યોપમની હોય છે, જઘન્ય સાધિક ૧ પલ્યોપમ હોય છે. **(૬)** લોકાંતિક દેવ સમૂહ(જાતિ) ૯ છે– ૧. સારસ્વત ૨. આદિત્ય ૩. વન્હિ ૪. વઢણ ૫. ગર્દતોય ૬. તુષિત ૭. અવ્યાબાધ ૮. અગ્નિઅર્ચા(આગ્નેય–મઢત) ૯. રિષ્ટ–અરિષ્ટ. **(૭)** નવ ગ્રૈવેયક દેવોનાં નામ– ૧. ભદ્ર ૨. સુભદ્ર ૩. સુજાત ૪. સોમનસ ૫. પ્રિયદર્શન ૬. સુદર્શન ૭. અમોઘ ૮. સુપ્રતિબદ્ધ ૯. યશોધર.

**(૮)** ગ્રહ નામના જ્યોતિષી ૮૮ છે, તેમાં શુક્ર ગ્રહ ૯ મહાગ્રહોમાં પ્રસિદ્ધ છે. ૨૮ નક્ષત્ર છે જેમાં અભિજિત નક્ષત્રનો સીમા વિષ્કંભ અત્યલ્પ હોવાથી તેના સિવાય ૨૭ નક્ષત્રો સાથે આ શુક્ર મહાગ્રહ યોગ જોડે છે, સાથે ચાલે છે. ૨૭ માંથી પ્રત્યેક ૩ ની સાથે એક પ્રકારની વીથિએ(માર્ગાકૃતિ–ગમન વિધિએ) ચાલે છે તો ૨૭ની સાથે ૯ પ્રકારની વીથિએ ચાલે છે એવું સૂત્ર–૭૬માં કહેલ છે. એ ૯ વીથિઓનાં નામ– ૧. અશ્વ વીથિ ૨.ગજ વીથિ ૩. સર્પ વીથિ ૪.



બળદ વીથિ ૫. ગોવીથિ(ગાય કે અન્ય પશુ) ૬. ઉરગ–અજગર વીથિ ૭. ઘેટા-બકરા વીથિ ૮. મૃગ વીથિ ૯. વૈશ્વાનર વીથિ.

તેના સિવાય અન્ય આગમોમાં આવેલા વિષયોનું સૂચન આ સ્થાનમાં છે, જેમ કે– ૯ જીવના ભેદ અને તેની ગતાગતિ આદિ, નક્ષત્ર, જ્યોતિષી, બળદેવ-વાસુદેવ-પ્રતિવાસુદેવ, નવનિધિ,પડિમા, પ્રાયશ્ચિત્ત, કૂટ, અંતર્દ્વીપ વગેરે. તેનું વર્ણન યથાસ્થાન કરવામાં આવશે.

# સ્થાન–૧૦

## પ્રશ્ન–૧ : આ સ્થાનનો પરિચય શું છે ?

**ઉત્તર–** આ સ્થાનમાં ૧૦ ની સંખ્યાથી સંબંધિત અનેક વિસ્તૃત તેમજ સંક્ષિપ્ત સૂત્ર છે. જેમાં અન્ય શાસ્ત્રોમાં તેમજ પૂર્વ અધ્યાયોમાં આવેલા વિષય પણ અનેક છે અને નવા વિષય પણ બહુ જ છે. ઉદ્દેશક–વિભાગ વિના કુલ ૧૬૨ સૂત્ર આ સ્થાનમાં છે. પ્રસ્તુત શાસ્ત્રનો આ અંતિમ અધ્યાય–સ્થાન છે.

## પ્રશ્ન–૨ : લોકસ્વભાવના તત્ત્વ કેટલા છે અને તે કયા છે ?

**ઉત્તર–** અહીં પ્રથમ સૂત્રમાં લોકસ્વભાવના ૧૦ તત્ત્વ આ પ્રમાણે કહેલ છે– (૧) જીવ લોકમાં મરતા રહે છે અને જન્મતા રહે છે. પુનઃ પુનઃ આ રીતે જન્મ-મરણ કરતા જ રહે છે. આ પણ એક લોક સ્વભાવ છે.(૨) જીવ નિરંતર (૧૦મા ગુણસ્થાન સુધી) પાપકર્મ(પાપક્રિયા) કરતા રહે છે, સૂક્ષ્મ કે સ્થૂલ રૂપે પાપ(કષાય કે યોગજનિત) ક્રિયા જીવની સદા ચાલુ રહે છે. આ પણ એક લોક સ્વભાવ છે. (૩) જીવ મોહનીય કર્મનો બંધ નિરંતર કરતા જ રહે છે. (૪) લોકમાં સ્થિત જીવ ક્યારે ય અજીવ બની જતા નથી અને અજીવ ક્યારે ય જીવ બની જતા નથી. જીવ અજીવને એટલે કે પુદ્‌ગલને ગ્રહણ કરે છે, પરિણમાવે છે અને કાલાંતરે છોડી પણ દે છે. જીવની સાથે રહેવાથી અજીવમાં ચેતનાતત્ત્વ દેખાય છે પરંતુ તે જીવના અસ્તિત્વનું છે, જીવ નીકળી જતાં જ ત્યાં અજીવ તત્ત્વની સ્વતંત્રતા થઈ જાય છે. આ રીતે જીવ-અજીવમાં ગ્રાહ્ય–ગ્રાહકતા હોય છે પરંતુ અજીવ જીવ બનતા નથી અને જીવ પણ અજીવ બનતા નથી. જીવ એક અજીવ પુદ્‌ગલમાંથી નીકળીને અન્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને રહે છે. (૫) એવું ક્યારે ય પણ બનતું નથી કે લોકમાં ત્રસ પ્રાણી ખલાસ થઈને બધા સ્થાવર પ્રાણી બની જાય અથવા સ્થાવર પ્રાણી ખલાસ થઈને બધા ત્રસપ્રાણી બની જાય; બંને પ્રકારનાં પ્રાણી સદા રહે જ છે. આ

પણ એક લોકસ્વભાવ છે. (૬) લોક ક્યારે ય અલોક નહીં થાય અને અલોક ક્યારે ય લોક નહીં થાય અર્થાત્ લોક હંમેશા લોક જ રહેશે અને અલોક સદા અલોક જ રહેશે. આ પણ એક લોકસ્વભાવ છે. (૭) લોક અલોકમાં પ્રવેશીને ક્યારે ય નષ્ટ નહીં થાય અને અલોક લોકમાં પ્રવેશીને ક્યારે ય નષ્ટ–વિલીન નહીં થાય; બંને યથાવત્ રહેશે, આ પણ એક લોકસ્વભાવ છે. (૮) જ્યાં જ્યાં જીવ છે ત્યાં સુધી આ લોક છે અને જ્યાં જ્યાં લોક છે ત્યાં સુધી જીવ જાતા રહે છે. (૯) જ્યાં સુધી જીવ-અજીવ ગમનાગમન કરે છે ત્યાં સુધી લોક છે અને જ્યાં સુધી લોક છે ત્યાં સુધી જીવ અને પુદ્ગલ ગતિ કરે છે. (૧૦) લોકાંતમાં પહોંચતા જ જીવ અને પુદ્ગલ રૂક્ષ સ્વભાવમાં પરિણત થઈ જવાથી તે લોકાંતમાં ગમન કરી શકતા નથી અર્થાત્ તેની ગતિ સ્થગિત થઈ જાય છે– રૂક્ષતાથી, ધર્માસ્તિકાયના અભાવે વગેરે. ૧૦ ની સંખ્યાના લક્ષે આ દસ બોલ લોકસ્વભાવના અહીં કહેલ છે. અન્યત્ર બીજા પણ અનેક અપેક્ષાએ લોક સ્વભાવ કહેલ છે. આ રીતે અનેકાનેક લોકસ્વભાવનાં તત્ત્વો છે.

**પ્રશ્ન–૩ : દેવલોકમાં દેવોના ચૈત્યવૃક્ષ કે કલ્પવૃક્ષના સંબધમાં શું સમજવું ?**

**ઉત્તર–** આ સૂત્રના આઠમા સ્થાનમાં આઠ વ્યંતર દેવોના આઠ ચૈત્યવૃક્ષ કહેલ છે અને ૧૦ ભવનપતિ દેવોના દસ ચૈત્યવૃક્ષ પ્રસ્તુત દસમા સ્થાનના સૂત્ર–૭૪ માં કહેલ છે. ત્રીજા સ્થાનના સૂત્ર–૨૩ માં કહેલ છે કે પોતાના કલ્પવૃક્ષની કાંતિ ફીક્કી–ઝાંખી દેખાવા લાગવાથી દેવોને પોતાના ચ્યવનની(મૃત્યુની) ખબર પડી જાય છે.

આ વર્ણનોથી એવું જાણવા મળે છે કે દેવોની સુધર્માસભાની બહાર પૃથ્વીકાયની પીઠિકા–ચબૂતરા સહિત રત્નમય વૃક્ષ હોય છે. ભવનપતિ વ્યંતર જાતિના દેવોના એ વૃક્ષોને ચૈત્યવૃક્ષ કહેલ છે. એ વૃક્ષ દેવોના ચિત્તને આનંદિત કરનારા હોવાથી ચૈત્યવૃક્ષ કહેવાય છે. ભવનપતિ વ્યંતર દેવોમાં આ બધા ચૈત્યવૃક્ષોનાં નામ જે પીપળા આદિ કહેલ છે તે એ દેવોની પોતાની પસંદગીને પ્રગટ કરે છે. ત્યાં તે વૃક્ષો પૃથ્વીકાયના તથા શાશ્વત હોય છે. તે દેવોના મુગટમાં, વસ્ત્રોમાં પણ તેઓના પોતાની પસંદગીના વૃક્ષનાં ચિહ્ન હોય છે.

જ્યોતિષી વૈમાનિક દેવોનાં ચૈત્યવૃક્ષોનું કથન અહીં આવતું નથી. પરંતુ તે દેવોના ચ્યવન થવાના જ્ઞાન સંબંધી સૂત્રમાં કલ્પવૃક્ષનું કથન છે. ચ્યવન રૂપે મરણ શબ્દ પ્રયોગ શાસ્ત્રમાં જ્યોતિષી વૈમાનિકને માટે જ થાય છે. તેથી એ સ્પષ્ટ થાય છે કે ચારે જાતિના દેવોને એ વૃક્ષ હોય છે, તેમાં ભવનપતિ-





વ્યંતર દેવોના વૃક્ષને ચૈત્યવૃક્ષ કહેલ છે અને તેમનું એક-એક વૃક્ષ જાતિનામ (પીપળો વગેરે) પણ હોય છે. જ્યોતિષી વૈમાનિકના એ વૃક્ષોને માત્ર કલ્પવૃક્ષ કહેલ છે, તેથી તે બધાના એક જ જાતિના ચૈત્યવૃક્ષ એટલે કલ્પવૃક્ષ હોય છે. તે પણ રત્નોની અદ્ભૂત કાંતિ શોભાથી યુક્ત હોય છે અને તે દેવોને પરમ આહલાદ્કારી હોય છે.

આ સૂત્રના સ્થાન ૩/૧/૩૨માં ચૈત્યવૃક્ષ ચલિત થવાનું કહેલ છે. ૩/૩/૨૩માં **कप्पढक्खग मिलायमाण** કહેલ છે. અહીંની વ્યાખ્યા–ટીકામાં લખ્યું છે કે **कप्पढक्खग ति चैत्यवृक्ष** ।

મૃત્યુ સમયે દેવોના પોતપોતાના તે વૃક્ષોની, શરીરની અને વસ્ત્રા-ભરણોની કાંતિ–શોભા નિસ્તેજ દેખાય છે. અર્થાત્ ચમક ઝાંખી લાગે છે. દસ ભવનપતિના દસ ચૈત્યવૃક્ષોના નામ ક્રમશઃ આ પ્રમાણે છે– ૧. અશ્વસ્થ (પીપળો) ૨. સપ્તપર્ણ ૩. શાલ્મલી ૪. ઉમ્બર ૫. શિરીષ ૬. દધિપર્ણ ૭. અશોક (બંજુલ) ૮. પલાશ ૯. લાલ એરંડ(વ્યાઘ્ર) ૧૦. કનેર.

**પ્રશ્ન–૪ : માનવ જીવનના સુખ કેટલા પ્રકારના કહેલ છે ?**

**ઉત્તર–** આ દસમા સ્થાનમાં ૧૦ પ્રકારના સુખ કહેલ છે, જેમ કે– (૧) આરોગ્ય (૨) દીર્ઘાયુ (૩) ઋદ્ધિમંત (૪) કામસુખ (૫) ભોગસુખ (૬) સંતોષ (૭) ઉપલબ્ધિ (૮) સુખભોગ (૯) નિષ્ક્રમણ–દીક્ષાનો સંયોગ (૧૦) અવ્યાબાધ સુખ–મુક્તિની પ્રાપ્તિ.

આ સુખોમાં માનવીનું પ્રથમ સુખ આરોગ્ય બતાવેલ છે. શરીર સ્વસ્થ રહે, તેમાં કોઈ રોગ કે પીડા ન હોય તેને આરોગ્ય કહે છે. શરીરનું નિરોગી હોવું બધા સુખોમાં શ્રેષ્ઠ–પ્રમુખ કહેલ છે. કારણ કે જ્યારે શરીર નિરોગી હશે ત્યારે જ બાકીના નવ સુખ પ્રાપ્ત થઈ શકે છે. શરીરના આરોગ્ય વિના દીર્ઘાયુ, વિપુલ ધનસંપત્તિ તથા વિપુલ ભોગસામગ્રી સુખરૂપ લાગતી નથી. સુખનાં સાધન તથા ઉત્તમોત્તમ ભોજન પણ રોગી વ્યક્તિને દુઃખરૂપ લાગે છે. શરીરના આરોગ્ય વિના ધર્મધ્યાન થવું કે સંયમસુખ કે મોક્ષસુખની પ્રાપ્તિ થવી તે પણ અસંભવ જેવી બની જાય છે. તેથી શાસ્ત્રકારોએ દશ સુખોમાં શરીરની નિરોગતા રૂપ સુખને પ્રથમ સ્થાન આપેલ છે. વ્યવહારમાં પણ એમ કહેવાય છે કે–***પહેલું સુખ તે જાતે નર્યા.*** તેથી બધા સુખોમાં આરોગ્ય સુખ મુખ્ય છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૩માં શ્રી કેશી સ્વામીને ઉત્તર આપતી વખતે શ્રી ગૌતમ સ્વામીએ કહ્યું–

सरीरमाहु नाव त्ति, जीवो वुच्चइ नाविओ ।
स सारो अण्णवो वुत्तो, ज  तर ति महेसिणो ॥

जा उ अस्साविणी नावा, न सा पारस्स गामिणी ।
जा निरस्साविणी नावा, सा उ पारस्स गामिणी ॥

આ કથનનું તાત્પર્ય એ છે કે માનવશરીર નાવા છે, જીવ નાવિક છે, સંસાર સમુદ્ર પાર કરવાનો છે. નિશ્છિદ્ર નાવા જ સમુદ્ર પાર કરાવી શકે છે, છિદ્રોવાળી નાવાથી સમુદ્ર પાર કરવો દુ:શક્ય-અશક્ય છે. એ જ રીતે અહીં શરીરનું સ્વસ્થ હોવું તે નિશ્છિદ્ર નાવા સમાન છે, રોગી હોવું તે છિદ્રવાળી નાવા સમાન છે. તેથી સંસાર સમુદ્ર પાર કરવા માટે શરીર નિરોગી હોવું અત્યંત આવશ્યક છે.

માટે સંયમ સાધના ધર્મ આરાધનાની સાથે પ્રત્યેક સાધકે શરીર સ્વાસ્થ્ય માટે ખાન-પાન, રહેણી-કરણીના વિવેક વ્યવહારનું જ્ઞાન પણ હોવું આવશ્યક છે. રોગ આવવાનાં ૯ કારણ નવમા સ્થાનના પ્રશ્ન–૪માં વર્ણિત છે. તેનું ધ્યાનથી અધ્યયન કરીને ધર્મસાધકોએ પોતાની ખાવા-પીવા, સૂવા-ઉઠવા-વિહાર આદિ ક્રિયાઓમાં સર્વત્ર વિવેક તથા મર્યાદાનું ધ્યાન રાખવું જોઈએ. તે પ્રશ્નોત્તરનો સાર પણ એ જ છે કે અતિ ખાવું, વિરોધી ખાવું, અતિ સૂવું ,અતિ જાગરણ, અતિ વિહાર આદિ રોગોત્પત્તિના કારણ બને છે. તેથી જેમ પહેલું સુખ નિરોગી કાયા છે તો નિરોગી રહેવામાં પ્રથમ વિવેક ખાન-પાનનો છે. વ્યક્તિ ઓછું ખાવાથી બીમાર થતો નથી પરંતુ વધારે ખાન-પાનથી જ બીમારીઓને નિમંત્રણ આપે છે. તેથી મોક્ષ સાધકોના જીવનમાં ખાન-પાન વિવેક તેમજ તપ-ત્યાગમય આચરણ મોક્ષપ્રાપ્તિના લક્ષ્યમાં મંજિલને પ્રાપ્ત કરાવવામાં પરમ ઉપયોગી સિદ્ધ થાય છે.

અહીં દસની સંખ્યાના લક્ષે 'કામ' 'ભોગ' અને 'સુખભોગ' તથા ઉપલબ્ધિ એમ ચાર વિભાગોથી સાંસારિક સુખ કહેલ છે. જે ચારેયનું સમ્મિલિત તાત્પર્ય એ છે કે–કામભોગ સુખસામગ્રીની પ્રાપ્તિ થવી તે પણ પ્રાણીના સાંસારિક સુખી જીવનનું એક અંગ ગણેલ છે. સાથે જ અહીં સંયમગ્રહણને પણ એક સુખમાં ગણેલ છે, જે સંસારના અન્ય સુખોની અપેક્ષાએ આ જીવનનું સર્વોચ્ચ આત્મસુખ છે. તેના સમ્યગ્ આરાધનથી દશમા અવ્યાબાધ સુખની અર્થાત્ મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

**સંતોષી નર સદા સુખી** કહેવત પણ લોકમાં પ્રચલિત છે. અહીં પણ સંતોષને દસ સુખોમાં ગણેલ છે. તેથી પ્રત્યેક સાધકે ભૌતિક સાધનોની,





ખાન-પાન, સુખ-સામગ્રીની ઉપલબ્ધિમાં અત્યધિક સંતુષ્ટ–અલ્પેચ્છવાળા રહેવું જોઈએ. કારણ કે સંતોષી રહેવું તે પણ ઉત્તમ કક્ષાનું સુખ છે.

**પ્રશ્ન–૪ : શસ્ત્રના કેટલા પ્રકાર કહેવામાં આવેલ છે ?**

**ઉત્તર–** જીવને પીડા પહોંચાડનાર, પ્રાણ રહિત કરનાર સચિત્ત વસ્તુને અચિત્ત કરનાર પદાર્થ અને આત્માને કર્મબંધ દ્વારા ક્લેશિત–દંડિત કરે તેને અહીં શસ્ત્રની સંજ્ઞા આપેલ છે. તેમાં દ્રવ્યશસ્ત્ર અને ભાવશસ્ત્ર બંને મળીને કુલ દસ શસ્ત્ર કહેલ છે. તલવાર, બંદૂક, ભાલા, છરી એ હથિયાર રૂપ શસ્ત્ર છે. લોકવ્યવહારમાં તેને શસ્ત્ર સમજવામાં આવે છે, તેથી દશ પ્રકારોમાં તેના સિવાયને શસ્ત્ર શબ્દથી કહેલ છે, યથા– **(૧)** અગ્નિ શસ્ત્ર– એ સચિત્ત-અચિત્ત બધા પદાર્થોને બાળીને નાશ કરી નાખે છે. **(૨)** વિષ શસ્ત્ર– ઝેરયુક્ત ખાદ્યપદાર્થ **(૩)** લવણશસ્ત્ર– વનસ્પતિ આદિને કે પંચેન્દ્રિય શરીરને લવણ ગાળી નાંખનાર, નષ્ટ કરનાર છે. **(૪)** સ્નેહશસ્ત્ર– ઘી આદિ પણ ત્રસજીવોના મારક છે. ઘીનો અંશ પણ માખી આદિ પ્રાણીની પાંખ, શરીર પર લાગી જાય તો તે પ્રાય: મરી જાય છે. વનસ્પતિ, પૃથ્વી આદિના જીવોને માટે પણ તે સ્નેહિલ(તૈલી)પદાર્થ શસ્ત્રનું કાર્ય કરે છે, તેને અચિત્ત કરી નાંખે છે. **(૫)** ક્ષારશસ્ત્ર– સાજીખારો, કાષ્ટિક ક્ષાર, રાખ આદિ ક્ષારપદાર્થ છે. એ પણ સજીવ પદાર્થોને માટે શસ્ત્રનું કામ કરે છે, સચિત્તને અચિત્ત બનાવે છે. **(૬)** અમ્લશસ્ત્ર– ખાટાપદાર્થ. આંબળા, છાશ, દહીં, આમલી, લીંબુ વગેરે પણ પાણી આદિના જીવોને માટે શસ્ત્રરૂપ છે, એટલે કે તેને અચિત્ત બનાવી દે છે. **(૭થી૯)** દુષ્પ્રયુક્ત મન, વચન, કાયા–અશુભયોગ એ આત્માને માટે ભાવશસ્ત્ર છે. **(૧૦)** અવિરતિ– વ્રતપ્રત્યાખ્યાન ગ્રહણ ન કરવા રૂપ અવિરતિ ભાવ એ દશમું આત્મભાવ શસ્ત્ર છે. એમ કુલ ૧૦માં ૬ દ્રવ્યશસ્ત્ર પ્રારંભમાં કહેલ છે. અંતિમ ચાર ભાવશસ્ત્ર કહેલ છે. તેથી મન, વચન અને કાયાને શુભમાં કેન્દ્રિત કરી અશુભની તરફ જતાં રોકવાથી મન, વચન, કાયા, આત્માને માટે શસ્ત્રરૂપ બનતા નથી. કેમ કે અહીં દુષ્પ્રયુક્ત વિશેષણ યુક્ત મન આદિ કહેલ છે. ધર્મશ્રવણ આદિ દ્વારા આત્માને સંસ્કારિત કરી, અનાદિ અવિરતિ ભાવોને સમજીને, વિરતિભાવોમાં આવી જવું જોઈએ અર્થાત્ વ્રત, ત્યાગ, પ્રત્યાખ્યાનની રૂચિ વધારીને દેશવિરતિ કે સર્વવિરતિ રૂપ શ્રાવક-સાધુ જીવનની સાધનામાં આગળને આગળ વધતાં રહેવું જોઈએ. ત્યારે અશસ્ત્રભૂત સંયમ-તપના આશ્રયમાં પહોંચેલો આત્મા મૃત્યુંજય બનીને સદાને માટે અજર-અમર સ્થાન એવી મોક્ષ ગતિને પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન–૬ : દાન કેટલા પ્રકારના કહેલાં છે ?**

**ઉત્તર–** અહીં દશ પ્રકારનાં દાન બતાવ્યાં છે, તે આ પ્રમાણે છે– **(૧) અનુકંપા દાન–** કઢણાભાવે જીવોને સુખ પહોંચાડવું કે કંઈક આપવું. દીન, અનાથ, રંક, આપત્તિગ્રસ્ત અને રોગી વગેરેને તેને જરૂરી, ઈચ્છિત, અભિપ્સિત પદાર્થ દયાભાવે આપવા એ અનુકંપાદાન છે. અનુકંપા એ જીવનો શુભ ગુણ છે અને સમકિતનું સમ્યગ્દષ્ટિ આત્માનું વ્યાવહારિક મુખ્ય લક્ષણ છે. **(૨) સમૂહ દાન–** જલપ્રકોપ, ભૂકંપ, દુષ્કાળ, મહામારી આદિથી ગ્રસિત અનેક લોકોની સામૂહિક સેવા સહકાર રૂપ દાનને સમૂહદાન–સંગ્રહદાન કહેલ છે. **(૩) ભય દાન–** કોઈના ભયથી આપવામાં આવતું દાન. **(૪) શોક– કાઢણ્ય દાન–** માતા-પિતા આદિ પારિવારિકજનોના શોકથી મૃતભોજન વગેરે રૂપે દેવાતું દાન. **(૫) લજ્જા દાન–** લોક લજ્જાથી, રિવાજથી દેવાતું દાન, લોકદેખાડ દાન કે દેખાદેખી દાન. **(૬)** યશ માટે કે મોટાઈ દેખાડવા માટે દેવાતું દાન તે **ગૌરવ દાન** છે. **(૭) અધર્મ દાન–** પાપરૂપ દાન. અધર્મ પ્રેરિત થઈને દેવાતું હિંસા રૂપ, કુશીલ રૂપ દાન. પાપી અધર્મી લોકોના સન્માનરૂપ દેવાતું દાન, ઐહિક ચાહના કે સ્વાર્થમૂલક દેવાતું દાન અધર્મ દાન છે. **(૮) ધર્મદાન–** મોક્ષમાર્ગ આરાધના હેતુ દીક્ષા દાન, દીક્ષા સહાય દાન, શ્રમણોને અપાતા નિર્દોષ આહારાદિ ૧૪ પ્રકારનું દાન આદિ ધર્મદાન છે. ધર્મારાધનાનાં સહયોગી ઉપકરણ આદિ, શય્યા સ્થાન આદિ શ્રાવકોને, સંઘ આદિને સમર્પણ કરવા, ચતુર્વિધ સંઘને ધર્મારાધનમાં સહયોગી બનવા રૂપ ઉદારવૃત્તિ રાખવી, એ પણ ધર્મદાન છે અર્થાત્ મોક્ષસાધના કરનારા ધર્મી વ્યક્તિઓને સહયોગી થવા રૂપ સમસ્ત દાન ધર્મદાન છે. **(૯) કરિષ્યતિ દાન–** ભવિષ્યમાં પોતાને સહાયની અપેક્ષા રાખીને અપાતું દાન. **(૧૦) કૃતજ્ઞતા દાન–** કોઈના ઉપકારને યાદ કરીને તેને અપાતું દાન.

આ દાનોમાં શુભ-અશુભ, સારા-ખરાબ, હેય-ઉપાદેય બધા પ્રકારનાં દાનોનો સંગ્રહ ૧૦ ની સંખ્યામાં કર્યો છે. તેનું યથાર્થ સ્વરૂપ સમજીને શ્રેષ્ઠ દાનોને પોતાની યોગ્યતા મર્યાદા અનુસાર સ્વીકારી શકાય છે.

**પ્રશ્ન–૭ : દસ પ્રત્યાખ્યાન કયા-કયા હોય છે ?**

**ઉત્તર–** નવકારસી આદિ દિવસચરિમ પ્રત્યાખ્યાન પર્યંતના દસ પ્રત્યાખ્યાન આવશ્યક સૂત્રના છટ્ઠા પ્રત્યાખ્યાન આવશ્યકમાં કહેલ છે. અહીં પ્રત્યાખ્યાનના અન્ય દસ પ્રકાર અપેક્ષાએ કહેલ છે– **(૧)** આઠમ, પાખીના ઉપવાસ આદિ પ્રત્યાખ્યાન કોઈ કારણે પહેલાં કરી લેવા તે અનાગત પ્રત્યાખ્યાન છે. **(૨)** એ જ રીતે તેને પછી કરવા તે અતિક્રાંત પ્રત્યાખ્યાન છે. **(૩)** ઉપવાસ, છઠ આદિ





નિરંતર વર્ષભર કે આજીવન કરવા તે કોટિસહિત પ્રત્યાખ્યાન અર્થાત્ પારણા પછી તરત ઉપવાસ એમ એકાંતર સંકળાયેલું તપ. (૪) નિશ્ચિત્ત દિવસે જ છૂટ-છાટ વગર તપ કરી લેવું તે નિયંત્રિત પ્રત્યાખ્યાન છે. (૫) પ્રત્યાખ્યાનના પાઠમાં રહેલા આગારોનાં સેવનયુક્ત તપ કરવું કે અન્ય પણ જરૂરી આગાર રાખીને તપ કરવું તે સાગાર પ્રત્યાખ્યાન છે. (૬) પ્રત્યાખ્યાનના પાઠવાળા આગાર કે અન્ય આગારોનું સેવન કર્યા વગર તપસ્યા કરવી તે અનાગાર પ્રત્યાખ્યાન છે. (૭) દત્તિ સંખ્યા, દ્રવ્ય સંખ્યા આદિ પરિમાણ નિશ્ચિત તેમજ સંક્ષિપ્ત કરીને ઉણોદરી વગેરે તપ કરવું તે પરિમાણકૃત પ્રત્યાખ્યાન છે. (૮) ચારે ય પ્રકારના આહારનો કે કોઈ પદાર્થનો સંપૂર્ણ ત્યાગ કરવો તે નિરવશેષ પ્રત્યાખ્યાન છે. (૯) સંકેત પ્રત્યાખ્યાન– જ્યાં સુધી ગાંઠ ન ખોલું, અંગૂઠી ન કાઢું, મુટ્ઠી ન વાળું ત્યાં સુધી અથવા ત્રણ નવકાર ન બોલું ત્યાં સુધી ચારે ય આહારનો ત્યાગ કરવો તે સંકેત પ્રત્યાખ્યાન છે. (૧૦) અદ્ધા પ્રત્યાખ્યાન– નવકારસી સિવાય પોરસી આદિ છટ્ઠા આવશ્યકવાળા પ્રત્યાખ્યાન કરવા, તે અદ્ધા પ્રત્યાખ્યાન અર્થાત્ સમય મર્યાદાવાળા પ્રત્યાખ્યાન છે. ઉપવાસથી લઈને છ માસી સુધીનાં તપ અદ્ધા પ્રત્યાખ્યાન છે.

**પ્રશ્ન–૮ : આ દસમા સ્થાનમાં અનેક શાસ્ત્રોનાં કે અધ્યયનોનાં નામ કેવી રીતે ગણાવેલ છે ?**

**ઉત્તર–** દસની સંખ્યાનો આધાર લઈને જે શાસ્ત્રોમાં ૧૦ અધ્યયન છે, તે શાસ્ત્રોનો અહીં નામ નિર્દેશ કર્યો છે. સાથે જ તે દસે ય શાસ્ત્રોનાં અધ્યયનોનાં નામ પણ દર્શાવેલ છે, તે શાસ્ત્ર આ પ્રમાણે છે– **(૧)** કર્મવિપાક દશા– આ શબ્દથી દુઃખવિપાક સૂત્રનું કથન કરેલ છે. સુખવિપાકના અધ્યયનોનું કથન અહીં કોઈ પણ કારણે નથી. કારણ કે દસ અધ્યયનવાળા દસ જ શાસ્ત્ર અહીં દસની સંખ્યાને અનુરૂપ કહેલ છે. તેથી દસ અધ્યયનવાળા અન્ય દશવૈકાલિક, સુખવિપાક સૂત્ર વગેરે શાસ્ત્ર પણ છે જ. **(૨ થી ૫)** ઉપાસક, અંતગડ, અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ સૂત્ર એ ચારે ય અંગશાસ્ત્ર દસ અધ્યયનવાળા કહ્યા છે. **(૬)** આચાર દશા– આ દશાશ્રુત સ્કંધનું બીજું નામ છે. **(૭)** બંધદશા **(૮)** દોગિદ્ધિદશા **(૯)** દીર્ઘદશા **(૧૦)** સંક્ષેપિકદશા.

**અધ્યયનોનાં નામ–** દશે ય શાસ્ત્રોના દસ-દસ અધ્યયનોનાં નામ સૂત્ર–૧૦૩ થી ૧૧૨ સુધીમાં સ્પષ્ટ છે. જેમાં (૧) ઉપાસકદશા સૂત્રના તથા (૨) દશાશ્રુત સ્કંધ સૂત્રના દસ અધ્યયનના નામ વિવાદ રહિત આજે પણ ઉપલબ્ધ છે. (૩) દુઃખવિપાક સૂત્રના નામોમાંથી અંતિમ ત્રણ નામોમાં ભિન્નતા છે. તે ભિન્નતા અનેક નામોનાં કારણે કે અધ્યયનના નામકરણના આશયની ભિન્નતાએ છે,

એવું વ્યાખ્યાકારોએ સ્પષ્ટ કર્યુ છે. **(૪)** અંતગડ સૂત્રનાં દશ અધ્યયનનાં નામ પૂર્ણતઃ અન્ય જ છે, તેનું કારણ અજ્ઞાત છે. **(૫)** અનુત્તરોપપાતિક સૂત્ર–તેમાં ૨–૩ નામમાં સામ્યતા છે, શેષ નામ અન્ય છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ શાસ્ત્રમાં ત્રણ વર્ગ છે. પહેલા, ત્રીજા વર્ગમાં દસ-દસ અધ્યયન છે. બીજા વર્ગમાં ૧૩ અધ્યયન છે, કુલ ૩૩ અધ્યયન છે. જ્યારે પ્રસ્તુત પ્રકરણમાં માત્ર ૧૦ અધ્યયનોનાં નામ છે અને વર્ગ વિભાગનું કથન નથી. એ ભિન્નતાનું કારણ પણ અજ્ઞાત છે. **(૬)** પ્રશ્નવ્યાકરણ સૂત્રનાં દસ નામ જે લખ્યા છે તે પૂર્ણતઃ અન્ય છે, વર્તમાનમાં ૫ આશ્રવ, ૫ સંવર સ્થાન રૂપ અધ્યયન નામ છે અને તદનુરૂપ પાંચ પાપ અને પાંચ મહાવ્રતોનું વર્ણન છે. પ્રસ્તુત સૂત્ર કથિત ૧૦ અધ્યયન નામવાળું પ્રશ્નવ્યાકરણ સૂત્ર દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમય સુધી ઉપલબ્ધ રહ્યું હશે. ત્યાર પછી વિદ્યાઓના કારણે આ શાસ્ત્રના મૌલિક અધ્યયનોને કાઢીને નવા ૧૦ અધ્યયન રાખેલ છે. એમ ઉપલબ્ધ આગમ પરથી ઈતિહાસ ચિંતકોનું માર્ગદર્શન મળે છે.

૧૦ અધ્યયનના નામ જે અહીં કહ્યા છે તે નંદીસૂત્રમાં તથા સમવાયાંગ સૂત્રમાં પણ મળે છે. તેથી વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ સૂત્ર સંપૂર્ણ નવું છે. જેને પૂર્વધરોએ મળીને નક્કી કરેલ છે, એવી પરંપરા માન્ય છે. પૂર્વમાં રહેલ પ્રશ્નવ્યાકરણની વિદ્યાઓ સિવાયના વિષયોના સંકલનથી **બે શાસ્ત્ર** થયા છે– ઉત્તરાધ્યયન સૂત્ર અને ઋષિભાષિત સૂત્ર. એ બંને સૂત્રના નામ નંદીસૂત્રમાં મળે છે. ઋષિભાષિત સૂત્ર પણ પ્રકાશિત ઉપલબ્ધ છે જેમાં ૪૫ અધ્યયન ઉપદેશી છે. ઉત્તરાધ્યયનમાં ૩૬ ઉપદેશી અધ્યયન છે. કોઈ કારણવશ કે અનુપલબ્ધિના કારણે ઋષિભાષિત સૂત્રને આગમ સંખ્યા ૩૨ કે ૪૫ માં સ્વીકારેલ નથી. **(૭થી૧૦)**એ ચાર શાસ્ત્રની ક્યાંય ઉપલબ્ધિ નથી. ત્રણના નામ નંદીસૂત્રમાં નથી અને અંતિમ ૧૦ મા સંક્ષેપિકદશા સૂત્રના ૧૦ અધ્યયનોનાં નામ નંદીસૂત્રમાં ૧૦ સ્વતંત્ર શાસ્ત્રના નામે આજે પણ મળે છે. એવી જ રીતે **ઉપાંગસૂત્ર** નામક શાસ્ત્રના પાંચ વર્ગોના નામ પણ પાંચ શાસ્ત્ર રૂપે નંદીમાં મળે છે, નંદીની કોઈ પ્રતોમાં ૭ વર્ગના નામથી ૭ શાસ્ત્રનામ પણ મળે છે.

તાત્પર્ય એ છે કે અહીં કહેલ સાતમા, આઠમા, નવમા ત્રણ શાસ્ત્ર નંદીસૂત્રમાં નથી. દસમા સૂત્રનાં ૧૦ અધ્યયનોનાં નામ દસ સૂત્રો રૂપે નંદીમાં છે, મૌલિક શાસ્ત્રનું નામ ત્યાં નથી.

સાતમા બંધદશા શાસ્ત્રના સાતમા, આઠમા બે અધ્યયનોનાં નામ ''ભાવના અને વિમુક્તિ'' છે. તે બંને અધ્યયન લેખનકાળમાં કે તેની પહેલાં





ક્યારે ય પણ આચારાંગ સૂત્રના અંતિમ અધ્યયન રૂપે રાખી દીધેલ છે. જે આજે પણ આચારાંગ સૂત્રમાં ઉપલબ્ધ છે.

આ રીતે અહીં વર્ણિત આ દશ શાસ્ત્ર અને તેના અધ્યયનોનાં નામોની વિચારણાથી એ ફલિત થાય છે કે શાસ્ત્રલેખન સમયે પૂર્વધરોની પારસ્પરિક વિચારણાથી, યોગ્ય સંશોધન-સંપાદન અધિકાર પૂર્વક કરવામાં આવેલ છે. તે ઉપરાંત કેટલાક શાસ્ત્ર વિચ્છિન્ન પણ થયેલ છે અને કેટલાકના નામોમાં મતિ ભ્રમ અને લિપિદોષ પણ થયેલ છે.

**પ્રશ્ન–૯ : પોતાના ભવિષ્યને સુંદર બનાવવા માટે કઈ-કઈ સાવધાનીઓ તેમજ કર્તવ્યોને ધ્યાનમાં રાખવાં જોઈએ ?**

**ઉત્તર–** દસની સંખ્યાના અનુસંધાનમાં અહીં સૂત્ર–૧૨૫ માં એવા જ દસ કર્તવ્યોનું કથન કર્યું છે, જેમ કે– (૧) નિદાન કરવું નહીં અર્થાત્ સંયમ-તપના ફળ સ્વરૂપ ભૌતિક સુખ સમૃદ્ધિની સંકલ્પ પૂર્વક ચાહના–માંગણી કરવી નહીં. તપ-સંયમની સાધનાને ભૌતિક સુખોને માટે દાવ પર લગાડવી નહીં. (૨) દેવ, ગુઢ, ધર્મ તેમજ શાસ્ત્રો પ્રત્યે પોતાની દષ્ટિ–વિચારણા સમ્યક શ્રદ્ધામય રાખવી. જીવનમાં સદા સમ્યગ્ દષ્ટિને સુરક્ષિત રાખતાં સુદષ્ટિ-સંપન્ન રહેવું, તેમાં વિકૃતિ ન થવા દેવી. (૩) લીધેલાં નિયમ-વ્રતોનું શુદ્ધ પરિપૂર્ણ પાલન કરવું. (૪) કષ્ટ-ઉપસર્ગોને ક્ષમાભાવ સાથે સહન કરવા. (૫) ઈન્દ્રિયોને વશીભૂત ન થતાં ઈન્દ્રિય સંયમ રાખવો અર્થાત્ શબ્દ, રૂપ આદિ પાંચ ઈન્દ્રિય વિષયોમાં આસક્તિ ન રાખવી, જિતેન્દ્રિય બનવું. (૬) માયા, કપટ રહિત સરળ સ્વભાવી રહેવું. (૭) વ્રત-નિયમોમાં, સંયમ-નિયમોમાં આચાર શિથિલતા ન કરવી. (૮) સાધુપણાનું શ્રેષ્ઠ યથાર્થ પાલન કરવું. (૯) જિનશાસન પ્રત્યે પરમ આદરભાવ, ભક્તિભાવ, અહોભાવ રાખવો. (૧૦) જિનશાસનની પ્રભાવના કરવી, જિનશાસનને દિપાવવું, અનેક લોકોને ધર્માનુરાગી, જિનાનુયાયી, ધર્મપ્રેમી, વ્રતનિષ્ઠ બનાવવા. આ દસ ગુણોમાંથી એક કે અનેક ગુણોથી યુક્ત વ્યક્તિ પોતાનું ભવિષ્ય સુખદ-સુંદર બનાવે છે.

**પ્રશ્ન–૧૦ : સાધુ-સંતોની, ઋષિ મહાત્માઓની આશાતના કરનાર કેવી રીતે નષ્ટ-વિનષ્ટ ભસ્મીભૂત થાય છે ?**

**ઉત્તર–** ત્યાગી-તપસ્વી યથાર્થ શ્રમણ-માહણની આશાતનાથી જીવ હીનતમ અશુભ કર્મોનો બંધ કરીને તેના ફળ સ્વરૂપે સ્વતઃ વિનષ્ટ થાય છે. દુર્ગતિગામી બનીને દુઃખસંસારની વૃદ્ધિ કરે છે. ક્યારેક કોઈ મુનિના કોપનું ભાજન બનીને

ભસ્મીભૂત થઈ જાય છે અથવા કોઈ દેવ તેને એવું કૃત્ય કરતાં જોઈને, ગુસ્સે થઈને ભસ્મીભૂત કરી શકે છે, ઉપદ્રવિત-પીડિત કરી શકે છે. ક્યારેક કોઈના રોષનું ભાજન ન બને તોપણ પોતાની ભવપરંપરાની વૃદ્ધિ કરી દુર્ગતિગામી બને છે, અપાર અશુભ કર્મોનો સંગ્રહ કરી લે છે. પ્રસ્તુતમાં અપેક્ષાએ દસ પ્રકારે ભસ્મીભૂત થવાનું કથન કરવામાં આવેલ છે, યથા– **(૧)** આશાતનાથી કુપિત મુનિ તેજોલબ્ધિથી તત્કાળ ભસ્મીભૂત કરી શકે છે. **(૨)** દેવ કુપિત થઈને તેજોલેશ્યાથી તત્કાળ ભસ્મ કરી શકે છે. **(૩)** મુનિ અને દેવ બંને ય પરિકુપિત થઈને બંને તેજોલેશ્યા દ્વારા ભસ્મ કરી શકે છે. **(૪થી૫)** મુનિ કે દેવ દ્વારા તેજોલેશ્યા પ્રયોગથી ફોડલા–ગુમડા ઉત્પન્ન થઈને પછી તે ફોડલા ફૂટતા તે વ્યક્તિ વિનષ્ટ થઈ જાય છે. **(૬)** બંને દ્વારા તેજોલેશ્યા પ્રયોગથી ફોડલા ફૂટતા વિનષ્ટ થાય છે. **(૭થી૯)** મુનિ, દેવ અને બંને દ્વારા તેજોલેશ્યા પ્રયોગથી ફોડલા થાય છે, તે ફૂટતાં ફોડકીઓ ઉત્પન્ન થાય છે અને તે ફૂટતાં તે આશાતના કરનાર સડી-સડીને નષ્ટ-વિનષ્ટ ભસ્મીભૂત થાય છે. **(૧૦)** કોઈ આશાતના કરીને સ્વયં તેજોલબ્ધિ મુનિ પર ફેંકે ત્યારે તે તેજોલેશ્યા મુનિના તપ-તેજના પ્રભાવે તેના શરીર પર આક્રમણ કરી શકતી નથી, અટકી જાય છે, ત્યારે તે લેશ્યા મુનિનું અભિવાદન કરીને, પ્રદક્ષિણા કરીને ઉપર આકાશમાં ચાલી જાય છે, ત્યાંથી ફેંકનારના શરીરમાં પ્રવેશીને અત્યંત બળતરા ઉત્પન્ન કરી તેને જ ભસ્મીભૂત કરી દે છે.

આ રીતે અહીં તીવ્ર આશાતનાનું, દ્વેષયુક્ત વ્યવહારનું લબ્ધિ દ્વારા દુષ્પરિણામ દર્શાવેલ છે. લબ્ધિ સંયોગ ન થાય તો તે સ્વકૃત કર્મબંધના ફળથી સ્વતઃ દુઃખી થાય છે, દુર્ગતિગામી બનીને, ભવપરંપરા, સંસારભ્રમણ વધારી લે છે.

**પ્રશ્ન–૧૧ : અચ્છેરા થવાનું તાત્પર્ય શું છે અને તે કયા છે તથા ક્યારે ક્યાં થયા છે ?**

**ઉત્તર–** લોકસ્વભાવે જે કૃત્ય પ્રાયઃ ન થવા યોગ્ય હોય છે તે અનંતકાળે ક્યારેક કદાચિત્ થઈ જાય, તેને અચ્છેરા કહેવાય છે. લોકવ્યવહારમાં પણ ક્યારેક ન બનતી ઘટના થઈ જાય છે તેને આશ્ચર્યકારી ઘટના કહેવાય છે. પ્રસ્તુત અધ્યયનમાં પણ અનંતકાળે ક્યારેક–કદાચિત્ થનારી અનહોની ઘટના–બનાવને આશ્ચર્ય– અચ્છેરાના નામે કહેલ છે અને અહીં ૧૦ ની સંખ્યાના પ્રસંગે આવા ૧૦ અચ્છેરાનું નિરૂપણ સંક્ષિપ્ત શબ્દોમાં કરેલ છે. તેનું વિશ્લેષણ અર્થાત્ ઘટનાઓનું વિસ્તૃત સ્પષ્ટીકરણ વ્યાખ્યાકારોએ સંકલિત-સંપાદિત કર્યું છે. જેનો ભાવાર્થ આ પ્રમાણે છે– **(૧) ઉપસર્ગ–**





સામાન્ય રીતે પુણ્યશાળી કેવળી તીર્થંકરોને ઉપસર્ગ આવતા નથી, તોપણ ભગવાન મહાવીર સ્વામીને ૧૪ વર્ષની કેવળી પર્યાયે ગોશાલક દ્વારા ઉપસર્ગ થયો હતો. જે અહીં પ્રશ્ન–૧૦માં દર્શાવેલ દસમી આશાતના અને તેના પરિણામ રૂપ બનાવ બન્યો હતો. જેનાથી ગોશાલક સ્વયં પોતાની જ ફેંકેલી લેશ્યા પાછી પોતાનાં શરીરમાં પ્રવેશતાં સાતમા દિવસે મરી ગયો હતો અને તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી ૬ મહિના સુધી તે લેશ્યાની અસરથી કંઈક રૂગ્ણ બન્યા હતા. છ મહિના પછી સ્વસ્થ થઈને સાડા પંદર વર્ષ સુધી વિચરણ કર્યું હતું. તે વિસ્તૃત ઘટનાનું વર્ણન ભગવતી સૂત્રના શતક–૧૫ માં છે.

**(૨)ગર્ભહરણ–** ભગવાન મહાવીર ૧૦ મા દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યા હતા. ૮૨ રાત્રિ વ્યતીત થયા પછી ૮૩ મા દિવસે હરિણગમૈષી દેવે શક્રેન્દ્રની આજ્ઞા થતાં ત્યાંથી ભગવાનનું સંહરણ કરીને ત્રિશલા ક્ષત્રિયાણીના ગર્ભમાં રાખ્યા હતા. આ કથન આચારાંગ સૂત્રના ભાવના અધ્યયનમાં છે. **(૩) સ્ત્રી તીર્થંકર–**સામાન્ય રીતે સર્વે ય તીર્થંકર પુરુષ રૂપે જ થાય છે પરંતુ આ અવસર્પિણીકાળમાં ૧૯ મા તીર્થંકર મલ્લિનાથ ભગવાન સ્ત્રી લિંગે થયા હતા. તેને અહીં આશ્ચર્યકારી ઘટના કહેલ છે. મલ્લિ ભગવતીનું વિસ્તૃત વર્ણન જ્ઞાતાસૂત્રના આઠમા અધ્યયનમાં ઉપલબ્ધ છે. દિગંબર જૈનો આ અધ્યયનના સ્પષ્ટ વર્ણનને પણ સ્વીકારતા નથી. એ તેઓની અસરલતાનું પ્રતીક છે.**(૪) અભાવિત પરિષદ–** તીર્થંકર પ્રભુના પ્રવચનમાં કોઈને કોઈ વ્રત પ્રત્યાખ્યાન અવશ્ય થાય છે પરંતુ ભગવાન મહાવીરની પ્રથમ દેશનામાં માત્ર દેવો જ આવ્યા હતા અને દેવો કોઈ વ્રત ધારણ કરી શકતા નથી. તેથી તેને અભાવિત પરિષદ કહેલ છે. **(૫)** બે વાસુદેવોનું શંખ દ્વારા મિલન થયું એટલે કૃષ્ણવાસુદેવનું **કપિલ** વાસુદેવના રાજ્યની અમરકંકા નગરીમાં ધાતકીખંડ દ્વીપમાં જવું. આ વર્ણન જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં વિસ્તારથી કર્યું છે. **(૬) ચંદ્ર-સૂર્ય અવતરણ–** ભગવાન મહાવીર સ્વામીના સંથારાની અચાનક જાણકારી થતાં વ્યગ્રતાને કારણે સમ્યગ્દૃષ્ટિ ચંદ્ર-સૂર્ય બંને જ્યોતિષ ઈન્દ્રો પોતાના ભ્રમણશીલ શાશ્વત વિમાન સહિત અહીં પૃથ્વી પર પહોંચી ગયા હતા. સામાન્ય રીતે દેવ મનુષ્ય લોકમાં આવવા માટે પોતાના યાન-વિમાન દ્વારા અથવા નવી વિકુર્વણા કરેલ વિમાન દ્વારા આવે છે, પરંતુ સૂર્ય-ચંદ્ર બંને ઈન્દ્ર કારતક વદ અમાસે (ગુજરાત પ્રમાણે આસો વદ અમાસે )એક સાથે આકાશમાં પરિક્રમા કરતાં ભરતક્ષેત્રની સીમાને ઉપરથી પાર કરીને ભગવાન મહાવીરના સંથારાવાળી નગરીના સીધાણે નીકળીને સાંજે આગળ વધી રહ્યા હતા. ત્યારે તેઓના શરીરમાં અંગસ્ફુરણા થવાથી અવધિજ્ઞાનનો ઉપયોગ લગાવવાથી

ભગવાનના સંથારાની જાણકારી થતાં અત્યંત નજીક જ હોવાથી વ્યગ્રતા અને ઉપયોગ શૂન્યતાએ દેવવિધિને ભૂલીને ચંદ્ર-સૂર્ય બંને પોતાના મૂળ વિમાન સહિત તે નગરીની ઉપર આકાશમાં વિમાનને રોકીને સ્વયં બંને પોત-પોતાના વિમાનથી ઉતરીને ભગવાનના સમવસરણમાં ઉપસ્થિત થયા હતા. સંધ્યાનો સમય હતો, થોડો સમય ભગવાનની પર્યુપાસના કરી, પરિષદમાં બેઠા, પ્રવચન સાંભળ્યું, પછી વિમાનોને લઇને યથાસ્થાને પહોંચીને ફરી પૂર્વવત્ પરિક્રમામાં ચાલવા લાગ્યા, નગરીમાંથી જવાના સમયે તે ક્ષેત્રનો સૂર્યાસ્ત સમય થઇ ચૂક્યો હતો, વિમાનો નગરીમાં ઉપર જ સ્થિત રહેવાથી દિવસ જેવું લાગ્યું અને ચાલ્યા જવાથી અચાનક શીઘ્ર અમાસની રાત્રિનો સંધ્યા સમય પ્રારંભ થઇ ગયો હતો એ સમયે મૃગાવતી આર્યા પણ પોતાના સાધ્વી સમૂહ સાથે સમવસરણમાં હતા. સૂર્ય વિમાન ત્યાં હોવાથી સૂર્યાસ્તનું જ્ઞાન થઇ ન શક્યું. અચાનક સંધ્યા સમય થયો જાણી મૃગાવતીજી આર્યા શીઘ્ર ત્યાંથી નીકળીને પોતાના ઉપાશ્રયે ચંદના આર્યાના સાંનિધ્યે પહોંચી ગયા હતા. મોડા આવવાના કારણે ઉપાલંભ પણ સાંભળવો પડયો હતો. તે જ ઉપાલંભ અને ભૂલની વિચારણામાં રાત્રિમાં બધા સૂઇ ગયા ત્યારે પણ મૃગાવતીજી ધર્મજાગરણા કરતાં હતાં. તે જ જાગરણામાં અમાસની અંધારી રાત્રિએ તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થઇ ગયું હતું. ચંદના આર્યાની બાજુમાંથી સર્પને જતો જ્ઞાનથી જોયો અને તેમનો હાથ સર્પના ચાલવાના રસ્તામાં હોવાથી મૃગાવતીજીએ હાથ ઉપાડીને સરખો રાખી દીધો, સાપ ચાલ્યો ગયો પરંતુ ચંદના આર્યાની નિદ્રા ભંગ થઈ ગઇ, તે ઉઠી ગયાં અને હાથ ઉઠાવવાનું કારણ પૂછ્યું. મૃગાવતીના સત્ય ઉત્તર–પ્રત્યુત્તરથી ખબર પડી કે એમને કેવળજ્ઞાન થઈ ગયું છે. ત્યારે ચંદના આર્યાને પણ શુભ અધ્યવસાયોમાં ક્રમશઃ આગળ વધતાં-વધતાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થઇ ગયું. એ જ રાત્રિના અંતિમ પ્રહરના અંતિમ વિભાગમાં ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ પધાર્યા અને ગૌતમસ્વામીને પણ એ જ દિવસે કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયું. કારતક સુદ એકમના દિવસે ૬૪ ઈન્દ્રો પોતાનાં દેવ-દેવીઓ સાથે આવ્યા, ભગવાનના પાર્થિવ દેહના અગ્નિ-સંસ્કાર, નિર્વાણ મહોત્સવ મનાવીને ચાલ્યા ગયા. આ ઉપરોક્ત સમસ્ત વર્ણન વ્યાખ્યાગ્રંથો, ઈતિહાસગ્રંથોમાં જુદી-જુદી રીતે મળે છે. એ બધાનું પરિપ્રેક્ષણ કરી સંક્ષિપ્ત સાર અહીં સૂચિત કરેલ છે.

**(૭) હરિવંશ કુલોત્પત્તિ–** સામાન્ય રીતે યુગલિક મનુષ્યોની વંશ પરંપરા, વંશ વિસ્તાર હોતા નથી. **અમે બે અને અમારા બે** ની વ્યવસ્થા જ ચાલે છે અર્થાત્ પ્રત્યેક યુગલિકને ઉંમરના છ મહિના બાકી રહે ત્યારે બે સંતાન રૂપે





પુત્ર-પુત્રી થાય છે અને તે જ મોટા થતાં પતિ-પત્નિ રૂપ વ્યવહાર કરે છે. પછી તે પણ બે સંતાનને જન્મ આપીને છ મહિના પછી મરી જાય છે. આ પ્રમાણે વંશ વિસ્તાર વિના તેઓની બેની પરંપરા જ ચાલે છે. કોઈ એકવાર હરિવંશ ક્ષેત્રના હરિ-હરિણી નામના યુગલિક જોડકાને એક વેરી દેવે ઉપાડીને ભરત ક્ષેત્રમાં ચંપાનગરીમાં મૂકી દીધા અને તેને રાજા-રાણી બનાવવાની વ્યવસ્થા કરીને ચાલ્યા ગયા. ત્યાર પછી તે રાજાની અનેક સંતતિ પરંપરા ચાલી તેનો વંશ હરિવંશ રૂપે પ્રખ્યાત થયો. દેવે પૂર્વભવના વેરના ફળસ્વરૂપે યુગલિકને દુઃખી કરવા માટે આ નુસખો અજમાવ્યો હતો. કારણ કે યુગલિક ક્ષેત્રના સ્વભાવે ત્યાં તેને દુઃખ પહોંચાડી શકાતું ન હતું અને ત્યાંથી મરીને પણ તે યુગલિક તો દેવ જ બનશે તો પોતાનાથી મોટા દેવ બનવાથી તેને ત્યાં પણ દુઃખ પહોંચાડી શકીશ નહીં એવું જાણીને શત્રુ દેવે યુક્તિ શોધી અને શરીરની અવગાહના નાની કરીને ભરત ક્ષેત્રમાં લાવીને રાજા બનાવી દીધા અને મદ્ય-માંસાહારી પણ બનાવી દીધા. જેનાથી તે રાજા મરીને નરકે ગયા. આ રીતે દેવે પોતાનું વેર વાળ્યું. પરંતુ લોકમાં આ ન બનવાની ઘટના બની ગઈ કે યુગલિકનું આ રીતે પરિવર્તન થયું, હરિવંશની પરંપરા ચાલી, આ સમસ્ત વર્ણન પણ વ્યાખ્યા ગ્રંથોમાં મળે છે.

**(૮) ચમર ઉત્પાત–** ચમરેન્દ્ર, દેવ રૂપ જન્મ ધારણ કરીને તરત જ શક્રેન્દ્ર સાથે દ્વેષભાવ રાખીને એકલા જ તેનું અપમાન કરવા પહેલા દેવલોકમાં પહોંચી ગયા. તેના પોતાના સામાનિક દેવોએ જતી વેળાએ મનાઇ પણ કરી પરંતુ તે જન્મતાં જ પોતાની ૠદ્ધિના ગર્વના નશામાં ચૂર થઇ ગયા અને ભગવાન મહાવીર સ્વામીનું શરણ લઇને ગયા પરંતુ શક્રેન્દ્રના બળની સામે હારીને પાછા આવવું પડયું. આ પ્રમાણે ચમરેન્દ્રે પ્રથમ દેવલોકમાં જવાને માટે મહાન ઉત્પાત કર્યો હતો. ૧ લાખ યોજનનું રાક્ષસી રૂપ બનાવ્યું હતું. આ આશ્ચર્યકારી અનહોની ઘટનાને અહીં સૂત્રમાં ચમરોત્પાત કહેલ છે. તેનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્ર શતક–૩ માં છે. **(૯)** એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ વાળા એક સાથે ૧૦૮ સિદ્ધ થયા. ભગવાન ૠષભદેવ સ્વામીના નિર્વાણ સમયે આ ઘટના બની હતી. ભરત-એરવત બંને ક્ષેત્રના તીર્થંકર, ભરત બાહુબલીને છોડીને શેષ ૯૮ ભાઈ તથા ૠષભદેવના ૮ પૌત્ર એમ કુલ ૨+૯૮+૮=૧૦૮ એક સૂક્ષ્મ સમયે સાથે જ મોક્ષે પધાર્યા. તે સર્વેયની અવગાહના સરખી હતી. આયુષ્ય ઓછું-વધારે હતું જે એક સાથે પૂર્ણ થયું. આ ગણિત પણ વ્યાખ્યા પરંપરાથી પ્રાપ્ત છે. સામાન્ય રીતે ૫૦૦ ધનુષની અવગાહનાવાળા એક સમયમાં ઉત્કૃષ્ટ બે જ સિદ્ધ થવાનો સિદ્ધાંત છે. **(૧૦) અસંયમીની પૂજા–**

નવમા તીર્થંકરથી શરૂ કરીને પંદરમા તીર્થંકરના શાસનમાં તીર્થનો વિચ્છેદ થયો. અર્થાત્ તેના શાસનકાળમાં સાધુ-સાધ્વીની પરંપરા અવિચ્છિન્ન ન ચાલી, વચ્ચે વચ્ચે વિચ્છિન્ન થઈ હતી. એમ કુલ સાત તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વીના અભાવમાં અસંયતિઓ દ્વારા ધર્મ ચલાવવામાં આવ્યો. ત્યારે એ અસંયતિઓને સંયતિ જેવા માન-સન્માન, પૂજા-પ્રતિષ્ઠાનો વ્યવહાર પ્રાપ્ત થયો હતો. સામાન્ય રૂપે હંમેશા ૨૪ તીર્થંકરોનું શાસન અવિચ્છિન્ન રૂપે ચાલે છે. આ અવસર્પિણીમાં જ શાસન વિચ્છેદની ઘટનાઓ થઈ હતી. તેની અંતર્ગત ભગવાન મહાવીરના શાસનમાં પણ મધ્યકાળમાં અસંયતિપૂજાનો માહોલ અનેક વર્ષો સુધી રહ્યો હતો. તે માટે કહેવાય છે કે કલ્પસૂત્ર પ્રમાણે ભગવાનના નિર્વાણ સમયે ભગવાનના જન્મનક્ષત્ર પર ભસ્મરાશિ નામના ગ્રહનો સંયોગ હતો, જેના પ્રભાવે ૨૦૦૦ વર્ષ સુધી ભગવાનનું શાસન અવનતોવનત ચાલ્યું. પાછું ૨૦૦૦ વર્ષ પછી ફરી ઉન્નતોન્નત ધર્મશાસન પ્રવહમાન થયું હતું. એ અપેક્ષાએ દશમા અચ્છેરાનો પ્રભાવ ભગવાન મહાવીરના શાસનમાં પણ થોડો સમય રહ્યો હતો એમ સ્વીકારી શકાય છે.

કહેવાય છે કે આવી અણઘટતી ઘટનાઓ અનંતકાળમાં ક્યારેક અવસર્પિણી કાળમાં થઈ જાય છે. હંમેશા બધા અવસર્પિણી કાળમાં થતી નથી. જ્યારે થાય ત્યારે દશ જ થાય એવો પણ નિયમ નથી. તેમજ આ દશમાંથી જ થાય તેવો નિયમ પણ નથી. અન્ય કોઈ નવી ઘટનાઓ પણ થઈ જાય છે.

આ ઘટનાઓ સંબંધી નિરૂપણમાં વક્તાઓની ગેરસમજણના કારણે કેટલીક ભિન્નતાઓ મળે છે. એમ તો કથાનકોમાં વક્તાની વક્તવ્યશૈલીમાં અંતર હોય એ સ્વાભાવિક છે. તોપણ વિદ્વાન પાઠક ઉપર દર્શાવેલ આગમ સ્થળોને ધ્યાનથી વાંચીને ખરા તત્ત્વોને સમજવાનો પ્રયત્ન કરે તેવી ખાસ ભલામણ છે. જે ઘટનાઓ માટે આગમ પ્રમાણ ન હોય તો તે વિષયમાં જે વ્યાખ્યા ગ્રંથોનો આધાર છે અને તેમાં વ્યાખ્યાકારોની કથનશૈલીથી અહીં ભિન્નતા દેખાય તો વિદ્વાન પાઠક પોતાની તર્કબુદ્ધિએ ખરો આશય સમજવાનો પ્રયત્ન કરે તેમજ સત્ય નિર્ણય કરવામાં પોતાની સ્વતંત્રતા સમજે. કારણ કે આગમ પ્રમાણના અભાવે છદ્મસ્થ જિજ્ઞાસુઓએ પોતાની બુદ્ધિ તેમજ ક્ષયોપશમ પ્રમાણે જ સમજવું તે અવશેષ ન્યાયથી યથોચિત થાય છે. જે વિષયમાં આગમ વર્ણન સ્પષ્ટ હોય ત્યાં પરંપરાનો આગ્રહ ન રાખતાં આગમ વર્ણન પ્રમાણે જ સમજવું, સ્વીકારવું જોઈએ.

**પ્રશ્ન–૧૨ : કયા નક્ષત્ર સંયોગે જ્ઞાનવૃદ્ધિ થાય છે ?**





**ઉત્તર–** પ્રસ્તુત સ્થાનના ૧૫૬ મા સૂત્રમાં શાસ્ત્રકારે નિરૂપણ કર્યુ છે કે ૧૦ નક્ષત્ર જ્ઞાનની વૃદ્ધિ કરનારા છે. નક્ષત્ર ૨૮ છે. તેની ભ્રમણગતિ ચંદ્રથી થોડી વધારે છે. તેથી ક્રમશઃ એક-એક નક્ષત્ર ચંદ્રની સિધાણમાં સાથે ભ્રમણ કરીને આગળ નીકળી જાય છે. એમ એક મહિનામાં બધા નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરીને તેને પાર કરી જાય છે. બીજા મહિને ફરીથી ક્રમશઃ બધાનો એ જ ક્રમ ચાલે છે.

જે દિવસે આકાશમાં જે નક્ષત્ર ચંદ્રની સાથે ગમન કરે છે તે લૌકિક પંચાંગમાં બતાવેલું હોય છે. ઘણા ય લોકો નકારાત્મક દષ્ટિએ ચાલીને પોતાને હોશિયાર અને ધર્મજ્ઞ સમજે છે પરંતુ જૈનાગમ અધિકતમ વિધેયાત્મક દષ્ટિ વાળા છે. તે ભૂતપ્રેત પણ માને છે, તેનો માનવને ઉપદ્રવ થવો પણ સ્વીકારે છે, અઠ્ઠમ કરીને દેવને બોલાવવાનું પણ સ્વીકારે છે. આગમ સાપ, વીંછીના ડંખ ઉતારવા માટેની વિધિ પણ સ્વીકારે છે. મંત્ર-તંત્ર, વશીકરણ વગેરે પણ જગતમાં હોવાનું જૈનાગમ માને છે. નિમિત્તજ્ઞાન પણ પોતાના સ્થાન પ્રમાણે મહત્ત્વ રાખે છે, આગમ તેનો નિષેધ કરતાં નથી પણ અસ્તિત્વ સ્વીકારે છે. સૂયગડાંગ સૂત્રમાં કહેલ છે કે કેટલાક નિમિત્તજ્ઞાનના કથન સત્ય પણ હોય છે અને કોઈના નિમિત્તજ્ઞાન વિપરીત પણ નીકળે છે. તેથી મુનિ આ નિમિત્તજ્ઞાનમાં ન પડે, કારણ કે તેને તો અધ્યાત્મ સાધના કરવાની હોય છે. આગમોમાં જ્યોતિષશાસ્ત્રને પણ સ્થાન આપેલ છે. ભગવાન મહાવીરના જન્મ નક્ષત્ર પર ભસ્મગ્રહ સંયોગે ૨૦૦૦ વર્ષ સુધી જિનશાસન પર અસર થઈ હતી અને તે સંયોગ દૂર થતાં લોકાશાહ દ્વારા ફરી જિનશાસનમાં સત્ય આચાર ઉજાગર થયેલ.

એ જ કારણે પ્રસ્તુત સૂત્રમાં કહ્યું છે કે દસ નક્ષત્રોના ચંદ્ર સંયોગના દિવસે પ્રારંભ કરેલ શાસ્ત્ર–અધ્યયન શ્રેષ્ઠ–સફળ રહે છે. જ્ઞાનના વૃદ્ધિકારક નક્ષત્ર આ પ્રમાણે છે– (૧) મૃગશીર્ષ (૨) આર્દ્રા (૩) પુષ્ય (૪) પૂર્વાષાઢા (૫) પૂર્વાભાદ્રપદ (૬) પૂર્વા ફાલ્ગુની (૭) મૂલ (૮) અશ્લેશા (૯) હસ્ત (૧૦) ચિત્રા.

આગમ નિર્દેશ અનુસાર નવું અધ્યયન આ નક્ષત્ર યોગના સમયમાં જ પ્રારંભ કરવું જોઈએ. નિમિત્તનું પોતાનું મહત્ત્વ છે, તોપણ પુરુષાર્થ તેમજ કર્મ ક્ષયોપશમ આદિ અનેકાંતિક સ્વીકૃતિ પણ આવશ્યક છે.

**પ્રશ્ન–૧૩ : અન્ય પણ કયા-કયા વિષયોનું આ સ્થાનમાં નિરૂપણ છે ?**

**ઉત્તર–** ઉપરોક્ત પ્રશ્નોમાં દર્શાવેલા વિષયો સિવાય અનેક નૂતન વિષયોનું

દશની સંખ્યામાં નિરૂપણ છે. જેમ કે– **(૧)** શબ્દના ૧૦ પ્રકાર હોય છે– ૧. રણકાર રહિત ૨. રણકાર યુક્ત. ૩. કાગડા જેવો કર્કશ શબ્દ. ૪. તૂટતા શબ્દ ૫. જર્જરિત શબ્દ. ૬. દીર્ઘ શબ્દ ૭. હ્રસ્વ શબ્દ ૮. પૃથક્ શબ્દ ૯. કોયલ જેવો તીક્ષ્ણ શબ્દ ૧૦. ઘૂઘરાનો શબ્દ. **(૨)** સંવર દશ– પાંચ ઈન્દ્રિય + ૩ યોગ + ૧ ઉપકરણ સંવર +૧ સોય આદિ નાની વસ્તુ સંબંધી સંવર=૧૦. **(૩)** સંયમ દશ– પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર + ૪ બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી–૪ + ૧ અજીવકાય સંયમ =૧૦. **(૪)** અનુયોગ દશ–અર્થ પરમાર્થની વિચારણા કે વિવેચના કરવી તેને અનુયોગ કહે છે. અનુયોગદ્વાર સૂત્રમાં તેના ૪ દ્વાર કહેલ છે. આચારાંગ ટીકામાં વિષય વિભાજનની અપેક્ષા દ્રવ્યાનુયોગ આદિ ચાર અનુયોગ કહેલ છે. પ્રસ્તુતમાં દ્રવ્યાનુયોગના દશ ભેદ કહેલ છે– ૧. દ્રવ્ય ગુણ પર્યાયનું જ્ઞાન ૨. માતૃકાપદ–મૌલિક અક્ષરો સંબંધી જ્ઞાન. ૩. એકાર્થક પર્યાય શબ્દોનું જ્ઞાન. ૪. કાર્ય નિષ્પતિમાં સાધનરૂપ કરણ કે પાંચ સમવાય રૂપ કરણનું જ્ઞાન. ૫. મુખ્ય ગૌણ સંબંધી જ્ઞાન–વિચારણા ૬. અન્ય દ્રવ્યથી પ્રભાવિત- અપ્રભાવિત થવા સંબંધી જ્ઞાન ૭. સદશતા-ભિન્નતા સંબંધી જ્ઞાન. ૮. શાશ્વત-અશાશ્વત સંબંધી જ્ઞાન-વિચારણા. ૯. સત્ય તત્ત્વોની વિચારણા. ૧૦. મિથ્યામતી દ્વારા નિરૂપિત અયથાર્થ તત્ત્વોની વિચારણા.

**(૫)** ઉત્પાત પર્વત– દસ ભવનપતિના ૨૦ ઈન્દ્રોના, તેના લોકપાલોના, ૧૦ વૈમાનિક ઈન્દ્રોના તથા તેમના લોકપાલોના ઉત્પાત પર્વત છે. જે મનુષ્ય ક્ષેત્રની બહાર છે. ઈન્દ્ર આદિ તિરછા લોકમાં આવવા માટે પહેલાં પોત-પોતાના તે પર્વતો ઉપર ઉતરે છે, પછી મનુષ્ય ક્ષેત્રમાં આવે છે. **(૬)** વ્રતોમાં દોષ લગાડવા રૂપ પ્રતિસેવના ૧૦ પ્રકારે હોય છે. પોતાના દોષોની આલોચના કરવામાં પણ દસ દોષ યુક્ત આલોચના હોય છે. આલોચના સાંભળનાર તથા આલોચના કરનારના ૧૦–૧૦ ગુણ હોય છે. આલોચના આદિ પ્રાયશ્ચિત્તના ૧૦ પ્રકાર છે. **(૭)** મિથ્યાત્વ દસ– જીવને અજીવ સમજે, અજીવને જીવ સમજે. તે જ રીતે ધર્મ-અધર્મ, સાધુ-અસાધુ, મોક્ષમાર્ગ-સંસારમાર્ગ, સિદ્ધ-અસિદ્ધના વિષયમાં વિપરીત સમજ, તે મિથ્યાત્વ છે. ફોટો, છબી, મૂર્તિ આદિ નિર્જીવ પદાર્થોને કુલ પરંપરાએ ધૂપ-દીપ, પૂજા ભક્તિ કરવી એ મિથ્યા પ્રવૃત્તિ છે, તેનો ગૃહસ્થ શ્રાવકને આગાર હોય છે. એ પ્રવૃત્તિઓ અજીવને જીવ માનવા રૂપ મિથ્યાત્વની પ્રેરક હોવાથી ત્યાજ્ય છે. કારણ કે સાવધાનીના અભાવે એ પ્રવૃત્તિઓમાં ધર્મ માનવાના સંસ્કાર પ્રવેશી શકે છે. તેથી શ્રાવક આગાર સેવન લાચારીથી કરે તોપણ ઉપરોક્ત ૧૦ પ્રકારની મિથ્યા સમજથી દૂર રહે. અર્થાત્ કુલ પરંપરાના એ કાર્યો કરતી વખતે ફોટો, મૂર્તિને જીવ ન સમજે, અજીવ





સમજે, ધૂપ-દીપને ધર્મ પ્રવૃત્તિ ન સમજે, અધર્મ પ્રવૃત્તિ સમજે. તાત્પર્ય એ છે કે આગારોનું સેવન પણ લાચારી અને કમજોરી છે એમ માનવું જોઈએ. વિશિષ્ટ કક્ષાના સાધક કમજોરી દૂર કરી આગારોનો પણ ત્યાગ કરે છે, તે શ્રેષ્ઠ શ્રાવક છે. પરંતુ તે આગાર સેવન કરનારાની નિંદા કે તિરસ્કાર કરે તો તે તેની ભૂલ છે.

**(૮)** સંક્લેશ દશ– ૧. ઉપધિ સંબંધી, ૨. મકાન સંબંધી, ૩. કષાય સંબંધી, ૪. આહાર-પાણી સંબંધી, ૫થી૭. મન, વચન, કાયા સંબંધી, ૮થી૧૦. જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી. આ દસેયના નિમિત્તે પરસ્પર સંક્લેશની ઉત્પત્તિ થઈ શકે છે. સાધકની પોતપોતાની વિવિધ સાવધાની હોય છે. તેઓ જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત રહે તો એ દશેથી સંક્લેશ થતો નથી. **(૯)** બળ દશ– પાંચ ઈન્દ્રિય સંબંધી બળ અને પાંચ જ્ઞાનાદિ સંબંધી બળ. **(૧૦)**વાદના દશ સામાન્ય દોષ તેમજ દશ વિશેષ દોષ હોય છે. એ દોષોથી રહિત વાદ શ્રેષ્ઠ હિતકારી થાય છે. સૂત્રમાં એ દોષોના નામ કહ્યા છે. **(૧૧)** શુદ્ધ વાચનાનુયોગ દશ છે અર્થાત્ મૂળ પાઠોના ઉચ્ચારમાં ૧૦ શુદ્ધિનું ધ્યાન રાખવું જોઈએ– ૧. ચ, વા નો પ્રયોગ, ૨. મ, અનુસ્વારનો પ્રયોગ, ૩. અપિ, પણ નો પ્રયોગ, ૪. થી નો પ્રયોગ, જેમ કે– તેનાથી, જેનાથી, કોનાથી તમારાથી વગેરે. ૫. વા નો પ્રયોગ, જેમ કે– જેવા, તેવા, કેવા, વગેરે. ૬,૭. એકવચન, અનેક વચનનો પ્રયોગ– ઘડો-ઘડા, સ્ત્રી-સ્ત્રીઓ. ૮. સમાસયુક્ત પ્રયોગ ૯. સંક્રામિત પ્રયોગ–પહેલાંના વાક્યમાં જે વાત વિસ્તારથી કહેલ હોય તેને આગળના વાક્યમાં 'એ પ્રમાણે'ના પ્રયોગથી સંક્ષિપ્ત કથન કરવું. ૧૦. ભિન્ન પ્રયોગ–બધા વાક્ય વિસ્તૃત કહેવા, સંક્ષેપમાં ન કહેવા. આ સર્વે ય વાચના ઉચ્ચારણના શુદ્ધ પ્રયોગરૂપ અનુયોગ કહેલ છે.

**(૧૨)** દશ ક્રોડાક્રોડી સાગરોપમનો ઉત્સર્પિણી કાળ હોય છે. એટલો જ અવસર્પિણી કાળ પણ હોય છે. **(૧૩)** આશંસા, આકાંક્ષાના દશ પ્રકાર– **૧થી૩.** ઈહલોક, પરલોક ઉભયલોક સંબંધી. **૪,૫.** જીવન,મરણ સંબંધી. **૬,૭.** કામભોગ સંબંધી. **૮થી૧૦.** લાભ, પૂજા, સત્કારની આકાંક્ષા. એ બધી આકાંક્ષાઓ ત્યાગવા યોગ્ય છે. પ્રત્યેક સાધકે આત્મસાધના સંયમ સાધનાની કાંક્ષા રહિત આરાધના કરવી જોઈએ.

**(૧૪)** ધર્મ-મર્યાદાઓ દસ પ્રકારની હોય છે– ગામ સંબંધી, નગર કે રાષ્ટ્ર સંબંધી ધર્મ, પાખંડધર્મ, કુળ ધર્મ, ગણ ધર્મ, સંઘ ધર્મ, શ્રુત ધર્મ, ચારિત્ર ધર્મ અને અસ્તિકાય ધર્મ. સમાચારી, નિયમ, કાયદા અને સ્વરૂપ એ બધાને

અહીં ધર્મ રૂપે સમાવેલ છે. શ્રુત સંબંધી સ્વાધ્યાય, અસ્વાધ્યાય, વાચનાને યોગ્ય-અયોગ્ય આદિના નિયમ એ શ્રુતધર્મ સમજવો.

**(૧૫)** દશ પ્રકારના પુત્ર– ૧. માતાની અપેક્ષા, ૨. પિતાની અપેક્ષા(અનેક સ્ત્રીઓની અપેક્ષા, ૩. દત્તક લીધેલ પુત્ર, ૪. અધ્યાપન શિષ્ય રૂપ પુત્ર, ૫. સ્નેહથી સ્વીકારેલ પુત્ર, ૬. સંબોધન કરવા માત્રનો પુત્ર, ૭. વીરતા વગેરે ગુણ વાળાને સ્વીકારેલ હોય તે પુત્ર, ૮. ભરણપોષણ કરવા રૂપ પુત્ર, ૯. પ્રિય સેવક રૂપ પુત્ર, ૧૦. ધર્મ અંતેવાસી શિષ્ય રૂપ પુત્ર.

**(૧૬)** સ્થવિર દશ– ૧. ગામના વડીલ, ૨. નગરના માનેલા સ્થવિર, ૩. રાષ્ટ્રના સ્થવિર, ૪. અનુશાસક, ૫થી૭. કુલ, ગણ, સંઘના સ્થવિર, ૮થી૧૦. ઉંમર, શ્રુત અને સંયમ પર્યાયથી સ્થવિર. **(૧૭)** જીવનના ૧૦૦ વર્ષની અપેક્ષાએ ૧૦–૧૦ વર્ષની દશ દશાઓ કહેલ છે– ૧. બાલદશા ૨. ક્રીડાદશા ૩. મંદાદશા ૪. બળાદશા ૫. પ્રજ્ઞાદશા કે પ્રૌઢતા યુક્તદશા ૬. હાયની ૭. પ્રપંચા ૮. પ્રાગ્ભાર–કમર વાંકી વળવાની અને ચામડીમાં કરચલી પડવાની અવસ્થા ૯. ઉન્મુખી–મૃત્યુ તરફ આશા-અપેક્ષાવાળી ૧૦. શાયિની–ઈન્દ્રિય બળ, કાયબળ, પરિક્ષીણ અવસ્થા, સૂતા રહેવાની અવસ્થા. **(૧૮)** વનસ્પતિના દસ વિભાગ– ૧. મૂળ ૨. કંદ ૩. સ્કંધ ૪. ત્વચા ૫. શાખા ૬. પ્રશાખા(પ્રવાલ) ૭.પત્ર ૮. પુષ્પ ૯. ફળ ૧૦. બીજ.

**(૧૯)** કૃતિકા નક્ષત્ર બહારથી દશમા ચંદ્રમંડલમાં છે અને અનુરાધા નક્ષત્ર આભ્યંતર મંડલથી દસમા ચંદ્રમંડલમાં છે. અને તે જ મંડલમાં પરિભ્રમણ કરે છે. તે નક્ષત્રો પ્રતિપક્ષથી ગણતાં છઠ્ઠા ચંદ્ર મંડળમાં છે. **(૨૦)** રત્નપ્રભા પૃથ્વીના ૧૬ રત્નકાંડ છે– ૧. રત્નકાંડ ૨. વજ્રકાંડ ૩. વેડૂર્ય ૪. લોહિતાક્ષ ૫. મસારગલ્લ ૬. હંસગર્ભ ૭. પુલક ૮. સોગંધિક ૯. જ્યોતિરસ ૧૦. અંજન ૧૧. અંજન પુલક ૧૨. રજત ૧૩. જાતરૂપ ૧૪. અંક ૧૫. સ્ફટિક ૧૬. અરિષ્ટ કાંડ. **(૨૧)** અનંત દશ– ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય–જીવાદિ અનંત ૪. ગણના–૧ થી અનંત ૫. પ્રદેશ અનંત(પુદ્ગલ અને આકાશના) ૬. એક દિશા અનંત–અલોક પર્યંત ૭. બંને તરફ(પૂર્વ-પશ્ચિમ દિશા)અનંત ૮. એક દેશ અનંત–પ્રતરમાં પણ અનંત પ્રદેશ અલોકમાં ૯. સર્વપ્રદેશ અનંત– લોકાલોકના ૧૦. શાશ્વત અનંત– કાળની અપેક્ષા.

**(૨૨)** સંખ્યા ગણિતના ૧૦ પ્રકાર– **૧.** પરિકર્મ ગણિત–સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર. **૨.** વ્યવહાર ગણિત– સવાયા, દોઢા, અઢીયા, ઊંઠા, ઢંચા, ડઝન, ગ્રોસ વગેરે. **૩.** રજ્જૂ ગણિત(ક્ષેત્ર ગણિત)–ફૂટ, ગજ, મીટર,





કિલોમીટર **૪.** રાશિગણિત– ધાન્યાદિ માપ–તોલા. **૫.** સુવર્ણ આદિના માપ– કલા ગણિત **૬.** યાવત્–તાવત્ ગણિત– ગુણાકાર અથવા ગુણાકારવાળા ગણિત. **૭.** વર્ગ ગણિત– ૪×૪=૧૬. **૮.** ઘનગણિત–એક સંખ્યાને ત્રણવાર ગુણવાથી ૪×૪×૪=૬૪. **૯.** વર્ગ-વર્ગગણિત. જેમ કે– ૫ નો વર્ગ ૨૫ તેનો વર્ગ– ૬૨૫; આ વર્ગ-વર્ગ છે. **૧૦.** કલ્પ ગણિત– વર્ગમૂળ કાઢવું. જેમ કે– ૬૨૫ નું વર્ગમૂળ–૨૫, તેનું વર્ગમૂળ–૫ છે.

**(૨૩)** દશ ગતિ– નરકગતિ, નરક વિગ્રહ ગતિ યાવત્ સિદ્ધગતિ, સિદ્ધ વિગ્રહ ગતિ. **(૨૪)** ત્રીજા સંભવનાથ તીર્થંકરના ૧૦ લાખ ક્રોડ સાગરોપમ વીત્યા પછી ચોથા અભિનંદન તીર્થંકર થયા. આઠમા ચંદ્રપ્રભ તીર્થંકરનું આયુષ્ય ૧૦ લાખ પૂર્વ વર્ષનું હતું.

આ સિવાય અન્ય આગમોમાં વર્ણિત ઘણા બધા વિષયો પણ ૧૦ ની સંખ્યાને અનુરૂપ હોવાથી અહીં સંકલિત છે. જેમ કે– ઈન્દ્રિયાર્થ ગ્રહણ, અચ્છિન્ન પુદ્ગલ ગતિ, ક્રોધોત્પત્તિના કારણ, મદ દશ(જાતિ આદિ ૮+દેવ આગમન– દેવસહાય અને અવધિજ્ઞાન), સમાધિ–અસમાધિ, પ્રવ્રજ્યા પ્રકાર– છંદા, રોષા વગેરે, યતિધર્મ, જીવપરિણામ, અજીવ પરિણામ, સૂક્ષ્મ, ચક્રવર્તી, તેની રાજધાની, અસ્વાધ્યાય, મેઢ, દિશા, લવણ સમુદ્ર, પાતાળ-કલશ. જંબૂદ્વીપમાં ક્ષેત્ર, માનુષોતર, અંજનગિરિ, દધિમુખ, રતિકર, ઢચકવર આદિ પર્વત, અવગાહના, પૂર્વ, પડિસેવના, આલોચના, આલોચક, ઉપઘાત, વિશોધિ, સત્ય, અસત્ય, મિશ્ર, દષ્ટિવાદ, મુંડન, સમાચારી, સ્વપ્ન, ભગવાન મહાવીરના દશ સ્વપ્ન, દશ ઢચિ, સંજ્ઞા, નરકની વેદના, જ્ઞાન ક્ષમતા. અનંતરાવગાઢ આદિ દસ નૈરયિક, નરકાદિની સ્થિતિ, અનુત્તર, ક્ષેત્ર, સુષમકાળ, દુષમકાળ, દસ વૃક્ષ, કુલકર, વક્ષસ્કાર પર્વત, દેવલોક, પડિમા, જીવભેદ, વૈતાઢચ શ્રેણી, ગ્રૈવેયક વિમાન, સમુદ્ર, નદી, કુલકોડી, પાપકર્મ, સ્કંધ, પુદ્ગલ વગેરેનું દશની સંખ્યાથી કથન છે. તે સર્વનું વિસ્તારથી વર્ણન અન્ય શાસ્ત્રોમાં છે.

## ।। સ્થાનાંગ સૂત્ર સંપૂર્ણ ।।

**આ પછી શાસ્ત્ર શ્રી ભગવતી સૂત્રના પ્રશ્નોત્તરની બુક, ભાગ–૩ અને ૪ ડિસેમ્બર–૨૦૦૮ માં પ્રકાશિત થવાની ધારણા છે.**